ઉત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૨૬

# સાધનજ્યોતિ

( દીપ-૫ )

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ
પો. મુકતમ્ પુર ( જિ. ભરૂચ )

પ્રકાશક :
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમ્પુર ( જિ. ભરૂચ)

●

પ્રથમ આવૃત્તિ
સં. ૨૦૨૪
પ્રત-૧૦૦૦
કીમત રૂ. ૩-૨૫

●

મુદ્રક:
કૈવલ્ય શાહ
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ-૨.

# નિવેદન

સાધનજયોતિના આ પંચમ દીપના પ્રકાશન સાથે, ઉત્થાન માસિકમાં જીજ્ઞાસુ મુમુક્ષુને સાધનને માર્ગે પ્રોત્સાહિત કરવા માટે ક્રમે ક્રમે લખાયેલા લેખો પૂર્ણપણે સંગૃહિત થાય છે. પાંચે પુસ્તકોના આશરે પંદરસો પાનાંમાં સાધકના વિકાસની આડે આવતા મલ વિક્ષેપ ઇત્યાદિનું સવિસ્તર નિરૂપણ કરેલું છે. વળી પ્રાપ્ત કર્મ કરતાં કરતાં ચિત્તશુધ્ધિ જાળવીને લક્ષ્યમાં અનુસંધાન કેમ રાખી શકાય તેનો પણ સતત નિર્દેશ એમાં કરેલો છે. ચિત્ત શુધ્ધિ થતાં યોગ અંગેની ભૂમિકા તૈયાર થાય છે. ઉપાસના અને યોગ માટે ધ્યાનને મુખ્ય ગણવામાં આવે છે. તે વિષયના લેખો પણ આમાં સમાવેશ પામેલા છે. પુસ્તકની દૃષ્ટિએ જ પ્રથમથી જો આ લખાણ થયું હોત તો એ જુદી રીતે લખાત પરંતુ ક્રમશઃ સામયિકમાં લેખો લખાતા જતા હતા એ કારણે કથનનો વિસ્તાર કંઇક અંશે વધારે થયેલો મને લાગે છે. પણ એથી વાચન કરતાં કરતાં પણ કંઇક મનનનું તત્ત્વ ઉમેરાય છે એવું મને લાગતાં એ બધા લેખ અહીં સંગૃહિત થાય છે ત્યારે પણ જેમને તેમ રહેવા દીધા છે.

પરંતુ કેટલાક લેખોમાં કથન ઉલ્લેખ પૂરતું કરી છોડી પણ દેવાયું હોય એવું બન્યું છે. એથી સહૃદય વાચકોને જણાવવાનું પ્રાપ્ત થાય છે કે આ લેખો તો સાધનના માર્ગે જનારને દીપક રૂપ જ છે. એમણે મહાપ્રકાશ તો પામવાનો રહે છે આપણા મૂળ વેદાન્તના જ્ઞાન અને ધ્યાનના ગ્રંથોમાંથી. એ તરફ અભિમુખ કરવા માટેના કર્તવ્યરૂપ જ આ કાર્ય છે એમ ગણી લેવું.

શ્રાવણ પૂર્ણિમા ૨૦૨૪ }
મુક્તમૂપુર.

સ્વા. સ્વયંજયોતિ તીર્થ

# સાધનજ્યોત

દીપ--પ

૧

# ધ્યાનવિવેક

યોગદર્શનકાર ભ. પતંજલિ સમસ્ત વૃત્તિઓના નિરોધને યોગ કહે છે. વેદાન્તનો અભ્યાસી એ રીતે ધ્યાન માટે પ્રયત્ન કરે ત્યારે ચિત્તમાં ઊભી થતી વૃત્તિઓના સ્વરૂપનો પણ જાણકાર હોવો જોઇએ. ચિત્ત એક સરોવર જેવું છે. વાયુના વંટોળથી, કે પૃથ્વીના પેટાળમાં ઊભા થતા કોઇ અન્ય વિકારથી સરોવરમાં જ્યારે હલનચલન થાય, ત્યારે અસંખ્ય તરંગો ઊભા થાય છે; એના આકાર નાનામોટા, ઊંચાનીચા, જાડાપાતળા હોય છે, અને જલમાં ચંચળતા ઊભું કરનાર નિમિત્ત શાન્ત થાય ત્યારે શાન્ત થઇને જે જલમાંથી ઊભા થયા હતા તેમાં પાછા લીન થઈ જાય છે. તરંગોનું અધિષ્ઠાન જેમ સરોવરનું પાણી છે, તેવી જ રીતે વૃત્તિઓનું અધિષ્ઠાન ચિત્ત છે. પૂર્વસંસ્કારરૂપ અનાદિ માયા નિમિત્ત બનીને ચિત્તમાં ખળભળાટ ઊભો કરે ત્યારે વિષયના અસંખ્ય આકારોવાળી વૃત્તિઓ ઊભી થાય છે. જાગ્રત તથા સ્વપ્નઅવસ્થામાં ઇંદ્રિયો દ્વારા ક્રિયાઓ થાય છે, અને આદિઅંતવાળાં કાર્યો બંધ પડતાં વૃત્તિઓ ચિત્તમાં વારાફરતી લય પામે છે. વૃત્તિઓનો આવો ઉત્પત્તિલયનો ક્રમ ચાલ્યા જ કરે છે. સુષુપ્તિઅવસ્થામાં સમસ્ત

વૃત્તિઓ ચિત્તમાં લય પામે છે, ત્યારે એ અવ્યકતરૂપે પડયું હોય છે. જાગ્રત અને સ્વપ્નમાં વ્યકતરૂપે વિષયાકાર રમત ચાલે છે, અને બન્નેના પરિશ્રમથી થાકે છે ત્યારે શકિત મેળવવા માટે એ ચિત્ત સુષુપ્તિમાં સ્થિરતા અને શાંતિ ભોગવે છે.

સુષુપ્તિઅવસ્થામાં વૃત્તિઓની લીન અવસ્થાવાળું અંતઃકરણ (ચિત્ત) અવિદ્યા, તમસ્ કે અંધકારના પિંડ જેવું આત્માના સાક્ષી ચૈતન્યની અડોઅડ રહે છે. સ્વપ્ન અને જાગ્રતઅવસ્થામાં જયારે વૃત્તિઓ વિષયાકાર થવાની પ્રેરણા પામે છે, ત્યારે સાક્ષી ચૈતન્યથી વૃત્તિઓ ચેતન બનીને ચંચળતા દાખવે છે. જાગ્રતઅવસ્થામાં વૃત્તિઓ અને ઇંદ્રિયો જ્ઞાન મેળવીને કર્મ કરે છે એમાં પણ ચૈતન્ય તો આત્માનું જ હોય છે. જડચેતનની મિશ્ર અવસ્થાવાળું આ ચિત્ત, એમાંથી ઊભી થતી વિષયાકાર વૃત્તિઓ, જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયોની ક્રિયા, કર્મમાંથી પરિણામ તરીકે ભોગરૂપે અનુભવાતું કર્મફલ, અને કર્મફલના ભોગમાંથી પુનઃ વાસનારૂપે ચિત્તભૂમિમાં પડતા સંસ્કાર—એવી ચક્રાકાર રમતવાળું માનવજીવન અવિરતભાવે આદિઅનાદિથી ચાલ્યા કરે છે.

સુષુપ્તિમાં નિદ્રા વિના અન્ય વૃત્તિઓનો અભાવ હોવાથી શાંતિ, સ્થિરતા તથા આનન્દનો અનુભવ થાય છે, કારણ કે ત્યાં દૃષ્ટા, દશ્ય, દર્શન; કર્તા, કરણ, કર્મ; ભોક્તા, ભોગ્ય અને ભોગ વગેરેની ત્રિપુટીઓ હોતી નથી. સ્વપ્ન તથા જાગ્રતઅવસ્થામાં ત્રિપુટીની રમત હોય છે. એ રમતરૂપ કર્મથી વૃત્તિઓ તથા ઇંદ્રિયો થાકી જાય છે, ત્યારે વિશ્રાંતિ લેવા માટે બધાંનો ચિત્તમાં જે લય થાય છે, એ છે સર્વને દરરોજ અનુભવમાં આવતી ગાઢ, સ્વપ્ન વિનાની તથા દશ્યજગતનો અભાવ અનુભવતી સુષુપ્તિની અવસ્થા. સુષુપ્તિ, સ્વપ્ન અને જાગ્રતની આવી રમતને, માનવજીવનની આવી

અવિરત લીલાને આપણે વિચારી જોઇએ તો એ ચક્રાકાર રૂપે ચાલે છે એમ લાગશે.

(૧) ચિત્તની વૃત્તિ અને દ્વૈત વિષયો વગરની અવસ્થા એટલે સુષુપ્તિ.

(૨) વૃત્તિઓનો ઉદય થાય, વિષયાકાર બનીને સૂક્ષ્મ શરીરમાં ત્રિપુટી સ્વરૂપે ક્રિયા તથા ફલભોગ ભોગવાય એ છે સ્વપ્નઅવસ્થા.

(૩) વૃત્તિઓનો સંવેગ જ્યારે તીવ્ર બને ત્યારે સ્થૂલ શરીર પણ ક્રિયાશીલ બને અને દસે ઇંદ્રિયોનો વ્યવહાર ચાલુ થાય એ જાગ્રતઅવસ્થા કહેવાય છે.

આવી રીતે ત્રણે અવસ્થાઓ પ્રત્યેક માનવજીવનમાં વારાફરતી આવજા કરે છે. પંચતત્ત્વોના બનેલા શરીરની જ ત્રણે અવસ્થાઓ છે અને ત્રણે અવસ્થામાં આત્મચૈતન્ય અનુસ્યૂત ( ઓતપ્રોત ) છે. એટલું જ નહિ પણ આત્માની સત્તાથી જ સત્તાવાન્ છે. ત્રણે અવસ્થાઓના ભોગ ભોગવતાં ત્રણ શરીર છે. સુષુપ્તિઅવસ્થામાં કારણ શરીર, સ્વપ્ન અવસ્થામાં સૂક્ષ્મ શરીર અને જાગ્રત અવસ્થામાં સ્થૂલ શરીર કામ કર્યા કરે છે.

ત્રણેય શરીર જડ તત્ત્વોની રચના હોવા છતાં એમાં જે ચૈતન્ય છે અને જેને લીધે બધાં ક્રિયાપરાયણ બને છે, એ ચૈતન્ય તો, લોખંડના સળિયામાં રહેલા અગ્નિની પેઠે, આત્માનું જ ચૈતન્ય છે, આત્માની સત્તા (અસ્તિત્વ)ને લીધે સત્તાવાન્, આત્માના ચૈતન્ય ( ચિત્ ) ને લીધે ચેતન એટલે જ્ઞાનવાન્ અને આત્માના આનન્દને લીધે પ્રત્યેક ક્રિયામાં સુખનો આભાસ આપનાર આત્માનું અંતઃકરણમાં પડેલું પ્રતિબિંબ ચિદાભાસ સ્વરૂપ જીવાત્મા છે.

આ ત્રણેય અવસ્થામાં મનુષ્યનો વ્યવહાર પ્રકૃતિને પરવશ

બનીને થયા કરે છે. જન્મજન્માન્તરની વાસનાસમૂહનો ભંડાર
અંધકારમય કારણ શરીરના ખજાનામાં ખડકેલો હોય છે. સુષુ-
પ્તિમાં નિદ્રાવૃત્તિથી એ ઢંકાયેલો તથા ચિત્ત અને વિષયાકાર
ઇંદ્રિયવૃત્તિઓનો ઉદય ન થવાથી એમાં દશ્યોની વિવિધતા
જણાતી નથી. અંધકારમય નિદ્રાવૃત્તિનો ત્યાં જે અનુભવ થાય છે,
તેની જાગ્રતઅવસ્થામાં ચિત્ત સાક્ષી પૂરે છે.

એ અવ્યક્ત અવસ્થામાંથી ભોગની તીવ્રતાનો ઉદય થતાં,
વિષયવાસનાની પ્રબલ પ્રેરણા જોર કરે ત્યારે પરવશ વ્યકત
દશામાં સ્વપ્ન અને જાગ્રતઅવસ્થાનો વ્યવહાર થવા માંડે છે.
આત્માનું ચૈતન્ય પ્રતિબિંબરૂપે અંતઃકરણમાં ઊતરીને ખંડજ્ઞાન
રૂપે વિષયોની અનેકતા દષ્ટિગોચર કરાવે છે અને જ્ઞાનેન્દ્રિયો તથા
કર્મેન્દ્રિયોવડે સ્વપ્ન-જાગ્રતઅવસ્થામાં કર્મ અને ફલભોગની
ક્રિયાઓ ચાલે છે.

જાગ્રત તથા સ્વપ્નઅવસ્થાની ક્રિયાના પરિશ્રમને લીધે ચિત્ત
તથા પ્રાણ શ્રમિત થાય ત્યારે સ્વાભાવિક રીતે જ વિશ્રાંતિ માટે
ઇન્દ્રિયો ચિત્તમાં લય પામે છે, અંધકારમય નિદ્રાવૃત્તિ આત્મ-
ચૈતન્યના પ્રખર પ્રકાશપુંજ પાસે સોડમાં પડી રહે છે. એ અવ-
સ્થામાં શરીરનો થાક ઊતરી જાય છે; નિદ્રાવૃત્તિ અન્ય વિષયવૃત્તિ-
ઓને ઢાંકીને દષ્ટાદશ્ય સંસારનો ક્ષણિક અભાવ દેખાડે છે.

આવી રીતે સુષુપ્તિ, સ્વપ્ન અને જાગ્રતના ક્રમે નીચે ઊતરીને
જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિમાં ચિત્ત ઉપર નીચે આવજા કરે છે.
આવી ચડઊતરની ક્રિયા વાસના, કર્મ તથા ( કર્મ ) ફલભોગના
સંસ્કાર પ્રમાણે ચાલ્યા કરે છે. સુષુપ્તિની વિશ્રાંતિ તથા સ્વપ્ન
-જાગ્રતનો પરિશ્રમ, એમ શરીરનાં શકિતઅશકિતનાં પાસાં
સેવતો માનવીય જીવાત્મા વાસનાની સંખ્યામાં વધારો કર્યા કરે છે.

આ છે મનુષ્યના અંતઃકરણનો સતત્ ચાલુ રહેતો પ્રવાહ; એ પ્રવાહ એટલે જ વૃત્તિઓનું સંસરણ–સંસાર.

સુષુપ્તિ અને સ્વપ્નમાં મનુષ્યને પરવશતા લાગે છે, જ્યારે જાગ્રતમાં થોડી સ્વતંત્રતા ભોગવતો હોય એવો આભાસ થાય છે. એમાં વત્તાઓછા અંશે વાસ્તવિકતા છે પણ ખરી.

વિષયાકારવૃત્તિઓ, વિષયોની પ્રાપ્તિ, ઇંદ્રિયોની કર્મણ્ય અવસ્થા, ફલભોગની સિદ્ધિ અને એમાંથી પ્રાપ્ત થતાં સુખદુઃખ બધી રીતે જાગ્રત અને સ્વપ્નમાં સમાન હોવા છતાં, આત્મચૈતન્યની પ્રતિભા વિશેષ બલવતી હોવાથી વિવેકશક્તિનો ઉપયોગ કરતી બુદ્ધિ સ્વપ્નના કરતાં જાગ્રતમાં વિશેષ સ્વતંત્રતા અનુભવે છે; એમાં વિચારનું સ્વાતંત્ર્ય હોય છે. વિષયોની સારાસારતા, સુખદુઃખાદિ દ્વંદ્વના ભોગમાંથી ઊભી થતી વિષયોની ઇષ્ટ કે અનિષ્ટ પસંદગી, તથા રાગદ્વેષના પ્રભાવથી ક્રિયામાં પરિવર્તન કરવાના વિવેકનો પ્રકાશ પડે છે.

આવી સ્વતંત્રતાને લીધે જાગ્રતમાં એવું સમજાય છે કે વિષયભોગમાં ઈંદ્રિયોને પરિશ્રમ પડવાથી એની શકિત ક્ષીણ થાય છે. રાજસિક-તામસિકભોગમાં મોહ, પ્રમાદ, ઉપાધિ અને વ્યાધિનાં બંધન વધે છે, તથા દુઃખ, હાનિ, શોક, અપમાન જેવાં અસંખ્ય પ્રતિકૂળ સંવેદનોની વૃદ્ધિ થતી જાય છે.

કર્મ કરવાથી શરીરને પરિશ્રમ પડે છે એથી એની શકિત હણાય છે, ચિત્તમાં વાસના તથા દ્વંદ્વની ભીંસ વધતાં ઉપાધિઓ વધે છે; સ્થૂલ શરીરમાં એની અસર પહોંચે છે ત્યારે વ્યાધિઓના હુમલાનો પાર રહેતો નથી અને પરિણામે શરીરની દુર્બળતા, ચિત્તની ચંચળતા અને વાસનાનાં સ્વરૂપ, ઉદ્દગમ તથા કારણનું અજ્ઞાન એટલું બધું વધી જાય છે કે સર્વ દિશામાંથી હારેલો, થાકેલો

અધમુઓ બનેલો માનવી જીવાત્મા કેવળ પશુધર્મમાં જ ખરડાતો ચાલ્યો જાય છે.

દુ:ખની એક સામટી ભીંસ આવી પડે, વાસનાને લીધે મોહનાં અંધારાં ઊભરાય, ઈંદ્રિયોની દોડધામને લીધે ક્રિયામાં ગડબડ થઈ જાય; ગભરાટ, અકળામણ અને અણસમજથી બુદ્ધિ આંધળી દોડાદોડ કરીને કશોયે સન્માર્ગ ન સુઝાડી-દેખાડી શકે, ચિત્ત હતાશ તથા શરીર રોગી બને-ત્યારે એના અંતરમાં વાસનાઓ -વિષ્ટામાં કીડાઓ ખદખદે એમ-ખદબદતી હોય છે. વ્યાધિઓએ શરીરને અશકિતથી ઘેરી લીધેલું હોવાથી કર્મ કે ફલભોગના સામર્થ્યના અભાવે કેવળ હાહાકાર, રુદન, આક્રંદ વિના બીજું કશું એની પાસે રહેતું નથી.

દૃષ્ટ સંસારમાં એ સહાયતા શોધે છે. મનુષ્યથી માંડીને ઇતર સર્વ પ્રાણીપદાર્થની સહાયતા લેવાની એ કાકલુદી કરે છે, અને છેવટે અદષ્ટ શકિતની સહાયતા માટે એની પ્રાર્થનાઓ શરૂ થાય છે. એમાંથી ઊભા થાય છે ત્રણનાં પ્રતીક કે પૂતળાં જેવાં દેવદેવતાની કૃપા માટેનાં વાસનાભર્યાં કર્મ કે ઉપાસના. આ છે અદષ્ટ તત્ત્વમાં શ્રદ્ધાનો એકડો ઘૂંટતા માનવીયજીવનના શ્રીગણેશ; સાધકની એ છે સકામ સાધનાની આરંભઅવસ્થા.

* * * *

ચિત્ત, વિષયાકારવૃત્તિઓ, વૃત્તિઓની પ્રેરણાથી ઉત્તેજિત થતાં જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોનાં અસંખ્યવિધ કર્મો, વિષયભોગ, વિષયોનો સંયોગવિયોગ, એમાંથી ભોગવાતાં સુખદુ:ખ વગેરે દ્વંદ્વો, અને એ બધાંને અંતે ઊભી થતી અજ્ઞાનસ્વરૂપ માયા કે અવિદ્યા, જાગ્રત તથા સ્વપ્નશરીરનાં વ્યાધિ તથા ઉપાધિ અને અશકિત-આ

બધાંની મીમાંસા વેદથી માંડીને પુરાણ ગ્રન્થો, સંતવાણીથી માંડીને લૌકિક જનોની ઉક્તિઓમાં વેરાઇ ઉભરાયેલી પડી છે. કોઇ પણ ઇશ્વર કે દેવદેવતાનાં કર્મ, ઉપાસના કે જ્ઞાન માટેનાં સાધન –સાધનાનાં વર્ણનો વાંચી જુઓ, એમાં આપેલાં દૃષ્ટાંતો વિચારી જુઓ, એ બધાંમાંથી મનુષ્યને એક જ જાણવાનું મળશે કે વિષય-વાસના અને વિષયભોગમાં સપડાયેલો મનુષ્ય અશાન્તિમાં પ્રત્યેક જન્મે ઉમેરો જ કરતો જાય છે. આવી છે માનવીય જીવનના માનસિક સંસરણ ( સંસાર )ની ચક્રમાળ.

એ ઘટનામાંથી સાંપડે છે ચિત્તની વૃત્તિઓના ત્રિગુણપ્રકાર, વાસનાનું સામર્થ્ય, ચિત્તની પૂર્વસંસ્કારવશવર્તી પરાધીનતા અને એના ફલભોગરૂપે આવી મળતી દ્વંદ્વસમૂહની ભીંસ.

મનુષ્ય અસુખ ભોગવે છે, અશાંતિથી રિબાય છે, અજ્ઞાનમાં અથડાય છે, દ્વેષથી દાઝે છે, મૃત્યુથી ડરે છે, હાનિથી ગભરાય છે, અને સર્વત્ર નિરાશાથી વીંટાયેલો છતાં વર્તમાન અસુખ, અશાંતિ, અજ્ઞાન, દ્વેષ, મૃત્યુ, હાનિ, તથા નિરાશામાંથી ભાવી સુખ, શાન્તિ, જ્ઞાન, આનંદ, અમરપણું ( અમૃત ), લાભ અને આશાવાદી બનવાના કોડ સેવીને એ પ્રમાણે કર્મો કરવાનો ઉત્સાહ રાખીને જીવન જીવે છે.

આ વિષયમાં થોડી પણ આત્મનિરીક્ષણ કરવાની તક ઝડપી લેવાની બુદ્ધિ હોય, ભૂતકાળના જીવનમાંથી બોધ તારવી શકાતો હોય તો સાદી સમજણ પણ વિવેક સુઝાડશે કે સ્વપ્ન અને જાગ્રતના વિષયાકાર વૃત્તિઓના વ્યવહારમાં દ્વંદ્વ છે, દ્વંદ્વને લીધે અશાંતિ છે, વૃત્તિઓની અગણિત ગડમથલ અને ઇંદ્રિયોની અનેકવિધ ક્રિયાઓને લીધે તન–મનની શકિત ઓસરતી જાય છે. સુષુપ્તિમાં નિદ્રા સિવાય બીજી બધી વૃત્તિઓ ઉપર અંધકારનો પડદો પડી જવાથી,

કારણ શરીરને આશ્રયે રહેલી અવિદ્યાનું-એકમાત્ર નિદ્રાવૃત્તિનું આવરણ આવી જવાથી ચિત્તમાં સુખ, શાન્તિ, જ્ઞાન, આનંદ, અમૃત, લાભ ( પ્રાપ્તિની તૃપ્તિ ) અને આશાનિરાશાથી મુક્તદશાનો યત્કિંચિત્ અનુભવ થાય છે. સાર એવો નીકળે છે કે ચિત્તની એક· વૃત્તિની સ્થિરતામાં શાંતિ છે, અનેક વૃત્તિઓની ગડમથલમાં ચંચળતા તથા ત્રિગુણાત્મક વૃત્તિઓનાં દ્વંદ્વયુધ્ધ હોવાથી, અસુખ છે, અશાન્તિ છે, જરાયે સ્થિરતા નથી.

આવી વિચારપધ્ધતિ સુષુપ્તિ અને સ્વપ્નઅવસ્થામાં નહિ પણ જાગ્રત અવસ્થામાં જ ગોઠવી શકાય છે.

(૧) સુષુપ્તિ તથા સ્વપ્નઅવસ્થામાં ચિત્ત સર્વાંશે પરતંત્ર છે.

(૨) એ બન્ને અવસ્થાનું અવલોકન કે ચિત્તનું નિરીક્ષણ તે તે અવસ્થામાં થઈ શકતું નથી.

(૩) જાગ્રતઅવસ્થામાં એ બે અવસ્થાઓની અપેક્ષાએ વિવેક-વિચારની સ્વતંત્રતા છે.

(૪) ત્રણેય અવસ્થાઓને સાક્ષી-દષ્ટા બનીને જોઇ તપાસી શકાય છે.

(૫) વૃત્તિઓની અનેકતાથી, અને અસંખ્ય વિષયોમાં ભટકવાથી પરિશ્રમ પડે છે, અને ચંચળતાને લીધે મૂળભૂત અશાંતિ વધે છે, એમ સમજી શકાય છે.

(૬) એક જ વૃત્તિ એક જ વિષયાકારે જેટલો લાંબો સમય રહે તેટલા સમયમાં બીજી વૃત્તિઓનો નિરોધ થાય છે તેથી એક-વૃત્તિ બલવતી બને છે, અને શાંતિ કેળવાય છે.

(૭) ચિત્ત ધ્યાતા છે, વિષય ધ્યેય છે; ધ્યાતા અને ધ્યેયનો સબંધ

બાંધનાર વિષયાકાર વૃત્તિ છે; અને એ જ ધ્યાનધારણાનો સંકેત કરાવીને આપણને ચિત્તવૃત્તિઓની મીમાંસા કરવાનો માર્ગ દાખવે છે.

(૮) ધ્યાતાના ચિત્તની જેવા ગુણની વૃત્તિ હોય તે પ્રમાણે ધ્યેય હોય છે; અને ધ્યાતાનો રંગ ધ્યેય ઉપર અને ધ્યેયનો રંગ ધ્યાતા ઉપર એવો એકાકાર, ઓતપ્રોત અને અભેદ જેવો હોય છે કે સમસ્ત ત્રિપુટીનો વ્યવહાર એ જ ગુણથી ચાલ્યા કરે છે; પરિણામે એના ફલભોગ ધ્યાતા ભોગવ્યા કરે છે.

(૯) ત્રણ ગુણ પ્રમાણેના વિષયોની વૃત્તિઓની રમતમાં મહામાયા, આદ્ય અવિદ્યા, મૂલ પ્રકૃતિ, અંતઃકરણમાં પડેલા ચૈતન્યના પ્રતિબિંબને એવી ભૂલભૂલામણીમાં નાખી બેઠી છે કે એને–એ ચિદાભાસને પોતાનું મૂલ બિંબસ્વરૂપ ઓળખાતું, સમજાતું કે અનુભવાતું નથી.

(૧૦) ચિત્તની ચંચલતાને લીધે અશાંતિ, અને રજોગુણ-તમોગુણની વૃત્તિઓની મલિનતાને લીધે મોહ-પ્રમાદ જીવાત્મા (ચિદાભાસ)ને ઘેરીને દેશકાલના પરિચ્છેદમાં બાંધી રાખે છે; એ બંધનના લોકલોકાન્તરના કારાગૃહમાં પુરાયેલું ચેતન જીવાત્મા કહેવાય છે.

(૧૧) જ્યાં સુધી ચિત્તની ચંચળતાને લીધે વિક્ષેપ અને મલિનતાને લીધે મોહ–પ્રમાદ હોય ત્યાં સુધી સાત્ત્વિક વૃત્તિઓનો ઉદય થતો નથી.

(૧૨) અધ્યાત્મમાર્ગના સાધકનું પ્રથમ સાધન છે મોહ-પ્રમાદને દૂર કરવાનું, બીજું સાધન છે વિક્ષેપનો નાશ કરવાનું.

(૧૩) વૃત્તિઓના સમૂહમાંથી રાજસિક–તામસિક વૃત્તિઓને સાત્ત્વિક

વૃત્તિઓ અને કર્મો દ્વારા નિર્મૂળ કરવી એ છે ચિતની શુદ્ધિ અને અસંખ્ય સાત્ત્વિક વૃત્તિઓમાંથી એક દિવ્યભાવભૂષિત, પરબ્રહ્મવાચક ધ્યેયમાં પરોવવી એ છે ચિત્તને ધ્યાન દ્વારા નિશ્ચલ બનાવવાનું સાધન; પહેલું સાધન કર્મકાંડ છે; બીજું સાધન ઉપાસના અથવા ભક્તિકાંડ કહેવાય છે.

(૧૪) વૃત્તિઓનો ત્રિગુણાત્મક વિવેક કરવો; સાત્ત્વિક વૃત્તિઓનો વિકાસ કરીને વિશુદ્ધ જીવનવ્યવહાર ગોઠવવો એ છે વર્તમાન યુગના જીવનશોધનનું આવશ્યક, એકમાત્ર, પરમ સર્વોત્તમ સાધન–આ છે કર્મકાંડ.

(૧૫) જીવનને પ્રત્યેક પ્રસંગે સ્વાભાવિક રીતે સહવાસમાં આવતાં માનવપ્રાણી તેમ જ ઇતર વર્ગના જીવનસમૂહમાં જડતાનો બાધ કરીને ચૈતન્યની સર્વવ્યાપકતા સમજીને એ ચૈતન્ય જ પરમેશ્વર છે એવી ભાવના રાખવી–એ છે વર્તમાન યુગના સાધકની ઈશ્વરભક્તિ.

*  *  *  *

ધ્યાનના ઉત્સુક સાધકે ખાસ સ્મરણમાં રાખવાનું છે-સમજવાનું છે અને સમજીને એ પ્રમાણે ચિત્તનું શોધન કરવાનું છે કે રાજસિક અને તમોગુણનો વ્યવહાર જ્યાં સુધી જીવનમાં થયા કરતો હશે, ત્યાં સુધી ધ્યાન કરીને એકાગ્રતા કરવાના પ્રયત્નો અને પ્રયત્નના ફલરૂપે થતી દ્વૈતની વિસ્મૃતિ એ નથી સવિકલ્પ સમાધિ, નથી નિર્વિકલ્પ સમાધિ. એ છે કેવલ સુષુપ્તિ-અલબત ચિત્તને વિશ્રાંતિ આપે એવી તથા પ્રયત્નસાધ્ય સ્વાધીન નિદ્રાવૃત્તિ. પરન્તુ હવે આપણે એ વિષેનું વિવેચન ન કરતાં જે સાધક:–

(૧) સાત્ત્વિક જીવનવ્યવહારદ્વારા સંયમી અને સદાચારી બનેલો હોય,

(૨) યોગદર્શનના સિદ્ધાન્ત પ્રમાણે યમનિયમનું પાલન કરતો હોય,

(૩) અથવા સમાન સાથે મૈત્રી, ઊતરતી સ્થિતિ ભોગવતાં મનુષ્ય પ્રતિ કરુણા, ઉચ્ચ દશામાં આનન્દ માણનારાં ઉન્નત સાધકો પ્રતિ મુદિતા ( પ્રસન્નતા ) અને પામર તથા વિષયી મનુષ્યો પ્રતિ ઉપેક્ષા ( ઉદાસિનતા, દુર્લક્ષ્ય, વિસ્મૃતિ )ની વૃત્તિઓ રાખી શકતો હોય,

(૪) વ્યવહારના દ્વંદ્વસપાટામાં વીંઝાતાં છતાં ચિત્તમાં પ્રત્યેક ક્ષણે સમાધાનવૃત્તિ રાખી શકતો હોય;-સંસાર વિકારી છે, એનું સ્વરૂપ ત્રિગુણાત્મક છે, અનાદિ કાલથી પરિવર્તનશીલ છે, એવું સમજીને શાન્ત રાખી શકતો હોય,

(૫) સાત્વિક દેવદેવતા, સર્વવ્યાપક બ્રહ્માંડનાયક ઇશ્વર, નિરાકાર, નિરામય, નિર્ગુણ આત્મ-બ્રહ્મ તત્ત્વના-સચ્ચિદાનંદના સાક્ષાત્કાર માટે જીવન જીવતો હોય; એને જ ધ્યેય બનાવી બેઠો હોય,

(૬) સત્સંગ ( સન્તસંગ ) ઇશ્વરભકિત; ગુરુકૃપા, શાસ્ત્રશ્રદ્ધા અને આત્મકૃપા ( પુરુષપ્રયત્ન )નું અવલંબન રાખીને અધ્યાત્મ-માર્ગે વધવાનો ઉત્સુક-તીવ્ર વેગવાન્ હોય,-આ બધાનો આપણે વિચાર કરવો જોઇએ.

* * * *

મનુષ્યને પૂર્વકૃત ( પ્રારબ્ધ ) પ્રમાણે જીવનનું કર્મક્ષેત્ર (કુરુક્ષેત્ર) પ્રાપ્ત થાય છે. સંસ્કાર પણ એવાજ હોય છે. એમાં ધર્મ-ભાવના જાગ્રત રાખીને વ્યવહાર ચલાવવો જોઇએ. ધર્મ, અર્થ, કામ

અને મોક્ષના ચતુર્વિધ પુરુષાર્થમાંથી અર્થ અને કામનાં બે ક્ષેત્રોનાં સાધનો જેવું પ્રારબ્ધ હશે તેવાં અનાયાસે અલ્પાયાસે કે પ્રબલાયાસે આવી મળશે એવી શ્રદ્ધા રાખવી જોઇએ. એ બંને માટે ચિત્તમાં ગૌણ સ્થાન હોવું જોઈએ. સાધારણ સંસારી, વિષયી, પામર કે દેહમુગ્ધ માનવી ધનવૈભવ, માલમિલકત વગેરે અર્થનાં સાધન, સગાંસંબંધી, સ્ત્રીપુત્રપરિવાર કે સુહૃદસ્નેહી સાથેના સામાજિક સંબંધોવાળું કામનું ક્ષેત્ર, એ બન્ને માટે થતા વ્યવહારને ચિત્તમાં મુખ્ય માનીને ધર્મ તથા મોક્ષને ગૌણ માને છે. કેવલ પ્રારબ્ધપ્રાપ્ત ફલભોગ છે માટે એ પ્રમાણે કર્મ થશે, અનાયાસે થશે, આશ્ચર્યકારક રીતે પ્રસંગો આવી મળશે–મળશે જ એવી શ્રધ્ધા રાખે, તો જ ધર્મ તથા મોક્ષ બે પુરુષાર્થને સાચો સાધક ચિત્તમાં મુખ્ય સ્થાન આપી શકશે.

હવે બીજો મુદ્દો વિચારી જોઇએ.

(૧) ધર્મ અને મોક્ષ:–આ બન્ને સાધનામાં સાધકે ચિત્તવૃત્તિઓના સ્વરૂપમાં પરિવર્તન કરવાનું છે; ધર્મમાં સત્ત્વગુણ વધે એવી વૃત્તિઓ કેળવીને વ્યવહાર કરવાનો છે. મોક્ષમાં દેહભ્રાન્તિ નિર્મૂળ થાય એવી આત્માકાર વૃત્તિ માટે પ્રયત્ન કરવાનો છે; એ બન્નેનાં ફલ સાત્ત્વિક આનન્દ અને નિરંકુશ તૃપ્તિ છે એ સમજવું જોઇએ. અશુભ પૂર્વસંસ્કારને જીતીને, નવીન શુભ સંસ્કાર પાડવા, વધારવા તથા સ્થાયી બનાવવના છે. બાહ્ય જીવનના અર્થ તથા કામમાં પણ મનોવૃત્તિમાં સંતોષ કેળવવાનો છે, માનવજીવનનું પરિવર્તન ચિત્તવૃત્તિને આધારે ઘડાય છે. બાહ્ય સ્થિતિમાં વગર વિચાર્યું પરિવર્તન કરવું એ જિજ્ઞાસુ કે મુમુક્ષુનું કર્તવ્ય નથી; વૃત્તિનું પરિવર્તન થતાં વર્તન સ્વાભાવિક રીતે સુધરશે અને બદલાશે.

(૨) અર્થ અને કામ:–આ બન્ને બાહ્ય વ્યવહારદશાની

સ્થિતિ માટેનાં હોવાથી એમાં પ્રયત્ન નહીં પણ પ્રારબ્ધ મુખ્ય ભાગ ભજવે છે. અનાયાસ કે અલ્પાયાસ કર્મથી, ચિત્તમાં સંતોષ, શમ, અને સંયમ રહે એવી ધર્મભાવના, સચવાય અને જિજ્ઞાસુદશામાં આત્માકારવૃત્તિ અખંડ રહે એવાં શ્રવણ, મનન, નિદિધ્યાસન માટે જાગ્રત રહેવાનું છે. આર્થિક અને સામાજિક જીવનવ્યવહારમાં જે જે સંયોગવિયોગ થાય, એ બધામાં આત્મયોગ સાચવી શકાય એ જ છે જિજ્ઞાસુનો પુરુષાર્થ અને પ્રારબ્ધના સિદ્ધાન્તનો સમજણપૂર્વકનો સાચો ઉકેલ.

ધાર્મિક મનુષ્યના ચિત્તની સમસ્ત વૃત્તિઓ દૈવી સંપદ્‌ના ધર્મો તરફ વળવા માંડે છે; જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અર્થ તથા કામ નહીં પણ ધર્મ અને મોક્ષ માટેનું લક્ષ્ય સ્થિર થાય છે. જિજ્ઞાસુ કે મુમુક્ષુનો આગ્રહ શાંત અને તૃપ્ત મનોદશા માટેનો હોય છે. સદાચારી જીવન માટેનો આગ્રહ હોવાથી અર્થ અને કામના ક્ષેત્રમાં કદાચિત્ ઊણપો જણાય, અકિંચનત્વ સતાવે, દેહયાત્રામાં વિઘ્નો આવે, શરીર વ્યાધિથી વીંધાઇ જાય, દશે દિશાઓમાં હાહાકાર વર્તે, નિંદા, દુઃખ, શોક, અપમાન જેવાં સંસારઘાતક વિષપાનના પ્રસંગો ઉપરાઉપરી આવી નડે, છતાં એ પોતાના ન્યાય અને સદાચારના પંથમાંથી પાછું પગલું કરતો નથી. બ્રાહ્મણોચિત ક્ષમાં, ક્ષત્રિયોચિત વીરતા, વૈશ્યોચિત કુશળતા કે શુદ્રોચિત શારીરિક શ્રમનો એ સદુપયોગ કર્યે જ જાય છે. યોગવાસિષ્ઠ મહારામાયણમાં બ્રહ્મર્ષિ વસિષ્ઠ પાસે ભગવાન્ રામચંદ્રજી પ્રથમનાં બે પ્રકરણોમાં મોક્ષની તીવ્ર ઈચ્છા અને વૈરાગ્યના અગ્નિની પ્રશંસાનાં વર્ણનો કરે છે, એ છે સાચા મુમુક્ષુની દિશાદીક્ષાતુર મનોદશા.

આશ્રમધર્મનો વિચાર કરીએ તો બ્રહ્મમાં એટલે પરમાત્મામાં જ એનું ચિત્ત સદાસર્વથા રમતું હોવાથી સમસ્ત ચર્યા એટલે ક્રિયા બ્રહ્મમય બને છે, એવી બ્રહ્મચર્ય અવસ્થાનું એ પાલન કરે છે.

ગૃહસ્થાશ્રમમાં સ્વપત્ની સાથેના સંયમી વ્યવહારમાં આરોગ્યનું પ્રધાન લક્ષ્ય રાખીને એ સદાચાર સેવે છે. માત્ર પત્નીપરિવાર જ નહિ પણ કુટુંબથી શરૂ કરીને સ્વદેશ તથા સમસ્ત પ્રજાની સેવા કરવા માટે જ એ અર્થ અને કામના પ્રદેશમાં વિવેકી વર્તન રાખે છે.

વાનપ્રસ્થની દશામાં કામાગ્નિને સંયમજલથી શીતલ બનાવીને નિષ્કામ તપશ્ચર્યા વડે કામને નિમૂર્ળ કરવાનું લક્ષ્ય રાખે છે. સ્વપત્ની સમેત સમસ્ત નારી જાતિને માતા, ભગિની કે પુત્રીવત્ સમજીને ચિત્તના સમસ્ત પ્રેમ-પ્રવાહને પરમેશ્વર પ્રતિ વાળવાની પ્રેમભક્તિ સદોદિત રાખે છે.

અને સંન્યાસ આશ્રમમાં તો લિંગભેદ, જાતિભેદ, જડચેતન-ભેદ, લોકલોકાન્તર ભેદ જેવા દેશ અને કાલના સમસ્ત ભેદને એક, અદ્વિતીય, અભેદ આત્મતત્ત્વમાં ગાળી-ઓગાળીને બ્રહ્માનંદની અનુભૂતિ માણે છે. આ છે સાચા સાધકની સ્વાભાવિક આન્તર-દશાનું ઘડતર.

આ તો જીવનના શિખરબંધી પ્રાસાદમંદિરનું ચિત્ર દોર્યું અને તે એટલા માટે કે ધ્યાનની યત્કિંચિત્ મનોવૃત્તિ, જિજ્ઞાસા, શુભેચ્છા કે આન્તરપ્રેરણા જેને થતી હોય, તેણે એ આદર્શને સતત દૃષ્ટિ સમક્ષ રાખીને જ આગળ પગલાં ભરવાનાં છે. જીવનમંદિરમાં મહામૂલા બ્રહ્મદેવ વિરાજે છે. સચ્ચિદાનન્દ એનું સ્વરૂપ છે. નિત્ય શાંતિ એનાં દર્શન છે. પુરુષપ્રકૃતિનો ભેદ ભસ્મીભૂત કરે એવું જ્ઞાનભાસ્કર જેવું ત્રીજું નેત્ર છે. સમસ્ત દૈવી સંપદ, નિષ્કામ ઇશ્વરભકિત, ત્યાગ અને તપશ્ચર્યા જેવાં એમનાં અંગઉપાંગ છે. એ દર્શન કરવાં હોય તો આવા આંતરદર્શક થવું જોઇએ; એ પોતે સર્વત્ર સમાન હોવાથી, એવી સમકક્ષ સાધના એને ગમે છે; એ

સાધનાના શ્રીગણેશ અને ઇતિશ્રી એટલે જ બ્રહ્મદર્શન-બ્રહ્મપ્રાપ્તિ -બ્રહ્માનન્દ, જે કહો તે.

* * * *

ષડ્દર્શનના સિદ્ધાન્તભેદ છેઃ ન્યાય અને વૈશેષિક, સાંખ્ય તથા યોગ, અને પૂર્વ તથા ઉત્તર મીમાંસાનાં જોડકાંના મતમતાંતરોનાં ખંડન માટેના ગ્રન્થભંડાર ભર્યા પડયા છે. એ બધાનું પણ સાધકની યથાયોગ્ય ભૂમિકાકાલે ઉપયોગી સ્થાન છે ખરું, પણ જ્યાં મુખ્ય મુદ્દો શાંતિની તીવ્ર ઝંખનાનો જ હોય, વર્તમાનમાં અસંતોષ રિબાવતો હોય, સંયોગો મારીમચડીને જાણે મૃત્યુમુખે ધકેલતા હોય, અને ધર્મને પંથે આર્થિક લાભ તથા સમાજજીવન ગાળવા છતાં કૈંક ઊણપ ચિત્તને સતાવ્યા કરતી હોય, ત્યાં તર્કચર્ચા કયાંથી સૂઝે? પ્રત્યક્ષ થતું જીવજગતનું જોડકું અને એની પીઠ પાછળ અગમ્ય રીતે રમત કરતું કોઇ અલૌકિક તત્ત્વ-એ ત્રણેયની, એ ત્રિપુટીની થતી ઉથલપાથલનાં રહસ્ય ઉકેલવાની તાલાવેલી જેને લાગી હોય, પ્રત્યક્ષ જગતમાં વારંવાર જન્મમરણ, અવિરત પરિશ્રમ અને ફલભોગ માટેનાં શરીર, મનમાં એ દ્વારા થતો ઉકળાટ ચિત્તને તપાવી બાળીને હતાશ-નિરાશ કરી નાંખતો હોય, તેવા સાધકને મતમતાંતરની મથામણ કરવાનું ગમે જ કયાંથી? તૃષાતુરને જલ-તત્ત્વની વિજ્ઞાનશાસ્ત્રની શોધખોળ કે ઇચ્છા ઊભી થાય ખરી? ભૂખ્યા માણસને હાથમાં આવેલી રોટલીના ઘઉં કયા દેશમાં, કયા ખેતરમાં, કયા ખેડૂતે, કેવી આવડતથી, કેટલા સમયમાં, કેવી રીતે, કઇ જાતના પકવ્યા હશે, એની મીમાંસા કરવાની જરૂર જણાય ખરી?

એવું જ સાચા સાધક માટે છે. એને તો શાંતિ જોઇએ

છે, કારણ કે અશાંતિના સ્વરૂપ જેવા સંસારમાં એ તડફડે છે; દ્વંદ્વોનાં બંધન એને સતાવે છે એને ઢીલાં કરી કે કાપી નાંખીને છૂટવાની એની તાલાવેલી છે. આવું હોવાથી જ મોક્ષવિષયક પ્રત્યેક દર્શનમાં, પુરાણ કે સંપ્રદાયગ્રંથમાં સૌથી પ્રથમ મોક્ષની ઇચ્છા અને સંસારના વૈરાગ્યની આવશ્યક્તા ઉપર ભાર મૂકયો છે.

વર્ણાશ્રમધર્મ પ્રમાણે કર્મકાંડનો ચૂસ્ત કર્મઠ હોય, ઈશ્વર, દેવદેવતા કે એના અવતારનાં ગુણગાન કરીને એમાં ચિત્તને એકાગ્ર કરવા મથનાર ભક્ત હોય, નેતિધોતિ કે આસન-પ્રાણાયામનાં સ્થૂલસૂક્ષ્મ શરીરના શોધનની ક્રિયાઓમાં ગડમથલ કરનારો હઠયોગી હોય, કરોડોની સંખ્યામાં ૐ સોઽહમ, ગાયત્રી કે બીજા મંત્રના અનુષ્ઠાનમાં અવિરતભાવે ગ્રસ્ત રહેનાર મંત્રયોગી હોય, ઈષ્ટમૂર્તિના ધ્યાનમાં મનોવૃત્તિને એકાગ્ર કરવા મથનાર ધ્યાનયોગી હોય, કે પરમાત્માને આંતર-બાહ્ય વ્યાપક માનીને એના સ્વરૂપ-સુખનું દૃષ્ટિભાન કરનારો જ્ઞાનયોગી હોય-કે એથીએ ઉપરવટ જઇને દેશવિદેશની પ્રચલિત ભાષાનો પંડિત બનીને બધાં દર્શનશાસ્ત્રોના મતમતાંતરની તારવણી કે તુલના કરનારો કોઇ શ્રોત્રિય ગ્રંથકાર હોય-જે હોય તે પણ એક વાત ચોક્કસ છે કે એને અધ્યાત્મ માર્ગનાં સાધન માટે ઇંદ્રિયસંયમ, ચિત્તને સાંસારિક ક્ષેત્રમાંથી ઉપાડી-ઉખાડી લેવાની નિવૃત્તિ, અને પરમ તત્ત્વને સદાસર્વથા અભિમુખ રહે એવી ઊર્ધ્વમુખી મનોવૃત્તિ તો ખાસ આવશ્યક છે-અનિવાર્ય અને ઉપકારક છે.

*　　*　　*　　*

જાગ્રત તથા સ્વપ્નઅવસ્થામાં ચિત્ત અનેક વિષયાકાર બને છે. એ બધી વિષયવૃત્તિઓ કહેવાય છે. એમાં પૂર્વસંસ્કાર કારણભૂત

હોય છે અને ઇંદ્રિયોની જૂની ટેવો એવી રીતે ઇંદ્રિયોને ક્રિયાશીલ રાખે છે, કે નવીન સાધકને એના ઉપર ચોકી–પહેરો રાખવા માટે સાવધાનતાભર્યો પરિશ્રમ કરવો પડે છે.

સાધકને પ્રથમ કરવાનું કાર્ય છે ચિત્તને તપાસતાં શીખવાનું. એવા મુશ્કેલ લાગતા કાર્યને સહેલું બનાવવાનો કોઇ પણ માર્ગ હોય તો તે એકાન્તસેવન છે. કોઇ પણ કર્મ માટેનાં અનુષ્ઠાન, પાઠપૂજા, સ્તોત્રસ્તવન વગેરે માત્ર શાસ્ત્ર કે ગુરુવાક્ય ઉપર શ્રદ્ધા રાખીને જ કર્યે જવાનાં છે. દેવદેવતા કે અવતાર–આચાર્યની ભક્તિમાં ચિત્તની શ્રદ્ધાભરી ભાવના સહાયક થઇ પડે છે. વૃત્તિને જે ધ્યેય આપવાનું હોય તેનો સારાસાર વિવેક વડે નિર્ણય કરવો અઘરો છે. અંતઃકરણના બે જ મુખ્ય વિભાગ સ્વીકારીએ તો બુદ્ધિ અને અહંકાર એક બાજુ અને બીજી બાજુ મન અને ચિત્ત છે; કોઇ પણ કાર્ય કરવામાં " હું અમુક કરું છું " એવી ભાવના ધારણ કરનાર અહંકારવૃત્તિ કહેવાય છે. " જે કરું છું તે સમજીને જ કરું છું " એવું સમજનાર બુદ્ધિવૃત્તિ છે; "જે કરવું છે એની મારામાં કલ્પના સ્ફુરી છે " એ મનોવૃત્તિ કહેવાય છે, અને કોઇ પણ વૃત્તિનો અંતરમાં ઉદ્દભવ થયા પછી એનું સતત્ સ્મરણ કે ચિંતન થયા કરે એ છે ચિત્તવૃત્તિ.

આ ચાર વૃત્તિનું સમૂહવાચકનામ અંતઃકરણ છે. વિષયોનો આકાર ધારણ કરીને દૈવી તથા આસુરી વિભાગમાં વહેંચાઇ જતી અસંખ્ય વૃત્તિઓ છે, પરંતુ ઉપરની ચાર મુખ્ય વૃત્તિઓ વિના કોઇ પણ જાતના વિચાર કે કર્મ કરી શકાતાં નથી. બાહ્ય જગતમાં અંતઃકરણ અને ઇંદ્રિયો વડે જ જેમ વ્યવહાર થઇ શકે છે, તેવી જ રીતે સૂક્ષ્મ શરીરમાં બને છે. અંતઃકરણ અને દસે ઇંદ્રિયો વિના જાગ્રત કે સ્વપ્ન, સ્થૂલ કે સૂક્ષ્મનો વ્યવહાર અસંભવિત છે.

સા. ૨

કોઇ પણ વિચાર કરવામાં "હું-પણું" એટલે આપણું પૃથક્ વ્યકિતત્વ તો જોઈએ જ. "હું" અને "તું"–"હુ" તથા "આ" એવા ભેદભાવ વિના કોઈ પણ જાતનાં વિચાર કે ક્રિયા સંભવી શકતાં નથી.

દા. ત. "સવારે પરગામ જવું છે" એવો વિચાર કરીને રાતે સૂઇ ગયા પછી, ગાઢ નિદ્રાને અંતે સવારે અંતરમાં "જાગ્યા છીએ" એવું ભાન થતાં વેંત જ "પરગામ જવું છે" એવો જે વિચાર સ્ફુરે છે, એ વિચારને પૂર્વસંસ્કારનું નામ આપીએ. રાતે એ વિચાર સુષુપ્તિ અવસ્થાના કારણશરીરમાં જઇને પડયો હતો. જે ભૂમિમાંથી એ ઊભો થયો એ ચિત્ત છે. અસંખ્ય વૃત્તિઓનું એ સંગ્રહસ્થાન છે. એને આપણે સ્મરણશકિતનું ક્ષેત્ર કહીશું. ચિત્તમાંથી "પરગામ જવું છે" એ વૃત્તિ ઊઠી. "મારે પરગામ જવું છે" એવી વૃત્તિમાં "હું" જનાર અને "પરગામ જવું છે" એ માટેનો વિચાર કરનાર, સાધનસામગ્રી તેમ જ બીજી તૈયારીનો સમજણપૂર્વક વિચાર કરનાર બુદ્ધિ છે. જેવી બુદ્ધિ–સમજણ –આવડત હોય એ પ્રમાણે વિચાર સૂઝે છે; વૃક્ષનો અંકુર ભૂમિ વિના નિરાધાર અદ્ધર રહી શકવાનો સંભવ નથી; ચિત્તભૂમિમાંથી ઊભો થતો વૃત્તિપ્રવાહ "અહંકાર"ને આધારે ઊભો રહે છે, અને એના ઉપર વિવેક વાપરવાનું કામ બુદ્ધિ કરે છે. આવી રીતે "હું–પણું" અને "જ્ઞાન" બે સાથે કામ કરવા માંડે એ અંતઃકરણનું પહેલું જોડકું અહંકાર અને બુદ્ધિ છે. એની સાથે જ્ઞાનેન્દ્રિયોના જ્ઞાનસંસ્કાર જાગ્રત થાય છે એને વેદાન્તની પરિભાષામાં વિજ્ઞાનમય કોષ કહે છે.

ત્યાર પછી બુદ્ધિ પોતાના વિવેક પ્રમાણે સારો ખોટો નિર્ણય કરે છે. આવડત–સમજણ–જ્ઞાન પ્રમાણે પરગામ જવાની બધી યોજના તૈયાર થાય છે. પરન્તુ પરગામ જવાનો નિર્ણય કરતાં

પહેલાં " જવું કે ન જવું ? " " જવું તો કેવી રીતે જવું ? " " શું શું સાધન ઠીક પડશે અને શું નહિ ? " એવી જે બે પ્રકારની ઊલટાસુલટી મૂંઝવણ કરે છે, બન્ને બાજુ કલ્પનાઓ દોડાવે છે એનું નામ મન છે. મનની આવી સંકલ્પ-વિકલ્પની દશાનો બુદ્ધિએ નિર્ણય કર્યા પછી અંત આવે છે. ક્રિયા કરવાની શરૂઆત થાય ત્યારે ચિત્ત પોતાનું સમસ્ત ચિંતવન બુદ્ધિના નિર્ણયને તાબે થઇને કેન્દ્રીભૂત કરે છે. જે કર્મ કરવાનું હોય તેના ઇષ્ટફલનું જ એ સ્મરણ કર્યા કરે છે, એનાં ચિત્તચક્ષુ સમીપ પરગામનો માર્ગ, સગવડઅગવડ, ગન્તવ્ય સ્થાનનું ચિત્ર, ત્યાં ગયા પછીનાં કામકાજ, અમુક સમયે અમુક કરીને પાછા આવવાની યોજના, એમાં જ એ ચિત્ત પરોવાઇ રહે છે, અને જેટલું પોતાનું બળ-સામર્થ્ય-શકિત -સંયમ હોય તે પ્રમાણે પ્રતિકૂળતાઓની સામે યુદ્ધ કરી શકે છે; સંયમમાં ઊણપ હોય તો કાર્યસિદ્ધિ થતી નથી; નિરાશા કે હતાશા સાંપડતાં ચિત્ત શિથિલ બને છે, અને બુદ્ધિનું શરણ લઇને થયેલી હારનાં કારણો શોધે છે. પાછળથી એ કારણો શોધનાર વિવેકબુદ્ધિ છે; વિચાર કરવામાં આ કોષ મુખ્ય કામ કરે છે.

કર્મમાં પ્રવૃત્તિશીલ બન્યા પછી ચિત્ત, મન તથા ઈંદ્રિયો મુખ્ય ભાગ ભજવે છે અને અહંકારબુદ્ધિ ગૌણ બની જાય છે. વેદાન્તની પરિભાષામાં મનોમય કોષ પ્રાણમય કોષની સહાયતા વડે કર્મ કરે છે, તે વખતે વિજ્ઞાનમય કોષ ગૌણ રહે છે. વિજ્ઞાનમય કોષનું કામ તો પૂર્વભૂમિકા માટેની વિવેકી સારાસારતા જોવાનું છે. ધ્યાનયોગના અભ્યાસીએ આ બે કોષની પૂરી સમજણ કેળવવી જોઇએ. અથવા તો કોઇ એવા વિવેકી જ્ઞાની સન્તની પાસે સ્વચિત્તની પરીક્ષા કરાવી સાધના કરવી જોઇએ.

આર્ષજીવન પ્રમાણે મોક્ષમાર્ગનો સ્વીકાર કરનાર સાધક

ધર્મમાર્ગથી વિશુધ્ધ બનેલો હોવો જોઈએ એવું વિધાન છે. મનુસ્મૃતિ વ. સ્મૃતિઓ પ્રમાણે જીવનવ્યવહાર ગોઠવીને જે સાધક ધર્મજીવનથી વિશુધ્ધ થયો હોય એ જ મોક્ષમાર્ગનો, ધ્યાનયોગનો, અધ્યાત્મવિદ્યાનો અધિકારી હોઈ શકે એ ખૂબ જ મહત્ત્વનું છે.

આપણાં પ્રત્યેક વિચાર અને કર્મ ઉપર બુદ્ધિના વિવેક-ભાસ્કરનો પ્રોજ્જવલ પ્રકાશ પડે તો જ સદાચારનાં બીજ રોપાય છે, અસદ્ વિચાર અને વર્તન ઉપર દમન કરી શકાય છે, સદ્-વિચાર અને સત્કર્મને માર્ગે વેગભર્યાં પગલાં ભરી શકાય છે, અને એવું થાય તો જ ચિત્ત ધ્યાન માટે અધિકારી બને છે.

*　　*　　*　　*

સાધારણ રીતે બોલીએ તો આત્મા, અંતઃકરણ અને શરીરની ત્રિપુટીવાળી માનવજીવનની નૌકા ભવસાગરમાં પડેલી છે. અને આ ( સંસાર )પારથી પેલે ( આત્મ )પાર જવાનો પ્રયત્ન કરી રહી છે. એ ત્રણેયના ઉપયોગમાં વિવેક ન હોય તો વચમાં હેરાન થાય છે: હેરાનગતિથી બચીને સલામત રીતે પાર પહોંચવામાં એ એકલો નથી. આકાશ, વાયુ, અગ્નિ, જળ, અને પૃથ્વી પાંચ મુખ્ય તત્ત્વો છે; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધનાં આંદોલનોના વેગ છે; સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ–ઉપગ્રહ વગેરે જ્યોતિષ્પુંજોના પ્રકાશ વેરતા દીપકો છે, પૃથ્વી નામના ગ્રહ ઉપર આપણે માનવદેહ ધરીને આવી પડયાં છીએ. તેમાં સમુદ્રના ખારા જળનો બે ભાગનો વિસ્તાર છે, બાકીની જડ ભૂમિ ઉપર પર્વતો, જંગલો, ખેતી લાયક જમીનો, હિંસકઅહિંસક પશુઓ, પક્ષીઓ, ખેચરો અને ભૂચરો, કીટકો, નરી આંખે ન દેખાય એવાં સૂક્ષ્મ જંતુઓ–એ બધાંની વચ્ચે માનવદેહધારી જીવાત્મા આવીને ઊભો છે.

એના અંતરમાંથી -સૂક્ષ્મ શરીરના ઊંડાણમાંથી, જ્યાં એની

દૃષ્ટિ—બુદ્ધિ પણ ન પહોંચી શકે એવી અવ્યકત ભૂમિમાંથી “ હું છું ” એવા વ્યકિતત્વની કલ્પના ઊઠવાની સાથે, “ મારી આસપાસ સમસ્ત બ્રહ્માંડ છે ” અને એ બધાની પીઠમાં કોઈ અગમ્ય, અગોચર તત્ત્વ સંપૂર્ણ, શકિતમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપક અને સ્વતંત્ર રીતે રમી રહ્યું છે, એવું સ્ફુરણ થાય છે, પણ ડગલે ને પગલે એને અવિવેક સતાવે છે તેથી ધાર્યું કરી શકતો નથી; એની મર્યાદિત શકિતની સામે બળવાન વિશ્વસામર્થ્ય એને હરાવવા મોજૂદ છે એમ એને લાગે છે.

પોતાની આવડત, સમજણ કે જ્ઞાનમાં એને અધૂરાપણું લાગે છે. “ હું બધું સમજું છું કે સમજીને કરું છું ” એમ એને લાગતાંની સાથે જ કોઈ અચિંત્ય વિરોધી સમજણ એનો ખેલ બગાડી નાંખે છે; એક સ્થાનથી બચીને બીજે સ્થાને કાર્ય કરવા જાય છે, ત્યાં પણ અગમ્ય તત્ત્વ એના પાસા ઊંધા પાડે છે કારણ કે એ તત્ત્વ સર્વવ્યાપક છે. આવી ગતિઅગતિ, મતિઅમતિ કે બુદ્ધિકુબુદ્ધિની વિશ્વલીલામાં એને જ્યારે પોતાની મર્યાદાનું ભાન થાય છે ત્યારે કર્મના પ્રદેશમાંથી નિવૃત્તિ મેળવીને, ભાવી જીવનના કર્મપ્રદેશમાં સુધારણા કરવાની ઇચ્છાથી બુદ્ધિનું શરણ લે છે. ભકત, જિજ્ઞાસુ કે સાધક મનોદશાના શ્રીગણેશ જ એ ભૂમિકાથી શરૂ થાય છે.

લોકલોકાન્તર, જન્મજન્માન્તર, ધનવૈભવ, પુત્રપરિવાર, દેહવાસના, કીર્તિની લાલસા કે એવાં આશાભર્યાં સકામ કર્મો કરવાની ટેવો છે. એ જુગજૂની ટેવ કે વરેડને જ વેદાન્ત અનાદિ અવિદ્યામય અધ્યાસ કહે છે. અવિવેકના આવરણને લીધે વિજ્ઞાનમય કોષ ઢંકાઇ જાય છે. મનોમય કોષના વાસનામય ચિત્તમાંથી જેવી પ્રેરણા મળે, એ પ્રમાણે અવિચાર કે અસત્ વિચારવાળાં કર્મો

કરતો હોય છે, આ દુઃખચક્રમાં પડેલો જીવાત્મા નિત્ય સુખ, શાન્તિ કે સમજણની શોધ માટે અદૃષ્ટ ભણી દૃષ્ટિ ફેરવે ત્યારે અને ત્યાં એને વિચારની-સદ્‌વિચારની કૈંક દિશા સૂઝે છે એમ કહેવાય.

ભ. ગીતાનો બીજો અધ્યાય જોઇ વળો. સકામ વાસના અને એનાં દ્વંદ્વમય કર્મફલોથી દાઝેલો–ગભરાયેલો અર્જુન કર્મ-અકર્મની વિવેકભરી વ્યાખ્યા જ કરી શકતો નથી. ભગવાન શ્રીકૃષ્ણ આત્મા અને અનાત્માનો વિવેક કરીને શોકમોહ ત્યજવાનું કહે છે, પણ એ સકામી સંસારી અર્જુન પોતાની ગતાગમ પ્રમાણે લોક-પરલોકની, જન્મમરણની, કીર્તિની, રાજ્યની એવી એવી સાંસારિક દલીલો કર્યાં કરે છે; આત્મા–અનાત્માનો વિવેક એને ગળે ઊતરતો નથી ત્યારે ભગવાન એને કહે છે કેઃ

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद् धनंजय
बुद्धौ शरणमन्विच्छ कृपणा फलहेतवः

ભ. ગી. અ ૨–૪૯

અર્થ : હે અર્જુન, બુદ્ધિયોગના કરતાં કર્મ તો બહુ દૂર છે, એટલે કે ખૂબ જ ઊતરતી કક્ષાનું છે. તું બુદ્ધિનું શરણ શોધ. ફલની આશા રાખીને કર્મ કરનારા તો કૃપણ ( સંકીર્ણ ચિત્ત-વાળા ) છે.

આમાં દેખીતી રીતે કર્મફલની નિન્દા તરી આવે છે, પરંતુ મુખ્ય ઉદ્દેશ તો અર્જુનનેવિવેકનો ઉદય કરવાનું કહે છે એ છે. કર્મ-ફલમાંથી દ્વંદ્વો સાંપડે છે; દ્વંદ્વોમાં લાભહાનિ, માનઅપમાન, સુખ-દુઃખ, હર્ષશોક વગેરે બે પાસાં હોય છે, અને માનવીમન તો હમેશાં લાભ, માન, સુખ તથા હર્ષ વગેરેને માટે કર્મ કરવાની ઇચ્છા રાખી, એનાથી વિપરીત જણાતાં હાનિ, અપમાન, દુઃખ કે શોકને

દૂર રાખવા મથે છે. જેથી રાગદ્વેષ તથા ચંચળતા બંધ ન થતાં વધી પડે છે.

કર્મનાં દ્વિવિધ ફલ આપનારા ક્ષેત્રમાં સારાંની આશા રાખો છતાં વિરોધી ફલ તો પહેલું સામે આવીને ઊભું રહે છે. એથી જ પ્રશ્ન થાય છે કે-સત્ય શું છે? કર્મની પીઠમાં કર્મની વાસના છે. વાસના શુભ અને મલિન એમ બે પ્રકારની છે. જ્યાં સુધી વાસના શુદ્ધ ન થાય ત્યાં સુધી કર્મ પણ શુદ્ધ થતું નથી, તો પછી અવિચારી કર્મનાં તો વિપરીત ફલ આવે એમાં આશ્ચર્ય શું?

વાસનાના શોધન માટે શુદ્ધ વિચાર જોઇએ, વિચાર બુદ્ધિનું કાર્ય છે; બુદ્ધિમાં વિવેકનો ઉદય જોઈએ; આત્મા અને અનાત્મા, નિત્ય અને અનિત્ય, અમૃત અને મૃત્યુ એવાં પ્રથમ દૃષ્ટિએ જીવ-નનાં જે બે પાસાં દેખાય છે, એમાં સત્ય શું છે? જીવનમાં બે પાસાં છે કે નહિ? નથી તો દેખાય છે શા માટે? આત્મા અને શરીર એક જ છે કે જુદાં જુદાં? મન એ બેની વચ્ચે ઊભું રહીને બેમાંથી શાને આધારે વિચાર કરે છે; શાને માટે કર્મ કરે છે? એને શરીરનો સંગ છે કે આત્માનો? કયા સંગથી એ દ્વંદ્વમાં ધસી પડે છે? દ્વંદ્વથી છૂટી શકાય કે નહિ? છુટાય તો નિત્યને માટે કે ક્ષણિક કાલ માટે? શરીરમાં વિવિધતા છે માટે દ્વંદ્વ હશે? આત્મા એક અને અદ્વિતીય છે એમ શાસ્ત્રો અને સંતો કહે છે માટે એમાં દ્વંદ્વ કેવી રીતે હોઈ શકે?

આવા આવા પ્રશ્નો અંતરથી સહજ સ્વભાવે ઊભા થાય, સમાધાન માટે શાસ્ત્ર, સંત અને ગુરુનું શરણ શોધાય, ત્યારે કૈંક સાચી દિશા સૂઝે, ભગવાન સ્પષ્ટ કહે છે કે

बुद्धौ शरणमन्विच्छ

હે સાધક તું સાર-અસાર, નિત્ય-અનિત્ય, આત્મા-અનાત્મા-એનો વિચાર કરી શકે, વિવેક કેળવી શકે એવી બુધ્ધિનું શરણ શોધી લે; એમાંથી તને સાર સાંપડશે.

અને તારે સમાધિસુખ જોઇએ છે ને ? તો આગળ વધારે સાંભળી લે. પહેલાં તારે સાંભળેલું કે સાંભળવાનું બાકી હોય એવું બધું સંસારી સુખ તજવું પડશે-એનો વૈરાગ્ય કેળવવો પડશે; એમાંથી આસક્તિ મૂકી દેવી પડશે. સાંભળ

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्यच ॥

ભ. ગી; અ. ૨-૫૨

અર્થ: જ્યારે તારી બુધ્ધિ મોહના કીચડમાંથી બહાર નીકળી શકશે, ત્યારે તને સાંભળવા યોગ્ય અને સાંભળેલાનો વૈરાગ્ય આવશે.

આ મોહકીચડ એ જ અવિવેક, અને આત્મા અને અનાત્માની ઓળખાણ એટલે વિવેક. આ વિવેકનો ઉદય શાસ્ત્રોક્ત રીતે મન તથા શરીર ઉપર સત્ત્વગુણના પ્રકાશ વડે ચોકી રાખ્યા વિના થતો નથી. પ્રત્યેક મનુષ્યની પ્રકૃતિ ત્રણ ગુણવાળી છે. સત્ત્વગુણ પ્રકાશ, જ્ઞાન તથા સમજણ આપે એવો છે. રજોગુણ ચંચળ હોવાથી ઉથલ-પાથલ કર્યા કરે છે. એનું કામ તો નિરંતર ક્રિયાપરાયણ જ રહેવાનું છે તથા તમોગુણ જડ હોવાથી એના દબાણને લીધે આળસ, પ્રમાદ સારું ખોટું ન પારખી શકવાની મૂંઝવણ વગેરે થયાં કરે છે. આ ત્રણ ગુણના દૈવી અને આસુરી રીતે પણ બે વિભાગ પાડેલા છે. ગુણોના દૈવી-આસુરી વિભાગ માટે સાધકે ભ. ગીતાના છેલ્લા છ

અધ્યાયોનો અભ્યાસ કરીને પોતાના સ્વભાવની પરીક્ષા કરી લેવી જોઈએ.

આટલે સુધી આપણે સાધકના અંતઃકરણનાં નિદાન –ચિકિત્સા કરી જોયાં. ધ્યાનના વિષયમાં ત્રણ મુખ્ય વસ્તુઓ છે: (૧) ધ્યાતા એટલે ધ્યાન કરનાર સાધકનું ચિત્ત, (૨) ધ્યાન એટલે જેનું ધ્યાન કરવાનું છે એ ધ્યેયના સ્વરૂપમાં ચિત્તને તદાકાર કે નિમગ્ન કરવું તે ( ધ્યાતાની ધ્યેયના ધ્યાનમાં જે એકતાનતા સચવાય, અતૂટ ધ્યાનધારા ચાલ્યા કરે એ છે ધારણા ) અને (૩) જેનું ધ્યાન કરવાનું છે એ ધ્યેય.

ધ્યાતાના સ્વરૂપનો, એમાં ઉપયોગમાં આવતાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો, તથા મુખ્યત્વે ધ્યાતા ચિત્ત, અને વિવેકી બુદ્ધિનો વિચાર જોયો; આ ઉપરથી તારણ કાઢી જોઇએ.

(૧) મનુષ્યપ્રાણીને આ સંસારમાં જે જોઇએ છે, જેને માટે મનમાં કલ્પના, તરંગ, વિચાર, ઈચ્છા વગેરે કરે છે, શરીરથી કર્મો કરે છે, એમાંથી એને ઈષ્ટ વસ્તુ મળતી નથી, તેથી અસંતુષ્ટ અને અતૃપ્ત રહે છે.

(૨) અસંખ્ય જન્મો સુધી લોકલોકાન્તરમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં શરીર ધારણ કરીને, હું શરીર છું એમ જ માન્યા કર્યું. પોતાનાથી પૃથક્ એવા અનાત્મ પદાર્થોની પ્રાપ્તિમાંથી ઈંદ્રિયો અને અંતઃકરણ દ્વારા ભોગ ભોગવ્યા પરન્તુ એમાં થતા અસંતોષથી એ જીવાત્મા નવીન ભોગેચ્છાઓ વધારતો જાય છે.

(૩) પરિણામે અશક્તિ, અજ્ઞાન અને અતૃપ્ત વાસનાઓથી દશે દિશાઓમાં એને પામરતા, અંધકાર અને ભૂલોની જ પરંપરાનાં બંધન વધતાં જાય છે. આપત્તિઓનાં હાહાકારનાં;

આક્રોશ અને છાતીકૂટથી એ હતાશ થઇને બેબાકળો, નિરાધાર, અસહાય અને પામર બનીને રોકકળ કરે છે.

(૪) બુદ્ધિનો ઝાંખો ઝાંખો પ્રકાશ એના અંતરમાં પ્રત્યાઘાત પાડે છે; અંતરના અંધારા ઓરડામાં ભરેલી મલિન વાસના તથા અસદ્ વિચાર ઉપર એ ઝાંખો પ્રકાશ પડતાં સદ્ભાગ્યે, ઇશ્વરની અપાર કરુણાને લીધે કે કોઈ સંત–શાસ્ત્રની દયાદષ્ટિથી પોતાની દિશાભૂલ એને કૈંક અંશે સમજાય ત્યારે અનાત્મ પદાર્થના અસદ્-ભાવની સહજ ઓળખાણ પડે છે.

(૫) વાસના અને કર્મનાં મૂળમાં ભયંકર અજ્ઞાન ભરેલું છે. એ અવિદ્યા અનાદિ હોવા છતાં એનો અંત આવી શકે છે; તેથી એને માટે સદ્વિચાર અને સત્કર્મ, સંયમ અને સદાચાર તથા ધ્યેયમાં વિશુદ્ધ પરિવર્તન કરવાનું સૂઝે છે.

(૬) છતાં એની ઉતાવળીઆ વૃત્તિમાં એને સાચું ધ્યેય સમજાતું નથી. સાંસારિક વાસનાઓ માટે જ ઈશ્વર, દેવદેવતા કે અન્ય શકિતશાળી મહાપુરુષોની સેવાભકિતમાં અટવાઇ પડે છે અને સકામ સાધના જ કર્યે જાય છે; આ મહાન્ વિઘ્નકારક સાધના છે.

(૭) એમાં પણ નિરાશા સાંપડે છે; બુદ્ધિ બહેર મારી જાય છે, શાસ્ત્રસંતના વજ્રસમા વાણીપ્રહારથી એને દિશાભૂલ સમજાય છે, ત્યારે અનાત્મપદાર્થમાંથી ચિત્તને વાળીને આત્મલક્ષી બને છે. ત્યાં એને શાસ્ત્રોક્ત સાધનની સાચી દિશા સૂઝે છે.

(૮) તે વખતે પણ જો બુદ્ધિમાં વિવેક ન ભર્યો હોય તો ચિત્ત ગમે તેવા ધ્યેયને પકડીને એમાં ધ્યાનધારણા માટે પ્રયત્નો કરે છે.

ત્યાં વચમાં આવે છે કર્મ-ભકિતનાં અટપટાં અનુષ્ઠાનો અને દ્વૈતબુદ્ધિનાં ભેદભર્યાં સાધનોની આંટીઘૂંટી. એમાંથી છુટાય ત્યારે નિષ્કામ તથા અહૈતુકી કર્મ-ઉપાસનાનાં સાધન સાંપડે છે.

(૯) છતાં પૂર્વસંસ્કારવર્તી ચંચળતા વિઘ્નો ઊભાં કરે છે. અંતઃ-કરણ અને શરીરનાં–ઉપાધિ તથા વ્યાધિનાં વિઘ્નો પાર વગરની ગડબડ કરી મૂકે છે. બુદ્ધિ શુદ્ધ થતી નથી. એ શુદ્ધ થાય એની સાથે જ એમાં પૂર્ણ પ્રકાશ પડવો જોઇએ. શુદ્ધિ અને બળ, એ બે દ્વારા જ્ઞાનસામર્થ્ય કેળવાય ત્યારે વિજ્ઞાનમય કોષનો મનોમય કોષ ઉપર કાબૂ આવે છે.

(૧૦) અખિલ બ્રહ્માંડના વિસ્તારની દૃષ્ટિએ, પોતાને તુચ્છ, પામર વિષયાસકત, અવિદ્યાગ્રસ્ત તથા અલ્પજ્ઞ સમજીને નિરભિમાન બને, બ્રહ્માંડનાયક વિશ્વેશ્વરનું સચ્ચિદાનંદસ્વરૂપ અનુ-ભવવાની શુભેચ્છા ધારણ કરે અને અધ્યસ્ત બ્રહ્માંડના અધિ-ષ્ઠાનરૂપે પરમધન, સચ્ચિદાનન્દસ્વરૂપ પરબ્રહ્મ છે, એવું સમજવું જોઇએ. પરમાત્માના સાક્ષાત્ અનુભવમાં જ જીવમાત્રનું પરમ શ્રેયસ્ છે, એ જ અંતિમ લક્ષ્ય છે, અવિદ્યા-વિદ્યાની બ્રહ્માંડલીલામાં જીવમાત્રનો ઉદ્દેશ તો સચ્ચિદાનન્દના સાક્ષા-ત્કારનો જ છે, એવો નિર્ણય થવો જોઇએ. એ જ હેતુથી પ્રેરાયા છતાં ઘણી વાર ધ્યેયના અજ્ઞાનને લીધે, દૃશ્યઅનાત્મ-પદાર્થની વાસના કરીને કર્મ કરતો હતો એવું એને સમજાય છે...એ સમજણ પહેલાં બુધ્ધિમાં વિવેક રૂપે ઊગે એ પરોક્ષ જ્ઞાન કહેવાય છે. પાછળથી અનુભવમાં ઊતરે ત્યારે એ જ અપરોક્ષ અનુભવ જ્ઞાન બને છે.

*  *  *  *

આવી છે માનવજીવનની આત્મમંદિરમાં પ્રવેશ કરવાની

માર્ગસરણી. અવિદ્યાના ક્ષેત્રમાંથી એ વિદ્યાના વિવેકી વાતાવરણમાં આવે ત્યારે એ પ્રવૃત્તિના પ્રપંચી ક્ષેત્રમાંથી નિવૃત્ત થઇને અધ્યાત્મ-માર્ગના સત્પંથે વળે છે. નિવૃત્તિના ક્ષેત્રમાં ઉપાસનાકાંડની ભૂમિકા સુધી પહોંચે ત્યારે ધ્યાનની આવશ્યકતા પડે છે; ધ્યાતા, ધ્યાન, ધારણા, ધ્યેય-એ બધાંયની સૂક્ષ્મ મીમાંસા કરીને એનાં સાધન -સાધનાનો નિર્ણય કરવો પડે એ છે સાધકની પૂર્વભૂમિકા. અહીં સુધી ચિત્તશોધનની થોડી વિવેચના કરી. હવે પછી ધ્યેયનો નિર્ણય, ધ્યાનમાં એકાગ્રતા અને ધારણાની નિશ્ચલતાનો વિચાર કરીશું.

* * * *

ચિત્તના ધ્યાતા અને ધ્યેયના બે વિભાગ પડે છે જેમાં ત્રણ ગુણ ભાગ ભજવે છે. ધ્યાતા ચિત્ત છે; ધ્યેય વિષય છે. ધ્યાતામાંથી નીકળતું આત્મચૈતન્ય પ્રકાશ પાડે ત્યારે ધ્યેયની ઓળખાણ તથા વિવેચન થઈ શકે છે. એક જ ધ્યેયનું દીર્ઘકાલ પર્યન્ત અનુસંધાન રાખવાથી ચિત્ત ( ધ્યાતા ) એકાગ્ર થાય છે. એકાગ્રતા ઉપર સંયમ આવતાં ચિત્તવૃત્તિઓના પ્રવાહનો નિરોધ થાય છે. એ નિરોધ જ ધ્યાનયોગનું પરમ લક્ષ્ય છે એટલું અત્યાર સુધી વિચારી જોયું.

અંતઃકરણમાં વિજ્ઞાનમય તથા મનોમય કોષ કેટલો અને કેવી રીતે ભાગ ભજવે છે એનો ખપ પૂરતો વિચાર કર્યો. મુખ્ય સિદ્ધાન્ત તરીકે ધ્યાતા પોતાનામાંથી નીકળેલાં અસંખ્ય ધ્યેયો-માંથી એક જ ધ્યેય સાથે અનુસંધાન રાખવાનો પ્રયત્ન કરે, એકાગ્ર થવામાં સફલતા મેળવે અને નિરોધની સ્થિતિએ પહોંચે તે પહેલાં ધ્યાતાની શુદ્ધિ થવાની જરૂર છે એ ભૂલવાનું નથી. જેવો ધ્યાતા તેવાં તેનાં ધ્યેય, જેવું ચિત્ત તેવા વૃત્તિવિષયોના આકારો, અને જેવી

વૃત્તિઓ તેવાં કર્મો થતાં હોવાથી પરિણામે સુખદુઃખાદિ દ્વંદ્વોના પ્રત્યાઘાતો ધ્યાતાચિત્ત ઉપર પડે છે.

આ વિષયને વધારે સ્પષ્ટ રીતે સમજવા માટે ભ. પતંજલિના યોગદર્શનનો સંક્ષિપ્ત સાર જોઇએ. ગુજરાતના વિદ્વાન વિચારક સ્વ. મણિલાલ નભુભાઇ દ્વિવેદીકૃત ‘ સિદ્ધાન્તસાર ’ નામના ગ્રન્થમાં વિવિધ દર્શનોનો સાર આપ્યો છે જેમાંથી યોગદર્શન ઉપરના લખાણને અહીં ઉતારીએ છીએ.

“ યોગ એટલે શું ? ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ. યોગ એટલે સમાધિ. ચિત્તવૃત્તિનો નિરોધ થઈ જઈ સારી રીતે ( સમ્ ) સ્થિરતા ( આધિ–આધાન ) થાય, ઇશ્વરપ્રસાદ પમાય, ને પ્રકૃતિના બંધમાંથી છૂટવારૂપ મોક્ષ મળે એ જ યોગ. પ્રમાણ, વિકલ્પ, નિદ્રા, સ્મૃતિ, ઇત્યાદિ વૃત્તિઓ છે. તે બધી મળીને ચિત્ત થાય છે. એ વૃત્તિઓને બંધ પાડી દેવી ( નિરોધ ) કે જેથી સમાધાન થઇ આવે. પુરુષ જીવ છે, તે તો કેવલ અવિકૃત ચૈતન્ય છે, તેને ચિત્તવૃત્તિએ કરીને મોહ થાય છે, તેથી વૃત્તિનિરોધ થાય એટલે પુરુષને સ્વરૂપજ્ઞાન ( પોતાના રૂપનો યોગ ) થઇ સત્ત્વાપત્તિ થાય તે મોક્ષ. ચિત્તનો સ્વભાવ પરિણામ પામવાનો છે, પુરુષનો તેમ નથી. માટે ચિત્તનિરોધથી, જ્ઞાનનો જ અસંભવ થઇ જાય એમ ન સમજવું. પરિણામ ત્રણ પ્રકારનાં છે: (૧) ધર્મપરિણામ, (૨) વર્તમાનાદિ કાલસંબંધે ચિત્તનું હોવું તે લક્ષણપરિણામ (૩) અને જે જોયેલાં રૂપ હોય તે રૂપે સ્થિર થવું એ અવસ્થા પરિણામ. ત્રણે પ્રકારનાં પરિણામરહિત નિત્યજ્ઞાનવાન એકસ્વરૂપ તે પુરુષ. પરિણામરૂપ ચિત્તવૃત્તિને રૂંધવી તે યોગ. ત્યારે નિદ્રામાં વૃત્તિઓ રૂંધાય જ છે તે પણ યોગ જ ! નહિ. ચિત્તની ત્રણ અવસ્થા છે: (૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત :

(૧) ક્ષિપ્ત = વિષયોમાં રખડતું ચિત્ત તે ક્ષિપ્ત.
(૨) મૂઢ = નિદ્રામાં પડેલું તે મૂઢ.
(૩) વિક્ષિપ્ત = વિષયમાં વિશેષ રોકાયેલું તે વિક્ષિપ્ત.

એ ત્રણે સ્થિતિમાં ક્લેશાદિનું નિદાન નિર્મૂલ થતું નથી, માટે યોગ થયો ન કહેવાય. એ જ વાત પતંજલિએ યોગના જે અંતરાય ગણાવ્યા છે તેમાં કહી છે. વ્યાધિ, સ્ત્યાન (કર્મમાં, અભ્યાસમાં પ્રવૃત ન થવું તે), સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ (વિષયનો અભિલાષ), ભ્રાન્તિદર્શન, અલબ્ધભૂમિકત્વ (કોઇપણ કારણને લઇને નિરોધ ન બની આવે તે) અને અનવસ્થિતિ (ભૂમિકા મળે, નિરોધરૂપ સમાધિ થાય, પણ તે ટકે નહિ તે). એટલા ચિત્તવિક્ષેપ જાણવા. તે જ યોગ એટલે વૃત્તિનિરોધમાં અંતરાયરૂપ છે. આ અંતરાયને દૂર કરીને વૃત્તિનો કેવલ નિરોધ કરવો તે જ યોગ, તે જ સમાધિ. આગળ કહેવામાં આવશે તેમ સમાધિ પણ બે પ્રકારે છે, સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત. સંપ્રજ્ઞાતમાં તો થોડી વૃત્તિ બની રહે છે ને યોગ તો વૃત્તિનિરોધનું નામ છે, ત્યારે સંપ્રજ્ઞાત સમાધિ યોગ કેમ કહેવાય ? યોગનું જે લક્ષણ કર્યું તે * અવ્યાપ્તિ દોષવાળું કર્યું આમ ન સમજવું કારણ કે વૃત્તિનિરોધ એટલે કેવલ શૂન્યતા એમ અર્થ નથી, પણ (૧) ક્લેશ, (૨) કર્મ, (૩) વિપાક અને (૪) આશય એટલાંનો નાશ થાય એવો જે વૃત્તિનિરોધ તે યોગ એમ સમજવાનું છે. એમ અર્થ થયો ત્યારે યોગના લક્ષણમાં

* તર્કના દોષોમાંનો એક અધૂરું લક્ષણ. કોઇ વસ્તુનું લક્ષણ બાંધવામાં જેને તે લાગુ પડવું જોઇએ તે સર્વને લાગુ નહિ પડતાં તેના **અમુક અંશને** જ લાગુ પડતું હોય તે. દા. ત. કાળી હોય તે ગાય. આમાં ગાયને કાળી કહેવામાં અવ્યાપ્તિ દોષ લાગે છે કારણ કે ગાયની જાતોમાં ઘણા રંગની ગાયો હોય છે, ઉપરાંત કાળો રંગ એ એક જ લક્ષણ ગાયનું નથી; એટલે ગાયની જાતિને, એ વ્યાપક રીતે લાગુ પડતું નથી.

જે અવ્યાપ્તિ દોષ હતો તે દૂર થઇ ગયો ને સંપ્રજ્ઞાત સમાધિ પણ યોગમાં સમાઇ રહ્યો. ક્લેશ પાંચ પ્રકારના છે: (૧) અવિદ્યા, (૨) અસ્મિતા, (૩) રાગ, (૪) દ્વેષ, (૫) અભિનિવેશ.

અવિદ્યા =અનિત્ય તથા અશુચિ અને દુઃખરૂપ વસ્તુઓને નિત્ય શુચિ તથા સુખરૂપ માનવી તે અવિદ્યા.

અસ્મિતા =દ્રષ્ટા અથવા સાક્ષીરૂપ અકર્તા જે પુરુષ છે તેને જે જે દર્શન થાય તેને પોતારૂપ માનવું તે અસ્મિ; આ હું છું, એ મેં કર્યું, એમ અહંતા ધરવી તે અસ્મિતા.

રાગ =<br>
દ્વેષ = } પ્રસિદ્ધ છે જ.

અભિનિવેશ=સહજ એવી આસક્તિ થયા જાય છે કે ભોગ્ય એવા જે વિષય તેનો, તથા આ શરીરનો વિયોગ ન થશો, આનું નામ અભિનિવેશ.

આ પાંચ ક્લેશ.

કર્મ =શાસ્ત્રોક્ત જયોતિષ્ટોમાદિ સારાં કે નઠારાં બ્રહ્મહત્યાદિ છે તે.

વિપાક =એટલે તે કર્મનું ફલ.

આશય =કરેલા કર્મના સંસ્કાર જે ફલ આવતાં સુધી ચિત્તમાં રહે ( આ×શય=સુવે છે ) તે.

ક્લેશ, કર્મ, વિપાક અને આશયનો નાશ કરનાર ચિત્તવૃત્તિ-નિરોધ તે યોગ, તે જ સમાધિ અર્થાત્ દુઃખથી તથા કર્મ-વાસનાથી તથા વિષયાસક્તિથી છૂટા થઇ જવું તે. આ પ્રમાણે ક્લેશાદિનો નાશ કરનાર, ચિત્તવૃત્તિનિરોધ કરવા સારુ જે અંતરાય કહ્યા છે તે દૂર કરી, અભ્યાસ તથા વૈરાગ્ય સાધવાં. ચિત્તને જુદા

જુદાં પરિણામ પામતાં અટકાવી પોતાના સ્થાનમાં સ્થિર કરવાના હેતુથી વારંવાર પ્રયત્ન કરવો તે અભ્યાસ અને ઐહિક તથા આમુષ્મિક, એટલે સ્રક્ચંદન વનિતાદિ તેમ જ ઇંદ્રસ્વર્ગાદિ, જે જે વિષય છે તે સર્વને વશ હું નથી પણ તે બધા મારે વશ છે, કેમ કે તે અનિત્ય છે, દુ:ખરૂપ છે, ને હું નિત્ય તથા આનન્દરૂપ છું એવો જે નિશ્ચય તે વૈરાગ્ય. યોગરૂપ સમાધિ પ્રાપ્ત કરવા અભ્યાસાદિની અપેક્ષા કહી, તે યથાર્થ બની આવે તેને માટે ક્રિયાયોગ કહેલો છે. તપ, સ્વાધ્યાય, ઇશ્વરપ્રણિધાન એ ક્રિયાયોગનું લક્ષણ છે.

તપ =કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતાચરણથી શરીરને દમવું તે તપ. *

×સ્વાધ્યાય =પ્રણવ, ગાયત્રી ઇત્યાદિક મંત્રોનો યથાર્થ રીતે જપ કરવો તે સ્વાધ્યાય.

ઇશ્વરપ્રણિધાન=શારીરિક, માનસિક ઇત્યાદિ ક્રિયામાત્રનું ફલની અપેક્ષા તજી કેવળ ઇશ્વરાર્પણ તે ઇશ્વરપ્રણિધાન.

આ પ્રમાણે જ્યારે ક્રિયાયોગથી કરીને સર્વથા યોગ્યતા પ્રાપ્ત થાય ત્યારે અષ્ટાંગયોગ કરવાનો છે. તે આઠ અંગ : (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન, (૮) સમાધિ.

---

* યાજ્ઞવલ્ક્ય.

× મંત્ર બે પ્રકારના છે. વૈદિક અને તાંત્રિક. તે પ્રત્યેક પણ ત્રણ પ્રકારના છે. (૧) પુરુષ, (૨) સ્ત્રી, (૩) નપુંસક. નમોન્તમંત્ર નપુંસક, તથા સ્વાહાન્ત તે સ્ત્રી, તે વિનાના પુરુષ તે જ ફલદાતા. વળી મંત્રોની દસ પ્રકારે શુદ્ધિ કર્યા વિના પણ તે ફલ આપતા નથી. જીવન, તાડન, બોધન, અભિષેક, વિમલીકરણ, આપ્યાયન, જવન, તર્પણ, દીપન, ગુપ્તિ, આ બધો વિસ્તાર શારદાતિલક નામના ગ્રન્થમાં છે.

યમ = અહિંસા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ યમ.
નિયમ = શૌચ, સંતોષ, તપસ્, સ્વાધ્યાય, ઇશ્વરપ્રણિધાન એ નિયમ.

આ દશ વાત સિદ્ધ થાય ત્યારે આસનનો વિચાર કરવાનો છે.

આસન = નિરુપદ્રવવાળા શાન્ત અને પ્રસન્ન સ્થલમાં રહી આસન સાધવું, જેનાથી કરીને ચિતની સ્થિરતા સહજમાં બની રહે તે આસન. પદ્માસન, ભદ્રાસન, વીરાસન, સ્વસ્તિકાસન, દંડકાસન, સોપાશ્રય, પર્યંક, ક્રૌંચ, નિષદ્દન, સમસંસ્થાન, એ દશ પ્રાચીન ગ્રન્થોમાં આપેલાં છે. એનો જ વિસ્તાર કરીને આધુનિક ગ્રન્થોમાં ચોરાસી કે તેથી પણ અધિક બતાવ્યાં છે. બે પગને બે ઝાંઘો ઉપર આવે તેમ અનુક્રમે ગોઠવવા અને જમણે હાથે ડાબા પગનો ને ડાબે હાથે જમણા પગનો અંગુષ્ટ પીઠ તરફથી પકડવો તથા સીધું શરીર રાખી બેસવું એ પદ્માસન એમ યાજ્ઞવલ્કય કહે છે. એવા જ પ્રકારે બીજાં પણ બને છે.

યમ, નિયમ અને આસન એ ત્રણથી જ્યારે આચાર, વિચાર, ખાનપાન તથા સ્થિતિ બરાબર ઠેકાણે આવે, ત્યારે પ્રાણાયામ કરવા માંડવાનું છે. યમાદિ થયા છતાં પણ ચિત્તવૃત્તિનો નિરોધ ન થાય ત્યારે પ્રાણાયામની અપેક્ષા છે. ચિત્તવૃત્તિઓને વિષયોમાં પ્રવૃત્ત કરનાર પ્રાણ છે. પ્રાણનું શરીર બહાર જવું આવવું થાય તે પ્રમાણે ચિત્ત પણ જા આવ કરે છે, માટે પ્રાણને રૂંધ્યો હોય તો ચિત્ત પણ સ્થિર થાય એમ માને છે. × માણસના શરીરમાં જે શ્વાસોચ્છ્વાસ ઊઠે છે, ને જેનાથી જીવનક્રિયા બને છે તે વાયુનું નામ પ્રાણ છે; સ્થાનના ભેદે કરીને એને જુદાં જુદાં નામ આપેલાં છે. જેમ કે હૃદયમાંનો વાયુ તે પ્રાણ, ગુદામાંનો તે અપાન, નાભિમાંનો તે

* હઠયોગપ્રદીપિકા.

સમાન, કંઠમાંનો તે ઉદાન અને સર્વશરીરવ્યાપી તે વ્યાન. તે તે સ્થાનમાં રહી તે તે સ્થાનનાં કર્મ પણ તે તે વાયુ ચલાવે છે. હૃદયમાં જે રક્ત બને છે, ને જેની શુદ્ધિથી દેહ જીવતો રહે છે તથા માણસનાં વીર્ય, પરાક્રમ, બુદ્ધિ આદિ વૃદ્ધિ પામે છે, તેને સાચવવાનું કામ પ્રાણનું છે. એમ જ મલોત્સર્ગ, અન્નનું જીર્ણ થવું, વાણીનો તંત્ર બરાબર ચાલવો, શરીરની સ્ફૂર્તિ, ગતિ ઇત્યાદિ થવાં, એ બીજા ચાર વાયુનાં અનુક્રમે કર્મ છે. કર્મ માત્ર તરફ લક્ષ કરી નાગ, કૂર્મ, ધનંજયાદિ દશ ભેદ પણ શાસ્ત્રકારો માને છે. એ પ્રાણ મનુષ્યને જ છે એમ નથી, પણ પદાર્થમાત્રને છે, તેમ બધા વિશ્વને છે ને સર્વવ્યાપી છે. એનું મહાસ્થાન સૂર્ય છે, તેમાંથી પ્રાણનો પ્રવાહ બધે પ્રસરે છે ને ચંદ્રથી કરીને પોષાય છે. ચંદ્રની ગતિ પ્રમાણે માણસના દેહનો પ્રાણ પણ ગતિ કરે છે. રાતદિવસના ચોવીશ કલાકમાં માણસનો પ્રાણ બાર વાર બદલાય છે. જમણી નાસિકામાંથી પ્રાણનું વહેવું તેને સૂર્ય અથવા ઇડા કહે છે, ડાબીમાંથી વહેવું તેને ચંદ્ર અથવા પિંગલા કહે છે ને ઉભયમાંથી વહેવું તેને સુષુમ્ણા કહે છે. માણસનું, તેમ સર્વનું શરીર પંચતત્ત્વનું બનેલું છે. એ પાંચે તત્ત્વ–આકાશ, વાયુ, તેજસ્, જલ, પૃથ્વી શરીરમાં યથાક્રમે ચાલ્યાં કરે છે, ને અઢી અઢી ઘટિકાએ જે એક એક પ્રાણ આવે છે તેમાં વાયુ, તેજસ્, જલ, પૃથ્વી, આકાશ, ૨૦, ૩૦, ૪૦, ૫૦ તથા ૧૦ એટલી પલ સુધી અનુક્રમે ચાલે છે. ચંદ્રપ્રાણ, જલ, પૃથ્વી એ તત્ત્વ સાત્ત્વિક કર્મમાં સિદ્ધિદાતા છે; સૂર્યપ્રાણ, તેજસ્, તત્ત્વ એ રાજસી કર્મમાં સિદ્ધિદાતા છે. વાયુતત્ત્વ સાધારણ છે. પ્રાણને સ્વર પણ કહે છે. જેમ એક સારંગીના જુદા જુદા સ્વર થાય છે, તેમ પ્રાણની સ્થિતિઓ તથા તેમાં તત્ત્વની છાયા એ સર્વ શરીરરૂપ સારંગીના સ્વર જ છે; ને તેની સ્થિતિ સૂચવે છે. યોગ્ય સ્વર તથા તત્ત્વનો વિવેક કરી, યમાદિ સાધનસંપન્ન પુરુષ

પ્રાણાયમ આરંભવો. પ્રાણનું શરીરમાં પેસવું તે પૂરક, શરીરથી બહાર નીકળવું તે રેચક, ને તેને શરીરમાં યથાશકિત ઘૂંટવો તે કુંભક. પ્રાણને ખેંચી કુંભક કરી ને મૂકી દેવો તે પ્રાણાયામ. યમાદિ સાધન, સ્વરતત્ત્વાદિ વિવેક તથા *મૂલાદિ ત્રણ બંધ એટલાં નિશ્ચયપૂર્વક સાંગોપાંગ જાણ્યા વિના પૂરક રેચકાદિ કરનાર બહુ હાનિને પહોંચે છે. શ્વાસ, કાસ, કફ, હિક્કા, હૃદ્રોગ, ચિત્તભ્રમ, ગુલ્મ, ઇત્યાદિ અનેક વ્યાધિમાં ફસાઈ પડે છે. યથાર્થ રીતે થાય તો સર્વ વ્યાધિને જીતી, ચિત્તવૃત્તિ નિરોધ કરી, મોક્ષ સાધી શકે. અર્થાત્ અત્રે તે વિસ્તાર કરવાનું પ્રયોજન નથી. એકલા પ્રાણાયામને જ વળગી પડીને ઘણા એક મતમતાંતર તથા સંપ્રદાયવાળાએ અનેક યુક્તિપ્રયુક્તિ ઠરાવી છે, ને તે સાધવામાં જ જાણે મોક્ષ હોય એમ ઠગાય છે. કોઇ નાકમાંથી દોરો પરોવી ગળામાં કાઢે છે

*બંધ ત્રણ છે; મૂલબંધ, ઉડ્ડિયાનબંધ, જાલંધરબંધ. ગુદાના અપાનને રોકવો તે મૂલબંધ, નાભિમાં સમાનને રોકવો તે ઉડ્ડિયાન, ને કંઠે ઉદાનને રોકવો તે જાલંધર. એમ જ ખેચરી, શાંભવી, ચાચરી, વજ્રોલી, આદિ મુદ્રાઓ, એટલે કે અમુક અમુક શરીરાવયવને દૃઢ કરી પ્રાણ નિયમવાના માર્ગ છે. વળી જેના શરીરમાં મેદાદિ દોષ હોય, ને પ્રાણાયામમાં તેથી વિઘ્ન આવતું હોય, તેને માટે બસ્તિ, ધૌતિ, નેતિ, નૌલિ, કપાલભાતિ, ત્રાટક, ઇત્યાદિ છ ક્રિયાઓ માનેલી છે. પ્રાણાયામનો પ્રકાર કહ્યો છે તેમાં પણ રેચક, પૂરક કેવી રીતે કરવાં તેનો સૂક્ષ્મ વિવેક છે, તથા કુંભકના બહુ બહુ પ્રકાર, ઉજ્જાયી, શીતલી આદિ છે. એ જ પ્રમાણે ગુદા, ઉપસ્થ, નાભિ, હૃદય, કંઠ અને ભ્રકુટી તથા મસ્તક એ સ્થમાં સાત ચક્રનો સૂક્ષ્મવિવેક છે, ને તેમાં પ્રાણને બહુ બહુ રીતે ચલાવવાના પ્રકાર છે. છેવટ સુષુમ્ણા માર્ગ એટલે બરડાની કરોડનો સૂક્ષ્મ માર્ગ તથા તેના અને મસ્તકના સંધિ આગળ બ્રહ્મરંધ્ર, ઇત્યાદિ દ્વારા કુંડલી નામની શક્તિને જાગ્રત કરી સમાધિએ પહોંચાય છે. આટલી વાતો અત્રે સૂચવી જવાનું તાત્પર્ય એ છે કે આ બધો વિવેક જાણ્યા વિના એકદમ કૂદકો મારનારને હાનિ થાય છે. માટે સાવધાન રહેવું. ને વિચારી કામ કરવું. યથાર્થ રીતે વિવેક બને તો શરીરસુખ, મનઃસુખ તથા મોક્ષ મળે.

(નેતિ); કોઈ પચીસ પચાસ હાથનું કપડું ગળી જઇ પાછું કાઢે છે (ધાતિ); કોઇ એકાદ હાથ જ ઊંચો રાખી મૂકી તેને સૂકવી નાંખે છે; કોઈ સૂર્ય સામું જ જોઇ રહે છે; ઈત્યાદિ અનેક બાબતો લઇ બેસે છે ને તેટલામાં જ કૃથાર્થતા માને છે. કહેવાની મતલબ એમ નથી કે બધાં નકામાં છે કે કેવલ વ્યર્થ છે, પણ એમાં જ પુરુષાર્થ નથી. એટલે સુધી પણ કહીએ કે એકલા પૂરક રેચકાદિમાં પણ પુરુષાર્થ નથી. પતંજલિ પોતે યોગ શબ્દનો અર્થ સમજાવવા જે પ્રયત્ન કરે છે, તેમાંથી આપણે જોયું કે ચિત્તવૃત્તિના નિરોધરૂપ સમાધિ એ જ ખરો પુરુષાર્થ છે, ને તે માટે બધાં સાધન માત્ર છે. સાધનને જ કે તે સાધનના પણ એક દેશને પુરુષાર્થ માનવો એ ભૂલ છે. પ્રાણ સાધવો તે પણ ચિત્ત સ્થિર કરવાને, સમાધિ પામવાને જ. જો તે જ સમાધિ (ચિત્તનિરોધ) બીજી રીતે થઇ શકે તો પ્રાણને મથવાનું નકામું જ છે, પ્રાણ એની મેળે જ ગતિમાં આવી રહેશે. બધું ચિત્તના વશીકાર ઉપર આધાર રાખે છે. પતંજલિની પછીના આચાર્યોએ યોગના જે બે ભેદ માન્યા છે તે પણ આવો વિવેક સમજાવવાને જ. હઠયોગ અર્થાત્ હ એટલે સૂર્ય (પ્રાણ) અનેક ઠ એટલે ચંદ્ર (પ્રાણ) તેનો યોગ–પ્રાણાયામાદિ વિસ્તાર–તે; અને રાજયોગ–કેવલ ચિત્તનિરોધરૂપ વૃત્તિનિરોધ; તો હઠયોગ એ પુરુષાર્થ નથી, રાજયોગ એ જ પુરુષાર્થ છે, તો ચિત્તને ગમે તેમ ચલાવ્યા કરવું અને માત્ર વાયુનિરોધ કરવો, કે તે માટેના એકાદ નજીવા સાધનમાં ભરાઈ બેસવું એ કેવલ ભ્રમ છે.

અસ્તુ. પ્રાણાયામ સુધી જે સાધન કહ્યાં તે બહિરંગ એટલે બાહ્ય શરીરને નિયમવાથી મુખ્યત્વે સધાય તેવાં સાધન છે. હવે અંતરંગ સાધન એટલે શરીર સાથે ચિત્તને પણ નિયમવાનાં સાધન કહેવાનાં છે. વિષયમાત્રથી ઇંદ્રિયોને પાછી હઠાવી ચિત્તમાં જ સમાવી દેવી, તે પ્રતિકૂલ આહારણરૂપી પ્રત્યાહાર. રાગ ક્રોધ, દ્વેષ,

મોહ ઇત્યાદિ વૃત્તિમાત્ર ઉત્પન્ન થવાનું કારણ વિષયેન્દ્રિયસંયોગ છે, માટે ઇંદ્રિયોને વિષયમાં વળગવા ન દેવી એનું નામ જ પ્રત્યાહાર. એમ થયા પછી શરીરમાંનાં સાત ચક્રમાંથી એકાદ ચક્રમાં, કે કોઈ બાહ્ય પદાર્થ ઉપર પણ, અથવા કલ્પિત ભગવતસ્વરૂપમાં, ચિત્તને સ્થિર બાંધી દેવું તે ધારણા, પછી જેની ધારણા કરી હોય તેના જ સ્વરૂપનો પ્રવાહ માત્ર ચિત્તમાં વહે ને બીજો વિસદૃશ પ્રત્યય જ ન ઊઠે, અર્થાત્ ચિત્ત પોતે તન્મય, એકરસ થઇ ધારિત વ્યક્તિમય થઈ જાય, પોતે જ નિર્મૂલ થઇ જાય તે ધ્યાન. આ પ્રમાણે નિરંતર અભ્યાસક્રમે કરીને ક્લેશાદિ નાશ થતાં સમાધિ પ્રાપ્ત થાય છે. સમાધિ એટલે સારી રીતે સમાધાન. વૃત્તિનિરોધ; વસ્તુનું યથાર્થ સ્વરૂપ જણાયાથી પુરુષનું સ્વરૂપને ઓળખવું, કેવળ ચિન્મય સ્વભાવમાં સ્થિર થવું, મોક્ષ પામવો, મોહમય દુ:ખનો અભાવ થવો, આનંદનો ઉદય થવો. સમાધિના બે પ્રકાર છે: સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત. વૃત્તિઓનો નિરોધ તે સમાધિ. એ એક પ્રકારની ભાવના છે ને જે ભાવ્યવસ્તુ હોય તે રૂપ થવાનું નામ છે. ભાવ્યવસ્તુના બે પ્રકાર છે; ઇશ્વર અને પચીસ તત્ત્વ. તત્ત્વ પણ જડ અને ચેતન એટલે પ્રકૃતિ તથા તેના વિકાર તે જડ અને પુરુષ એ અજડ. જડમાં પૃથ્વ્યાદિ સ્થૂલતત્ત્વ અને તન્માત્રાંત:કરણાદિ સૂક્ષ્મતત્ત્વ. જ્યારે સ્થૂલ તત્ત્વોને લઇને ભાવના સ્થિર થવા માંડે ત્યારે સવિતર્ક સમાધિ. જ્યારે સૂક્ષ્મ તત્ત્વોને લઇ સ્થિરતા થાય ત્યારે વિચારસમાધિ. જ્યારે રજસ્તમોયુક્ત ચિત્તમાત્રની ભાવનાથી સ્થિરતા બને ત્યારે આનંદ સમાધિ અને જ્યારે રજસ્તમસનો પરાજ્યા થઇ કેવલ સત્ત્વરૂપે પુરુષદૃષ્ટિમાં સ્થિતિ થઈ જાય ત્યારે અસ્મિતા સમાધિ. આ ચારે પ્રકાર સંપ્રજ્ઞાત સમાધિના છે, જેમાં સં=એટલે સારી રીતે કરીને તત્ત્વવિવેકથી ચિત્ત પ્રજ્ઞાત થાય છે તે. છેવટની જે સત્ત્વવૃત્તિ કહી તે સુદ્ધાંનો નિરોધ થઈ જાય ને કેવલ

ચિન્મયતા પ્રાપ્ત થાય તે અસંપ્રજ્ઞાત સમાધિ. સંપ્રજ્ઞાત તથા અસંપ્રજ્ઞાતને સવિકલ્પ તથા નિર્વિકલ્પ સમાધિ પણ કહે છે. આ પ્રમાણે સમાધિનો અભ્યાસ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સમાધિનો અભ્યાસ કરનાર યોગી ચાર પ્રકારના છે: (૧) પ્રાથમકલ્પિક, (૨) મધુભૂમિક, (૩) પ્રજ્ઞાજ્યોતિષ અને (૪) અતિક્રાન્તભાવનીય. પ્રાથમકલ્પિક તે એ કે જે અભ્યાસ માત્રમાં પ્રવૃત્તિમાન થવાથી પોતે જ્ઞાનપ્રકાશ પામ્યો હોય. બીજી ભૂમિકાવાળો તે મધુભૂમિક અથવા ઋતંભરપ્રજ્ઞ કહેવાય છે. મહાવૈરાગ્યને લીધે રજસ્તમસનો નિર્મૂળ નાશ થઇ જવાથી અવર્ણ્ય સુખરૂપ જ્ઞાનમય વિશદતા આવે, એનું નામ મધુમતી અથવા ઋતંભરપ્રજ્ઞાસિદ્ધિ કહે છે. એ સિદ્ધિ બે પ્રકારે જણાય છે. મનોજવિત્વ એટલે શરીરને પણ મનના જેવી ગતિ કરવાનું સામર્થ્ય અને વિકરણાભાવ એટલે કોઇ પણ પ્રદેશનું જ્ઞાન થવામાં અંતરાયનો અભાવ. જેમ મધપુડો બધો જ ગળ્યો છે, તેમ તેનો કોઇ એક દેશ (ભાગ) પણ ગળ્યો છે. એમ સર્વત્ર તથા એક દેશમાં પણ જ્ઞાનમય જે સિદ્ધિ તે મધુમતી, એ જ ઋત એટલે સત્ય માત્ર જાણવાની શકિતરૂપ ઋતંભર પ્રજ્ઞા પણ કહેવાય છે. આ સિદ્ધિવાળા યોગીને બીજા પ્રકારનો જાણવો. જ્યારે પ્રધાન-જય એટલે પ્રધાન અથવા પ્રકૃતિના જે જે વિકારો છે તે સર્વ પોતાને વશ થઇ જાય એવી સિદ્ધિ મળે ત્યારે ત્રીજા પ્રકારનો યોગી થયો ગણાય. તેને ભૂતેન્દ્રિયજયી એમ કહે છે. એ જ વખતે જે સર્વ-વિવેકરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને વિશોકા અથવા જ્યોતિષ્મતી વૃત્તિ પણ કહે છે. જ્યારે આ બધી * સિદ્ધિ આદિથી પણ વિરાગ પામી વૃત્તિમાત્રનો નિરોધ કરી અસંપ્રજ્ઞાત સમાધિએ પહોંચાય ત્યારે

* આ જ સિદ્ધિઓને આઠ પ્રકારે પણ કહેવાય છે. અણિમા, મહિમા, લઘિમા, ગરિમા (એ ચાર મનોજવિત્વના ભેદ છે.) પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિત્વ (એ ત્રણ પ્રધાનજયના ભેદ છે.) ને ઇશિત્વ (એ ચતુર્થભૂમિકાવાળા યોગીના પરવૈરાગ્યનું રૂપ છે.)

અતિક્રાન્તભાવનીય ચતુર્થ ભૂમિક યોગી થવાય. આ વખતે ક્લેશાદિ બીજમાત્ર નિર્દગ્ધ થઈ જવાથી, કાર્યકારણરૂપ સુખદુ:ખાદિ શબલ વસ્તુમાત્રનો પ્રકૃતિમાં લય થઇ જાય અને ફરીથી તે પ્રકૃતિના બંધ-રૂપ સંસ્કાર ઉદય ને પામે તેવી રીતે પુરુષનું ચિચ્છક્તિ સ્વરૂપમાં અવસ્થાન થઇ રહે, તે જ મોક્ષ–કૈવલ્ય. ”

આ અવતરણમાં પતંજલિકૃત યોગદર્શનનો સંક્ષિપ્ત સાર આવી જાય છે. પહેલાં કહી ગયા તે પ્રમાણે (૧) આત્મા જેને યોગદર્શનમાં પુરુષ કહે છે તે, (૨) અંતઃકરણ અર્થાત્ ચિત્ત એટલે ધ્યાતા અને (૩) ધ્યેય એટલે અસંખ્ય વિષયોના આકારરૂપે ઊઠતી વૃત્તિઓ : આવા ત્રિપુટીમય માનવશરીરને દ્વૈતમય સંસારના ઊભા થતા ક્લેશના નિત્યના નિવારણ માટે ચિત્તનો નિરોધ કરવાનો કહ્યો છે તે યોગ અને પુરુષ એટલે આત્મા પોતાના કૈવલ્ય–ચૈતન્ય-સ્વરૂપનો અનુભવ કરે ત્યારે પુરુષ પ્રકૃતિના દ્વંદ્વથી મુક્તિ પામે એ ફલ એવો સિદ્ધાંત છે.

સામાન્ય રીતે માનવવર્ગના ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત એવા ત્રણ વિભાગ પાડયા છે. વિષયમાં વિશેષ રોકાયેલું વિક્ષિપ્ત ચિત્ત અવિદ્યા વગેરે ક્લેશોથી મુક્ત થવાની શુભેચ્છા કરે ત્યારે એવા ચિત્તવાળો યોગનો સાધક ગણાય છે. વિક્ષિપ્તમાંથી એકાગ્ર અને ત્યાર પછી નિરોધની ભૂમિકા સુધી પહોંચવામાં જે જે સાધનની આવશ્યકતા પડે, એનું વિસ્તૃત દર્શન ભ. પતંજલિનાં યોગસૂત્રોમાં છે. “ સિધ્ધાંતસાર ” પુસ્તકમાં સ્વ. મ. ન. દ્વિવેદીએ એનો સંક્ષિપ્ત સાર આપ્યો છે તે ઉપર ઉતાર્યો છે.

વિચારવાની વસ્તુ એ છે કે સાધક ધ્યાન કરવાની ઈચ્છા કરે તે પહેલાં એણે પોતાનો અધિકાર ઓળખવો–સમજવો જોઇએ. આપણે પહેલાં જોઇ ગયા તેમ ધ્યાતાની શુદ્ધિ સાથે જ ધ્યેયની

શુદ્ધિ થાય છે. અને એ વિશુદ્ધિ મેળવ્યા કે કેળવ્યા વગરનું કેવલ રજોતમોગુણી ચિત્ત કોઇ રીતે ધ્યાન કે ઉપાસનાનું અધિકારી બની શકતું નથી.

વિક્ષેપનું કારણ સંસાર છે એવું પ્રથમ દૃષ્ટિએ આપણને લાગે છે, પરંતુ વિવેકદીપકનો ઉપયોગ કરીને આત્મનિરીક્ષણ કરીએ તો સમજાશે કે એ વિક્ષેપની અસર આપણા ચિત્ત ઉપર એટલા માટે થાય છે કે આપણા આચારવિચાર, ખાનપાન કે દેહચર્યા શુદ્ધ અને વ્યવસ્થિત ન હોવાથી, એવા ચંચલ અને અશુદ્ધ ચિત્ત ઉપર એની સત્વર અસર થાય છે. તાત્પર્ય કે સંસારમાં જીવન ગાળતાં આપણને ક્લેશાદિ દુ:ખનો અનુભવ થાય ત્યારે એમાં બીજાને નિમિત્ત માનીને અંતરમાં દ્વેષ ઊભો કરીએ છીએ, આ મોટી ભૂલ છે. તત્ત્વના જિજ્ઞાસુ કે યોગના સાધકનો પ્રથમ ધર્મ એ છે કે એણે પોતાના સમસ્ત જીવનમાં આવી મળતી અનુકૂળતા કે સુખ-સગવડ માટે અન્યનો કે પરમાત્માનો ઉપકાર માનીને અહંકાર ગાળી નાંખવાનો છે; અને પ્રતિકૂળતા કે દુ:ખ આવતાં પોતાના દોષ તથા અજ્ઞાનને જોઈ તપાસી, બધાં વિઘ્નો દ્વંદ્વની સામે લડવામાં વીરતા અપાવનારાં છે, એમ સમજીને અન્યને દોષ ન દેતાં પોતાના દોષ-નિવારણ માટે જ પ્રયત્ન કરવાનો છે.

ઉપરાંત એક જ પ્રસંગમાં એક સુખ જુએ છે ત્યાં બીજાને દુ:ખ લાગે છે. એકને મોહ થાય છે ત્યાં બીજાને દ્વેષ થાય છે. એક જ પ્રસંગમાંથી પ્રત્યેક જીવાત્મા પોતાના પૂર્વસંસ્કાર પ્રમાણે ચિત્ત ઉપર અસર મેળવે છે, અને પ્રસંગ એક જ હોવા છતાં એ ભિન્ન ભિન્ન રૂપે સુખકારક કે દુ:ખદાયક માનીને પોતાના રાગદ્વેષને વધારતો જાય છે.

આવું જીવન સાધક માટે હાનિકારક છે. સાધકની આવી

દશા બહિર્મુખી કહેવાય છે; જ્યારે શાસ્ત્ર કે સંતો કહે છે કે જ્યાં સુધી સાધક અન્તર્મુખી ન થાય, પોતાના ચિત્તના દોષને વીણી—ઓળખી-કાઢીને ઇશ્વરાભિમુખ ન થાય, ત્યાં સુધી એને અધ્યાત્મ-વિદ્યાનો અભ્યાસી કહી શકાય જ નહીં. અધ્યાત્મશાસ્ત્રોએ એટલા જ માટે " જેવી જેની દૃષ્ટિ તેવી તેની માનસિક સૃષ્ટિ "નો સિદ્ધાંત બાંધી રાખ્યો છે.

એક જ પ્રસંગની ભિન્નભિન્ન મનુષ્યો ઉપર જુદી જુદી અસર થવાનું કારણ પણ ચિત્તભૂમિકાના અધિકાર ભેદ છે. આપણે એક દૃષ્ટાંત લઇએ.

ભગવાન્ કૃષ્ણચંદ્રનું એક સુંદર મંદિર છે; મંદિરમાં ભક્તિ-મય પૂજારી છે; સ્થાનાપન્ન સંત ભગવદ્‌ભાવથી આર્દ્ર રહીને દર્શનાતુર નરનારીઓ, ભક્તો, અને અન્ય સંતસાધુઓ જેવા અતિથિઓનો પ્રેમથી સેવાસત્કાર કરે છે; એ જ મંદિરમાં બીજાં પણ અસંખ્ય લોકોની અવરજવર છે એમાંના ભિન્નભિન્ન સંસ્કા-વાળાં દર્શનાર્થીનો વિચાર કરીએ.

(૧) પૂજારી- એ મૂર્તિને પરબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્રને સાક્ષાત્ સમજીને દિવસરાત્રિના આઠે પ્રહરની યથાયોગ્ય સેવા કરે છે. મૂર્તિને વસ્ત્રાલંકારથી વિભૂષિત કરે છે; પોતાના અવતારજીવન સમયે જે રીતે ભગવાનનો વિહાર હતો, તેવી જ રીતે હૃદયમાં ભાવ ભરીને એમની દિનચર્યા પ્રમાણે સ્નાન, વસ્ત્રપરિધાન, અલંકારધારણ, ચંદન, પુષ્પ, આરતી, ભોગરાગ, નૈવેદ્ય, પ્રસાદ, શયન વગેરેની સમસ્ત ચર્યા સંપૂર્ણ સત્યબુદ્ધિથી કરે છે અને પોતાના ચિત્તમાં એ વિગ્રહને સાક્ષાત્ ભગવાન્ માની—સમજી—અનુભવીને ભગવદ્-ભાવનો અલૌકિક આનંદ માણે છે.

(૨) સ્થાનાપન્ન સંત આવા પરમ ધામમાં રહીને ભગવાનની, તેમ જ ભક્તોની સેવાનો પોતાને અલૌકિક અને અનન્ય લાભ મળ્યો છે, એથી કૃતકૃત્ય અને ધન્યધન્ય માનીને પોતાના સમસ્ત અહંકારને ભગવાનને ધ્યેય બનાવીને એમાં ગાળી નાંખે છે, ભગવદ્-ભાવમાં તરબોળ રહીને અહોનિશ આગંતુક તથા સ્થાનધારી વર્ગની સેવામાં તત્પર રહે છે, અને ઇશ્વરપ્રણિધાનનો આનંદ માણે છે.

(૩) સ્થાનનો નોકરવર્ગ, ભંડારી, કોઠારી, રસોઇઓ બધા ભક્તિભાવથી કામ કર્યે જાય છે, અને ભગવદ્સેવાની જ દૃષ્ટિ હોવાથી ભગવાન્‌ને જ ધ્યેય માનીને એમનાં દર્શનસેવાથી અંતરમાં દિવ્ય ભાવ ભર્યા કરે છે.

(૪) દર્શન કરનાર વર્ગ દર્શનથી તૃપ્ત થાય છે, આશ્રમમાં ભગવદ્સેવા, ભગવદ્ભજન વગેરે થાય છે; અન્નવસ્ત્રની આવશ્યકતા પડે છે એમાં પોતાનાં તન–મન ધનથી ભાગ લઈને ભગવદ્શરણમાં પોતે પણ સમર્પિત છે, એ સદ્ભાવથી હૃદયશુદ્ધિ પામે છે.

(૫) ત્યાં કોઇ કલાકાર–શિલ્પી કે ચિત્રકાર–આવે છે; એ આસ્તિક છે; એ પોતાની કલાદૃષ્ટિથી મૂર્તિના ઘાટ, રંગરૂપ, અલંકાર, વસ્ત્રપરિધાન વગેરે શોભામાં પોતાની વિદ્યાકલાની દૃષ્ટિથી સંતોષ પામી ભગવદ્સ્વરૂપના સચ્ચિદાનન્દની લ્હાણ પામે છે.

આવાં આવાં ભાવભર્યાં દર્શનો કરનારનો એક વર્ગ આપણે માની લીધો. હવે બીજી બાજુ જોઇએ. એ જ સ્થાન છે; બાહ્ય-વ્યવહાર જેવો ને તેવો જ છે; એમાં સ્થાનાપન્ન સન્ત, પૂજારી, સેવક-વર્ગ, કર્મચારીવર્ગ, દર્શનાર્થી ભક્તગણ એ બધાંનાં અંતરમાં, ચિત્તવૃત્તિઓમાં જો વિપરીત ભાવ હોય તો બાહ્ય–સ્થૂલ નામરૂપ

જેવાં ને તેવાં હોવા છતાં એમના આન્તરિક ભાવમાં વિપરીતતા આવે છે.

(૧) પૂજારી પોતાના અંગત સ્વાર્થની ખાતર પૂજા કરતો હોય તો વાર્ષિક ભેટ ઉપર જ દષ્ટિ હોય છે. ભકતોને રાજી રાખવા ભોગશૃંગારમાં કાળજી રાખે છે, પણ અંતરમાં દર્શકોની પ્રસન્નતા-માંથી આર્થિક લાભ મેળવવાની વાસના રાખે છે. એના મનમાં ભગવદ્‌વિગ્રહ ભગવાન્ નથી, પણ આર્થિક દષ્ટિની લોભવૃત્તિ જે એનામાં પ્રધાનપણે ભરી હોય છે, એનો વ્યવસાય માત્ર છે.

(૨) સ્થાનપન્ન સન્ત પણ જો વ્યવસાયને માટે જ સ્થાન ચલાવતો હોય તો એનો બાહ્ય વ્યવહાર જેવો ને તેવો જ મધુરભાષી અને લોકરંજની હોવા છતાં અન્તરમાં વાર્ષિક આવક ઉપર, પોતાના મિથ્યાભિમાનને પોષવા ઉપર, પોતાને સન્ત તરીકે ઓળ-ખાવવા ઉપર જ આધાર રાખે છે. બાહ્યદષ્ટિથી તો ભગવાન, મંદિર અને સ્થાનનો વ્યવહાર જેવો ને તેવો જ હોય છે. એવું જ બીજા નોકર કે સેવકવર્ગનું સમજવાનું છે.

(૩) ભક્તવર્ગ પણ જો સકામી અને અવિદ્યાગ્રસ્ત હોય તો પૂજામાં વિશેષ આડંબર હોય છે; અનુષ્ઠાનો, કીર્તનો, ભજનોની રમઝટ જામે છે, અને ભગવાન પાસે ભિખારીની પેઠે ધનવૈભવ, સંસારભોગ તથા બીજી સાંસારિક કામનાઓની અંતરમાં અસંખ્ય ભરમાર કર્યા કરે છે.

હજુ વધારે આગળ આપણે વિચારી જોઇએ.

(૧) ત્યાં કોઈ વિધર્મી, મૂર્તિભંજક આવી ચડે, એને એ મૂર્તિમાં જડ પથ્થર જ દેખાય છે; ભગવાનના શૃંગારભૂષણમાં વ્યર્થ અર્થહાનિ સમજાય છે, અને એ નિન્દાની દષ્ટિથી સ્થાનના બધા

વ્યવહારને જુએ છે. મૂર્તિભંજક મૂર્તિને તોડી પાડી, સ્થાનની સમસ્ત વસ્તુઓને સાંસારિક સ્વાર્થમાં વાપરવાની ઈચ્છા રાખે છે.

(૨) કોઇ સોની કે દરજી આવે એનામાં આસ્તિકતા ન હોય તો કેવળ વસ્ત્રાભૂષણ કે અલંકારની કલા તથા કિંમતનો જ વિચાર કર્યા કરે છે. એમની પાસેથી કાંઇ કામ કરાવવું હોય તો પોતાની કામગીરી માટે નાણાંની અઘટિત માગણી પણ કરે છે.

(૩) કોઇ ચોર આવે તો કઇ રીતે એ આભૂષણ કે અલંકારને ચોરી જવાય એવી વેતરણમાં જ રહે છે. એના મનમાં તો વસ્ત્ર અને સોનાચાંદીની જ કિંમત છે, ભગવાનની નહીં.

(૪) આશ્રમમાં રહેતાં ચકલાંચકલી, કબૂતર તો ભગવાનની પાસે પડેલા ચોખાના કણનાં જ ભૂખ્યાં હોય છે. કૂતરાંબિલાડાં ભગવાનને ધરાવવાના થાળનો લાગ મળે તો ઉદરપૂર્તિ માટે જ ઉપયોગ કરવાના વેંતમાં હોય છે.

આવી રીતે પ્રત્યેક સ્થૂલ–બાહ્ય પ્રસંગ આન્તરિક ચિત્તવૃત્તિ ( સ્વભાવ )ના ભેદને લીધે મનમાં ભિન્ન ભિન્ન ભાવ ઊભા કરે છે. જેમ એક જ યુવાન સ્ત્રીમાં માતાપિતાને પુત્રીની, ભાઇને બહેનની, મામાને ભાણેજની, કાકા-ફોઈને ભત્રીજીની, સાહેલીને બહેન-પણીની અને જેઠાણીને દેરાણીની, નણંદ–દિયરને ભાભીની; પુત્ર-વધૂ કે જમાઇને સાસુની, કામીને ભોગપાત્રની, હિંસકપશુને શિકારની–એવી ભિન્ન ભિન્ન દૃષ્ટિ હોય છે પરન્તુ એ સ્ત્રી પોતે જો બધા સંબંધોનો વિચાર મનમાંથી કાઢી નાંખે, ઉપાધિઓનો ભાવ ન રાખે, તો પોતે કેવળ એક સ્ત્રીદેહ જ છે; આવી રીતે એક જ વ્યક્તિમાં ભાવભેદને લીધે ઉપાધિભેદ ઊભા થાય છે; એક બીજી વાત પણ એ છે કે ઉપાધિ બદલાતાં ભાવ પણ બદલાઇ જાય છે,

અને ભાવ બદલાતાં ઉપાધિ પણ જુદું નામ ધારણ કરે છે. તાત્પર્ય કે વ્યવહારમાં જે જે નામરૂપ સાથે સંબંધ બંધાય છે, એમાં બાહ્યક્રિયાના કરતાં ભાવ જ મુખ્ય ભાગ ભજવે છે. માનવસ્વભાવમાં જેવી ભાવના તેવી સિદ્ધિ એ પુરાપ્રાચીન સત્યની ઘોષણા છે. યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી—જેવી જેની ભાવના તેવી તેની કાર્યસિદ્ધિ—એ બહુમાન્ય વક્તવ્ય છે.

ઉપરના અવતરણમાં કહ્યું છે કે : " વૃત્તિઓનો નિરોધ તે સમાધિ: એ એક પ્રકારની ભાવના છે. " યોગમાં વૃત્તિઓનો નિરોધ મુખ્ય સાધન છે, ત્યારે ઇંદ્રિયનિરોધ ગૌણ છે; ઇંદ્રિયનિરોધ હોવા છતાં વૃત્તિઓની વિક્ષિપ્ત અવસ્થા ચાલુ રહી શકે છે; મનુષ્ય સ્થિર ઇંદ્રિયથી બેઠો હોય, ગોલકો બંધ હોય છતાં અન્તરમાં વૃત્તિઓ કૂદાકૂદ કરી રહી હોય છે : પણ જો વૃત્તિઓનો નિરોધ હોય તો ઇંદ્રિયો આપોઆપ નિર્મૂળ-ઉખાડી નાંખેલા છોડની પેઠે શાન્ત, સ્થિર પડી રહે છે. એટલા માટે વૃત્તિઓ ( ભાવનાઓ )ની શુદ્ધિ અને સ્થિરતા જ યોગનું પ્રથમ ધ્યેય અને સાધન છે.

ભાવનાની શુદ્ધિ અટલે જ વૃત્તિઓની શુદ્ધિ. પ્રાણાયામની પહેલાં યમ, નિયમ અને આસન, એ ત્રણ બહિરંગ સાધન છે, અને એનાથી આચાર ( જીવનવ્યવહાર ), વિચાર ( ભાવના, વૃત્તિ ) અને સ્વાસ્થ્ય ( નીરોગિતા ) પ્રાપ્ત થાય છે; એનાથી ચિત્ત અને શરીરનું શોધન થાય છે; આવશ્યકતા હોય તો નેતિ, ધૌતિ વગેરે છ ક્રિયાઓથી સ્થૂલ શરીરની વાત, પિત્ત અને કફની સમવિષમતા દૂર કરી શકાય છે, જેથી શરીર નીરોગી, ચિત્ત શુદ્ધ અને વ્યવહાર સુખમય થાય છે. એ બહિરંગ સાધનને જીવનમાં ઉતાર્યા સિવાય જેઓ પ્રત્યાહારથી શરૂ કરી સમાધિનાં અન્તરંગ સાધનોમાં, મંત્રયંત્રનાં અનુષ્ઠાન દ્વારા દેવદેવતાની ઉપાસના, સ્વરૂપ, ધ્યાનમાં,

તેમ જ એવી બીજી વિવિધ મનોમય સકામ સાધનામાં લાગી જાય છે એમનામાં શારીરિક વ્યાધિ, ચિત્તમાં વિક્ષેપ, બાહ્ય ત્યાગમાં મિથ્યાભિમાન વગેરે દોષ એવી અજ્ઞાત રીતે પેસી જાય છે કે જેથી બધા ક્લેશનું મૂળ જે અવિદ્યા છે, એ હજારગણી વધતી જાય છે.

આ બહિરંગ સાધનથી જીવન ઘડાવું જોઇએ. કારણ કે એ પ્રાથમિક હોવા છતાં મુખ્ય સાધન છે. એને માટે કોઇ યથાશાસ્ત્ર, વિનમ્ર, નિરભિમાન પરંપરાગત જ્ઞાનપ્રાપ્ત, શાસ્ત્રના વિવેકી વિચારક, જ્ઞાનયોગનિષ્ણાત સન્તનું શરણ મેળવવું જોઇએ. આ વિષય પુસ્તકપઠનનો નથી, શાસ્ત્રચર્ચાનો નથી, પાંડિત્યભર્યા તર્કવાદનો નથી, શંકાકુશંકાના ખેલનો નથી; પણ ભાવનાને શુધ્ધ કરીને પરમશાન્તિ તથા નિત્યસુખના સાધનમાર્ગનો હોવાથી કેવળ શ્રધ્ધા, ભક્તિ, સંયમ તથા સદાચારનો છે.

મનુષ્યની સમક્ષ બે ભાવ્ય વસ્તુ છે; એક બાજુ એક, અદ્વિતીય સચ્ચિદાનન્દઘન ઇશ્વર અને બીજી બાજુ જુદાં જુદાં પચ્ચીસ તત્ત્વવાળી પ્રકૃતિનાં અનન્ત બ્રહ્માંડરૂપે વિસ્તાર પામેલાં લોકલોકાન્તર છે. પ્રકૃતિના અસંખ્ય નામરૂપવાળા વિષયસમૂહની ભાવના રાખવાથી તો, ઇશ્વરને ન જાણવા, ઓળખવા અનુભવવાનું અજ્ઞાન એટલે અવિદ્યા છે, એ વધે છે, કારણ કે એ અવિદ્યામાંથી અસ્મિતા ( હું-પણું ), મનગમતાં પ્રાણીપદાર્થ માટેની મોહમમતા એટલે રાગ; અણગમતાં પ્રતિનો દુર્ભાવ એટલે દ્રેષ અને એ રાગદ્રેષ ભર્યો વ્યવહાર કરવાનો સ્વભાવ એટલે અભિનિવેશ છે. બીજા ચારે ક્લેશોની ઉત્પતિ અવિદ્યામાંથી છે; ઇશ્વરના સ્વરૂપની અવિદ્યા ઇશ્વરની વિદ્યાથી-ઈશ્વરને પ્રાપ્ત કરવાથી જ જાય; અને ક્લેશોનો સમૂળો નાશ કરવો હોય તો ક્લેશના બીજરૂપ અવિદ્યાનો નાશ થવો જોઈએ. અવિદ્યાનો નાશ કરવો એટલે ચિત્તવૃત્તિઓને સુધારવી,

સંયમમાં લાવીને રૂંધવી, તથા શાન્ત કરવી જેથી આત્મા પોતાના મૂળ સ્વરૂપમાં આનન્દસ્વરૂપે રહે. એ હેતુથી જ વૃત્તિ ( ભાવ )ની શુધ્ધિ કરવા રૂપ યમ, નિયમ વગેરેનાં સાધનથી સાધકે શરૂઆત કરવી જોઇએ; નિત્ય પરમાત્મા અને અનિત્ય પ્રકૃતિનો વિવેક શીખવો જોઈએ; નિત્ય વસ્તુ માટે ભાવ રાખવો, એ માટે પ્રયત્નો કરવા, સાધન પ્રમાણે સાધના કરવી એ છે અભ્યાસ; અને અનિત્ય પદાર્થોમાંથી ચિત્તને ખેંચી-ઉખેડી લેવું એ છે વૈરાગ્ય. આવી રીતે અભ્યાસ અને વૈરાગ્ય, એ બે સાધન માટે યોગમાર્ગમાં ખૂબ જ જોર આપેલું છે. યોગદર્શનના પ્રથમપાદના સૂત્રમાં કહ્યું છે કે –अभ्यासवैराग्याभ्यांतन्निरोधः। અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. ભ. ગી. ના છઠ્ઠા અધ્યાયના પાંત્રીસમા શ્લોકમાં પણ ચંચલ મનનો નિગ્રહ-નિરોધ કરવા માટે પણ એ જ પ્રમાણે કહેલું છે.

अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥

અર્થ=અભ્યાસ અને વૈરાગ્યથી એ મનને પકડી શકાય છે

આ અભ્યાસ અને વૈરાગ્યનું વિવેચન ભ. ગી. માં, યોગદર્શનમાં વિસ્તારથી કરેલું છે. ધ્યાનની ઇચ્છા કરનારાં યમ, નિયમના પાલન વિના જ આ દેવ કે પેલા દેવતા, આ મંત્ર કે પેલું યંત્ર, આ મહાત્મા કે પેલા સન્ત-આવી આવી સમજયા વિનાની દોડધામમાં પડીને મિથ્યાજાળમાં બંધાતાં જાય છે, એને લીધે અવિદ્યાનો નાશ કરવાનું તો દૂર રહ્યું પણ ઊલટું એ હજારગણી વધતી જાય છે, અને ભવોભવના કલેશભંડારમાં ઉમેરો થતો જાય છે. બાહ્ય જીવનમાં પ્રેમાળ સગાંસંબંધી, સ્નેહી, મિત્રવર્ગ, મકાનમિલકત, ધનવૈભવ તથા અન્ય સુખસામગ્રી ખડકી રાખેલાં હોય, પણ જો

અંતરમાં એ બધાંથી અસંખ્ય ગણો ક્લેશ, કંકાસ, ખેદ, અનિદ્રા, સંતાપ, અને એવા જ ઉદ્વેગભર્યા ભાવો ભર્યા હોય તો એનાથી તો અંતર ચિંતાના દાવાનળથી બળીને ભસ્મ થયા કરે છે.

આટલું વિચાર્યા પછી એમ લાગે છે કે યોગમાં પ્રથમ સાધન છે ચિત્તશોધન; ચિત્તશોધનનું સાધન છે વૃત્તિ ( ભાવ )ની પવિત્રતા; પવિત્રતા માટે નિઃસ્વાર્થ વ્યવહાર અને નિષ્કામ ઇશ્વરભક્તિ; એ નિષ્કામતા માટે નિષ્કામ જ્ઞાની સંતોનો સત્સંગ; સત્સંગ માટે કોઇની પાસે જતાં પહેલાં યમનિયમ વડે જીવનને પવિત્ર બનાવીને સન્તો, જ્ઞાનીઓ કે ગુરુવર્ગ પાસે જવા, બેસવા કે ઉપદેશ ગ્રહણ કરવા માટે અધિકારી બનવાની આશ્યકતા છે. પરમાત્મા પરમ પવિત્ર, સંસાર તથા ક્લેશકર્મથી મુક્ત અને સચ્ચિદાનન્દસ્વરૂપ છે. આપણા ચિત્તને સચ્ચિદાનન્દની આવશ્યકતા હોય, એની જ શુભેચ્છા હોય, તો આપણે આન્તરબાહ્ય પવિત્ર થવું જોઇએ. એ પરમ પવિત્ર પાસે મલિનભાવથી જવાય જ નહિ. મલિનતા છોડાય એટલે પવિત્રતા આવે. પવિત્ર ભાવ થાય એટલે મલિનતા જાય: આ બધું યમ, નિયમના પાલનથી અને શાસ્ત્રીય મર્યાદાવાળા જીવનવ્યવહારથી સિદ્ધ થાય છે; એને માટે જોઇએ માત્ર તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાનની વિવિધ સાધનાનો સુમેળ.

અત્યારે ઉપલબ્ધ થતા વેદોક્ત છ દર્શનમાંના યોગદર્શન તરીકે પ્રસિદ્ધિ પામેલા ભ. પતંજલિકૃત સૂત્રરૂપ ગ્રન્થનો ટૂંકો સાર, ગુજરાતના સુપ્રસિદ્ધ વિચારશીલ વિદ્વાન સદ્દગત શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીકૃત " સિદ્ધાન્તસાર " પુસ્તકમાંથી આપણે જોયો. યોગ એટલે ચિત્તની સમસ્ત વૃત્તિઓનો નિરોધ એવી એની વ્યાખ્યા છે. ચિત્તનો વૃત્તિઓરૂપી બહિર્મુખી પ્રવાહ, ઇંદ્રિયો દ્વારા સૂક્ષ્મ-સ્થૂળ શરીરની સ્વપ્ન ( ધ્યાન ) તથા જાગ્રત અવસ્થામાં નિરંતર

ચંચલ રહે છે. પૂર્વસંસ્કાર પ્રમાણે ક્રિયાશીલ બનીને તથા કર્મ અને કર્મફલના વાસનાચક્ર પ્રમાણે મનોમય ભૂમિકામાં નવીન સંસ્કારનો વધારો કરતો જાય છે. એ વૃત્તિઓનો નિરોધ કરીએ, એને ત્યાં જ ખાળી રાખીએ, એટલે એ પ્રવાહ અન્તર્મુખ બનીને ચિત્તના અધિષ્ઠાન એવા કૈવલ્યસ્વરૂપ આત્મામાં જ શમાઇ જાય છે. એનું ત્યાં જ શમાઇ જવું, એ છે યોગસાધનની સર્વોપરિ સાધનસિદ્ધિ. એનું નામ છે કોઇ પણ જાતના સંકલ્પવિકલ્પ વગરની કૈવલ્યસ્વરૂપ સ્થિતિ અને એ જ છે નિર્વિકલ્પ સમાધિ.

ભ. પતંજલિ યોગદર્શનના ચાર વિભાગ પાડે છે અને દરેક વિભાગને પાદ કહે છે. પહેલા પાદમાં * "યોગ શબ્દનો અર્થ સમજાવી સમાધિ પર્યન્ત વિચાર; દ્વિતીયમાં ચિત્તવૃત્તિને સ્થિર કરવા માટે ક્રિયાયોગાદિ બહિરંગ સાધન; તૃતીયમાં સંયમ–ધારણા, ધ્યાન, સમાધિ–એ અંતરંગ સાધન; ને ચતુર્થમાં સિદ્ધિ આદિ સહિત પરમ મોક્ષનો નિષ્કર્ષ; એમ વ્યવસ્થા છે."

પહેલા પાદમાં ધ્યાતાચિત્તને કોઇ પણ સાત્ત્વિક ધ્યેયમાં પરોવીને–રૂંધીને સમાધિ પ્રાપ્ત કરવાનાં અંતરંગ સાધન બતાવ્યાં છે. ઉપરાંત પ્રાણનો નિરોધ કરીને ચિત્તનો નિરોધ કરવાની પણ ક્રિયા બતાવી છે. એમાંનાં અભ્યાસ અને વૈરાગ્ય નામનાં સાધનનો વિશેષ વિસ્તાર જોઇએ.

અભ્યાસ અને વૈરાગ્ય વડે એ ચિત્તનો નિરોધ થઇ શકે છે એમ આ સૂત્રમાં કહ્યું છે; અને પછી અભ્યાસ તથા વૈરાગ્યની વ્યાખ્યા તથા સવિસ્તર વર્ણન કરીને એના દ્વારા સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ સુધી પહોંચી શકાય છે એમ સમજાવ્યું છે.

---

* સિદ્ધાન્તસાર

આ વિષે આપણે પહેલાં થોડો વિચાર તો કરી લીધો છે. એક જ ધ્યેયને પકડીને એમાં જ વારંવાર ચિત્તને એકાગ્ર થયેલી વૃત્તિ વડે રોકી રાખવું, એમાંથી એ ચલાયમાન ન થાય એની સાવધાનતા રાખવી એ છે અભ્યાસ, અને એ અભ્યાસમાં સહાયક તથા પોષક નીવડે એટલા માટે ઈષ્ટધ્યેય વિના બીજી બધી જાતની વૃત્તિઓને, વિષયોમાં દોષ જોઈને, ખેંચી લેવાનો યત્ન કરવો એ છે વૈરાગ્ય. અભ્યાસ વિના વૈરાગ્ય આવે નહીં અને વૈરાગ્ય વિના અભ્યાસ થાય નહીં, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. આપણે અભ્યાસનો વિચાર કરીએ.

ચિત્તરૂપી નદીના બે જાતના પ્રવાહ છે: એક કલ્યાણમાર્ગે વળીને ઠેઠ આત્મસાક્ષાત્કાર પર્યન્ત સરળતા, સુખ અને શાંતિ સાથે પહોંચાડનારો પુણ્યનો પ્રવાહ અને બીજો નીચે અને નીચે લઇ જઇને કેવળ દુઃખ, દુર્બળતા તથા દોષથી ભરેલો એવો નરક-સ્થાને પહોંચાડનારો પાપનો પ્રવાહ. પુણ્યમાર્ગનો પ્રવાહ એટલે પવિત્ર, ભગવદ્‌ભાવવાળા સાત્ત્વિક પ્રસન્નતા ઉપજાવે એવાં દેવ-દેવતા તથા સન્તસાધુ કે દિવ્યભાવ ભરેલી વ્યકિતઓ પ્રતિની અનન્ય તેમ જ એવા જ દિવ્ય પ્રેરણા આપનારા વિષયોમાં ચિત્તની વૃત્તિ ચોંટીને ધ્યેયાકાર બની રહે એ. એ છે અભ્યાસ. પરન્તુ એ ધ્યેયમાં ચિત્ત ત્યારે જ સ્થિર થાય જયારે એમના ઉપર પોતાના પ્રાણ કરતાં પણ અધિક પ્રેમ ઉત્પન્ન થાય. સાંસારિક પદાર્થોમાં જે પ્રેમ છે તે રાગ કહેવાય છે; અને ઘૃણા કે તિરસ્કાર હોય તે દ્રેષ કહેવાય છે. પરમાત્મવિષયક પ્રાણીપદાર્થમાં જે રાગ હોય તે પ્રેમ કે ભકિત કહેવાય છે, અને તેથી વિરુદ્ધ પ્રાણી-પદાર્થ પ્રતિ જે દ્રેષ હોય તે વૈરાગ્ય કહેવાય છે. ઇશ્વર નિમિત્તે બદલી નાંખેલી વૃત્તિઓના રાગદ્રેષને જ આવી રીતે ભકિત તથા

વૈરાગ્યનું પવિત્ર નામ અપાય છે ખરું, પણ એમાં તિરસ્કાર, હિંસાભાવ, તામસિક મનોભાવ, વિલાસ ઘૃણા, મદમત્સર, મોહ કે અહંકાર એવા રાજસિક મનોભાવની ગંધ હોતી નથી. એમાં તો કેવળ સત્ત્વગુણની જ પ્રધાનતા હોય છે. પરમાત્મા પ્રતિ અપ્રતિમ ભકિતમાં પોતાનાં તન-મન-ધનનું સમર્પણ હોય છે; વિલાસની વૃત્તિ જ નથી; "મેં કર્યું" એવી ભાવના નિર્મૂળ કરવાનો હેતુ હોય છે. ઉપરાંત સાત્ત્વિક ભકિતનો નિર્દોષ આનંદ માણવામાં જ ચિત્ત નિમગ્ન રહે છે; તેથી સમસ્ત પ્રાણીપદાર્થો પ્રતિ કરુણા તથા ઉપેક્ષાનો ભાવ હોવાથી વૈરાગ્યનો સહજ ભાવે ઉદય થાય છે.

તાત્પર્ય એ કે રાજસિક, તામસિક વૃત્તિ–વિષય વિનાની સાત્ત્વિક વૃત્તિ રાખીને સાધનમાં તીવ્ર તત્પરતા થવી એ છે અભ્યાસ, અને અભ્યાસમાં જે જે પ્રતિકૂળ હોય, તે બધાંમાંથી વૃત્તિને ખેંચી લેવી એ છે વૈરાગ્ય. વૈરાગ્યનું વિવેચન કરતાં પંચદશી ગ્રન્થના ચિત્રદીપ પ્રકરણમાં શ્રી વિદ્યારણ્યસ્વામી લખે છે કે :

दोषदृष्टिर्जिहासाच पुनर्भोगेष्व दीनता ।
असाधारणहेत्वाद्या वैराग्यस्य त्रयोऽप्यमी ॥ २७८ ॥

અર્થ : વૈરાગ્ય ઉત્પન્ન થવામાં હેતુ-( કારણ ) છે પદાર્થોમાં દોષદષ્ટિ; વૈરાગ્યનું સ્વરૂપ છે જિહાસા એટલે ત્યાગની ઇચ્છા; અને એનું કાર્ય છે ભોગને માટે ફરીથી દીનતા ન થવી તે.

વૈરાગ્યનું કારણ એટલે એની શરૂઆત થવામાં સમસ્ત માયિક પદાર્થમાં દોષદષ્ટિ થવી જોઈએ એમ કહેલું છે. કારણ કે ચિત્તક્ષેત્રમાં વૃત્તિ રૂપી વૃક્ષનાં મૂળ છે; માયિક પદાર્થોની ભૂમિમાં એ ચોંટેલાં હોય, ત્યાંથી ઉખેડીને ઇશ્વરીય પદાર્થોમાં રોપવાનાં છે.

ઉખેડવાના કારણ તરીકે એ માયિક ભૂમિમાં જો દોષ ન દેખાય, તો એમાંથી ઉપાડી ઉખાડી લેવાની વૃત્તિ જ થતી નથી. જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને વ્યાધિ એ ચારેય સ્થૂલ શરીરના અન્નમય કોષના; ભૂખતરસ, ટાઢતડકો, શરદીગરમી, એ સૂક્ષ્મ શરીરમાંના પ્રાણમય કોષના; સુખદુ:ખ, હર્ષશોક, લાભહાનિ, માનાપમાન વગેરે મનોમય કોષના; અજ્ઞાન, અણઆવડત, ઊંધી સમજણ વગેરે વિજ્ઞાનમય કોષના; અને એ બધાંના મૂળ જેવી જીવને વશ રાખીને દ્વંદ્વમાં રમાડનારી આનંદમય કોષની અવિદ્યા એ બધા ત્રણેય શરીરના વિકારદોષ છે. ત્રણેય શરીરના આ ત્રિતાપ જીવાત્માને બંધનમાં રાખે છે એમ સમજીને એમાં દોષદષ્ટિ થવી જોઈએ. કોઈ પણ પદાર્થમાંથી ચિત્તવૃત્તિને ઉખેડવાનું ત્યારે જ મન થાય કે જયારે એમાં જીવાત્માને ભયંકર નુકસાન થાય છે એમ પૂરેપૂરું સમજાય; દોષ જોવાય ત્યારે જ અંતરમાં વૈરાગ્ય અને બાહ્ય ત્યાગ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

પરંતુ દોષનો અર્થ કેવળ તમોગુણી તિરસ્કાર કરવાનો નથી. આવી દોષદષ્ટિ કરાવવા માટે શાસ્ત્રોમાં જયાં જયાં વૈરાગ્યનું સમર્થન છે, ત્યાં વીણીવીણીને વિષયોની નિંદા કરેલી હોય છે. દા. ત. યોગવાસિષ્ઠ મહારામાયણના પહેલા વૈરાગ્ય પ્રકરણમાં મુમુક્ષુ રામચંદ્રજીના મુખે આવી દોષદષ્ટિ માટે ઘણા વિષયોનું નિંદારૂપે વર્ણન કરાવ્યું છે. ભાગવતના એકાદશ સ્કંધ તથા દરેક પુરાણમાં જયાં જયાં વૈરાગ્યનો ઉપદેશ કરવાનો હોય છે. ત્યાં મુમુક્ષુની દૃષ્ટિનો વિચાર કરીને જ આવાં દોષદષ્ટિનાં ઉપાખ્યાનો કે દૃષ્ટાંતો કહી બતાવ્યાં છે. દોષદષ્ટિ થયા પછી જ ત્યાગ થઇ શકે છે, અને ત્યાગ થયા પછી એ જ વિષયોના ભોગની પુન: ઈચ્છા થાય એ દીનતા છે. એ દીનતા ન રહે અને બ્રહ્માંડના ચૌદે લોકમાંના સંપૂર્ણ સુખની કલ્પનાવાળા બ્રહ્મલોકની પણ સામાન્ય તણ-

ખજાના જેટલી જ મનમાં કિંમત આંકી શકાય, એ વૈરાગ્યનો અવધિ છે.

પરંતુ વૈરાગ્ય અભ્યાસના સામર્થ્ય વિના નકામો છે; ચિત્તવૃત્તિ કદી પણ નિરાધાર રહી શકતી નથી. એને હમેશાં કંઇ ને કંઈ અવલંબન હોય છે જ; સંસારના બે પ્રવાહોમાં પુણ્ય અને પાપપ્રવાહના પદાર્થોનું અવલંબન છોડાવીને ઇશ્વરના કૈવલ્યસ્વરૂપનું એને અવલંબન આપવાનું છે, પણ તે પહેલાં પાપપ્રવાહમાંથી એને ઉખેડી લેવું જોઇએ. એટલે ક્રમ તો આ રીતે જ ગોઠવી શકાય:

(૧) પાપકર્મ કરાવે એવા વિષયપ્રવાહમાંથી મનને પહેલાં વાળી લેવું; એ માટે એ વિષયોમાં દોષદૃષ્ટિ કરવી; પછી એનો ત્યાગ કરવો; અને પુનઃ એની પ્રાપ્તિ માટે દીનતાભરી ઝંખના ન થાય એવી પરાકાષ્ઠાએ એ વૈરાગ્ય પહોંચાડવો.

(૨) પાપમાંથી ઉખેડીને એને પુણ્યપ્રવાહનાં કર્મો કે પદાર્થોમાં સ્થાપિત કરવું એ છે અભ્યાસનું પ્રથમ પગથિયું. એમાં ત્યારે જ સ્થાપી શકાય જ્યારે પાપપ્રવાહમાંથી એને ઉખેડી શકાય.

(૩) ત્યાર પછી પુણ્યપ્રવાહના પદાર્થોમાંથી પણ ઉખાડી લઇને એક માત્ર પરમ ધ્યેય, ઇશ્વરમાં એને સ્થાપિત કરવું જોઇએ. એ માટે ઇશ્વર પ્રતિ અનન્ય પ્રેમ ઊભો થવો જોઇએ. ભક્તિ વિના, સર્વોત્કૃષ્ઠ પ્રેમ વિના, ગુણાતીત પરમ સ્વરૂપની ઝંખના વિના, આત્મકલ્યાણની ભાવના કર્યા વિના ઈશ્વર પ્રતિ નિષ્કામ ભકિત ઊભી થઈ શકતી નથી.

અભ્યાસ એટલે એક જ ધ્યેયમાં મનોવૃત્તિને વારંવાર સ્થિર રાખ્યા કરવી એ આપણે જોઇ ગયા. જેવી રીતે દોષદૃષ્ટિ વિના વૈરાગ્યની સિદ્ધિ નથી, તેવી જ રીતે ગુણદૃષ્ટિ વિના અભ્યાસની

સિદ્ધિ હોવાનો સંભવ નથી. સામાન્ય માનવીય મનમાં ગુણ અને દોષ એક સાથે ભરેલા છે. એનામાં વિવેક હોતો નથી એટલું જ નહિ પણ ગુણીમાં દોષ, અને દોષિતમાં ગુણ જોવાની વિપરીત બુદ્ધિ હોય છે. સંસાર અને ઇશ્વર બન્નેમાં વારાફરતું ગુણદર્શન થાય તો એવું ચંચલ મન ક્ષણેક્ષણે એ બન્નેમાં કૂદકા માર્યા કરે છે, તેથી જરા પણ સ્થિરતા થવાનો સંભવ નથી.

યોગશાસ્ત્રમાં જે અભ્યાસવૈરાગ્ય કહ્યાં છે તેને જ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ચંચળ મનને પકડવા માટે ભગવાન શ્રીકૃષ્ણે અમોઘ શસ્ત્ર કહ્યાં છે. આ છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનયોગનું જ વિશદ વિવેચન છે. ધ્યાનની સાધના માટે તેર શ્લોક સુધી આહારવિહારની નિયમિતતા, સ્થાનની પવિત્રતા, આસનની યોગ્યતા, ઇંદ્રિયની સંયમશીલતા, મનની એકાગ્રતા વગેરેનું સૂચન કરીને ચૌદમા શ્લોકમાં ભગવાન કહે છે કે:

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थित: ।
मन: संयम्य मच्चित्तो युक्त आसीत मत्पर: ॥ १४ ॥

અર્થ: શાંત અંતઃકરણવાળો, નિર્ભય બનેલો, બ્રહ્મચર્યનું પાલન કરનાર, મનનો સંયમ કરીને મારામાં ચિત્તને જોડીને કેવળ મારા પરાયણ ( ઈશ્વરપરાયણ ) થઇને ( ધ્યાનને માટે ) બેસે.

આ છે અભ્યાસની પદ્ધતિ, એની સાથે છે ભકિતની સાધના; ધ્યાનયોગના ઈચ્છુકે આ અધ્યાયમાં લખેલા યમનિયમોનું પાલન કરવું જોઈએ અને તેની સાથે ઈશ્વરપરાયણ થવા માટે તૈયારી કરીને મનને પરમાત્માના સ્વરૂપમાં સ્થિર કરવા માટે બેસવું જોઇએ.

મનના સ્વભાવમાં ત્રણ જાતની વૃત્તિ સામાન્ય રીતે હોય છે,

સદ્ભાવ, દુર્ભાવ અને તટસ્થતા. જેના પ્રતિ સ્વાભાવિક રીતે જ મનનું આકર્ષણ થાય, જે વસ્તુ સહજસ્વભાવે જ યાદ આવ્યા કરે, ભૂલવાનો પ્રયત્ન કરતાં પણ ભુલાય નહીં—એમાં બે જાતની મનોવૃત્તિ હોય છે. જેના ઉપર એટલો બધો સદ્ભાવ હોય, જેના ગુણાનુરાગનો અંતરમાં શીતળ પ્રેમસાગર ભર્યો હોય, જેના સ્મરણથી ચિત્તમાં પ્રેમનો આવેશ આવી રોમાંચ થાય, હર્ષ ઊભરાય, આનંદનાં અશ્રુ સુદ્ધાં ખરી પડે, વાણી ગદ્ગદ્ થાય, શબ્દો ગુણવર્ણન કરતાં શોધ્યા પણ ન જડે, વર્ણન કરવા જતાં સ્તબ્ધ બની જવાય, અવાક્ બનીને શરીર નિશ્ચેષ્ટ થઇ જાય, એવી વૃત્તિ જેના પ્રતિ હોય, એવી પરમ પ્રેમાસ્પદ ભક્તિની સ્થિતિને આપણે અહીં સદ્ભાવ શબ્દથી ઓળખીશું.

જેની પ્રતિ ઘૃણા હોય, જેના સ્મરણ માત્રથી અંતરમાં દુઃખવેદના થાય, શરીરમાં ભયસંચાર થાય, જેનાં દર્શનશ્રવણથી પણ મનઈંદ્રિયો સંકોચ અનુભવે, એવી એવી જે વૃત્તિઓ-લાગણીઓ થાય એ છે દુર્ભાવ.

આ સદ્ભાવ કે દુર્ભાવવાળાં પ્રાણીપદાર્થોનું ચિત્તમાં નિત્ય સ્મરણ રહ્યા કરે છે. ભગવાન્ કૃષ્ણને જેમ સદ્ભાવશાળી ઉદ્ધવગોપી વગેરે ક્ષણ પણ ભૂલી શકતાં નહોતાં, તેમ કંસ, શિશુપાલ જેવા દુર્ભાવવાળા પણ વૈરભાવે સતત્ સ્મરણ કરતા હતા. એકમાં સદ્ભાવ હતો, બીજાનામાં દુર્ભાવ હતો.

પરંતુ તટસ્થ વર્ગની વાત એ બન્નેથી જુદી છે. જેમની સાથે કશોયે સ્વાર્થ-પરમાર્થનો સંબંધ ન હોય, એની વિસ્મૃતિ સ્વભાવ સિદ્ધ થયેલી હોય છે. જેનું સ્મરણ જ ન થતું હોય એનું વિસ્મરણ કરવાની જરૂરિયાત જ ઊભી થતી નથી.

અભ્યાસમાં દુર્ભાવવાળાં પ્રાણીપદાર્થો પ્રતિ શરૂઆતમાં દોષ-દષ્ટિ કેળવીને સાત્ત્વિક વૃત્તિથી દયા ઊપજે પછી એના તરફ તટસ્થવૃત્તિ થવી જોઇએ. પરંતુ જ્યાં સુધી અભ્યાસમાં વૃત્તિ ન ચોંટે, ત્યાં સુધી અન્ય પ્રાણીપદાર્થો પ્રતિ વૈરાગ્ય કેળવાતો નથી અને વૈરાગ્યના અવધિ વિના અભ્યાસમાં એકાગ્રતા થતી નથી.

સાંસારિક જીવાત્માને ઇશ્વર પ્રતિ અભાવ જેવો દુર્ભાવ, અથવા દંભભરી સકામ ભાવના, જગતનાં પ્રાણીપદાર્થો પ્રતિ સદ્ભાવ, અને પોતાને નિરુપયોગી હોય તેવાં તરફ તટસ્થવૃત્તિ હોય છે, એમાં ઉપર પ્રમાણે પરિવર્તન થવું જોઇએ.

જેટલું જેટલું અભ્યાસમાં મન વધે એટલું વૈરાગ્યનું જોર જામે છે અને વૈરાગ્ય જેટલો વધે તેટલી અભ્યાસમાં તીવ્રતા આવતી જાય છે, ધ્યેય તરફ ભક્તિનો વેગ વધે છે, અને સ્થિરતા થતાં એકાગ્રતા અને નિરોધની અવસ્થા પ્રાપ્ત થાય છે.

યોગદર્શનમાં અભ્યાસ અને વૈરાગ્યને સાધન તરીકે સૌથી પ્રથમ સ્થાન આપ્યું છે કારણ કે એમાં બીજી બધી સાધનપ્રણાલિકાનો સમાવેશ થઇ જાય છે. યમનિયમ વગેરે સાધનોનો પાછળથી ઉલ્લેખ આવે છે. તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન માટેનો આગ્રહ રાખ્યો છે, આસનપ્રાણાયામની પણ આવશ્યકતા સમજાવી છે, પણ આ એક એવું દ્વંદ્વ સાધન છે કે જો એના ઉપર જ સાધકનો સંપૂર્ણ ઝોક રહે તો એને સહાયક પોષક થાય એવાં બીજાં બધાં સાધન, અથવા તો મંત્રયોગ, લયયોગ, ભક્તિયોગ, અનાસક્તિયોગ, સહજયોગ, કર્મયોગ, જ્ઞાનયોગ, રાજયોગ, પૂર્ણયોગ, મહાયોગ—એવાં બધાં નામો જેમાં સમાઈ જાય એવા યોગમાર્ગમાં સાધક નિર્ભયતાથી આગળ વધ્યે જાય છે. કારણ કે લક્ષ્ય કે ધ્યેય પ્રતિ ચિત્તને અભિમુખ કરવું એ છે અભ્યાસ અને

એ વિના બીજા બધામાંથી ચિત્તને ઉપાડી લેવું એ છે વૈરાગ્ય. આ બે સાધનો પ્રત્યેક યોગમાં નામભેદે પણ ઓતપ્રોત હોય છે. શરત માત્ર એટલી કે એ બધાં માટે સાચા વિવેકનો ઉદય થવો જોઈએ. ધ્યેય શુદ્ધ અને સર્વોત્કૃષ્ટ હોવું જોઇએ, એટલું જ નહિ, પણ ધ્યાતા કૃતનિશ્ચયી, ધૈર્યશીલ, અને વિશુદ્ધ હોવો જોઇએ, અને તેની સાથે સાથે જે જે યોગમાર્ગ દ્વારા સાધનને જીવનમાં ઉતારતો હોય એ પણ બધાં પવિત્ર તથા શાસ્ત્રસિદ્ધ હોવાં જોઇએ. ધ્યાતા, ધ્યેય અને સાધન–એ ત્રણેયની સાંગોપાંગ વિશુદ્ધિ ન હોય તો, અથવા એ ત્રણમાંથી એકાદમાં પણ મલિન સાંસારિક વાસનાની ગંધ હોય તો લાખો મણ દૂધમાં એકાદ વિષબિન્દુ જેટલું હાનિકારક નીવડે છે, તેનાથી પણ ભયંકર પરિણામ આવે છે કારણ કે જીવાત્માને અધોમુખી માર્ગે લપસી પડવું સહેલું છે. પશુધર્મમાં પડેલા આ માનવીચિત્તને પૂર્વસંસ્કારને લીધે પાપગર્તમાં પડવું સહજસિદ્ધ છે, પણ આ સંસારરૂપ અંધારા કૂવામાંથી, નરક જેવા પાતાળમાંથી અસંખ્ય પગથિયાંવાળી નીસરણી દ્વારા આત્મકલ્યાણના સર્વોત્તમ, સર્વોચ્ચ, શિખરે ચડતાં સંપૂર્ણ સાવધાનીની જરૂર છે એક જ પગલું ચૂકયા, અને સીધા ભવકૂપમાં, એક જ ભૂલ થઈ અને પહોંચ્યા પાતાળમાં; એક જ સ્ખલન થયું અને સમસ્ત તપોબળનો સર્વનાશ, પુરાણોનાં વિશ્વામિત્ર અને મેનકા; ભરત અને હરિણબાળ જેવાં દૃષ્ટાન્તોને જતાં કરીએ તો પણ ઇશ્વરપ્રાપ્તિને પંથે પડેલા જિજ્ઞાસુ–ભકતો જો વિવેક વાપરીને ભારતભરના વર્તમાન સાધકો પ્રતિ નજર નાંખી જોશે તો અધૂરા જ્ઞાન કે અજ્ઞાનને લીધે ઘણે ઠેકાણે તપોભંગનાં દૃષ્ટાન્તો જોઇ શકશે.

અભ્યાસની શરૂઆતમાં મનની ચંચળતાને લીધે એકાગ્રતા થતાં જરૂર વિલંબ થાય છે. દૃષ્ટિમાંથી ધ્યેય ખસી જાય છે, અને વૈરાગ્યના અભાવે ચિત્તની સમક્ષ અનાત્મા તથા અનિષ્ટ પદાર્થો

કે પ્રસંગોનાં ચિત્ર આવજા કર્યાં કરે છે. શરૂઆત કરનારે પોતાની અશકિત સમજી લેવી જોઇએ. વિક્ષેપ દૂર કરવા માટે તો ધ્યાનની સાધના છે. એ વિક્ષેપ કેવળ આ એક જ જન્મની વાસનાનો નથી. અસંખ્ય પૂર્વજન્મોમાં ચિત્તની વૃત્તિઓ અસંખ્ય વિષયરૂપી ભૂમિમાં ઊંડાં મૂળ નાંખીને ચોંટી બેઠેલી છે, તે બધી ધીરે ધીરે જયારે વૈરાગ્ય દ્વારા નિર્મૂળ થાય અને અભ્યાસ દ્વારા એક ધ્યેયમાં ચોંટવા માંડે ત્યારે સ્થિરતા આવે છે.

વૈરાગ્યને માટે યોગદર્શનમાં એક બીજી મહત્ત્વની વાત કહી છે.

तत् परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ॥ १६ ॥

અર્થ : પરમ પુરુષના જ્ઞાનથી ગુણમાંથી તૃષ્ણા નીકળી જાય એ ( પણ વૈરાગ્ય છે).

તાત્પર્ય કે ભકિત વડે પરમાત્માનાં ગુણ-કીર્તન કરતાં કરતાં એના સ્વરૂપની ઝાંખી દ્વારા દર્શનતૃપ્તિ થાય, તો સાંસારિક વિષયોમાં રહેલી તૃષ્ણા આપોઆપ શાંત થઈ જાય છે. ઉપર કહ્યું તેમ અભ્યાસમાં ભકિતયોગનો-ઉપાસનાનો સંપૂર્ણ સમાવેશ થાય છે.

ભ. ગીતામાં પણ-

विषयाविनिवर्तंते निराहारस्य देहिन: ।
रसवर्जं रसोऽप्यस्य परंदृष्ट्वा निवर्तते ॥ ५९ ॥

અર્થ : નિરાહારી પુરુષોના વિષયો છૂટી જાય, પણ રસ રહી જાય છે; પણ પરમ તત્ત્વનું દર્શન કરવાથી આ ( આત્મદર્શી )નો રસ પણ છૂટી જાય છે.

નિરાહારી એટલે તપશ્ચર્યા કરીને ઇંદ્રિયોને વિષયોથી દૂર રાખી હોય, બાહ્ય ત્યાગ વડે, એકાન્તસેવન વડે, સમજ્યા વગરના કાયાકલેશ વડે જેઓ બાહ્ય ત્યાગી બની બેઠા હોય, અને બાહ્ય સાધનમાં જ રચ્યાપચ્યા રહીને ભક્તિ જેવા આંતરસાધન વડે ઇશ્વરદર્શન ન કરે તો વિષયોનો રસ એટલે ચિત્તમાં વાસના રહી જાય છે; પણ જે પુરુષ પરમાત્માનાં જ્ઞાનદર્શન કરીને ચિત્તમાં તૃપ્તિ અનુભવે એની ઇંદ્રિયો પણ તૃપ્ત થતી હોવાથી આંતરબાહ્ય વૈરાગ્યની સિદ્ધિ થાય છે; વિષયોનો ત્યાગ સહજ સિદ્ધ થાય છે એટલું જ નહિ પણ એની તૃષ્ણા પણ નિર્મૂળ થાય છે.

અભ્યાસમાં ઇષ્ટ–ધ્યેયના પ્રતિ ચિત્તનો પરમ પ્રેમનો પ્રવાહ વહેવા માંડે એનાથી પાપપ્રવાહના વહેણ સુકાઇ જાય છે; પુણ્ય-પ્રવાહનો ધોધ ભગવતી ભાગીરથીના પ્રચંડ પ્રવાહના જેવો ઊભ-રાઇને ચિત્ત તથા ઇંદ્રિયોને સાત્ત્વિક ભગવદ્દાનંદથી તરબોળ કરી મૂકે છે, એટલે વૈરાગ્ય આપોઆપ સ્વયંસિદ્ધ બની જાય છે.

સંસારના વિષયો કે વિષયી વ્યકિતઓનું ધ્યાન કરીને એને જ યાદ રાખવામાં પામર તથા વિષયી મનુષ્યો રચ્યાપચ્યા રહે છે; જ્યાં જ્યાં જેને મોહ–મમતા હોય, જે કાંઇ મનગમતું કે વહાલું લાગતું હોય, એને યાદ કરવાનો જેમાં જન્મજન્માન્તરના સંસ્કાર અને સ્વભાવને લીધે જરાયે પરિશ્રમ કરવો પડતો નથી, એવા સ્મરણધ્યાનવાળાનાં મનનું વલણ રાગથી ભરેલું કહેવાય છે; છતાં પણ એમનાં કલ્પેલાં દેવદેવતાનાં સ્વરૂપોનું કે ઇષ્ટ વિષયોનું ધ્યાન કરે ત્યારે એનાથી આનંદ આવે છે; હર્ષથી હૈયું છલકાઈ જાય છે; વારંવાર ઉત્સાહ અને આવેશના ઊભરા આવે છે, ઘણીવાર રોમાંચ, અશ્રુ તથા ગદ્‌ગદ્‌ વાણીથી એવો મનુષ્ય પોતાના અનુભવનું પ્રદર્શન કરે છે.

રાગાત્મક વિષયસ્મરણના જેમ રોમાંચ, ગદ્દગદ્દ વાણી, અશ્રુ, કંપ વગેરે બાહ્ય લક્ષણો છે, તેવી રીતે દ્વેષ, ઘૃણા, તિરસ્કાર કે દુર્ભાવનાં પણ વિપરીત લક્ષણો હોય છે. મનુષ્ય જેમ પ્રિય પદાર્થને ભૂલી શકતો નથી તેવી રીતે અપ્રિય પદાર્થ પણ વારંવાર એને અનાયાસે યાદ આવ્યા કરે છે; અણગમતા પ્રાણી પદાર્થનું સ્મરણ મનમાં સહજભાવે થઇ આવે છે; સંક્ષેપમાં કહેવાનું એ કે ગમતા-અણગમતા, અનુકૂળ-પ્રતિકૂળ, પ્રિય-અપ્રિય જેવાં સુખદુઃખ દેનારાં પ્રાણી-પદાર્થોનું સ્મરણ કરવામાં જરાયે પ્રયત્ન કરવો પડતો નથી. એનું કારણ એ છે કે અનેક જન્મોથી મન એવું સ્મરણ કરવાનો અભ્યાસ કરતું આવ્યું છે એથી એ એનો સ્વભાવ બની ગયો છે.

જેને આપણે વર્તમાન અવસ્થામાં સ્વભાવ કહીએ છીએ, એ આપણા પૂર્વ જન્મોની વાસનાઓ, વિષયભોગો તથા કર્મોના સંસર્ગનું પરિણામ છે. કોઈ પણ વિષયનું જ્ઞાન મેળવવામાં, યાદ રાખવામાં તથા એની પ્રાપ્તિ માટે કર્મ કરવામાં પ્રથમ ખૂબ પરિશ્રમ કરવો પડે છે; વારંવાર એનું સ્મરણ કરવું અને બીજું યાદ આવતું હોય એને મનમાંથી કાઢી નાખીને નવીન વિષયને મનમાં ગોઠવતાં શીખવું, એનું નામ અભ્યાસ છે; અંગ્રેજી ભાષા શીખનાર વિદ્યાર્થી એ ભાષાનું શબ્દજ્ઞાન મેળવવા માટે શબ્દોને ગોખે, યાદ રાખવાની મહેનત કરે, શીખવાના શબ્દને યાદ કરવા જતાં બીજું કાંઈ યાદ આવે તેને મનમાંથી કાઢી નાખવાના પ્રયત્ન કરે, એ બન્ને પધ્ધતિને અભ્યાસ કહીએ છીએ.

કદી પણ ન ભુલાય એવી રીતે વિષયને મનમાં ઠસાવી દેવો એ છે અભ્યાસની પરિપકવ અવસ્થા; અને અનાયાસે મનમાં અકસ્માત્ સ્ફુરી આવે અથવા પ્રસંગ પડતાં તાત્કાલિક યાદ આવે,

એ છે આપણો સ્વભાવ. આવી રીતે પરિશ્રમ કરવો તે અભ્યાસ અને અનાયાસે મનમાં સ્મરણ રહ્યા કરે એ છે સ્વભાવ. કોઇ પણ વિષયનું ચિંતન કે એને માટે થતું સ્મરણ બે પ્રકારનું હોય છે એનો આપણે હવે વિચાર કરીએ; મનનો સ્વભાવ રાગદ્વેષવાળો હોય છે. પ્રિય-અપ્રિય તરફ મનના ઢળતા વલણને રાગદ્વેષ કહે છે; અંધારા ઓરડામાં પ્રવેશ કરીને કામ કરવા માટે અંધારાને કાઢવા માટેનો ભાવ દ્વેષ છે અને પ્રકાશને લાવવા માટેની મનોવૃત્તિ રાગ કહેવાય છે. આપણી પ્રત્યેક ક્રિયાની પીઠમાં, એના મૂળ તરીકે આ બે ભાવ મુખ્ય ભાગ ભજવે છે.

હવે આ બે ભાવની સ્મૃતિ સ્વભાવગત હોય છે, એ આપણે જોયું; સ્વભાવગત કર્મમાં પરિશ્રમ પડતો નથી કારણ કે ભૂતકાળમાં એ માટે આપણે અભ્યાસ કર્યો હોય છે; એ ઉપરથી સમજાય છે કે વર્તમાન સ્વભાવમાં પરિવર્તન કરવું હોય તો નવો અભ્યાસ કરવો જોઇએ. દૃષ્ટાન્ત તરીકે સિનેમા જોવા માટેનો રાજસિક સ્વભાવ બદલીને દેવદર્શનનો સાત્ત્વિક સ્વભાવ લાવવો હોય તો સિનેમાદર્શનનો મનમાં અભાવ ઊભો કરીને દેવદર્શન માટે સદ્‌ભાવ ઊભો કરવો જોઇએ. અંધારાને બદલે પ્રકાશ લાવવા માટે અંધારાને ભૂલીને પ્રકાશને સ્મરણમાં લાવવો પડે છે, તેમ જેના પ્રતિ આપણને વર્તમાનમાં અપ્રિયતા, પ્રતિકૂળતા, અભાવ, દુર્ભાવ કે દ્વેષ હોય, એની વિસ્મૃતિ કરવા માટે પ્રકાશની પ્રિયતા, અનુકૂળતા કે સદ્‌ભાવ યાદ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. કારણ કે રાગ કે દ્વેષવાળા બન્ને વિષયોનું-સ્મરણ સહજ અને અનાયાસે થાય છે. આવી રીતે પ્રત્યેક મનુષ્યનું ચિત્ત રાગદ્વેષવાળું હોય છે; રાગદ્વેષવાળા વિષયનું સ્મરણ અનાયાસે કે અલ્પ આયાસે થાય છે, અને એને આપણે સ્વભાવ કહીએ છીએ.

આ રાગદ્વેષના વિષયોના ત્રણ ગુણ પ્રમાણે સાત્ત્વિક, રાજસિક તથા તામસિક એમ ત્રણ ભાગ પડે છે, અથવા ઇશ્વર કે જગત્ સંબંધી વિષયો તરીકે પણ ભાગ પાડી શકાય છે. ઈશ્વરના કોઈ પણ વર્ગના સગુણ મૂર્ત સ્વરૂપ જેવા દેવદેવતા, અવતાર વર્ગ, સંતસાધુ તથા સત્સંગી, જિજ્ઞાસુ, ભક્ત, કે મુમુક્ષુ વર્ગના મનુષ્યોનો રાગ સાત્ત્વિક કહેવાય છે, તથા એથી વિપરીત સાંસારિક રાગદ્વેષ-વાળા વિષયો સહજ ભાવે ચિત્તમાં સ્ફુરી આવે છે એવી જ રીતે ઇશ્વરવિષયક અસંખ્ય આરાધ્ય મૂર્તિઓ સ્ફુરી આવે ત્યારે ભક્તિનું બીજારોપણ થયું તેમ કહેવાય.

સાંસારિક વિષયોની પ્રાપ્તિમાં હર્ષ થતાં જે કંપ, રોમાંચ, અશ્રુ, ગદ્‌ગદ્ વાણી વ. શરીરના ભાવો ઊભા થાય છે, તે જ ભાવોની મહત્તા ઇશ્વરભક્તિમાં આવશ્યક ગણી છે. પ્રાણાયામની અમુક પદ્ધતિમાં પણ જયારે પ્રાણની મન ઉપરની પકડ વધતી જાય છે ત્યારે પણ કંપ, સ્વેદ, વ. ચિહ્નો જણાય છે તેવો ઉલ્લેખ હઠયોગ સંબંધી પુસ્તકોમાં છે.

મનુષ્ય ગમે તે ગુણવાળો હોય અને ગમે તેવા વિષય તેણે પ્રાપ્ત કર્યા હોય, ત્યારે આ સ્થૂલ શરીરના ભાવોમાં લગભગ એકતા જ હોય છે. ભગવદ્‌મૂર્તિ, સંતસાધુ, ગુરુદર્શન કે એવા પ્રસંગે સાત્ત્વિક ભક્ત અનુરાગના આવેશમાં આવી જઇને સહજ સ્વભાવે નાચે, કૂદે, હસે, રડે કે ગદ્‌ગદ્ વાણીથી પ્રાર્થનાના પોકાર કરતો મૂર્છા પણ પામે છે. જેને આપણે ભાવ સમાધિનું નામ આપીએ છીએ. આ છે સત્વગુણી ભાવનું લક્ષણ.

રજોગુણી મનુષ્ય ધનવૈભવ કે સત્તાસંપતિની પ્રાપ્તિમાં ફલી-ભૂત થતાં, હર્ષના આવેશમાં આવી જાય ત્યારે સ્થૂલના શરીરનાં બાહ્ય લક્ષણ તો લગભગ સમાન હોય છે. કલ્પનાતીત ધન વૈભવની

પ્રાપ્તિમાં હર્ષનો અતિરેક થતાં મન અને પ્રાણમાં એવી વિકૃતિ આવે છે કે માણુસ ઘણીવાર બુદ્ધિ ઉપરનો સંયમ ગુમાવી દે છે, કદાચિત્ વિવેકશૂન્ય બની જાય છે, અને ગાંડપણનો પણ ભોગ થઇ પડે છે.

તમોગુણી વ્યક્તિનો તો સ્થૂલ વસ્તુના અનુકૂળ ભોગમાંથી બુદ્ધિની જડતા અને અહંકારની માત્રામાં એટલો બધો વધારો થઇ જાય છે કે છેવટે પશુધર્મમાં જ એ ઊતરી પડે છે. મૂલમાં જ સારાસાર ધર્મનું ભાન ન હોવાથી એના હર્ષના આવેશમાં પ્રાણ ઉન્મત્ત બને છે અને પરિણામે એના દરેક કાર્યમાં હિંસા દેખાઈ આવે છે.

ભગવદ્ ગીતાના ૭મા અધ્યાયમાં ત્રણે ગુણના ભાવનો આવિર્ભાવ પરમ તત્ત્વમાંથી થયેલો છે, એમ ભગવાન શ્રીમુખે કહે છે, છતાં તરત જ ચેતવણી આપે છે કે એ ત્રણે ભાવમાં ગુણરૂપે હું નથી, પણ માત્ર તત્ત્વરૂપે જ છું. કહેવાનું એ છે કે આપણે સાધક તરીકે ખૂબ સાવધાનતા રાખવાની છે. હૃદયમાંથી ઊઠતા આ ભાવ કેવળ સ્વાભાવિક છે, અને જેવા ભાવ હશે તે પ્રકારનું આપણું જીવન હશે. પરંતુ દૈવી અર્થાત્ સાત્ત્વિકભાવ ભગવદ્ ભકિતના હોય છે, જયારે રાજસિક, તામસિક જેવા આસુરી અને રાક્ષસી ભાવ સાંસારિક હોવાથી સંસારમાં નવાં નવાં બંધન ઊભાં કરે છે, અને પરિણામે સાંસારિક રાગદ્વેષ વધારીને સુખદુઃખાદિ દ્વંદ્વની પરંપરા સર્જે છે.

આંતરિક ભાવની સ્થૂલ શરીર ઉપરની અસર એક સરખી જ હોવા છતાં, આંતરિક ભાવમાં સત્ત્વ, રજ વ. ગુણોનો તફાવત હોય છે, એ ખાસ લક્ષમાં રાખવા જેવું છે. કોઈ પણ મનુષ્યનાં ઉપર વર્ણવેલાં બાહ્ય લક્ષણોથી એના આંતરિક ભાવની પરીક્ષા

કરવી અઘરી છે, અને બાહ્ય લક્ષણો સિદ્ધ કરવાથી આંતરિક ભાવની સાધના થઇ છે; એમ પણ બની શકે તેમ નથી અને છતાં આ ભાવોમાંના, ખાસ કરીને સાત્ત્વિક ભાવને ઇશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કારના ભક્તિયોગ કે જ્ઞાનયોગની સાધનામાં ઘણા સંતોએ આવશ્યક માન્યો છે, પુરાણ વ. ગ્રંથોમાં એનો ઉલ્લેખ છે, અને અનુભવી સંતોના જીવનમાં મને પ્રત્યક્ષ દર્શન થયાં છે એનો મને પોતાને સંતોષ છે.

અંતર્મુખ વૃત્તિ, અધ્યાત્મ સાધના, ભક્તિનો માર્ગ. વેદાંતનો સાક્ષાત્કાર, મંત્રની રિદ્ધિસિદ્ધિ વ. બધા ઊર્ધ્વગામી માર્ગમાં મનુષ્ય જે જે પ્રકારની સાધના કરે તેમાં તેના આંતરિક ભાવ જ મુખ્ય ભાગ ભજવે છે. અને જેવો જેનો ભાવ, અથવા ભાવના તેવી તેની ફલસિદ્ધિ એ તો એક સામાન્ય કહેવત જેવું થઇ પડ્યું છે. સાધકે પોતાના બહિર્મુખ ભાવને સાંસારિક વિષય તરફથી વાળીને ભગવદ્ સ્વરૂપ તરફ વાળવો, અથવા અનાત્મદૃષ્ટિ મૂકી દઈને આત્મદૃષ્ટિ કરવી એ જ આ ભાવપરિવર્તન છે. પરમ તત્ત્વ ત્રણે ભાવથી પર એટલે ભાવાતીત હોવા છતાં, એના અનુભવ માટે તામસિકમાંથી રાજસિક, રાજસિકમાંથી સાત્ત્વિક અને સાત્ત્વિક ભાવમાંથી ભાવાતીતનો અનુભવ કરવો એ સાધનનો સ્વાભાવિક ક્રમ છે. અદ્વૈત સિદ્ધાંતવાદીઓ કે વેદાંતમાર્ગના અભ્યાસીઓ બ્રહ્મને કેવળ નિરાકાર, નિર્ગુણ તરીકે સ્વીકારીને એમાં વિચાર અથવા અહંગ્રહ ઉપાસનાને મુખ્ય સાધન તરીકે ગણાવે છે, પરંતુ એમાં જો થોડી ઘણી ભૂલ રહી ગઈ હોય, ચિત્તમાં રાજસિક, તામસિક મલિનતા હોય, અથવા વિષયોનો વિક્ષેપ થતો હોય તો એવું રજોગુણી કે તમોગુણી ભાવવાળું ચિત્ત અહંગ્રહ ઉપાસના કરવા જતાં ઉભયભ્રષ્ટ થાય છે; જીવનમાં જડતા વધે છે. એવા અધકચરા સાધકને નથી સાત્ત્વિક ભાવનો આનંદ આવતો કે ઉપનિષદ્ જેને

रसो वै सः એમ કહીને રસસ્વરૂપ વર્ણવે છે, એના આસ્વાદનનું તો સ્વપ્ન પણ આવી શકતું નથી. મોક્ષના મુખ્ય સાધન માટે दैवीसंपद् विमोक्षाय–એટલે કે મોક્ષને માટે દૈવી-( સાત્ત્વિક ) સંપદ્ ( ભાવ-સિદ્ધિ ) પરમ સાધન છે એમ ભગવદ્ગીતામાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે; યોગશાસ્ત્રનાં યમનિયમ, તથા વેદાન્તનાં વિવેકવૈરાગ્ય તથા શમાદિષટ્ક ભાવશુદ્ધિ અને ભાવસ્થિરતા માટેનાં શરૂઆતનાં પણ અનિવાર્ય સાધન છે. આપણે આ મુદ્દાને ટૂંકાવીએ :

(૧) પ્રત્યેક કર્મની શરૂઆત થતાં પહેલાં કર્મફલનો ચિત્તમાં વિચાર ઊભો થાય છે.

(૨) એ વિચારમાં ફલભોગની વાસના હોય છે.

(૩) કર્મ કરવાનો વેગ શરીરમાં આવે છે, અને શરીર કર્મપરાયણ થઈને આવડત ( જ્ઞાન ) પ્રમાણે ફલપ્રાપ્તિ માટે પરિશ્રમ કરવા માંડે છે.

(૪) ભોગવાસના પૂર્વસંસ્કાર પ્રમાણે ચિત્તમાં ઊભી થાય છે. એમાં સત્ત્વ, રજસ્ કે તમસનો પ્રભાવ હોય છે.

(૫) વાસનાના ઉદ્ભવ વખતે, ફલભોગની આશામાંથી ઊભા થતા હર્ષનો ભાવ હોય છે. એ ભાવ કર્મમાં ઉત્સાહ આપે છે; પ્રાણમાં શક્તિ ભરે છે, સંકલ્પમાં સ્થિરતા રખાવે છે અને ફલપ્રાપ્તિના સમય સુધી કર્મપરાયણતા ટકાવી રાખે છે.

(૬) ભોગપ્રાપ્તિ સમયે ચિત્તમાં હર્ષનો આવેશ આવતાં ત્રિગુણાત્મક ભાવ પ્રમાણે મન અને પ્રાણમાં ઉછાળો–ઊલટો આવે છે એ આવેશ કહેવાય છે.

(૭) એ આવેશનું બીજું નામ ભાવ છે; હર્ષનો અતિરેક થતાં આંખમાં અશ્રુ, પ્રાણમાં કમ્પ, વાણીમાં ગદ્‌ગદ્‌ થતો અવરોધ, તે ઉપરાન્ત નૃત્ય, ગાન, કીર્તન કે એવાં ભિન્ન ભિન્ન ઉન્મત્ત લક્ષણો જણાય તે ભાવ કહેવાય છે.

(૮) ભાવનું ફલ કર્મ, કર્મનું ફલ ભોગપ્રાપ્તિ, ભોગનું ફલ શરીર અને ચિત્ત ઉપર થતો પ્રભાવ; એ પ્રભાવમાંથી ત્રણ ગુણ પ્રમાણે સત્ત્વગુણનાં જ્ઞાન અને શાંતિ, રજોગુણનાં ચંચલતા અને વિક્ષેપ, તથા તમોગુણનાં પ્રમાદ અને મોહનાં ચિત્તમાં સંસ્કાર-રૂપે નવાં નવાં કર્મબીજ રોપાય છે. કર્મ કરવાની અંતરમાંથી ઊઠતી સ્વભાવરૂપ બની ગયેલી વૃત્તિઓ એનું સ્વરૂપ છે.

(૯) વૃત્તિઓનું સ્વરૂપ, એનું ઉદ્‌ગમસ્થાન, ઇશ્વરદર્શનમાં ઉપયોગી થઇ પડે એવી વૃત્તિઓનો વિવેક, એનું શોધન, એકાગ્રતા મેળવવામાં કરવી પડતી ભક્તિ વગેરે હકીકતોનું યથોપયોગી વિવેચન યોગનાં બધાં પુસ્તકોમાં આપેલું હોય છે.

(૧૦) વૃત્તિઓનું ઉદ્‌ગમસ્થાન છે ચિત્ત; ચિત્ત એટલે પૂર્વજન્મોમાં વાસના, કર્મ, કર્મફલ, ફલભોગ અને ભોગાન્તે વધતું જતું વાસનાચક્ર: આવી રીતે ફર્યા કરતા વાસનાચક્રનું નામ જ સંસારચક્ર છે.

(૧૧) વિષયના ભોગ દ્વારા મનમાં આનન્દપ્રાપ્તિની ઇચ્છા ઊભી થાય એ છે વાસનાનું સ્વરૂપ અને કારણ. કર્મ દ્વારા પ્રાપ્ત થતો આનન્દ હર્ષ અને શોક, સુખ અને દુ:ખ જેવાં દ્વંદ્વોથી ભરેલો હોઈ, અનિત્ય હોવાથી ચિત્ત હમેશાં અશાંતિનો વારાફરતો અનુભવ કર્યા કરે છે.

(૧૨) અશાન્ત ચિત્ત સુખી હોઈ શકતું નથી એમ ભગવદ્‌ગીતામાં

अशान्तस्य कुतः सुखम् અશાન્તને સુખ કેવું, એમ કહેલું છે; અસુખનું કારણ અશાન્તિ; અશાન્તિ એટલે ચિત્તની ચંચલતા; ચંચલતાનું કારણ વારંવાર ઊભી થતી વાસના; વાસનાનું કારણ આનન્દ (સુખ)ના કેન્દ્રસ્થાનનું અજ્ઞાન—આવી રીતે અશાન્ત મનની વાસનાનું કારણ છે અન્તર્યામી સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનંદનો અભાવ માનીને એ આનન્દ કેન્દ્રનું અજ્ઞાન.

* * * *

મનુષ્યના ચિત્તમાં ઊભી થતી આનન્દપ્રાપ્તિ માટેની વાસના મનુષ્યનો સ્વભાવ બની બેઠી છે, એટલે એ વાસનાને નિર્મૂળ કરવી, એનો નાશ કરવો અશક્ય જ નહિ પણ અસંભવિત છે. શાસ્ત્રમાં જ્યાં જ્યાં વાસનાક્ષય માટે ઉપદેશ અપાયો છે, ત્યાં એમાં બે ભેદ પાડ્યા છેઃ (૧) શુભ વાસના અને (૨) મલિન વાસના.

(૧) શુભ વાસના :–પરમાત્માનું સ્મરણચિંતન રહે, ચિત્તની વૃત્તિ સાત્ત્વિક ભાન લાવીને ભગવાનનાં સગુણ સ્વરૂપમાં એકાગ્ર થાય, એ એકાગ્રતા ઉપજાવવા કે વધારવા માટે ભગવાન પ્રતિ પ્રેમ ઉપજવો જોઇએ; પ્રેમ માટે ભગવાનના સચ્ચિદાનન્દ સ્વરૂપનો નિર્ણય કરવો પડે; નિર્ણય કર્યા છતાં પણ એમાં નિશ્ચયાત્મક ભાવભક્તિ ટકાવી રાખવા માટે સંસારચક્રનો વિચાર ન કરતાં એ ચક્રના કેન્દ્રસ્વરૂપ સચ્ચિદાનન્દમાં ચિત્તને એવી રીતે જોડવું કે એ ભગવદ્‌મય બની જાય; સચ્ચિદાનન્દથી તરબોળ થઇ જાય. વાસ્તવિક સિદ્ધાન્ત એ છે કે ભગવાન અને માનવચિત્ત બે જુદી વસ્તુ નથી. ભગવાન નિર્ભેળ સચ્ચિદાનન્દ છે; નિત્ય એ સ્વરૂપે જ રહે છે; એ પોતે એકલા જ હોવાથી સર્વવ્યાપક છે; જ્યાં જ્યાં

સંસાર કે સૃષ્ટિ છે ત્યાં ત્યાં રચના કરવી પડે છે એટલે એ સર્વ શક્તિમાન છે. સૃષ્ટિરચનામાં સમજણની જરૂર હોવાથી એ સર્વજ્ઞ છે; બધાં લોકપરલોક, સ્થૂલસૂક્ષ્મ બ્રહ્માંડોને ટકાવી રાખે છે એટલે એ સંરક્ષક છે; આવા આનન્દકન્દ, સચ્ચિદાનન્દ સ્વરૂપ સમસ્ત બ્રહ્માંડના કેન્દ્રસ્થાનરૂપ ભગવાનનાં, ચિત્તથી ચિંતન, સ્મરણ, ધ્યાન; વાણીથી ગુણકીર્તન; શરીરથી સેવાપૂજાનાં કર્મધર્મ; મનથી પ્રેમભકિતના સત્ત્વગુણભર્યા ભાવ :–એ માટેનાં જે જે કર્મ માટેની ચિત્તમાં વાસના ઊભી થાય એ છે શુભ વાસના.

(૨) મલિન વાસના :–પરમાત્માના ચિંતનસ્મરણ વિના બીજી જે જે વૃત્તિ ઊઠે; રજોગુણ તમોગુણી ભાવ ઊભા થાય; ઇંદ્રિયોના–વિષયોના ભોગ ભોગવવાની ચંચલતા ઊઠે; શરીર ભોગ-પ્રાપ્તિ માટેનાં કર્મ કરવા માટે જ દોડધામ કર્યા કરે, એ બધાં છે 'મલિન વાસના'ના પ્રકાર; મલિન વાસનામાંથી થનારાં કર્મનાં પરિણામ દુઃખ, શોક, ખેદ, દ્વેષ, અપમાન, મોહ, ક્રોધ જેવાં અંતરમાં અને વ્યાધિ જેવાં શરીરમાં જણાય છે; છેવટે મનુષ્ય સુખની શોધ કરવા છતાં દુઃખ ભોગવે છે; એમાં એને સુખના કેન્દ્ર સ્વરૂપ ભગવાનનાં અદર્શનનાં કારણ જેવાં અજ્ઞાન, મલિન વાસના, વિષયભોગની ભૂખ, અસંતોષ, અતૃપ્તિ તથા અક્રિયતા વગેરે સતાવ્યા કરે છે.

અધ્યાત્મમાર્ગના સાધકે, તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુએ, બંધ-વિમોચનના મુમુક્ષુએ, ભગવાનના ભકતે, સમાધિના ઇચ્છુક ધ્યાન-યોગીએ સૌથી પ્રથમ ભ. ગીતા પ્રમાણે દૈવી અને આસુરી ગુણવિભાગ સમજીને યાદ રાખવા જોઇએ. મનમાંથી તરંગ ઊઠે, ચિત્તમાંથી વૃત્તિઓ ઊભી થાય, હૃદયમાંથી ભાવ ઊભરાય તે વખતે તે તે વિષયની પ્રાપ્તિ માટે જે ધ્યેય સ્વરૂપની પસંદગી કરવાની

હોય તેમાં એ વિષયનાં ચિંતનસ્મરણથી ભગવદ્‌સ્વરૂપનો આનંદ આવે છે કે નહિ એની કાળજી રાખવી જોઇએ.

માનવશરીરનાં પોષણ–રક્ષણ માટે અન્નજળનાં આહારપાન, શીતઉષ્ણના નિવારણ માટે તથા દેહમર્યાદાના રક્ષણ માટે વસ્ત્ર-પરિધાનનો વિવેક સૌથી પ્રથમ શીખવાનો છે. મનના સ્વચ્છંદી કે વિલાસભર્યા સ્વભાવમાંથી વીણીવીણીને નિરુપયોગી આહારવિહારનો ત્યાગ કરવો જોઇએ. જે વિચાર કે કર્મ કરતાં ઇશ્વરના આનન્દનું વિસ્મરણ થાય, મનમાં ઉપર વર્ણવેલાં વિષયવિકારનાં વાસના તથા કર્મ થયા કરે, વિષયી, સાંસારિક વિદ્યાઓ વ્યાવહારિક વ્યર્થ વાતચીતનો કાલક્ષેપ, સાધન–સાધનામાં ઉપકારક ન હોય તેવા સર્વ સંબંધોનો અસહકાર, એ બધાંને ત્યાજ્ય માનીને તથા સાધનામાં વિઘ્ન સમજીને એમાંથી મનને ખેંચી લેતાં શીખવું જોઈ એ. ગમે તે વિચાર કે કર્મ થતાં છતાં પણ ઇશ્વરસ્મરણ કે ભગવદીય આનન્દ સતત્‌ રહ્યા કરે એવાં, પુણ્યસહવાસ તથા સંસર્ગ થાય એવાં વ્યકિતગત કે સમૂહગત પુણ્યકર્મ પ્રતિ ભાવ વધારવો જોઇએ; કારણ કે વિષયવિચાર અને પાપકર્મનાં પરિણામ જ એવાં છે કે એમાંથી વિક્ષેપ, વ્યાધિ અને વિપરીત સ્વભાવમાં વધારો જ થયા કરે છે.

ધ્યાનમાં સાત્ત્વિક ધ્યેય રાખવું જોઈએ; ધ્યાતા અને ધ્યેય વચ્ચે સત્ત્વગુણી ધારાપ્રવાહ વહ્યા કરે એ છે સાત્ત્વિક મૂર્તિનું ધ્યાન. આવો સાત્ત્વિકપ્રવાહ વહેતો કરવા માટે ધ્યાન માટેનાં બધાં શાસ્ત્રોકત સાધનોમાં જ્યાં ત્યાં ભગવદ્‌ભકિતની મહત્તા વર્ણવેલી છે, અને દિવ્ય ધ્યેયને શ્રેષ્ઠ માન્યું છે.

ભ. ગી. માં ભગવાન શ્રીકૃષ્ણ બધે ઇશ્વરશરણાગતિની મહત્તા વર્ણવે છે. ભાગવતમાં પણ એ જ પદ્ધતિ છે, એટલું જ નહિ પણ ઉપાસના કે જે ધ્યાનયોગનું બીજું નામ છે, એ વિષયમાં શિવ,

વિષ્ણુ, દેવી, ગણુપતિ, રામ કૃષ્ણુ, વગેરે જે જે દેવદેવતાની ધ્યેય (ઉપાસ્ય ) તરીકે પસંદગી કરી હોય, ઇષ્ટપ્રાપ્તિ માટે ભગવાનના જે કોઇ સ્વરૂપનો સ્વીકાર કર્યો હોય, એમાં હેતુ જ એ છે કે ચિત્ત ભગવદ્ધ્યેયની સાથે એકતાન ધારણા સાધે, ત્યારે ધ્યેયમૂર્તિમાં એણે દિવ્ય ગુણકર્મની ભાવના કરી લીધી હોય એ પ્રમાણે ભાવાવેશની જાગ્રતિ થાય છે. સાત્ત્વિકભાવની જાગ્રતિ થતાં, ભગવદ્સ્વરૂપનો આનંદ ઉભરાય છે; ઇષ્ટની પ્રાપ્તિ થતાં હર્ષ, રોમાંચ, અશ્રુ, ગાત્રકંપ, ગદ્ગદ્ વાક્યપ્રવાહ વગેરે ચિત્ત અને પ્રાણ દ્વારા થતા સાત્ત્વિક વિકારો, રજોગુણી-તમોગુણી વિકારોનો નાશ કરીને ચિત્તને વિશુદ્ધ બનાવે છે; એટલું જ નહિ પણ હૃદયમાં ભગવદાનંદની ભરતી સદોદિત રહેવાથી જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોમાં વિષયવિકાર ઊભા જ થતા નથી.

શ્રી ભાગવતના એકાદશ સ્કંધના ચૌદમા અધ્યાયમાં "ભકિતનો મહિમા અને ધ્યાનયોગ" ની પ્રક્રિયા સમજાવતાં ભગવાન પરમ જિજ્ઞાસુ ઉધ્ધવને જે ઉપદેશ આપે છે એ ખાસ વાંચવા વિચારવા જેવો છે.

એ અધ્યાયના શ્લોક ૧૭ સુધી ઉત્તમ ભકતનું વર્ણન કરીને શ્લોક ૧૯થી આગળ જે ધ્યાનનું વર્ણન આપ્યું છે, તેમાં ભગવદ્ભકિત કેવો અને કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે, એનું સરલ –સ્પષ્ટ વર્ણન છે; ખૂબ જ વિસ્તારથી ભરેલું, પાપસંસ્કારનો સમૂળો નાશ કરનારું, વિષયચિન્તન જે રીતે થાય છે એ જ રીતે ભગવાનનું સ્મરણ કરવાનું કહે છે, અને ભગવાનનું ધ્યાન કરતાં કરતાં પણ ભાવોનો ચિત્ત તથા પ્રાણમાં જે ઉદ્રેક થાય છે એનું પણ પણ ત્યાં વર્ણન આવે છે.

" મારી ભક્તિ વગરના પુરુષોને સત્ય તથા દયાથી યુકત ધર્મ

અથવા તપથી યુકત વિદ્યા પણ પૂરેપૂરી રીતે પવિત્ર નથી કરી શકતી. રોમાંચ થાય નહીં, ચિત્ત દ્રવીભૂત ન થતું હોય, આનન્દનાં અશ્રુઓ ન નીકળે તેવી ભક્તિ વગર અંતઃકરણ કેવી રીતે શુદ્ધ થાય ? ( ન જ થઈ શકે. ) જેની વાણી ગદ્‌ગદ્ થાય, ( અસ્પષ્ટ ઉચ્ચાર થવા માંડે ) ચિત્ત દ્રવીભૂત થાય, કોઈ વાર રડે તો કોઇ વાર હસવા માંડે, સંકોચ વગર કોઇ વાર ( ભગવાનના ગુણ ) ગાવા માંડે કે કોઇ વાર નાચી ઊઠે—એવો પરમ ભકત ત્રિલોકને પવિત્ર કરે છે " શ્લોક ૨૨–૨૩–૨૪ તામસિક રાજસિક ભાવમાં ઉન્મત્ત દશા આવે છે, હર્ષ કે રુદન થાય છે, પરન્તુ એનું પરિણામ રાગદ્વેષ કે હિંસામાં આવે છે ત્યારે સાત્ત્વિક ભાવનાં ફલ બાહ્ય લક્ષણોમાં એવી જ રીતનાં હોવા છતાં હૃદયને પવિત્ર કરે છે; પ્રેમનો વિસ્તાર કરે છે. સાત્ત્વિક ગુણોમાં વધારો થાય છે, અને પરમ આનન્દથી તૃપ્ત થયેલાં ચિત્ત તથા પ્રાણ પરમ શાન્તિનું સુખ ભોગવે છે.

(૧) અંતરના રાજસિક–તામસિક ભાવને નિર્મૂળ કરવા માટે સાત્ત્વિક ભાવની આવશ્યકતા છે એટલું જ નહિ પણ એ જ સર્વોત્તમ સાધન છે.

(૨) પરમાત્માનાં કોઇ પણ સગુણસ્વરૂપ, અવતારમૂર્તિ, દેવદેવતા-ગણ, સન્તસાધુવર્ગ, કે જ્યાં અને જેમાં ભગવદ્‌ભાવનું સહજ સરલ સ્વભાવે દર્શન થાય, એમના પ્રતિ પૂજ્ય ભાવ ઊપજે, ત્યારે એવા ધ્યાન દ્વારા સાત્ત્વિક ભાવ ઊભા થાય છે.

(૩) ધ્યાનમાં ગમે તે ધ્યેયને લઇને બેસી જવું, અમુક આસન કે પ્રાણાયામને મહત્તા આપવી, ચિત્ત કે પ્રાણને નિશ્ચલ બનાવીને એકાગ્રતા મેળવવાનો પ્રયત્ન કરવો, ગંભીરતાને લક્ષ્ય બનાવીને ભાવના ઉદ્રેકને દબાવી રાખવો—એ બધાં ગમે તેવી રીતે ઉચ્ચ

મનાતાં હોય, પરન્તુ એમાં ચિત્ત અને પ્રાણની જડતા, દેહની
નિષ્ક્રિયતા, અને આત્માની વ્યાપકતા કેળવવાની તક સાંપડે
કે નહીં એ શંકાસ્પદ છે, એવો લેખકનો નમ્ર મત છે.

(૪) વેદાન્ત એમ કહે છે કે નિષ્કામ કર્મથી ચિત્તશુદ્ધિ મેળવો,
ઉપાસના ( ધ્યાન ) દ્વારા એકાગ્રતા કેળવો, અને શુદ્ધ
એકાગ્ર ચિત્તથી બ્રહ્મજાગ્રતિ કરાવનાર મહાવાક્યનું બ્રહ્મવિદ્દને
શ્રીમુખેથી તત્ત્વશ્રવણ કરો; એ શ્રવણ ઉપર બુદ્ધિ વડે મનન
કરો; શંકાકુશંકાને ભસ્મ કરો; અને શ્રદ્ધાભક્તિથી પરમ
તત્ત્વનું અભેદ ભાવે નિદિધ્યાસન કરો, એ છે વેદાન્તની
અહંગ્રહ ઉપાસના; ભકિત વિના વેદાન્તનું જ્ઞાન ચિત્તને શુષ્ક
બનાવે છે; જ્ઞાન વિના ભકિત ચિત્તમાં જડતા લાવે છે;
નિષ્કામ કર્મ, વિશુદ્ધ જીવનવ્યવહાર હૃદયને શુદ્ધ સ્ફટિક
જેવું નિર્મળ, પવિત્ર અને પારદર્શક બનાવે છે. પરમ પ્રેમાસ્પદ
પરમાત્માની ભકિત ચિત્તને રસસ્વરૂપ આત્માનંદથી તરબોળ,
રસિક, અને ભાવપૂર્ણ બનાવે છે; બ્રહ્મભાવથી ભરપૂર તત્ત્વજ્ઞાન
જીવમાત્રને વિશુદ્ધ સત્ત્વશીલ બનાવીને બ્રહ્મભાવમાં ગાળી
નાખે છે; આ છે કર્મ, ભકિત અને જ્ઞાનની ક્રમસાધના.

* * * *

કર્મયોગના સાધક ! તારા શરીરની કર્મપરાયણ અવસ્થામાં
સ્વાર્થની ગંધ ન રાખીશ. સ્વાર્થ એટલે જ ચિત્તનો અશુદ્ધ,
મલિનતાપૂર્ણ અંધકાર; સ્વાર્થને છોડ અને ચિત્તને શુદ્ધ કરી લે !

ધ્યાનયોગના સાધક ! ધ્યાન કરજે પણ ધ્યેયમૂર્તિને પ્રેમ-
ભકિતથી તરબોળ કરી દેજે; સંસારના બધા વિષયો પ્રતિ તને જે
પ્રેમ હોય, તે બધાને એકત્ર કરીને તારા ધ્યેયને પ્રિયતમ માનજે;
એમાં જ બધો પ્રેમપ્રવાહ વાળજે; એ પ્રેમભકિત વિના સાત્ત્વિક

ભાવ નહીં જાગે; તે વિના ભગવદ્દાનંદ નહીં મળે. સાવધાન; ધ્યાનમાં જડતા કે શુષ્કતા ન આવે. પરમાત્મા પરમ પ્રેમાસ્પદ છે, આનન્દકેન્દ્ર છે; એ આનન્દનો પ્રવાહ તારા ચિત્તમાં ઊતરશે; એની ધારાવાહી ગતિ તારા મન-પ્રાણમાં ઊતરશે એટલે તારામાં રસિકતા ઉભરાશે, શુષ્કતા અને જડતા નિર્મૂળ થશે.

આત્મસાક્ષાત્કારના જિજ્ઞાસુ! તર્કનો એટલો જ ઉપયોગ કરજે, જેટલો એ તને પરમ તત્ત્વનો નિશ્ચય કરાવે; રસસ્વરૂપ આત્મામાં જ મનોવૃત્તિને વાળતાં શીખવે; હૃદય ઊછળી ઊછળીને બ્રહ્માનન્દસ્વરૂપ બ્રહ્મવિદ્દમૂર્તિમાં એવું એકાકાર થાય કે જ્યાં બ્રહ્મ કે બ્રહ્મમૂર્તિ; વૃત્તિ કે સ્વરૂપવૃત્તિ;—એવી કશી ભેદભાવની ગંધ ન રહે. તું રસરૂપ છે તો રસિક થા! તું આનન્દરૂપ છે તો આનન્દ-મય બન; તું ચૈતન્યસ્વરૂપ છે તો વિદ્યુતત્ના જેવો, રસિક, પ્રેમા-નન્દી, ચમત્કારી બનીને વિચર; કારણ કે બ્રહ્મ નીરસ નથી; જડ નથી, શુષ્ક નથી; પણ પરમ રસરૂપ, ચૈતન્ય, આનન્દ અને સદા સર્વથા અવિદ્યા વિહીન પ્રકાશસ્વરૂપ સચ્ચિદાનન્દ છે.

૨

# ધર્મવિચારણા

શાંકર વેદાન્તના સિદ્ધાન્ત પ્રમાણે માનવજીવનનું પરમ અને અંતિમ ધ્યેય ' મોક્ષ ' છે. એ વિષે વર્તમાન યુગમાં ખૂબ જ ભ્રાન્તિ ચાલી રહી છે. સંસ્કૃત–પ્રાકૃત ભાષાના ગ્રન્થોનો અભ્યાસ કરવો, યુક્તિપ્રયુક્તિની આંટીઘૂંટી જાણીને ' અદ્વૈત ' સિદ્ધ કરવું, આત્મા એટલે જ બ્રહ્મ, એટલે બ્રહ્મ સિવાય બીજું બધું મૃગજળ, રજ્જુસર્પ કે શશશૃંગ જેવું મિથ્યા છે; એટલું બોલતાં શીખી લઇને શરીરના વ્યવહારને આત્માની સાથે કાંઇ સંબંધ નથી એમ માની લેવાય છે. શરીર તથા ઇંદ્રિયોનાં કર્મો ગુણોના પરસ્પરના વ્યવહારધર્મો છે, આત્મા એનાથી નિર્લેપ છે, એવી સાદી, વાણી-વિલાસમાં દેખાઇ આવે એટલી આવડત આવી એટલે મોક્ષ થઇ ચૂકયો એમ ઘણા માની બેસે છે. શરીરનાં કર્મો મને સ્પર્શ કરે એમ નથી, જેવું જીવાય તેવું જીવી લેવું એમાં વધારે ભાંજગડ શી કરવી, એવું પણ ઘણા બોલે છે. આવું ભ્રાંતિજ્ઞાન લોકસમૂહમાં જોઇને ઉપનિષદ્કાળના ઋષિઓએ, પુરાણકાળના વ્યાસોએ, ષડ્ દર્શનના દ્રષ્ટાઓએ, યોગગ્રન્થના પ્રણેતાઓએ, ભ. ગી. જેવી બીજી પણ અસંખ્ય ગીતાઓએ સંસ્કૃત-ભાષામાં, તથા અસંખ્ય સન્તોએ પ્રાકૃત ભાષામાં કઠોર શબ્દોથી આવા વાણીવિલાસમાં

રમનારા મિથ્યાચારી મોક્ષવાદીઓને વખોડી કાઢ્યા છે. ભૂતકાળમાં એવું હતું; વર્તમાનમાં એવું જ જોવામાં આવે છે; ભવિષ્યમાં પણ હશે જ;– એવું માનવા છતાં પણ આજકાલના ઋષિઓ, અવતારો, આચાર્યો અને સન્તોએ અમુક રીતે સાધનસંપન્ન થવા ઉપર આગ્રહ રાખ્યો છે. વિધિનિષેધ મુખની સાધનાનો રાજમાર્ગ પણ ઉદાર અને દયાળુ બનીને ગોઠવી આપ્યો છે; હજારો મનુષ્ય-માંથી કોઈ વિરલો સાધનમાર્ગે લાગે અને એવા અસંખ્ય સાધકો-માંથી પરમ તત્ત્વનો સાચો, શાસ્ત્રશુદ્ધ અનુભવ કોઇક જ કરી શકે, એવું ભ, ગી.માં અવતાર-શિરોમણિ શ્રીકૃષ્ણને પણ કહેવું પડ્યું છે.

ભૂતકાળમાં વર્ણભેદની સાથે આશ્રમવ્યવસ્થા હતી. એ વ્યવસ્થામાં સંયમ શીખાતો હતો. વર્તમાનકાળમાં મનુસ્મૃતિ જેવી આચારસંહિતા જેવા સ્મૃતિગ્રંથોનો અભ્યાસ અને તે પ્રમાણે જીવનકલા વિકસતી નથી; વ્યવસ્થા શિથિલ થઈ ગઈ છે અને રાજ્ય એનાથી પોતાને મુક્ત માને છે. તેથી એમાં ગોઠવી-રાખેલાં સંયમ –સદાચારનાં સૂત્રોનું પાલન આવશ્યક નહીં પણ યથેચ્છ થઇ ગયું છે; કશુંયે "ફરજિયાત" નહીં પણ બધું "મરજિયાત" બની બેઠું છે. બધી જીવન વ્યવસ્થા રાજ્યધર્મના કાયદાકાનૂનમાં બંધાઇ ગઇ છે.

ધર્મ અને રાજ્યની ધુરા સમકક્ષ રીતે ચાલે તો અન્યોન્યનાં સામર્થ્ય અને સહકારથી એક બાજુ પ્રજામાં સંયમ અને સદાચાર સચવાય, ત્યારે બીજી બાજુ રાજ્યસત્તાના પ્રભાવથી ધર્મપાલનની વ્યવસ્થા સુરક્ષિત રહી શકે, અને ધર્મરક્ષણથી પ્રજામાં નૈતિક બળનો સંયમ ઊપજે.

મોક્ષના સિદ્ધાન્ત માટે, એનાં સાધન માટે, તેમ જ એના

પાયારૂપ ધર્મપાલન માટે લોકસમૂહ ઉપર કોઈ પણ પ્રકારનું સત્તાબળ જોઈએ. રાજ્યના બંધારણમાં નીતિના નિયમો હોય છે જે ' કાયદાકાનૂન 'ના નામથી ઓળખીએ છીએ. એને માટે વેદોક્ત ધર્મમાં " સ્મૃતિ " એવો શબ્દ છે અને મનુ, જ્ઞાનવલ્કય, પારાશર વગેરે સ્મૃતિગ્રન્થો આપણાં ધર્મવિષયક નિયમન-વિધાન શાસ્ત્રો છે.

વ્યક્તિગત તેમ જ લોકહિત માટેના વિધિનિષેધ સમજાવતું, જીવનને કલ્યાણપંથે ચડાવે એવાં ધારાધોરણનું પાલન કરાવે એવું સદ્વર્તન તે ધર્મ. એના ક્રમબદ્ધ નિયમોની ગૂંથણી તે ધર્મશાસ્ત્રો.

ધર્મશીલ જીવનવડે વ્યવહારમાં ખમવાં પડતાં રાગદ્વેષાદિ દ્વંદ્વોના ચિત્ત ઉપર પડઘા ન પડે, ચિત્ત એનાથી પામર, દુર્બળ, ક્રૂર, હિંસક કે દુરાચારી ન બનતાં ઉત્સાહી, ધૈર્યવાન, વિવેકી, સશક્ત, દયાળુ, સેવાભાવી અને સદાચારી બનીને લોકસમૂહમાં સંગઠન અને સુખસમૃદ્ધિ વ્યવસ્થિત થાય એવું બને, એ છે ધર્મ અને ધર્મપાલનનો ઉદ્દેશ.

ધર્મનો વ્યવહારની સાથે સીધો સંબંધ છે. વ્યવહારની પ્રત્યેક ક્રિયા માનવજીવનમાં ધર્મ તરીકે ઓતપ્રોત છે. પણ પ્રાકૃત લોકસમૂહમાં, અરે ! ઘણી વાર વ્યવહારડાહ્યા કે ભણેલા કહેવાતા પણ બાહ્ય કર્મકાંડ, સંપ્રદાયનાં ચિહ્ન, અમુક વેશભૂષા, ખાદ્ય-અખાદ્યના વિધિનિષેધ, સ્નાનધ્યાન, દેવમંદિર કે તીર્થયાત્રાએ જવાના પ્રસંગોને જ ધર્મ માને છે એ નરી ભૂલ છે. એ જુદો પ્રશ્ન છે કે ધર્મશીલ મનુષ્ય ઇશ્વરપરાયણ હોય તો એનામાં વ્યવહારપક્ષે જોઇતા સદ્ગુણ સત્વર ખીલી નીકળે છે, પરન્તુ ઇશ્વરદર્શનને કે આત્મજ્ઞાનને માટે થનારાં પાઠ, પૂજા, માળા તિલક જેવાં કર્મકાંડ કે અમુક દેવદેવતાની ઉપાસના કે દર્શન માટેનો આગ્રહ એ વિષય તો મોક્ષની સાથે સીધો સંબંધ ધરાવે છે. ધર્મ તો જીવનશુદ્ધિ વડે અનુકૂળતા અને અધિકાર અપાવે છે.

ધર્મ અને મોક્ષ નામના બે પુરુષાર્થ વ્યવહારસિદ્ધિ માટેના અર્થ અને કામ નામના બીજા બે પુરુષાર્થના સંપુટ જેવા છે. અર્થ અને કામ જીવનયાત્રાનાં અમૂલ્ય અને અનિવાર્ય સાધનરત્નો છે, તો ધર્મ અને મોક્ષ એનું નિયમન કરીને સુરક્ષિત રાખવાની મહામોલી મંજૂષા છે-ઉપરનીચેનાં ઢાંકણાંવાળી ડાબલી છે. ધર્મ અને મોક્ષ વિના વ્યવહારમાં પ્રાણને મૂલ્યે મેળવેલાં અર્થ એટલે ધનવૈભવની સામગ્રી તથા કામ એટલે સગાં અને સ્નેહીવર્ગનો સમૂહ -એ બન્ને પવિત્ર, સુખકર, શાંતિ આપનાર અને સુરક્ષિત રહી શકતાં નથી. ધર્મ વિનાનું ધન અશાંતિ, અનિદ્રા, વ્યાધિ, ચિન્તા, લોકભય, વગેરેથી મનને ઘેરી લે છે; ધર્મ વિનાના સંબંધો મનુષ્યને એકલો, અટૂલો અને અતડો બનાવીને સુકાઇ ગયેલા ઠૂંઠા જેવો કરી નાંખે છે; એને નથી રહેતો આનન્દ કે નથી રહેતું ચિત્તવિરામ દ્વારા જીવનવિકાસ માટેનું કશુંય આલંબન. નિરાધાર, નિરાશ્રિત જેવો એ શુષ્ક માનવપ્રાણી હતાશા અને નિરાશાના નિઃશ્વાસ જ નાંખ્યા કરે છે.

* * * *

શાસ્ત્રોના બે વિભાગ છે; એક પ્રવૃત્તિપરાયણ અને બીજો નિવૃત્તિપરાયણ. તત્ત્વજ્ઞાનના અંતિમ નિર્ણય અને ધ્યેયથી માંડીને જન્મમરણ, સુખદુઃખ વગેરે માન્યતાવાળાં સંસારદ્વંદ્વ (બંધ)માંથી ચિત્તને મુકત કરવાનાં સાધનો, સાધન કરનારના પ્રયોગો, તેનાં ફળો, વિઘ્નો, ઉપાયો અને વ્યકિતઓનાં વૃતાન્તો જેમાં હોય, એ સંસારબંધનથી ચિત્તને મુકત એટલે નિવૃત્ત કરાવે છે, માટે એવાં બધાં પુસ્તકો શાસ્ત્રો નિવૃત્તિપરાયણ કહેવાય છે. ઇશ્વરભકિત કે આત્મજ્ઞાન વિષેનાં શાસ્ત્રો એ પ્રકારનાં છે.

પ્રવૃત્તિમાર્ગનાં શાસ્ત્રોમાં સમસ્ત કર્મકાંડ, સકામ ઉપા-

સનાઓ, અનુષ્ઠાનો, મંત્રતંત્રના પ્રયોગો વગેરે લોકપરલોકમાં ઐશ્વર્ય મેળવવા માટેનાં સાધનોનો વિચાર હોય છે. આ બન્નેને જો કે ભગવાન્ શંકરાચાર્યે પ્રવૃત્તિલક્ષણ અને નિવૃત્તિલક્ષણ ધર્મ કહ્યા છે, પણ નિવૃત્તિલક્ષણ ધર્મ એટલે મોક્ષવિષયક અભ્યાસ અને એનાં ફળ; અને લોકપરલોકની વિદ્યાઓ વિષેનો ધર્મ એટલે પ્રવૃત્તિ-લક્ષણ ધર્મઃ–આમ વિશેષ વિચાર કરી જોતાં જણાશે કે ધર્મ શબ્દની વ્યાખ્યા વ્યાપક હોવા છતાં પ્રવૃતિમાર્ગમાં માનવહિત અને લોકહિત સાથે લોકવ્યવસ્થાનો હેતુ છે, જ્યારે નિવૃત્તિમાર્ગમાં કેવળ એકાકી માનવને સંસાર–પરલોકના ચક્રમાંથી મુકિત અપા-વવાનો હેતુ છે. એટલે જ ઉપર લખ્યું છે કે પ્રવૃત્તિલક્ષણને ધર્મનાં અને નિવૃત્તિલક્ષણને મોક્ષનાં શાસ્ત્રો કહીએ તો જરાયે ખોટું નથી.

ધર્મમાં અર્થસંચય તથા પરિગ્રહની ને મોક્ષમાં વૈરાગ્ય અને ત્યાગની ભાવના છે. ધર્મમાં વર્ણ તથા જાતિવ્યવસ્થાની પ્રધાનતા છે, તો મોક્ષમાં વર્ણ નહીં, પણ આશ્રમક્રમને મુખ્ય માનીને બધા ધર્મ અધર્મ ગણાતા વિધિનિષેધથી પર બનીને અભેદભાવે સ્થિતિ સાધવાની સાધન સામગ્રી છે. આટલો વિવેક ન હોવાથી વર્તમાન યુગમાં જૂનવાણી વર્ગ મોક્ષને બહાને ધર્મ શબ્દ વાપરીને બાહ્ય આડંબરને જ મુખ્ય માની બેઠો છે. જ્યારે નવલો વર્ગ ધર્મ અને મોક્ષના નામમાત્રથી જ ભડકીને દૂર નાસ્યા કરે છે. પરિણામ એ આવ્યું છે કે બન્ને દિશામાં ભયંકર અજ્ઞાન ફેલાઇ રહ્યું છે, અને સાધન–સાધનાના અવિવેકથી કાર્યસિદ્ધિ ભાગ્યે જ થતી જોવામાં આવે છે.

ધર્મ કે મોક્ષ બન્ને માર્ગમાં સદાચારનો પાયો સૌથી પ્રથમ ચણી લેવાનો છે. ધર્મ એટલે જ સદાચાર અને સંયમશીલ જીવન. ધર્મપાલન કર્યા વિના મોક્ષના પ્રલોભનથી દોડધામ કરી મૂકનારો

વર્ગ કોઈવાર આળસ તથા પ્રમાદનો ભોગ બની બેસે છે, અથવા બાહ્ય આડંબરને જ મુખ્ય માનીને અર્થ તથા કામના પ્રારબ્ધ-પ્રધાન ક્ષેત્રમાં પ્રગતિ સાધવાના મિથ્યા પ્રયત્નો કરે છે.

વર્ષભરમાં આવતા દેવદેવતાઓની પૂજાના પ્રસંગો, અવતારોની જયન્તીઓ, 'વિશ્વશાંતિ' કે 'વિશ્વહિત'ના નવતર નામની ઓથે થતા યજ્ઞો, ભજનકીર્તનના બાહ્ય દેખાવ રૂપે થતી ક્ષુલ્લક રજોગુણી ચંચળતા એ બધાં ધર્મ કે મોક્ષ—એ બેમાંથી એકે ય માટેનાં સાચાં સાધન છે કે નહિ, એ મહાપ્રશ્ન કોણ ઉકેલી શકે એમ છે ?

શાસ્ત્રોનાં થોકબંધ પુસ્તકો છપાય છે. અવનવાં રોજરોજ ઢગલાબંધ બજારમાં આવી પડે છે; રાગરાગિણી કે વરઘોડા (?)ના આડંબરથી શોભામાં વૃધ્ધિ થાય છે—એમાં "નહિ મામા કરતાં ક્હેણો મામો સારો" એવો તુચ્છ, વ્યર્થ, મિથ્યા સંતોષ લેનાર વર્ગનો તોટો નથી પણ એથી જે શુધ્ધ ધર્મની પ્રણાલિકા આવા અવિવેકી વ્યવહારથી અસ્તવ્યસ્ત થઈને કંઈકનું કંઈક બની બેસે છે, એનો ઉકેલ શો ?

"ધર્મથી અવિરુધ્ધ એટલે ધર્મને અનુકૂળ એવો કામ તે ભગવદ્સ્વરૂપ છે" એવું ગીતામાં કહીને "બીજા બધા ધર્મોનો ત્યાગ કરીને તું મારા એકલા ( પરમાત્મતત્ત્વ )નું શરણ લે; હું તને મોક્ષ આપીશ." એવું ભગવાન્ સ્પષ્ટ કહે છે. એનો અર્થ એ થાય છે કે ધર્મ અને મોક્ષ એ બન્નેના હેતુ, સ્વરૂપ અને ફળ જુદાં જુદાં છે. ધર્મમાં વ્યવહારશુધ્ધિને મુખ્ય રાખીને ઈશ્વરપરાયણ રહેવાનું છે, જયારે મોક્ષમાં સાંસારિક બંધનના વ્યવહારનો સંન્યાસ કરીને તત્ત્વપરાયણ બનવાનું છે.

ધર્મ શબ્દની વ્યાપકતા એટલા માટે છે કે પ્રત્યેક વસ્તુ કે પ્રાણીમાત્રને ધર્મ હોય છે એને બદલે અધર્મનું કારણ આ પ્રમાણે છે. સંસારદ્વૈતમાં કંઇક એવું અનિર્વચનીય માયા–અવિદ્યા–અજ્ઞાનનું તત્ત્વ છે કે જેથી મનુષ્ય ધર્મને ભૂલી અધર્મને અવળે ચીલે જાય છે.

પંચતત્ત્વનો પ્રશ્ન લઈ જઈએ; આકાશનો ગુણધર્મ શબ્દ, વાયુનો સ્પર્શ, અગ્નિનો રૂપ, જળનો રસ અને પૃથ્વીનો ગંધ કહેવાય છે, એનો જ આપણે ધર્મ તરીકે વિચાર કરી જોઈએ. અગ્નિનો રૂપગુણ સિદ્ધ કરવા માટે વસ્તુના વર્તમાન રૂપને બદલવું પડે છે, અગ્નિમાં લાકડું નાંખીએ એટલે એનો આકાર બદલાય છે; આકાર ( રૂપ )ની સાથે નામ પણ બદલાય છે; અગ્નિનો બાળવાનો જે ગુણ છે એને ધર્મ પણ કહી શકાય. મંત્ર વગેરેના પ્રતિબંધથી અગ્નિના દાહક ધર્મને થોડા સમય માટે બંધ કરી શકાય એ છે એનો અધર્મ: પ્રચલિત અર્થમાં ગુણને જ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે.

માનવશરીરની રચનામાં કાનનો સાંભળવાનો ગુણ, ત્વચાનો સ્પર્શભાન થવાનો ગુણ, નેત્રનો રૂપ પારખવાનો ગુણ, જીભનો સ્વાદ ચાખવાનો ગુણ અને નાસિકાનો ગંધ સુંઘવાનો ગુણ, એ બધાં બીજી રીતે બોલીએ તો ધર્મ કહેવાય છે; તે તે ઈંદ્રિયો એનાથી વિપરીત જ્ઞાન મેળવે તો એ અધર્મ કહેવાય છે.

એવી જ રીતે અંતરમાં બુદ્ધિનો વિચાર, વિવેક અને નિર્ણય કરવાનો ધર્મ, અહંકારનો હું–પણું ધારણ કરીને બુદ્ધિ, મન કે ચિત્ત સાથે અભેદ અનુભવવાનો ધર્મ; મનનો કલ્પના, સંકલ્પ કે વિકલ્પ કરવાનો ધર્મ; ચિત્તનો સ્મરણ, ધ્યાન કે

અનુસંધાન રાખવાનો ધર્મ–આ બધાને ગુણ કહીએ તો અર્થ એક જ થઇ શકે એમ છે.

આવી જ રીતે 'સ્વભાવ' શબ્દ પણ ' ધર્મ'ને સ્થાને પ્રચલિત થયો છે; અગ્નિનો સ્વભાવજ બાળવાનો છે; જેવો જેનો સ્વભાવ તેવાં તેનાં કર્મ; સ્વભાવ, ગુણ, કર્મ–બધાં ધર્મને માટે વપરાતાં નામ હોવા છતાં ધર્મ એ કહેવાય કે જે પદાર્થ કે વ્યકિતની સાથે સહજસ્વભાવે નિત્ય રહે તો જ એની ઉન્નતિ થાય; એમાં અધર્મ થતાં એની અધોગતિ અને નાશ કે રૂપાંતર થાય. વિરોધી ભાસતો સ્વભાવ અધર્મ ગણી શકાય છે. આપણે મનુષ્યના ધર્મની વાત કરીએ:–

(૧) મનુષ્યનાં જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, મન, બુધ્ધિ, ચિત્ત, અહં-કાર, જીવભાવ એ બધાંયનો ધર્મ વિચારવો જોઇએ.

(૨) અન્નમયકોષને અન્નથી પોષણ મળે તેમાં યુક્તાહારનો ધર્મ સંભાળવો પડે.

(૩) પ્રાણમયકોષનો વિચાર કરીએ ત્યારે શરીરને સજીવન રાખનાર મુખ્ય પ્રાણમાંથી શરીરમાં સ્થાનપરત્વે પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાનના ધર્મો તથા નિત્યપ્રતિ લેવાતા ૨૪૦૦૦ શ્વાસ તથા ઉચ્છ્વાસ માટે વિશુધ્ધ વાયુ, ફેફસાંને ચોખ્ખાં અને બળવાન બનાવવા માટેની પ્રાણાયામવિધિની ક્રિયા, શકિત વધારવા માટે યુકતવિહારનો વિવેક–આવાં બધાં કર્મને પ્રાણમય કોષનો ધર્મ કહેવો પડે. એની સાથે કર્મેન્દ્રિયો પણ ક્રિયાવાન રહે એની સાવધાનતા રાખવી જોઇએ કારણ કે એનો પણ એ કોષમાં સમાવેશ થાય છે.

(૪) મનોમય કોષનો વિચાર કરતી વખતે મન તથા પાંચ કર્મે-

સા. ૬

ન્દ્રિયો પોતપોતાના ધર્મમાં સાવધાનતાથી પ્રવર્તી રહે એનો વિચાર કરવો જોઇએ; મનમાં સંકલ્પો શુદ્ધ ઊઠે, કર્મેન્દ્રિયોની ક્રિયા સશકત અને શુદ્ધ હેતુપૂર્વકની હોવી જોઈએ, એ એનો ધર્મ છે.

(૫) વિજ્ઞાનમય કોષનો વિચાર કરીએ ત્યારે બુદ્ધિ પોતાના વિવેક-જ્ઞાનથી સારાસાર, શુભાશુભ, નિત્યાનિત્ય કર્મફળ માટે પ્રવર્તી રહે, ત્યારે એનો એ ધર્મ કહેવાય.

(૬) આનન્દમય કોષનો ધર્મ તો ચોખ્ખો છે. થાકયાપાકયા, દુ:ખી અને ચંચળને સુષુપ્તિમાં લઇ જઈને વિશ્રાંતિ, શકિત તથા આનંદનો ભોગ કરાવીને સમસ્ત અંગ–ઉપાંગને તાજાં કરવાં એ એનો ધર્મ છે.

અને સૌને સમેટી લેતાં, જાગ્રત દશામાં હું-પણાના ભાવથી પૂર્વસંસ્કાર પ્રમાણે માનવીએ ચારેય કોષ જેવા મળ્યા હોય તે બધાંની સાથે અભેદ સાધીને "હું કરું છું, ભોગવું છું, વિદ્વાન્ છું, વિવેકી છું" એવું કર્તા ભોકતા તથા જ્ઞાતાનું અભિમાન ધારણ કરનાર જીવાત્માનો ધર્મ પણ જોવો જ પડશે. પ્રત્યેક જ્ઞાન, ઇચ્છા કે ક્રિયાની પીઠ પાછળ, બધાંને પ્રેરણા આપીને કર્મમાં પ્રવૃત્તિ કરાવનાર તો સચ્ચિદાનન્દની પ્રબળ વાસના છે. એ સચ્ચિદાનન્દ શરીરમુકત પોતાનું આત્મસ્વરૂપ જ છે, એવું એ જાણતો નથી; એવું અજ્ઞાન અસંખ્ય જન્મોથી, અનાદિ કાળથી એ વ્હોરી બેઠો છે, એ છે અધર્મ. એનું વિવેકજ્ઞાન અને અનુભવ-જ્ઞાન થાય, એની પ્રાપ્તિ માટે જીવન જીવાય ત્યારે એ ધર્મ કહેવાય છે.

* * * *

માનજીવનનું ધ્યેય શું ? જન્મતાં વેંત એ જે જે ક્રિયાઓ કરે છે, એની પાછળનો હેતુ તો આનન્દભોગ જ છે ને ? એને માટે બધાં નિવૃત્તિપરાયણ શાસ્ત્રોમાં પૃથક્કરણ કરીને સિદ્ધ કર્યું છે કે પાંચે કોષનો વ્યવસાય અને વ્યવહાર કેવળ સચ્ચિદાનન્દભોગની પ્રાપ્તિ માટે છે અને એનું પ્રાપ્તિકેન્દ્ર પોતે જ છે; છતાં એ ન જાણતાં, ( એનું અજ્ઞાન હોવાથી ) શરીરની બાહ્ય ચેષ્ટામાં એ ક્યાંક એને સાંપડશે એવા ભ્રાન્તિજ્ઞાનમાં ફાંફાં મારે છે; એ જ છે અજ્ઞાન, માયા, અવિદ્યા–જે કહો તે અને એ જ છે અધર્મ.

એવા અધર્મમય જીવનમાંથી ઉગારીને અજ્ઞાનમાંથી મોક્ષ મળી શકે એવી રહેણીકહેણી ગોઠવી આપીને પૂર્વાચાર્યોએ જીવન-ક્રમ ગોઠવી આપ્યો છે, સદાચારનાં વિધિવિધાન સમજાવી આપ્યાં છે. પ્રત્યેક કર્મમાં સાવધાન રહીને વિવેક કેળવવાનું કહી ગયા છે. દુ:ખમાંથી બચીને ભવિષ્યમાં સચ્ચિદાનન્દ ભોગવાય એવી જીવ, જગદીશ અને જગત માટેની સૂક્ષ્માતિસૂક્ષ્મ અને વિશુદ્ધ સાધન-પ્રણાલિકા–અને તે પણ અનુભવપ્રમાણવાળી ઉપદેશી છે. એ બધાં શાસ્ત્રો ધર્મ અને ધાર્મિક જીવનનાં પ્રવૃત્તિશાસ્ત્રો કહેવાય છે.

ધાર્મિક જીવન ગાળીને, જીવ, જગદીશ અને જગતનું શુદ્ધ સ્વરૂપ જાણ્યા પછી, ધર્મજીવનમાં મળતાં સાત્ત્વિક ગુણનાં ફળ જેવાં સ્વર્ગસુખમાં, અવતાર કે આચાર્યકોટિએ પહોંચતાં સહજ આવી મળતાં (૧) જ્ઞાન, (૨) ઐશ્વર્ય, (૩) શકિત, (૪) બળ, (૫) વીર્ય અને (૬) તેજ-એ છ ઐશ્વર્યમાંથી એકાદમાં પણ ફસી ન પડાય, બધાં દ્વંદ્વથી મુકત બની શકાય, અને તે ત્યારે જ થાય કે જયારે જગદીશ અને જીવ જેવા ભેદનો જ્ઞાનપૂર્વક નિરાસ થાય, એવાં ગ્રન્થરત્નો જે છે તે નિવૃત્તિપરાયણ શાસ્ત્રો કહેવાય છે.

માનવજીવનને મોક્ષપરાયણ થવા ધર્મના અનુશીલનની

વિશેષ આવશ્યકતા છે; અસત્ય, અશક્તિ, દંભ, કપટ, દુરાચાર, દુર્બળતા વિષયાંધ મનોવૃત્તિ જેવા અધર્મ--અજ્ઞાનના :મિથ્યા જ્ઞાનમાંથી ઊભાં થયેલાં અનિત્ય કર્મલક્ષણોને જીવનમાંથી નિર્મૂળ કરવા માટે ધર્મ જોઇએ. ધર્મનું અનુશીલન જીવનમાં કરવા માટે મનુસ્મૃતિ વગેરે શાસ્ત્રો છે અને મોક્ષશાસ્ત્રોમાં પણ સર્વત્ર એ પાયાના જીવનચણતર માટે, સૌથી પ્રથમ જે સાધનસંપદ્ ઉપર ભાર મૂકયો છે એ પણ એટલા જ માટે કે ધર્મપાલનમાં થોડી પણ ઊણપ કે કચાશ રહી હશે, તો મોક્ષ મેળવવાના પુરુષાર્થનો આખો ઘાણ બગડશે. કર્યું કારવ્યું ધૂળ થશે, અને પહેલે પગથિયેથી લપસી પડનારના કરતાં સૌથી ઊંચે-સાતમે પગથિયેથી પડનારના હાથપગ કે હાડકાં પણ સલામત રહેતાં નથી, એ કયાં કોઇને શીખવવું પડે એમ છે ?

અધર્મમાં સર્વનાશ; ધર્મમાં સર્વસ્વ પ્રાપ્તિ; અધર્મમાં હેતુ અશુદ્ધ; ધર્મમાં હેતુ શુદ્ધ અને શાસ્ત્રોક્ત; અધર્મનો પંથ હાહાકારથી ભરેલો, દુઃખના અવધિ જેવો; ધર્મનો પંથ સુખપૂર્વક જીવનયાત્રા કરાવે એવો; અને ધર્મનો જ સદાચારી માર્ગ એવો છે કે જે જીવનના અંતિમ લક્ષ્ય મોક્ષને સાક્ષાત્ અનુભવમાં ઉતારે છે.

વ્યવહારમાં, સમાજના મધ્યમાં, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સ્વહિત અને લોકહિત રક્ષિત રહે, ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને સૌને પરસ્પર અનુકરણીય નીવડે એ ધર્મનો માર્ગ; પુરુષાર્થના ચાર પ્રદેશમાં ધર્મને પ્રથમ સ્થાન આપીને અર્થ અને કામને એટલા માટે વચમાં મૂકયાં છે કે ધર્મપાલન કરીને જ એ બન્નેના જીવનવિહારમાં સુખપૂર્વક મ્હાલ્યાં કરવું જોઇએ; એવું ધર્માચરણ થાય તો અસંખ્ય લોકસમૂહ, પંચતત્ત્વોના આઘાત-પ્રત્યાઘાત અને આસુરી-રાક્ષસી સ્વભાવનાં પ્રાણીઓની વચ્ચોવચ જીવન

ગાળનારને જે દ્વંદ્વ સ્વાભાવિક રીતે જ આવ્યા કરે એનું ધર્મપાલન કરતાં કરતાં પણ નિવારણ ન થઈ શકે એમ નથી. ક્ષણે ક્ષણે વિઘ્નો ઉપર વિઘ્નો આવે, ત્યારે એ બધાય પ્રશ્નોનો ઉકેલ લાવીને જીવાત્માના પોતાના અજ્ઞાનનો છેવટનો અંત લાવવાનું જ્ઞાનરહસ્ય સમજાવે, એ છે ચોથો પુરુષાર્થ મોક્ષ.

ધર્મનો વ્યવહારમાં અને માનવજીવનમાં બહુ જ વ્યાપક અર્થ થાય છે; પ્રત્યેક ક્રિયા સાથે એનો સંબંધ છે; ધર્મની રીતે જીવનશુદ્ધિ ન કરી હોય તો વ્યવહારમાં જ દુઃખના ડુંગર ખડકાય છે. પરલોક કે પુનર્જન્મની વાત ઘડીભર ન માનીએ તો પણ સામાન્ય બુદ્ધિથી સમજાય એવી વાત છે કે જેને સુખી થવું હોય; બીજાની પાસેથી સંપ, સહકાર તથા સભ્યતાની આશા રખાતી હોય, તેણે અન્ય પરત્વે એનાથી વિશેષ ઉદાર બનીને સદ્ગુણભર્યાં વર્તનથી જીવતાં શીખવું જોઈએ. આ વિશ્વ આપણા જીવનનું જેમાં સાક્ષાત્ પ્રતિબિંબ પડે એવું પ્રત્યક્ષ દર્પણ છે. પ્રત્યેક માનવી પશુ, પક્ષી કે પ્રાણીના હૃદયમાં આપણે જેવા હોઈએ એવું પ્રતિબિંબ પડે એવો એનો અર્થ નથી, પણ જેઓ વિશુદ્ધચિત્ત સજ્જન છે, આપણે જે સદ્ભાવ, સદ્વર્તન અને સત્કર્મની અન્યની પાસેથી આશા રાખીએ છીએ, એ બધાં જેમની પાસેથી વણમાગ્યાં અને અણધાર્યાં આવી મળે એમ દેખાય છે, એવા મહાપુરુષોનાં ચિત્ત આપણાં જીવનચિત્ત માટે દર્પણ સમાન છે. એમના ચિત્તમાં આપણે જેવા હોઇએ તેવો આભાસ પડે છે, એટલે એમના અભિપ્રાયનું મૂલ્યાંકન આપણે અવશ્ય સ્વીકારવું જોઇએ. અને એ રીતે આપણા જીવનનું ચણતર, ઘડતર થવું જોઈએ.

ભૂતકાળમાં આવા સજ્જનો થઇ ગયા છે, એમણે પ્રયોગ તથા ફળ-પરિણામ વડે પોતાના જીવનને ધન્ય બનાવીને જે ઉદ્-

ગારો, ઉલ્લેખો અને ઉન્નતિનાં વિધિવિધાનો ગોઠવી રાખ્યાં છે, એ બધાં આપણા ધર્મના માર્ગદીપક જેવાં અણમોલ શાસ્ત્રો છે. આટલી દષ્ટિ રાખીએ તો પણ મનુષ્યને વ્યવહારશાસ્ત્ર ધાર્મિક બનવાની ફરજ પાડે છે, એમ સમજાય એવું છે. ધર્મ એટલે જ માનવજીવન અને માનવજીવન એટલે જ ધર્મ એ મહાસૂત્ર જેટલું સુરક્ષિત રહે, એટલું મનુષ્યનું પોતાનું અને સમસ્ત સમાજનું ઐહિક આત્મિક કલ્યાણ છે; જેટલું એ ભૂલી જવાય અને અધર્મને પંથે આંધળી દોટ મુકાય એટલો માનવજીવનનો નાશ, અને સમાજનો પશુધર્મમાં પ્રવેશ.

મનુષ્ય જન્મથી રજોગુણી કહેવાય છે. જેનામાં મૃત્યુ સમયે રજોગુણની વિશેષતા હોય તો જીવાત્મા મનુષ્યલોકમાં જન્મ પામે છે એ વિષે થોડો વિચાર કરીએ. ત્રણ ગુણ પ્રમાણે સ્વભાવ બંધાય છે. સ્વભાવ પ્રમાણે મનુષ્ય તે તે ગુણવાળાં કર્મ કરવા પ્રેરાય છે. ગીતા અધ્યાય ૧૪માં જુઓ. મૂળ શ્લોકોના અર્થ નીચે પ્રમાણે છે:

"(મનુષ્યમાં) સત્ત્વગુણ વધારે હોય ત્યારે જો એ મૃત્યુ પામે તો ઉત્તમ અને પવિત્ર જ્ઞાનવાળા લોકો (જનસમૂહ)ને પામે છે. (૧૪) રજોગુણ વધ્યો હોય તેવે સમયે મૃત્યુ આવે તો કર્મમાં જ આસક્તિવાળા (પૃથ્વી)લોકમાં જન્મે છે અને તમોગુણ વધેલો હોય ત્યારે મૃત્યુ પામે તો મૂઢ (અધર્મી અને અજ્ઞાની એવા મોહમાં ફસેલા) શરીરોમાં જન્મે છે. (૧૫) સત્ત્વગુણનાં સુકૃતનું ફળ નિર્મળ, રજોગુણનું ફળ દુઃખ અને તમોગુણનાં કર્મનું ફળ અજ્ઞાન છે. (૧૬) સત્ત્વગુણથી જ્ઞાન ઊપજે છે રજોગુણથી લોભ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન થાય છે. (૧૭) સત્ત્વગુણી ઉન્નતિ પામે છે; રજોગુણ મધ્યમાં (એટલે જયાં જેવો હોય તેવો જ) રહે છે અને હિંસક ગુણ તથા વૃત્તિવાળા તમોગુણી નીચે પડે છે. (૧૮)"

ભગવદ્દગીતાનું આ વિધાન સમજીને નિત્યના વ્યવહારમાં ધ્યાનમાં રાખવાનું છે. મનુષ્ય અને પશુ વચ્ચે ચાર સામાન્ય વૃત્તિવ્યવહાર હોય છે. તમોગુણી વૃત્તિ વડે (૧) આહાર અને (૨) નિદ્રા; રજોગુણી વૃત્તિનાં (૩) ભય અને (૪) મૈથુન; તથા સત્ત્વગુણી વૃત્તિનાં કર્મો (૫) જ્ઞાનેચ્છા અને (૬) આત્મસુખ છે, એવો પ્રકૃતિનો નિયમ છે. હવે વિચાર કરતાં જણાશે કે પૃથ્વી ઉપર જન્મેલો સામાન્ય મનુષ્ય અત્યારે છ વૃત્તિઓથી ઘેરાયેલો છે; ધર્મમાર્ગે ચઢેલા મનુષ્યે વિચાર કરીને તમોગુણ અને રજોગુણનાં વૃત્તિ તથા કર્મોનો સત્ત્વગુણી કર્મોથી સંયમ કેળવીને સદાચારી બનવું જોઇએ. (૧) આહાર, (૨) નિદ્રા, (૩) ભય, (૪) મૈથુન, (૫) જ્ઞાનેચ્છા ( તત્ત્વજિજ્ઞાસા ) અને (૬) આત્મસુખ, આ છ વૃત્તિઓમાં કયાં કયાં કર્મ જન્મજાત તથા પ્રકૃતિપ્રેર્યાં એટલે સ્વાભાવિક છે અને કેટલાં નિષ્ફળ થઇ શકે એમ છે એનો વિવેક કેળવવો જોઇએ.

(૧) આહાર : એ તમોગુણી કાર્ય હોવા છતાં એનો નાશ થઇ શકે એમ નથી; પરંતુ તમોગુણી અને રાજસિક ખાનપાનમાં સત્ત્વગુણી આહારથી પરિવર્તન કરવાથી એ કર્મ રહેવા છતાં જીવનમાં બાધક નીવડતું નથી. આહાર દેહપોષણ માટે આવશ્યક છે, પરંતુ જો તામસિક, રાજસિક આહાર પ્રતિ રુચિ હોય તો મનુષ્ય ઉન્નતિ નથી કરતો એટલું જ નહિ પણ આગળ જતાં એમાં વધારો થાય છે અને બીજે જન્મે પશુયોનિમાં સહજસ્વભાવે જન્મે છે; જયાં એને તામસિક આહાર જ મળી રહે છે.

(૨) નિદ્રા : આ વૃત્તિ–કર્મ પણ દેહરક્ષણ માટે આવશ્યક છે; એનો નાશ થઈ શકે એમ નથી. એ વૃત્તિનો સંબંધ આહાર સાથે ખૂબ જ ઘનિષ્ટ અને નિકટનો છે; આહારમાં જેમ ગુણભેદ છે, તેમ અગ્નિ, જળ અને પૃથ્વીનાં ત્રણ તત્ત્વોની વધઘટ છે. જેના

આહારમાં પૃથ્વી તત્ત્વની જ અધિકતા હોય, તેને પૃથ્વીમાતા પોતાના ખોળામાં સત્વર નાંખી દે છે. એને પૃથ્વી ઉપર લાંબો કરીને સુવડાવી રાખે છે એથી પ્રમાદ, આળસ અને મોહ વધતાં જાય છે. એટલા માટે આહાર જેટલો સાત્ત્વિક, જેટલી એમાં અગ્નિ અને જળતત્ત્વની સમાપ વિશુદ્ધિ, એટલી એ મનુષ્યની નિદ્રા ઓછી અને સાત્ત્વિક. ધર્મશાસ્ત્રોમાં વ્રત, તપ, ઉપવાસ વગેરે રાખીને આહારનું સમતોલપણું કરાવીને યુક્તાહાર પ્રમાણે મનુષ્ય-જીવન ઘડવાનું એટલા માટે કહ્યું છે કે જેથી જોઇએ તેટલા પ્રમાણમાં જ નિદ્રા લઈ શકાય, અને સ્ફૂર્તિ વિશેષ રહે.

આહાર અને નિદ્રા બન્નેનો વિચાર આયુર્વેદના સિદ્ધાંત તથા શાસ્ત્ર સાથે સંબંધ ધરાવે છે, છતાં પણ ધર્મશાસ્ત્રોમાં, અરે ! આપણી અલૌકિક દિવ્ય માતા ભગવદ્ગીતા પણ એ વિષયમાં પૂરતી સમજણ આપે છે. આ બે તમોગુણી વૃત્તિઓનું સત્ત્વગુણી વૃત્તિ વડે સંશોધન કરવાથી મનુષ્ય ધાર્મિક બને છે, એ વિષે પૂરતી સમજણ મેળવી લેવી જોઈએ.

(૩) ભય : દીર્ઘ નહિ પણ નિત્ય જીવનની ઇચ્છા એ મનુષ્યમાં સ્વાભાવિક રીતે ઓતપ્રોત છે. મનુષ્યોનો તમોગુણી રજોગુણી વૃત્તિનો આહારનિદ્રા વડે જીવવાનો ક્રમ ચાલતો હોય, છતાં ઇચ્છા હોય શતાયુ થવાની, એ નર્યું અજ્ઞાન છે. ઈચ્છા સાચી અને સારી છે, પણ કેવી રીતે જીવવાથી, કેવી રીતનાં આહાર –નિદ્રાથી દીર્ઘાયુ પ્રાપ્ત કરી શકાય એ વિષેનું જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી દીર્ઘાયુ થવાની આવડત આવતી નથી. જીવવું છે સો વર્ષ, પણ મૃત્યુનો ભય રહે છે ક્ષણે ક્ષણે. તેથી એમાં આહાર –નિદ્રાની સાત્ત્વિકતા ન હોય તો વ્યાધિ અને કલેશથી જીવન ઘેરાઇ જાય છે. એ ભયને ઉપયોગી ગણીને ભક્તિને કે ધર્મને પંથે

ચાલવા માટે મહત્ત્વ અપાયું છે, કે મનુષ્ય પ્રત્યેક ક્ષણે અધર્મથી બચીને ધર્મને પંથે જીવન ગાળવાની સાવધાનતા રાખે, સંસારમાં સુખ મેળવવા માટે જીવવું છે, એટલું જ ઇષ્ટ નથી પણ જીવનમાં ધર્મની કમાણી કરવા જીવવું છે, એ ઉદ્દેશ છે. માનવજીવનની મહત્તા જ એમાં છે. મૃત્યુનો ભય રાખવો ઈષ્ટ ખરો, પણ જો ધર્મજીવન જીવાતું હોય તો ભય ક્યાં છે ? કલ્યાણને પંથે પડેલો જીવાત્મા, દુર્ગતિ એટલે નીચે જતો નથી, એવું ભગવદ્‌વાક્ય છે. તો પણ મૃત્યુ પછી અહિત થશે, સારો જન્મ નહીં મળે એવો ભય શા માટે ? મરણનો, વિષયસુખનાં સાધનના અભાવનો, નિંદાનો કે એવી બીજી ઐહિક હાનિનો ય જે ભય છે, રજોગુણનાં વૃત્તિ તથા કર્મ છે, એ ભય ત્યારે જ નીકળે જયારે મનુષ્ય સાત્ત્વિક બને, ધર્મશીલ અને, શુધ્ધ ચિત્ત બને અને શ્રધ્ધાળુ બને કે હું ધર્મને માર્ગે છું એટલે મારી તો ઉન્નતિ જ છે. મને કશો ઐહિક, પારલૌકિક ભય છે જ નહિ કારણ કે હું કલ્યાણકૃત છું.

(૪) મૈથુન : પ્રજોત્પત્તિની આ જાતીય વાસના દ્વૈતમય સંસારના મૂળમાં રહેલી છે. આનો પણ આહાર-નિદ્રા સાથે સંબંધ છે અને એ વિશેષ ભાવે છે. ભય અને મૈથુન એ બંને વૃત્તિઓ જયાં સુધી આત્માનું અમરત્વ અને અજાતીય સ્વરૂપ ન સમજાય, અથવા શાસ્ત્રોક્ત આદેશ પ્રમાણે ઇંદ્રિયસંયમ ન શીખાય, આહાર–નિદ્રામાં યોગ્ય રીતે વિવેકશીલ ન થવાય, ત્યાં સુધી એ બે વૃત્તિઓ, જે મન સાથે જ સીધો સંબંધ રાખે છે, તે જતી નથી. આહાર તથા નિદ્રાવાળી બે વૃત્તિઓ તમોગુણી છે એટલું જ નહીં પણ સ્થૂલ શરીર સાથે સંબંધ રાખે છે, જયારે ભય અને મૈથુનવૃત્તિઓ અને કર્મોનો ઉદ્‌ભવ સૂક્ષ્મશરીર સાથે છે. માનસિક વલણ સાથે જ એને સીધો સંબંધ પુનર્જન્મની માન્યતામાં, ઇશ્વરના અસ્તિત્વમાં, કર્મ તેવા ફળભોગમાં ગુણના પ્રભાવમાં, અને ધર્મઅધર્મના પરિણામમાં

શ્રદ્ધા તથા જ્ઞાન ન હોય, ત્યાં સુધી આ આ બે મનોવૃત્તિઓનો નાશ તો શું પણ એના ઉપર સંયમ પણ આવતો નથી.

આ બન્ને વૃત્તિઓ મિથ્યાભ્રાંતિ છે : ભય શાનો ? મૃત્યુનો ? —ના, આત્મા તો અમર છે; ભય શાનો ? દુઃખનો ?—ના; કારણ કે આત્મા જ સચ્ચિદાનંદ છે; અપમાનનો ? ના; કારણ કે શરીર તો નરકભંડાર હોઇ અપમાનને જ યોગ્ય છે, આત્મા અમાપ હોઈ એનું કોઇ માપ, મોટપ, મહત્તા સમજીને માન ( માપ ) આપી શકતું નથી. આવી રીતે આત્મા અને શરીર, એ બેનો વિવેક આવે તો અનાત્મા ( શરીર )નો વૈરાગ્ય અને આત્મા ( પરમાત્મા )ની ભક્તિ ( જ્ઞાન ) મનમાં ઊપજે, એટલે ભય નિર્મૂળ થઇ શકે છે.

મૈથુનની વાસના પુરુષપ્રકૃતિનાં પ્રતીક જેવાં નરનારીના શરીરભાવમાંથી ઉદ્‌ભવે છે. જ્યાં સુધી હું શરીર છું અને આત્મા નથી એવું અજ્ઞાન મુખ્ય ભાગ ભજવે, એની સાથે સાથે શરીર-ભાવને ભૂલવા માટે ઇશ્વરસ્મરણ કે આત્મભાવની જાગ્રતિ ન થાય, મનોવૃત્તિ પોતાનું સ્વરૂપ ન બદલે, ત્યાં સુધી જાતીયવાસના ઉપર સંયમ આવી શકતો નથી. હજારોમાં વિરલો જ એને નિર્મૂળ કરવા પરિશ્રમ કરે છે અને એવા વિરલાઓમાંથી કોઇ વીરપુરુષ જ સર્વાંશે વિજયી નીવડે છે. એ નિર્મૂળ થઇ શકે છે એમ ઋષિ-મુનિઓ, અને સન્તોના અનુભવની વાત સાક્ષી પૂરે છે. બ્રહ્મચર્ય-પાલન ઉપર શાસ્ત્રો અત્યંત ભાર મૂકે છે એટલું જ નહિ, પણ એ વાસના ધર્મથી વિરુદ્ધ ન હોવી જોઈએ એમ ભગવાન કૃષ્ણ ભ. ગી.માં કહે છે કારણ કે એવો ધર્મ જ પરમાત્માનું સચ્ચિદાનન્દ-સ્વરૂપ છે ( ભ. ગી. અ. ૭ શ્લોક ૧૧. )

ધર્માચરણમાં સંયમ જોઇએ. આમાં પણ આયુર્વેદના આરોગ્ય-સિદ્ધાંતની, આહારપદ્ધતિની તેમ જ સાત્ત્વિક આહારના નિયમ-

પાલનની ખાસ આવશ્યકતા રહે છે: ત્યાર પછી આશ્રમધર્મ પ્રમાણે બ્રહ્મચર્યપાલનના નિયમો સુરક્ષિત રીતે જીવનમાં ઊતરવા જોઈએ અને ઉપાસનામાર્ગમાં પરમ તત્ત્વને સ્ત્રીલિંગ માનીને માતૃત્વનું પદ આપવાની જે પ્રણાલિકા ચાલી છે, એમાં પણ બ્રહ્મચર્યપાલનનો જ મુખ્ય હેતુ છે. જગતનાં પ્રાણીપદાર્થોને માતૃસ્વરૂપે જોવાં, નિહાળવાં, માનવાં અને અનુભવવાં એ શક્તિપૂજાનું મહત્ત્વ અને સર્વોત્તમ રહસ્ય છે; પુરુષપ્રકૃતિના નરનારી જેવા પુલ્લિંગ-સ્ત્રિલિંગના-ભેદભાવને ભૂલવા માટે ઇશ્વરની ઉપાસના છે; સુખનું કેન્દ્ર ભગવાન કે આત્મા છે, એ રહસ્યમાં અજાતીય નિષ્કામ અનુભવ ભર્યો છે; ઇશ્વર સચ્ચિદાનંદમય હોવાથી મનોવૃત્તિમાં એ ભરપૂર રીતે ભકિતનો પ્રવેશ કરે તો જાતીયવાસના ઉપર શરૂઆતથી જ સંયમ આવવા માંડે છે. પરમાત્માની સર્વવ્યાપકતા સ્વીકારવાથી બ્રહ્મચર્યપાલન સમયે સાવધાનતા રહે છે અને અંતરથી તૃપ્તાનંદ રહેલી મનોવૃત્તિ એવા શારીરિક વાસનાકર્મમાં પ્રવૃત્ત જ થતી નથી. એથી પણ ઊંચે ઊડીને વિચાર કરીએ તો અનેરાં અલૌકિક ઊંડાં રહસ્યો છે અને એટલી જ સાધના સફળ, સરળ અને ઊર્ધ્વ-ગામી બને છે. જાતીયવાસનાથી પર ઊઠવા માટે, બ્રહ્મ (આત્મા )નો અલિંગી, અજાતિ અને અરૂપીભાવે અનુભવ કરવાનું નિદિધ્યાસન જોઈએ. પણ એ વાત મોક્ષને લગતી છે તેથી અહીં અસ્થાને છે.

આ બન્ને રજોગુણી વૃત્તિઓ માનસિક હોવાથી એનો નાશ જે સત્ત્વગુણી વૃત્તિઓથી થઇ શકે છે એનો વિચાર કરીએ.

(૫) જ્ઞાનેચ્છા : આ ઇચ્છા માનવીને પ્રથમ સંસારની વિવિધ વિદ્યાઓના જ્ઞાનની પ્રેરણા કરે છે; વેદાંગનું જ્ઞાન મેળવીને ભૌતિકક્ષેત્રમાં સફળ મનોરથ થવા માટે એ હમેશાં ઉત્સુકતા અપાવે છે. ધર્મપાલન માટેનું જ્ઞાન, એના ફળનું જ્ઞાન, પુનર્જન્મ,

ઇશ્વરની સત્તા, લોકપરલોકનાં રહસ્યો, અધોગતિ –ઉન્નતિના માર્ગો અને સાધનો વગેરે જાણવાની ઈચ્છા થાય એ જ્ઞાનેચ્છાની સત્ત્વગુણી વૃત્તિ છે. ઉપનિષદ્‌માં બે પ્રકારની વિદ્યાઓ વર્ણવેલી છે : અપરાવિદ્યા એટલે સાંસારિક ક્ષેત્રના ઉપયોગમાં આવતી, વ્યવહારને ધર્મમાર્ગે સુરક્ષિત રાખે એવી વિદ્યાઓ; અને એની સંખ્યા એક કરતાં વધારે છે; જ્યારે પરાવિદ્યા એટલે મોક્ષવિષયક વિદ્યા જે કેવળ એક જ છે; એક જ પ્રકારની છે; કારણ કે એમાં લક્ષ્ય એક પરમાત્મા જ છે. બ્રહ્મ એક અને અદ્વિતીય છે, એનું જ્ઞાન પણ અલૌકિક અને અદ્વિતીય હોઇ અદ્વૈત છે. અસંખ્ય જન્મજન્માતરમાં ધર્મપાલન કરીને તમોગુણ તથા રજોગુણની વૃત્તિઓ અને કર્મોથી મુકત બનીને સત્ત્વગુણી વૃતિ તથા કર્મને અંતિમ પગથિયે આવી ઊભેલો સાધક સત્વર અને સ્વાભાવિક રીતે જ મોક્ષજ્ઞાનનો અધિકારી બને છે. આવી પરાવિદ્યાની ઇચ્છા કરવી કે થવી એનું નામ છે તત્ત્વજ્ઞાનેચ્છા અથવા બ્રહ્મને જાણવાની ઈચ્છા એટલે જિજ્ઞાસા.

(૬) સુખ : આ સુખ ઇંદ્રિયસુખ નથી; કારણ આહાર, નિદ્રા, ભય કે મૈથુનમાંથી મેળવેલું, ઇંદ્રિયભોગને અધીન રહેતું, તેમ જ વિષયોમાંથી ઊપજેલું તેથી ઉત્પત્તિવિનાશવાળું સુખ નહિ, પણ જેમાં ઇંદ્રિયોનો સંયમ રહે, વ્યવહારનાં દ્વંદ્વની અસરથી ચિત્તમાં વિક્ષેપ ન થાય, જેનો સંયોગવિયોગ ન થવાનાં સાધન શીખાય એવું સુખ સત્ત્વગુણી વૃત્તિનું છે. સાત્ત્વિક સુખની વ્યાખ્યા જ એવી છે કે શરૂઆતમાં ઇંદ્રિયસંયમ શીખતી વખતે તપશ્ચર્યા, ત્યાગ, જપ વગેરે કરતી વખતે વિષયોનો યોગ્ય ઉપયોગ અને અનિષ્ટ કર્મો તથા નિષિદ્ધ વસ્તુઓના ત્યાગનાં કષ્ટ પડે છે, પણ પરિણામે એનાથી હજારગણું નિર્મળ, સ્વતંત્ર, અંતર્યામી વૃત્તિમાંથી ઊભું થયેલું, ઇશ્વરભકિતના પ્રસાદમાંથી મળતું સુખ મળે છે.

સિદ્ધાન્તપક્ષ એવો છે કે :

(૧) આહાર, નિદ્રા, ભય અને મૈથુનમાંથી આહાર અને નિદ્રા જે તમોગુણની વૃતિઓ છે એ શરીરના અંત સુધી રહે છે પણ એમાં સાત્ત્વિક અહાર અને ધર્મપાલનવડે સંયમ આવવાથી ધર્માચરણ કરવામાં અનુકૂળતા થાય છે; એ બે વૃત્તિઓ તથા કર્મોનો નાશ થતો નથી પણ એમાં પવિત્રતા આવે છે અને શરીર એ અધર્મ, પાપ કે ભોગમંદિર નહીં, પણ આત્મમન્દિર છે, દેવસ્થાન છે, બ્રહ્મભુવન છે, માટે એને સ્વસ્થ અને સદુપયોગી રાખવા માટે જ આ બે વૃત્તિઓ તથા કર્મોમાં સાવધાનતા રાખવાની છે, એવું સભાન આચરણ કરવાનું સૂઝે છે. આ બે કર્મોનો નાશ નહીં, પણ એમાંથી અધર્મ કાઢી નાંખીને એને ધર્મપરાયણ કરવાનાં છે.

(૨) ભય અને મૈથુનની રજોગુણી વૃત્તિઓ માનસિક અજ્ઞાનમાંથી ઊભી થયેલી છે. મનની જો પ્રવૃત્તિ ન હોય તો એ માટેનાં કર્મો થતાં જ નથી; એનો નિર્મૂળ નાશ થઇ શકે છે. સત્ત્વગુણમાંથી ક્રમ પુરઃસર મેળવેલા આત્મજ્ઞાનથી ભય અને મૈથુનનો અભાવ થતાં સત્ત્વગુણનાં ફલ જેવાં અભય અને બ્રહ્મભાવથી બ્રહ્મચર્યપાલન થતાં, ભાવી જન્મજન્માન્તરમાંથી બચી જવાય છે અથવા તો રજોગુણીને પ્રાપ્ત થતો જન્મ મળતો નથી. તમોગુણમાંથી અધોગતિ ( પશુજન્મ ), રજોગુણમાંથી મધ્યવર્તી ( જયાં જયાં હતા ત્યાં તેવા ને તેવા જ એટલે માનવજન્મ ) અને સત્ત્વગુણમાંથી ઊર્ધ્વવર્તી ( એટલે દેવલોકમાં જન્મ અથવા તત્ત્વજ્ઞાન મેળવાય તો મોક્ષના અધિકારી થવાવ તેવો ભાવી જન્મ ) પ્રાપ્ત થવાનું હોય છે. તમોગુણમાંથી રજોગુણમાં, રજોગુણમાંથી સત્ત્વગુણમાં અને સત્ત્વગુણમાંથી ત્રિગુણાતીત દશા મેળવવી જોઇએ, અથવા મેળવાય છે, એવો પ્રકૃતિનો જ સ્વભાવક્રમ છે.

(૩) જ્ઞાનેચ્છા અને સુખની સત્ત્વગુણી વૃત્તિનું પાલન થાય તો તમોગુણી વૃત્તિમાં સંયમ તથા શુદ્ધિ આવે છે, રજોગુણી વૃત્તિનો ધ્વંસ થાય છે અને માનવ અને પશુ વચ્ચેના રજોગુણ તથા તમોગુણના સામાન્ય વ્યવહારમાં આહાર, નિદ્રા, ભય તથા મૈથુન સમાન વૃત્તિકર્મ છે, તેમાં સત્ત્વગુણનાં જ્ઞાનેચ્છા તથા સુખને મેળવીએ તો ધર્મશીલ મનુષ્યના જીવનમાં સાત્ત્વિક આહાર, શરીર નીરોગી રહે એટલી સુખનિદ્રા, ( ઇશ્વરભક્તિ અને સત્કર્મ થઇ શકે એવી રીતે એ બન્નેનો સદુપયોગ ). ભયનો સંપૂર્ણ નાશ, મૈથુનમાં આશ્રમધર્મ પ્રમાણે સુધારણા અને વિધિનિષેધનું પાલન થતાં ઉત્તરોત્તર બ્રહ્મનિષ્ઠપણું આવે છે. ટૂંકામાં :

(૧) ચાર પશુધર્મમાં પરિવર્તન થાય છે.

(૨) આહાર અને નિદ્રાનાં, બે સામાન્ય વૃત્તિકર્મો તથા ધર્મો રૂપાન્તર પામે છે; બદલાય છે.

(૩) એ ચાર નીચે પ્રમાણે રહે છે; આહાર, નિદ્રા, જ્ઞાનેચ્છા અને બ્રહ્મસુખ. ધાર્મિક માનજીવનમાં એ ઉન્નતિનાં સાધન બને છે; ભય અને મૈથુનનો નિતાન્ત અભાવ થાય છે.

(૪) અંતિમ લક્ષ્ય "મોક્ષ" માટે ધર્મશીલ મનુષ્ય સહજ સ્વભાવે, અનાયાસે અધિકારી બને છે.

(૫) ધર્મમાર્ગમાં ઇશ્વર કે આત્મસાક્ષાત્કારને ગૌણ રીતે લક્ષ્યમાં રાખીને વ્યવહારશુદ્ધિમાં મુખ્યત્વે સાવધાનતા રાખવાની છે. આ છે કર્મમાર્ગ.

(૬) મોક્ષમાર્ગમાં ઇશ્વર કે આત્મસાક્ષાત્કારને મુખ્યત્વે લક્ષ્યમાં રાખીને ગૌણરૂપે સાત્ત્વિક કર્મનાં પાલન તથા રજોગુણી તમોગુણી વૃત્તિકર્મોનો ત્યાગ હોય છે. પરમ તત્ત્વનું દર્શન કરવા માટેનો એ કર્મસંન્યાસ છે.

૩

# ચિત્તના ત્રિદોષ

૧

આયુર્વેદમાં વાત, પિત્ત અને કફ એવા ત્રણ દોષ શરીરની રચનામાં સ્વાભાવિક છે એમ કહ્યું છે; એમાં વિષમ ભાવ આવે ત્યારે વ્યાધિ ઊપજે છે. એ વ્યાધિ એટલે જ અસ્વસ્થતા. યુક્તાહાર વિહારમાં પથ્યાપથ્યના નિયમોનું ઉલ્લંઘન થતાં ત્રણેયનું યોગ્ય પ્રમાણ ન સચવાય ત્યારે દુર્બળતા આવે, એકાદ દોષનો અથવા ત્રણેયનો સામટો પ્રકોપ થાય ત્યારે શરીરની વ્યાધિગ્રસ્ત અવસ્થા થાય છે. એ જ છે અસ્વસ્થતા. આ છે સ્થૂલ શરીરનો વિશેષ રૂપે પ્રગટ થતો આધિ એટલે વિ× આધિ=વ્યાધિ. એ સ્થૂલ શરીરના અન્નમય અને પ્રાણમય કોષને નિત્ય કરવા પડતા આહારવિહારમાં જો અણસમજ અને અણઆવડત આવી જાય, સ્વાદ તથા ભોગ- લોલુપતાનું જોર વધી પડે તો સંયમ તૂટતાં આરોગ્ય–સ્વાસ્થ્યનું ત્રાજવું ભાંગી પડે છે.

આયુર્વેદમાં જેમ વાત, પિત્ત અને કફના ત્રણ દોષ છે, તેવા જ પ્રકૃતિના ત્રણ દોષ સાંખ્યદર્શનમાં છે; ત્યાં એને દોષને બદલે ગુણ કહ્યા છે. દોષ અને ગુણ શબ્દના અર્થમાં થોડો તફાવત જણાય છે

ખરો, પણ તત્ત્વજ્ઞાનની પરિભાષામાં એમાં બહુ ભેદ નથી. બ્રહ્મને નિર્દોષ અને નિર્ગુણ કહ્યું છે, ત્યાં એને એક, અદ્વૈત અને કેવળ સિદ્ધ કરવા માટે કહ્યું છે. એમાં જ દ્વૈતધર્મનો આભાસ થાય છે એ છે દોષ કે ગુણનો આરોપ. એ ગુણ ત્રણ છેઃ સત્ત્વ, રજસ્ અને તમસ્. એવા દોષમય કે ગુણમય બ્રહ્મને ગીતામાં વ્યવહારપક્ષે ત્રિગુણાત્મક રીતે વર્ણવ્યું છે; निर्दोषं हि समं ब्रह्म પણ એટલા જ માટે કહ્યું છે; એનો લક્ષ્યાર્થ એ છે કે બ્રહ્મમાં કોઇ પણ જાતનો સજાતીય, વિજાતીય કે સ્વગત ભેદ ઉપજાવે એવો અન્ય ગુણદોષ નથી. એમાં દોષ નથી એટલે કે કશી અપૂર્ણતા નથી, ખોડખાંપણ નથી, અધૂરાપણું નથી. એવી જ રીતે એમાં ત્રણે ગુણ પણ નથી. ગુણનો એક અર્થ ધર્મ થાય છે, અગ્નિનો બાળવાનો ધર્મ કે સ્વભાવ એ એનો ગુણ કહેવાય છે. બ્રહ્મમાં કશી ક્રિયા નથી તેથી એને નિર્ગુણ કહ્યું છે; કારણ કે એ એક અને અદ્વૈત છેઃ ગુણનો એક અર્થ સંખ્યા પણ થાય છે; ચોગણું; છગણું, દસગણું કહેવામાં ચાર, છ અને દસની સંખ્યાનો સંકેત છે; ગુણનો બીજો અર્થ દોરીના વળ થાય છે; ત્યાં પણ સંખ્યાનું જ લક્ષ્ય છે. अजामेकां लोहित शुक्ल कृष्णां એવું શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં અજા કહીને અજન્મા એવી પરમેશ્વરની માયાશક્તિ રાતી, ધોળી અને કાળી એવા ત્રણ વર્ણવાળી બતાવી છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં તેજ, જલ અને પૃથ્વી નામનાં ત્રણ તત્ત્વથી જે સૃષ્ટિક્રમ સમજાવ્યો છે એમાં પણ ત્રણ ગુણનો જ વિચાર છેઃ પ્રકૃતિનાં અગ્નિ, જલ અને પૃથ્વી એ ત્રણ મૂર્ત તત્ત્વો છે; એ જ સગુણ છે; એવા જ સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણ ગુણ છે આ ત્રણેયની મિશ્ર સજાવટથી આ દ્રષ્ટા દૃશ્ય સંસાર ચાલ્યા કરે છે.

એ ત્રણ ગુણ એક રીતે જોતાં ત્રણ દોષ છે. ગુણનો અર્થ સદ્‌ગુણ નથી, તેમ દોષનો અર્થ દુર્ગુણ નથી. ગુણનો અર્થ સંખ્યા-

વાચક ધર્મ છે; દોષનો અર્થ અપૂર્ણતા છે. અને આમ કહેવામાં મુખ્ય રહસ્ય એ છે કે પરબ્રહ્મ પરિપૂર્ણ છે તેથી નિર્દોષ છે, પણ એ અજાત તત્ત્વમાં જ્યારે જીવાત્માને વિવર્તભાવે દ્રષ્ટા–દૃશ્યની ભેદબુદ્ધિ ઊપજે છે, ત્યારે એવા આરોપિત દ્વૈતને અપૂર્ણ એટલે દોષવાળું કહેવું પડે છે. આ દૃષ્ટિથી બ્રહ્મ નિર્દોષ છે અને સંસાર દોષવાળો છે. ( બ્રહ્મ નિર્ગુણ છે અને સંસાર સગુણ છે. )

આપણે વાતને ટૂંકાવવાની છે. સ્થૂલ શરીરના જેમ વાત, પિત્ત, કફ ત્રણ દોષ છે; અગ્નિ, જલ અને પૃથ્વી ત્રણ પરિચ્છિન્ન તત્ત્વો છે; સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણ ગુણો છે, એવી સ્થૂલ નેત્રથી પ્રત્યક્ષ થતી ત્રિપુટીઓ જેમ સ્થૂલ શરીરના વિકારો છે- દોષો છે, તેવી જ રીતે સૂક્ષ્મ શરીરના પણ ત્રણ સૂક્ષ્મ દોષો છે. અધ્યાત્મશાસ્ત્રના અભ્યાસીઓ, અને તેમાંયે શાંકરસિદ્ધાંતના અનુયાયીઓ જેને વેદાંતના અદ્વૈતવાદનું નામ આપે છે, એ માર્ગે આત્મસાક્ષાત્કાર દ્વારા જીવન્મુક્તિનું પરમ સુખ ન ભોગવવા જતાં માનવીય ચિત્તમાં જ ત્રણ દોષ જે રહેલા છે, એ વિઘ્નકર્તા હોઈ નિર્મૂળ કરવા જોઇએ એમ કહે છે. વેદાંતશાસ્ત્રનો આરંભ કરનાર અધિકારી કેવો હોવો જોઈએ એનું આપણે વેદાંતસાર નામના ગ્રંથમાંથી અવતરણ લઈએ.

“ જે યથાવિધિ વેદ અને વેદાંતને ભણેલો હોય, સંપૂર્ણ વેદના અર્થને સાધારણ રીતે જાણતો હોય, વર્તમાન અથવા પૂર્વજન્મમાં કામ્ય, નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરીને નિત્ય, નૈમિત્તિક અને પ્રાયશ્ચિત કર્મો તથા ઉપાસનાનાં અનુષ્ઠાન વડે બધી જાતનાં કલ્મશ નીકળી જવાથી અત્યંત નિર્મલ અંતઃકરણવાળો થઇને સાધનચતુષ્ટય સંપન્ન થયેલો હોય તે વેદાંતશાસ્ત્રનો અધિકારી છે ”

સા. ૭

આટલા વિવેચનમાં બે દોષ મુખ્ય આવી જાય છે અને ત્રીજા દોષના નિવારણની ભૂમિકા બંધાય છે.

વેદવેદાંતનો અભ્યાસ એટલે કેવળ અક્ષરજ્ઞાન નહીં, શાસ્ત્ર-પાંડિત્ય જ નહીં, પણ જેણે એ સિદ્ધાંતોને ભાષાવિદ્ બનીને મૂળ ગ્રંથ દ્વારા જાણ્યા હોય અથવા કોઈ શાસ્ત્રવિદ્ પાસેથી એનું શ્રવણ કરીને રહસ્ય મેળવી લીધું હોય એવો થાય છે. કારણ કે વેદમાં કર્મ, ઉપાસનાના લાભાલાભનો વિચાર કર્યો છે તેથી એના વિધિ-નિષેધ અને ફળાફળનું રહસ્ય જાણીને એનાં અનુષ્ઠાન દ્વારા દ્વૈતમય બ્રહ્માંડની-સંસારની-જીવ, જગત્ અને ઇશ્વરની વ્યકત લીલાને નિહાળીને એમાંથી મુખ્ય સાર નિચોવી લેવો જોઇએ. કર્મ અને ઉપાસનામાં જે વિવિધ ભેદ છે એનું રહસ્ય જાણ્યા અનુભવ્યા વિના એ બધાં નિઃસાર છે એમ બોલવા માત્રનો કશો અર્થ નથી. સંસારમાં જીવનયાત્રા નિભાવતાં પેલા ત્રણ ગુણોથી વ્યવહાર થાય છે. ત્રણે ગુણો વારંવાર પોતાની અસર માનવી-અતઃકરણ ઉપર કર્યા કરે છે, એનો વિસ્તાર અહીં કરવાની જરૂર નથી. ભ. ગીતામાં એ વિષે બહુ જ સ્પષ્ટ રીતે વર્ણવેલું છે અને સંક્ષેપમાં બોલવા જઇએ તો તમોગુણથી અંતઃકરણમાં મલિનતા આવે છે, રજોગુણથી ચંચળતા ઊભી થાય છે અને સત્ત્વગુણથી ગુણભેદનું રહસ્ય સમજવા પૂરતું જ્ઞાન આવે છે. ત્રિપુટીભેદનું નિવારણ ગુણ-મય સાધનથી ન થતું હોવાથી જીવ અને ઇશ્વર વચ્ચે કેવો ભેદ છે, સ્વરૂપે બન્ને એક, અદ્વૈત હોવા છતાં કંઇક જે આવરણ છે, એ કેવળ સત્ત્વગુણથી તૂટતું નથી એટલે એને સત્ત્વગુણનો પ્રભાવ કહીએ તો ચાલે એમ છે.

આવી રીતે ત્રણેય ગુણો અંતઃકરણ ઉપર અસર કરે છે, એટલે એ ત્રણેયના નિવારણ વિના વેદાંતોકત આત્મસાક્ષાત્કાર થઈ શકતો નથી. ત્રણેયનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) મલ (૨) વિક્ષેપ, (૩) આવરણ.

(૧) મલ :–અંતઃકરણ ઈંદ્રિયોનાં સાધનવડે બહિર્મુખ સંસારમાં પંચવિષયનું જ્ઞાન મેળવીને ભોગબુદ્ધિથી વ્યવહાર કર્યે જાય. એને જ સત્ય, સુખકર અને અનિવાર્ય માનીને એના સંસ્કારને ચિત્તમાં દઢ કર્યા કરે, ભોગવિષયોની વાસનાઓ સંઘરી સંઘરીને એમાં જ રમ્યા કરે, એને માટે જન્મે, જીવે અને મરે એટલે ચિત્તમાં પંચવિષયના જ સંસ્કાર પડયા કરે છે. સંસારમાં ભોગ વિના બીજું કશું છે જ નહિ. એ વિષયો અને ભોગોને જ સત્ (નિત્ય), ચિત્ (જ્ઞાનમય-પ્રકાશમય) તથા આનંદસ્વરૂપ માનીને વિષયોના સંસારમાં વિચર્યા કરે, ત્યારે એવું ચિત્ત મલિન કહેવાય છે; કારણ કે વિષયોના રંગથી એ રંગાએલું હોય છે. વિષયભોગમાં આનંદ માનવો એ જીવાત્માની પોતાની અજ્ઞાનદશા છે; એ એની અણસમજ છે. એને જ વેદાન્ત અવિદ્યા કહે છે. એ તમોગુણી એટલા માટે છે કે જડપદાર્થોમાં જ એવું ચિત્ત ચોંટી રહેલું હોય છે. ચિત્તમાં ત્રણ ગુણ પ્રમાણે માયાના રાતા, ધોળા અને કાળા રંગ પડે છે અને વિષયોના આકારની એમાં છાપ પડે છે; વિષયોના બાહ્ય આકાર ચિત્તભૂમિમાં મૂર્તિરૂપે કોતરાઇ જાય છે, અને એને જ પૂર્વસંસ્કાર, વિષયાકાર વૃત્તિ સાંસારિક વાસનાજાળ અથવા દેહાધ્યાસ કહેવામાં જરાયે અતિશયોક્તિ કે ખોટું નથી. ચિત્તનો આ કલ્મષ છે; મલિનતા છે; પાપસંસ્કાર છે અને એ જ મલ નામનો એનો દોષ છે. એને જ પ્રથમ નિર્મૂળ કરવો જોઇએ.

આ મલ સૂક્ષ્મ શરીરનો દોષ છે; દોષ એટલે અપૂર્ણતા અને વિકાર એમ બન્ને અર્થ ઘટાવી શકાય છે. મલિન ચિત્ત રાતદિવસ સાંસારિક કે લોકપરલોકના ભોગવિષયમાં રચ્યુંપચ્યું રહેવાથી એના દ્વારા થતાં કર્મોમાં કામ્ય અને નિષિદ્ધ સ્વાભાવિક હોય છે, અને

એના દ્વારા થતી મલિનતાને ફ્હાડીને ચિત્ત માટે શુદ્ધિ મેળવવા માટે નિત્ય, નૈમિત્તિક અને પ્રાયશ્ચિત્ત કર્મનાં વિધાન છે; શાસ્ત્રની આજ્ઞા છે; સકામ અને નિષ્કામના ભેદ પણ આમાં આવી જાય છે.

નિત્યકર્મ :–સંધ્યાવંદન, પ્રાર્થના, સ્તુતિ વગેરે નિત્યકર્મ છે. એ ન કરવાથી ચિત્ત રોજ વિશેષ મલિન થતું જાય છે. મલિનતાને નિત્ય ન ધોવાય તો ચિત્ત સંસારની વાસનાઓનો જ વિચાર કર્યા કરે; તેથી મલિનતા વધતી જાય છે. એને ધોવા ( ચિત્તને શુદ્ધ કરવા ) માટે ઇશ્વરવિષયક ચિંતન સ્મરણ થાય તો એટલો સમય સંસારસ્મરણ બંધ પડે છે. ચિત્તને સત્ત્વગુણી બનાવવા અને માનવીય જન્મનાં ધર્મકર્મ ટકાવી રાખવા માટે નિત્યકર્મ સ્વાભાવિક થવાં જોઇએ. જેમ સ્થૂલ શરીરને ટકાવી રાખવા માટે આહારની નિત્ય નિયમિત આવશ્યકતા રહે છે, તેમ પશુધર્મમાંથી માનવધર્મમાં આવેલો જીવાત્મા જો પોતાના મનુષ્યજન્મની સાર્થકતા કરવા ઇચ્છતો હોય, તો એણે નિત્યકર્મ અવશ્ય કરવાં જોઇએ. એના કરવાથી પુણ્ય નથી પણ ન કરવાથી પાપ છે. જેમ નિત્ય આહાર કરવાથી શરીર ટકી રહે છે, પણ વિશેષ લાભ નથી, પણ નિરાહાર રહેવાથી મૃત્યુ આવે છે એ હાનિ છે. આવું જ નિત્યકર્મ માટે છે. પોતપોતાના ધર્મ, સંપ્રદાય કે યુગબળ પ્રમાણે નિત્યપ્રતિ જે દેવકાર્ય થવાં જોઇએ એ નિત્યકર્મ કહેવાય છે.

નૈમિત્તિક અને પ્રાયશ્ચિત્ત :–એ સમયોચિત કર્મ છે. ચિત્તને વિશેષ ભાવે શુદ્ધ કરવા માટે એનો ઉપયોગ છે. ચિત્ત વધારે પડતું મલિન થાય એટલા માટે વર્ષમાં કેટલાંએક દેવનિમિત્ત કાર્યો કરવાનો શાસ્ત્રમાં ઉલ્લેખ છે. એ નિમિત્ત કર્મ કરવાથી દેવો, પિતૃઓ અને ભૂત માત્રને તૃપ્તિ થાય છે, અને એના ફળરૂપે એના કરનારને તૃપ્તિ તથા શાંતિ મળે છે અને ચિત્ત શુદ્ધ થાય છે.

પાયશ્ચિત્તકર્મ કઠોર તપશ્ચર્યાનું કામ કરે છે. પૂર્વપાપ અતિ પ્રબળ હોય, અંતરમાં ઇચ્છા છતાં દેવકાર્યો ન થઇ શકતાં હોય, તો સમજવું કે કંઇક અઘોર પૂર્વપાપના સંસ્કાર ચિત્તને જડ બનાવીને બેઠા ; સ્વધર્મ–સ્વકર્મની વિસ્મૃતિ એટલી બધી ગાઢ બની બેઠી છે કે સુક્ષ્મ અને સ્થૂલ બન્ને શરીરોને કઠોર તપશ્ચર્યા કરાવ્યા વિના, એને તપાવ્યા વિના ચિત્ત શુદ્ધ થઇ શકે એમ નથી. સુવર્ણને શુધ્ધ કરવા માટે જેમ અગ્નિની ભઠ્ઠી છે, તેવી રીતે સુક્ષ્મ અને સ્થૂલ શરીરના પાપસંસ્કાર ધોવા માટે તપશ્ચર્યા છે; એ તપશ્ચર્યાના વિભાગ ભ. ગીતામાં વર્ણવ્યા છે, એ ખાસ વાંચવા, વિચારવા અને આચરવા જેવા છે.

ભ. ગીમાં કર્મના વિધાન માટે કર્મયોગ શબ્દ યોજવામાં આવ્યો છે. પ્રાચીન અધ્યાત્મશાસ્ત્રોમાં કર્મકાંડ શબ્દ વપરાયેલો છે. ચિત્તશુધ્ધિ માટે જે કર્મકાંડ કરવાનાં છે, એ બધાં ઉપાસના-મિશ્ર છે. પ્રત્યેકમાં કંઇ ને કંઇ નિમિત્તે ઇશ્વરનું ચિત્તમાં અનુ-સંધાન રહે અને ઉપાસનાનાં બીજ રોપાય એ માટે દેવદેવતા કે પરમાત્માનાં અસંખ્ય પ્રતીક કે પ્રતિમાને અગ્રસર રાખીને એમના નિમિત્તે કર્મ કરવાનાં હોય છે.

વ્યવહાર માટે કરવાનાં કર્મોમાં સમાજ પરત્વેનાં સેવા, દયા, દાન, પુણ્ય, લોકહિત, ધર્મકર્મો વગેરે બધાં નિષ્કામ બુધ્ધિથી કરવાં જોઇએ એવો કર્મયોગનો આશય છે, જ્યારે એક પરમાત્મા, અસંખ્ય દેવદેવતા, ઐશ્વર્યયુકત વિભૂતિઓ અને સમસ્ત બ્રહ્માંડની સૂક્ષ્મ દિવ્યશકિતઓ સાથેનું અનુસંધાન બાંધવાની જે ક્રિયાઓ છે એ બધો કર્મકાંડનો વિષય છે. બન્ને એક સરખો જ ઉપયોગી અને આવશ્યક છે, એકને મુખ્ય અને બીજાને ગૌણ માન-વાથી ઉભયભ્રષ્ઠ થવાય છે; એકથી વ્યવહારની શુધ્ધિ અને બીજાથી

ચિત્તથી શુધ્ધિ થાય છે. સાચી વાત એ છે કે બન્નેનો સમન્વય સધાય તો જ ચિત્તશુધ્ધિરૂપી ધ્યેય સિધ્ધ થાય છે. બન્નેમાંથી પરસ્પર ઉપકારક થાય એવી અસર ઊપજતી હોવાથી એમાંથી એકેયનો જીવનમાંથી બાધ કરી શકાય એમ નથી; કરવો પણ ન જોઇએ. વર્તમાન યુગમાં આ વિષયમાં ખાસ વિવેકભરી સાવધાનતા રાખવાની છે.

ચિત્તનો મલદોષ એટલે વારંવાર ચિત્તમાં ઊઠતી સાંસારિક વિષયો અને ભોગ માટેની વાસનાઓનો અંતરમાંથી ઊભો થતો વેગ અથવા હુમલો. એ હુમલો પ્રથમ અંદરથી ઊભો થાય છે. એ કેમ થાય છે, એનું ઉદ્દ્ગમસ્થાન, હેતુ, વગેરેનો વિસ્તાર કરવાનો આ પ્રસંગ નથી. એને વેદાંતશાસ્ત્રમાં ચિત્તનો મલ કહ્યો છે, અને એને દૂર કરીને ચિત્તને શુધ્ધ કર્યા વિના સાધક ઉપાસના ( ભકિત, યોગ કે એવાં ઇશ્વરચિંતનનાં કાર્ય )માં આગળ વધી જ શકતો નથી એ સમજાવવાનો આ પ્રયત્ન છે–તે પણ તદ્દન સાધારણ અને સામાન્ય રીતે જ.

દૃષ્ટાંત તરીકે આપણે એક સફેદ વસ્ત્ર લઈએ: વપરાતાં વપરાતાં એના ઉપર મેલ ચડી જાય, બીજો કોઇ રંગ ચડી જાય, ત્યારે એનો મૂળ રંગ દેખાતો નથી, એવી જ રીતે ચિત્તના મલની સાથે કાળ જતાં એમાં વિકાર થાય છે, અવધિ આવતાં એ જીર્ણ થવા માંડે છે; એમાં ઘસારો આવે છે, એ સડવા માંડે છે. આવી રીતે એના ઉપર બે ક્રિયા થાય છે:

(૧) વસ્ત્ર દરરોજના વપરાશથી મૂળ રંગ છોડીને મલિન બને છે, અન્ય વર્ણ–રંગ ધારણ કરે છે; મૂળ રંગને છોડી દે છે. એટલે ઘણી વાર મૂળ રંગનું દર્શન પણ થઇ શકતું નથી. આ છે એનો મલ, મલિનતા. મૂળ સ્વ–વર્ણ-રંગનો ત્યાગ.

(૨) બીજો કાળધર્મ પ્રમાણે વિકાર પામવાનો સ્વભાવ. એમાં જીર્ણતા આવે છે, એના તાણાવાણા ઘસાય છે, મલિનતાની સાથે જ એ સડવા માંડે છે. આ છે એની જીર્ણાવસ્થા અથવા વિકૃતિ; વિકારનો ગુજરાતી અપભ્રંશ છે બગાડ.

આ મલ અને વિકાર જેમ વસ્ત્રના મૂળ સ્વરૂપને બદલાવીને ધોવા માટે પણ નિરર્થક બનાવે છે, તેવી રીતે મનુષ્ય જો પોતાના કર્મમાર્ગમાં, કર્મકાંડમાં, કર્મયોગમાં, કર્મક્ષેત્રમાં, શરીરરૂપ કુરુ-ક્ષેત્રમાં વિવેક ન વાપરે, કર્મમાં શાસ્ત્રોક્ત ઉપદેશ પ્રમાણે સાવ-ધાનતા ન રાખે, તો કર્મ દ્વારા થતા લોકસંસર્ગના દોષો એનામાં સહજભાવે આવી જાય છે. અંતઃકરણ સત્ત્વગુણની રચના હોવા છતાં, એના ઉપર તમોગુણના મલ જામવા માંડે છે, રાગદ્વેષાદિ દ્વંદ્વની કાળાશ એના ઉપર ચડવા માંડે છે, અજ્ઞાન-અવિદ્યાના અંધકાર જેવાં પડ એને ઘેરી લે છે, માનવધર્મનું સાનભાન રહેતું નથી, પૂર્વસંસ્કાર પ્રમાણેનાં પાશવીય જીવનનાં આહાર, નિદ્રા, ભય અને પ્રજોત્પતિનાં કાર્યોમાં જ એ પડી જાય છે; સદ્‌ભાગ્યે મનુષ્ય બન્યો છે એમાંથી વળી પાછો પશુધર્મ પામે છે, એટલે એ સંસારસ્મૃતિમાં જ અટવાઇ રહે છે; એને અંતરથી ઊભી થતી અધ્યાત્મશાંતિ, આંતર ઇંદ્રિયોમાંથી અથવા સૂક્ષ્મ દેવદેવતાઓથી મળતી અધિદૈવ શાન્તિ કે સ્થૂલ બ્રહ્માંડમાં સાંપડતી અધિભૂત શાન્તિ ભાગ્યે જ મળે છે; એ ત્રિવિધ અશાંતિનું કારણ અંતઃ-કરણની મલિન સ્થિતિ છે એવું એને ભાન જ હોતું નથી–એ કેવળ માનવશરીરધારી પશુ જ કહેવાય છે.

આને માટે શાસ્ત્રોમાં કર્મકાંડની આજ્ઞા પાલન કરવાનું પ્રત્યેક આર્યસંતાન માટે ધર્મકર્તવ્ય મનાયેલું છે; આમાં સમજણ કે શ્રદ્ધા નહીં, પણ શાસ્ત્ર–આજ્ઞાની વાત છે શંકાકુશંકા કે તર્ક-

કુતર્ક કરવાથી કર્મકાંડનું રહસ્ય સમજી શકાતું નથી. સંધ્યાવન્દન જેવા નિત્યકર્મમાં પૂર્વાભિમુખે બેસવું, આસન તરીકે દર્ભ કે ઊનનું વસ્ત્ર રાખવું, અમુક આચમન–પ્રાણાયામ કરવાં, ગાયત્રી મંત્રનો અમુક સંખ્યામાં જપ કરવો, માળામાં ૧૦૮ મણકા જ હોવા જઇએ વગેરે જે વિધિ ગોઠવી રાખેલો છે તેનું રહસ્ય કર્મ-કાંડના અભ્યાસીને શરૂઆતમાં સમજવું અઘરું છે; શ્રદ્ધા રાખ-વામાં પણ ઘણી વાર ભૂલ થવાનો સંભવ છે, પરન્તુ શાસ્ત્રની આજ્ઞા છે માટે કરવું જ જોઈએ, એવી વિધિપાલનની જે ફરજી-આત પદ્ધતિ હતી તે એવી જ હોવી જોઇએ એવું મારું નમ્ર માનવું છે. નૈમિતિક કે પ્રાયશ્ચિત્ત કર્મોમાં પણ એ પદ્ધતિ જ ચાલુ રાખવા જેવી છે. જન્મથી માંડીને મૃત્યુપર્યન્તના વિવિધ પ્રસંગોએ કરવાનાં જે કર્મો છે, તેમાં દેવ અને પિતૃવર્ગનું જન્મ-જન્માન્તરનું ઋણ ચૂકવીને એમની પ્રસન્નતા મેળવવાનું રહસ્ય છે, અસંખ્ય શરીરો ધારણ કરીને મનુષ્યે બ્રહ્માંડનાં સૂક્ષ્મ દેવદેવતા અને સ્થૂલ શરીર પ્રાપ્ત કરવામાં પિતૃઓ પાસેથી ઘણું મેળવ્યું છે. પ્રાણ, બુદ્ધિ, મન, ચિત્ત, ઇન્દ્રિયો વગેરે સૂક્ષ્મ શક્તિઓ દેવ-દેવતાના અંશ છે અને સ્થૂલ શરીર માનવવંશના પ્રજાતંતુનો મળેલો અમૂલ્ય વારસો છે, એમનાં જ આપેલાં સ્થૂલ–સૂક્ષ્મ શરીર વડે આપણે જીવનદાન મેળવીને પુણ્યકર્મ કરવાનાં છે, એમનો ઉપકાર નાનોસૂનો નથી; એ બધાંનો બદલો ચૂકવ્યા વિના ઇશ્વરનું સ્મરણ કરીને અંતઃકરણની વાસના ધોવાનો પ્રયત્ન કરીએ તો લેણદારનું દેવું ચૂકવ્યા વિના એમની પાસેથી મેળવેલાં ધનવૈભવને આપણે વેડફીને મોજમજાહ ભોગવીએ, તો એ લેણદારો આપણને હેરાન કરે છે, ત્રાસ આપે છે અને એમનો આશ્રય ગુમાવતાં આપણે આ વિશ્વમાં એકલા, અટૂલા નિરાધાર તથા અસહાય બની બેસીએ છીએ, એવું જ મનુષ્યને આ જન્મમાં થાય છે. દેવદેવતાઓ અને

સમાજ-બન્નેના આશ્રય, આધાર અને સહાયતાથી વંચિત બનીને સદેહે મનુષ્ય હોવા છતાં પશુ જેવાં કર્મો કરતો હોવાથી અધોગતિ ભોગવે છે; પામર અને વિષયી જ બને છે.

યુગપ્રભાવની વિચિત્રતાને લીધે કર્મકાંડમાંથી શ્રદ્ધા ઓસરતી જાય છે એનું પણ કારણ છે. કર્મકાંડના વિધિનિષેધોની પાછળ રહસ્યો ભરેલાં છે, અને ફળમહિમાનાં વર્ણનોમાં કયાંક અતિશયોક્તિ છે એથી તાત્કાલિક શ્રધ્ધા થાય છે, પણ છેવટે ઈષ્ટ ફળ ન મળતાં શ્રધ્ધા તૂટી પડે છે. એક વખત એવો હતો કે જયારે માનવસમાજને બાળબુધ્ધિ માનીને રહસ્યમય કર્મઉપાસનામાં શ્રદ્ધા અને રુચિ ઉપજાવવા માટે અતિશયોક્તિભર્યાં ફળનાં વર્ણનો આવશ્યક મનાતાં. એવાં વર્ણનોને અર્થવાદ ગણાવીને ન્યાયયુક્ત સ્વીકારી લેવામાં આવતાં. પરિણામે જયારે વર્ણનો પ્રમાણે ફળસિદ્ધિ ન દેખાઇ ત્યારે શ્રધ્ધા શિથિલ થઇ અને કર્મઉપાસના કાંડ (વિભાગ)નું આખું તંત્ર વેદધર્મના અનુયાયીઓમાં નામમાત્ર બની બેઠું.

વેદોક્તધર્મના વર્ણવિભાગમાં રાગદ્વેષ વધ્યા; યજ્ઞથી માંડીને બીજાં નાનાં કર્મકાંડનાં વિધિવિધાનોમાં બ્રાહ્મણોની સર્વોપરિ સત્તા વધી જતાં એમનામાં વર્ણાભિમાન વધ્યું અને એને લીધે વર્ણવિગ્રહ વધતાં એક તરફ કર્મઉપાસનાનાં બાહ્ય બંધનો અને અંધશ્રધ્ધા વધી, એની સામે બાહ્ય ત્યાગની તપશ્ચર્યા ભરેલી વૈરાગ્યભાવનાએ બંડ કર્યું; ક્ષત્રિયોએ ત્યાગ સ્વીકારવા માંડયો; તપશ્ચર્યા, મંત્રયોગ અને ધ્યાનયોગ દ્વારા જેઓએ પોતાની વિચાર-પરમ્પરા બાંધી, કર્મકાંડના વિધિઓ બદલ્યા, પ્રાચીન પરમ્પરાગત સંસ્કૃત વેદભાષાને બદલે વર્તમાન ભાષામાં ઉપદેશ-આચારનાં સૂત્રો બોલાવા માંડયાં, ત્યારે એમાંથી જૈન અને બૌધ્ધના માગધી અને પાલી ભાષા-ભાષીઓના બે મહાન્ ધર્મપ્રવાહો ઊભા થયા. દેવ-

દેવીઓનાં સ્વરૂપો એમના ધર્મમાં પણ ચાલુ તો રહ્યાં, છતાં બન્ને ધર્મમાં વિચાર અને ભાવનાને વધારે ઝોક મળ્યો, યજ્ઞકર્મમાં વધી પડેલી હિંસા અને મારણવશીકરણ જેવી હલકી મનોવૃત્તિઓવાળી ક્રિયાઓની સામે કેવળ મંત્રયોગ અને ધ્યાનયોગ દ્વારા માનસિક સિદ્ધિઓનાં પ્રલોભનો વધે એવી પ્રણાલિકાઓ શરૂ થઇ, અને વેદોક્ત કર્મઉપાસનાના પ્રાચીન પ્રવાહો સૂકાવા માંડયા. રહસ્યો ગયાં અને રીતિઓ રહી જે કાળે કરીને વણસમજ્યાં આચરવાની રૂઢિઓ બની બેઠી.

આ બધા કાળભગવાનના ચમત્કાર છે. મહાકાળનાં સ્વરૂપ અને સ્વભાવ જ એવાં છે કે બ્રહ્માની સૃષ્ટિમાં એ ત્રિકાલના વિભાગ પાડે છે, ભૂતને ભૂંસીને વર્તમાન ઘડે છે અને વર્તમાનમાંથી ભૂતના જેવું જ કંઇક થોડું નવીન લાગે એવું ભાવી સરજે છે.

ઐતિહાસિક ધર્મસ્વરૂપનો અત્યારે વિચાર કરવામાં પણ કશો નિર્ણયાત્મક સિદ્ધાન્ત પકડી શકાતો નથી. વેદોક્ત કર્મકાંડમાં યજ્ઞોનું મહત્ત્વ પ્રથમ સ્થાને હતું, ઉપાસનામાં દેવદેવીઓ અને અવતારોની પૂજાનું સ્થાન પણ એટલું જ સર્વોપરિ છે. જૈન બૌધ્ધ ધર્મમાં પણ મંદિરોની વૈભવશાળી પ્રણાલિકાઓ છે; વેદ-ધર્મમાં યજ્ઞને નિમિત્તે માંસાહારી પૂજામાં નરમેધ જેવી ભયંકર પધ્ધતિ આવી પહોંચી, તો જૈનધર્મમાં અહિંસાને નિમિત્તે ક્ષત્રિયો વિરક્ત ત્યાગી બનતાં ક્ષત્રિય અને વૈશ્યવર્ગમાં વીરભાવની શિથિ-લતા આવી ગઇ.

વેદધર્મમાં બ્રાહ્મણવર્ણની સત્ત્વગુણી ધર્મસત્તા અને ક્ષત્રિય-વર્ણની રજોગુણી રાજ્યસત્તાની સમન્વય સાધતી બે ધર્મધુરાઓ હતી. બન્નેની પરસ્પર સહિષ્ણુ કાર્યપદ્ધતિ હતી. વ્યવહારમાં ક્ષત્રિયની વીરતાને પ્રધાન સ્થાન અપાતું અને એક બાજુ બ્રાહ્મણ-

ધર્મના નિવૃત્તિપ્રધાન ધર્મને રક્ષણ અપાતાં એમાંથી અલૌકિક અધ્યાત્મબળનાં કેન્દ્રો સર્જાતાં, ત્યારે બીજી બાજુ કૃષિપ્રધાન ભારતવર્ષમાં વૈશ્યધર્મને ઉપયોગમાં આવતા ગોધનની રક્ષા માટે સાવધાન રહે એવા ક્ષત્રિયવર્ણનો વીર ધર્મ મુખ્ય ભાગ ભજવતો. સત્ત્વગુણી બ્રાહ્મણવર્ગ અને તમોગુણી વૈશ્યશુદ્રવર્ણની સમતુલા સાચવવાનું જીવનશાસ્ત્ર ક્ષત્રિયવર્ણની વીરતાભરી રજોગુણી જાતિ માટે વેદધર્મમાં શિરોધાર્ય મનાતું એ કાળક્રમે શિથિલ થયું.

કાળધર્મ પ્રમાણે વિકૃતિ થતાં, વર્ણમાં પણ વિકાર વધ્યો; વર્ણધર્મ લોપાયા; કર્મકાંડ નામમાત્રનાં રહ્યાં, કર્મનાં ગૂઢનિગૂઢ રહસ્યભર્યો વેદધર્મ ત્રણગુણના વિવેકથી વણાયેલો, કોઇ પણ એક જ ગુણના પક્ષપાત વગરનો, અને વ્યવહાર-પરમાર્થનો, આત્મા-અનાત્માનો સુંદર ઉકેલ દાખવતો હતો, તેમાં શિથિલતા આવી. ધર્મનું નામ રહ્યું પણ ધર્મનું સ્વરૂપ ગયું, કર્મનાં ખોખાં રહ્યાં પણ રહસ્ય ગયાં; ધર્મકર્મનાં અભિમાન રહ્યાં પણ આચરણ ગયાં. વેદમંત્રો વાણીમાં રહ્યાં, ભાષાની દૃષ્ટિએ મંત્રો કંઠસ્થ રહ્યા, અને બાહ્યાચારના આડંબરમાં એવું કંઈક નિમિત્ત બન્યું કે વેદધર્મના બાહ્ય ધર્મકર્મ સામે બંડ જાગ્યું.

એમાંથી સત્ત્વગુણને જ વ્યવહારમાં પ્રધાનપદે સ્થાપવાનો સિદ્ધાન્ત ઊભો થયો; કર્મધર્મના ત્રિગુણમિશ્ર ચણતર ઉપર નહીં પણ એકલા સત્ત્વગુણનાં અહિંસા, દયા જેવાં એકમાર્ગી લક્ષણો ઉપર ધર્મકર્મના વિધિ બંધાયા. વ્યવહારમાં વીરધર્મને બદલે ક્ષમાધર્મ આવ્યો; ક્ષત્રિયો વીરશીલ, ન્યાયશીલ અને કર્મશીલ હોવા જોઈએ એના કરતાં અહિંસાશીલ, દયાશીલ, ક્ષમાશીલ બની જતાં વ્યવહારધર્મમાં સમતુલા ન સચવાઇ. પરિણામે શત્રુઓ પર પણ ક્ષમા અને દયા રાખવામાં વીરતા ગણાવા લાગી. બ્રાહ્મણધર્મને

જ અપનાવવાની ઉતાવળી પદ્ધતિથી ક્ષત્રિયધર્મ નામમાત્ર રહ્યો; પરિણામે વેદોક્તધર્મનાં કર્મ, ઉપાસના અને જ્ઞાનકાંડમાં અર્થહીન કર્મો અને અનુભવહીન વાણીવિકારમાં જ્ઞાનધ્યાન રૂઢિરિવાજ જેવું બની ગયું. અસ્તુ ! હરીચ્છા !

ઐતિહાસિક દૃષ્ટિ સુખદુઃખથી મિશ્ર છે. પક્ષાપક્ષની આલોચનાથી ચુંથાયેલી છે; વાદવિવાદના રાગદ્વેષથી ખરડાયેલી છે. જે અત્યારે, વર્તમાન દશામાં આપણી સામે, આપણા જીવનનું ઉદ્ધરણ કરે, ઊંચે ઉપાડે, તમોગુણમાંથી રજોગુણના પુલ ઉપર ચડાવીને સત્વગુણને પેલે પાર પ્રકાશપંથે ઉન્નતિ કરાવે એવો વિવેકબુદ્ધિનો વારસો જો કંઇ પણ હોય તો અધ્યાત્મજીવનમાં અત્યારે એનો સદુપયોગ કરવો જોઇએ. અધ્યાત્મવિદ્યા વિના બીજી વિદ્યાઓ આંધળી છે; વ્યક્તિગત સુધારણા વિના સમાજની ઉન્નતિના પ્રશ્નો પૂરેપૂરા કદી ઉકેલાયા નથી, ઉકેલી શકાય એમ નથી. વસિષ્ઠ વિશ્વામિત્ર. વાલ્મીકિ, વ્યાસ, યાજ્ઞવલ્કય, ઉદ્દાલક, શ્વેતકેતુ, નચિકેતા જેવા અસંખ્ય ઋષિઓ; પરશુરામ, રામચંદ્ર, કૃષ્ણચંદ્ર જેવા અવતારમન્યો, જૈનોના વીતરાગી તીર્થંકરો, બુદ્ધધર્મના ગૌતમબુદ્ધથી માંડીને બીજા અનુયાયીઓ, જનક, અશોક, જેવા રાજર્ષિઓ, શંકરથી માંડીને વલ્લભ જેવા આચાર્યો, નાનક, કબીર, જ્ઞાનેશ્વર, એકનાથ, રામદાસ, તુકારામ, નરસિંહ જેવાં સંતરત્નો, વર્તમાન યુગમાં થઈ ગયેલા સંતો, તેમ જ દેશવીરો અને દેશસેવકો વ્યક્તિગત રીતે ઊર્ધ્વગામી અને સેવાભાવી બન્યા પછી જ એમણે સમાજ ઘડયો છે. તાત્પર્ય એ છે કે વ્યક્તિને વિસારીને સમાજને માટે ધારાધોરણ કરનારાની બુદ્ધિ વિવેકી અને સત્યપરાયણ છે કે નહિ એની પરિક્ષા કે કસોટી શી ? શ્રી રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રામતીર્થ, અરવિન્દ, રમણ મહર્ષિ કે મહાત્મા ગાંધીએ વ્યક્તિગત વિકાસ સાધીને જનસમૂહનાં જૂથમાં પ્રાણ પૂર્યા છે.

નવીન ચેતના આપી છે; સમાજે એમને ઘડયા નથી; પણ એમણે સમાજને યુગબળ જોઇને માર્ગદર્શન આપ્યું છે. પરંતુ અત્યારે વર્તનના કરતાં વિચાર, આચરણના કરતાં ઉપદેશ, અનુભવના કરતાં અનુમાન અને શ્રવણમનનના કરતાં વાચન-વચન વધી પડયાં છે. છાપવાની કળાને લીધે લેખનવ્યવસાય વધી ગયો અને અક્ષરજ્ઞાનની મહત્તા વધવાથી અનુભવજ્ઞાનને બદલે વાચિકજ્ઞાનનો અપૂર્વ વિસ્તાર થઇ ગયો. પરિણામે મતભેદ અને મતિભેદને લીધે તર્ક, વિતર્ક અને કુતર્કની શંકા, આશંકા અને કુશંકાઓએ માનવીય સમાજમાં વાદવિવાદની વાડાબંધી એટલી બધી વધારી દીધી છે કે પૃથ્વી પરની સમસ્ત માનવપ્રજાઓમાં એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને રશિયાનાં રાજયકારણોની આંટીઘૂંટીની ગ્રંથિઓએ સમાજ અને વ્યક્તિ, એમ બન્નેનાં જીવનધોરણમાં અનાત્મ, બહિર્મુખી અને વિષયભોગી વૃત્તિઓનો અસીમ વધારો કરી નાંખ્યો છે.

જૂનાં કર્મકાંડ ગયાં; નવા કર્મયોગો આવ્યા; જૂના ઇશ્વર અને દેવદેવતાનાં સ્વરૂપો ભૂસાયાં, અવનવા આદર્શ અને ધ્યેયથી અનેક પોતે જ મસ્તિષ્ક મંદિર બન્યાં; માનવજીવન અને યંત્રચાલનમાં સ્પર્ધા ચાલી; માનવ મોટું કે યંત્ર એની મૂંઝવણ વધી ગઈ છે, અને ભવિષ્યમાં માનવસર્જિત યંત્ર જ કદાચ માનવસમૂહનો સંહાર કરે તો આશ્ચર્ય નહીં. સુખનાં સાધનો પરિણામે દુઃખરૂપ નીવડયાં છે, સ્વતંત્રતાનાં ધારાધોરણ સ્વચ્છંદને અમર્યાદપણે વધારતાં જાય છે; સ્વાસ્થ્ય-આરોગ્યનાં નવાં શાસ્ત્રો આયુર્વેદના કરતાં મૃત્યુદેવનું સ્મરણ કરાવે છે, કારણ કે ઉપાધિઓના કરતાં વ્યાધિઓની સંખ્યા બહુ વધી છે. આચાર્યોના કરતાં ઉપદેશકો અને ઉપદેશકોના કરતાં દાકતરોની સંખ્યા ગામડે ગામડે ઊભરાતી જાય છે. સ્વાસ્થ્ય નથી રહ્યું. નીરોગી રહેવાની કલા

અસ્તવ્યસ્ત બની છે, એ બધાની પીઠમાં–ગર્ભમાં છે ચિત્તની વાસના, ભોગ, વિષયપ્રાપ્તિ, ઈંદ્રિયોની ચંચળતા, મનની અસ્થિરતા, ભાવીની ચિંતા; વર્તમાનમાં અથાગ પરિશ્રમનાં પરિણામ- ફળ ક્લેશ, દુઃખ, ચિંતા, ઉપાધિ, કંકાસ, કલહ, દ્વેષ અને પામરતાથી અંતઃકરણને કલુષિત કરી બેઠાં છે. આર્યોની અધ્યાત્મવિદ્યાનો ઉદ્દેશ બાહ્ય જગતની કલુષિત દશાનાં કારણો બાહ્ય સંયોગોમાં શોધવા કરતાં આંતરિક મલિનતામાં શોધાવાં જોઇએ એવો છે. કારણ કે જે જે પ્રસંગો બાહ્ય વિશ્વમાં બને છે, એ બધી કર્મજાળની પીઠમાં તો માનવીય ચિત્તની વાસના જ કારણભૂત હોય છે. અર્થ અને કામના ક્ષેત્રમાં, ( આર્થિક અને સામાજિક વ્યવહારમાં ), અવ્યવસ્થા, રાગદ્વેષ, હિંસા અને કપટ–પ્રપંચની જે વિષમ સ્થિતિ છે, એની પાછળ દેશવિગ્રહ, વર્ગવિગ્રહ જાતિવિગ્રહ, રાજ્યવિગ્રહ જેવા વિગ્રહો જ કારણભૂત છે. એ બધા ચિત્તના ધર્મો છે, એમાં અર્થના ક્ષેત્રમાં સ્વાર્થ અને કામના ક્ષેત્રમાં સકામ ભાવનાવાળાં દેશ-વિદેશનાં માનવીય ચિત્તો જ ભાગ ભજવે છે. આવી છે અત્યારની માનવસમાજની અંધાધૂંધીવાળી રમતગમત; કાળભગવાનને મંજૂર હશે કે કેમ એ અદૃષ્ટની વાત છે, પણ વસ્તુસ્થિતિ જે દૃષ્ટિગોચર થાય છે તે આવી છે. એના નિવારણ માટે રડયાખડયા કે ગણ્યાગાંઠયા શુદ્ધચિત્ત વિવેકી દેશનેતાઓ ઉપદેશ આપે છે, શાન્તિના સંદેશા ફેલાવાય છે, પણ એ શુધ્ધ, શુભભાવનાઓની સામે અશુધ્ધ અને અશુભ વાસનાઓનું બળ વધી પડયું છે. ૐ ! શાન્તિ !

*   *   *   *

થોડી આડે રસ્તે ચડીને વાત લખાઇ ગઇ; પણ એમાંયે હેતુ તો છે વર્તમાન દશાનું યત્કિંચિત્ અવલોકન કરવાનો. આપણે,

ભારતવર્ષની પ્રજા, વેદોક્તધર્મના અનુયાયીઓ, શાંકરવેદાન્તના પક્ષપાતીઓ અને એમાંયે ગુજરાતમાં વધી પડેલા અદ્વૈતના પ્રચારનો વિચાર કરવાનો છે.

ચિત્તના મલ, વિક્ષેપ અને આવરણ નામના ત્રણ દોષમાંથી પ્રથમ મલિનતા જવી જોઇએ એ સર્વસામાન્ય નિયમ છે. મલિન દર્પણ ઉપર જેમ મુખ-પ્રતિબિંબ સ્પષ્ટ પડતું નથી. તેમ મલિન ભોગ-વાસનાવાળા અંતઃકરણમાં સર્વવ્યાપક, અંતર્યામી સચ્ચિદાનન્દ-સ્વરૂપ આત્માનું પ્રતિબિંબ પડતું નથી. એ પ્રતિબિંબનાં દર્શન-જ્ઞાન થયા વિના અંતઃકરણને તૃપ્તિ થતી નથી. સદા અતૃપ્તિ અને અસંતોષમાં રગદોળાયેલો મનુષ્ય બાહ્ય વિષય માટે જ દોડયા કરે, સકામ કર્મો કર્યા કરે, રાગદ્વેષ કરે ત્યારે વિગ્રહો ઊભા થતાં ક્લેશ ભોગવે. આમ વાસનાનો મલ વધુ ને વધુ જામતો જાય, જેના નિવારણ માટે શાસ્ત્રોક્ત કર્મકાંડ કરવાનું ખાસ આવશ્યક છે.

અંતઃકરણ શુદ્ધ થયા વિના ઢગલાબંધ છપાતાં, વહેંચાતાં અને દૈનિક વર્તમાનપત્રમાં પણ આવતાં યોગ અને વેદાન્તનાં મોહક શબ્દચિત્રો વાંચીને જેઓ "હું યોગી છું; હું ભકિત કરું છું; હું બ્રહ્મ છું" એવી શુકવાણી બોલ્યા કરે છે એમની તો મલિનતા વધતી જાય છે. હોળીના ફાગ બોલતાં બાળકો જેમ શબ્દાર્થ સમ-જતાં નથી; તેમ આવા શુષ્ક વેદાન્તીઓ બ્રહ્મવાચક બનીને શાસ્ત્રહત્યા કરે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

વેદોકતધર્મની અસંખ્ય શાખાપ્રશાખા છે. બધા સંપ્રદાયો, પંથો કે મતોએ પોતપોતાના કર્મકાંડો યોજી રાખ્યાં છે; એ બધાંમાંથી કોઈ ચારિત્રપોષક કર્મકાંડમાં શ્રધ્ધા રાખીને વિધિ પ્રમાણે એનું પાલન થાય, તો પોતપોતાને પંથે પણ સત્ય સમજાય અને આગળની સાધના સરળ બને છે. થોડી શ્રધ્ધા, પ્રમાદનો ત્યાગ, ચિત્તમાં શુધ્ધ ભાવના અને વ્યાવહારિક કાર્યોમાં નીતિનું

પાલન કર્યા વિના ચિત્તના આ પ્રથમ, અગ્રગણ્ય અને સર્વોપરિ મલ નામના દોષનું નિવારણ થતું નથી. આને માટે તારવણી કરી જોઇએ.

(૧) વેદોકત સંપ્રદાયનું કર્મકાંડ પ્રાચીન સમયમાં બહુ લાંબું હતું, તેને ભગવાન્ આદ્ય શંકરાચાર્યે સંક્ષિપ્ત કરીને પ્રત્યેક અનુયાયી માટે ગોઠવી આપ્યું છે, એ પ્રમાણે કરવું જોઇએ, જે માટેનાં પુસ્તકો માતૃભાષાના અનુવાદ સાથે છપાયેલાં છે.

(૨) બ્રાહ્મમુહૂર્તમાં જાગીને ઊઠીને માનસિક જપ માટે બેસવું જોઇએ. રાત્રિએ મોડા સૂવાય તો પણ સૂર્યનારાયણ પોતાનાં બાલકિરણો લાવીને પ્રાણીમાત્રનાં પોષણ કરવા માટે તૈયારી કરે, બ્રાહ્મમુહૂર્તમાં બ્રહ્મા ( હિરણ્યમય–સૂર્ય ) જાગીને આપણને જગાડવા આવે, ત્યારે ચિત્ત અને પ્રાણથી એનું સ્વાગત કરવા, એ જ સમયે ઊઠવું જોઇએ. આથી ઉત્સાહ તથા સ્ફૂર્તિ વધતાં પ્રમાદ અને આળસ જશે.

(૩) સ્નાનથી સ્વચ્છતા, સૂર્યદર્શનથી નેત્ર અને બુદ્ધિની શુદ્ધિવૃદ્ધિ, ભગવદ્ભજનથી ચિત્તની શાંતિ અને પાઠપૂજા, વ્રત, જપ, તપ, દાન, યજ્ઞ, સેવા, વગેરે બીજાં કર્મોથી શ્રધ્ધા વધશે તેની સાથે ચિત્તની શુદ્ધિ તો થવાની જ છે.

(૪) કર્મકાંડનું અનુષ્ઠાન એકાન્તમાં અને એકલાએ કરવાનું છે. એમાં વ્યાધિનાં વિઘ્ન આવે, અનિયમિત વ્યવહારને લીધે અવ્યવસ્થા આવે અથવા અનિવાર્ય સંયોગોને લીધે બીજા પ્રત્યવાય આવે, એવું હોવા છતાં એકાન્તસેવનને લીધે લોકસમૂહ દ્વારા વિઘ્નો આવતાં નથી.

(૫) જીવનના નિત્યપ્રતિના વ્યવહારમાં મનુષ્ય અસંખ્ય જનસમૂહના સંપર્કમાં આવે છે; વાણીની બોલચાલ, આંખથી

દૃષ્ટિ, કાનથી સાંભળવું, શરીરથી સ્પર્શ થવો, જીભથી સ્વાદ લેવો, હાથપગથી લેવડદેવડ અને જવાઆવવાનાં કર્મ કરવાં. એ બધામાં મનુષ્ય સર્વાંશે સ્વતંત્ર નથી. એનો વ્યવહાર તથા કર્મો ત્યાગ અને પ્રેમપૂર્વક હોવા છતાં જનસમૂહમાં રજોગુણી અને તમોગુણી સંખ્યા વધારે હોવાથી એ બધા પોતપોતાના સ્વભાવ પ્રમાણે આપણી સાથે વ્યવહાર કરે ત્યારે રાગદ્વેષ બતાવે, હિંસા, કપટ, પ્રપંચ, સ્વાર્થ વગેરેનાં પોષક કર્મો કરે, ત્યારે પણ બને તેટલું અંતરથી નિઃસ્વાર્થ અને સત્ત્વગુણી રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

(૬) આત્મા, ઇશ્વર, બ્રહ્મ, પરમાત્મા એવું જ્ઞાનગમ્ય જે તત્ત્વ છે, એને જ્ઞાનદૃષ્ટિથી આપણા વ્યવહારમાં પ્રત્યક્ષ, દૃષ્ટા, સાક્ષી, કર્મફળદાતા સમજીને પુણ્યપક્ષે જીવન ગાળવું જોઇએ. શુદ્ધ, અશુદ્ધ કે શુદ્ધાશુદ્ધ કર્મના ફળ અવશ્યંભાવી છે, કર્તા જ એનો ભોકતા બને છે, માટે એવાં ફળથી બચવા માટે ગુણોના સારાસારપણાનો વિચાર તથા નિઃસ્વાર્થ ભાવનાનો ચિત્તને આશ્રય આપવો. દ્વંદ્વને સહન કરવાની તિતિક્ષા વધારવી, પ્રતિકારનો વિચાર ન કરતાં શાસ્ત્રોપદેશ પ્રમાણે કર્મવ્યવહાર કર્યે જવો અને અનિવાર્ય આવી પડતાં દ્વંદ્વને શાંતિથી સહન કરવાં; દુઃખ વગેરેમાં અન્યને નિમિત્ત માનીને દોષ ન દેતાં, અન્યને ક્ષમા અને પોતાના ચિત્તને સુધારીને શુધ્ધ રાખવા માટે ઇશ્વરસ્મરણ કરવું જોઇએ.

(૭) વ્યવહાર તથા પરમાર્થનાં જે જે કર્મો થાય એ બધાં પ્રારબ્ધ પ્રમાણે આવી ચડેલાં, ચિત્તશુધ્ધિ માટે ઇશ્વરે જ આપેલાં, અંતરનો મલ કાપવા માટેનાં રસાયણ સમજીને પોતાનાં તનમન-ધનની શકિત પ્રમાણે સેવા નિમિત્તે જ કરવાનાં છે એવો અટલ નિશ્ચય રાખવો.

સા. ૮

* * * *

આ મલદોષ માટે શાસ્ત્રોમાં ઘણું કહ્યું છે. ચિત્તશુધ્ધિ માટે નિષ્કામ કર્મકાંડ અને નિઃસ્વાર્થ કર્મયોગ ( વ્યવહાર ) અનિવાર્ય છે. એની સાથે દ્વંદ્વની ચિત્ત ઉપર કેવી અને કેટલી અસર થાય છે, એનો રોજ રાત્રે સૂતી વખતે હિસાબ કરવો જોઈએ. સવારે બ્રાહ્મ-મુહૂર્તમાં ઊઠતી વખતે આખો દિવસ શુધ્ધ રીતે વીતે એ માટે ઇશ્વરની પ્રાર્થના, અને રાત્રે સૂતી વખતે આખા દિવસમાં જે ક્ષતિ થઈ હોય એના પ્રાયશ્ચિત્તરૂપે અવશ્ય પ્રાર્થના કરી લેવી જોઈએ.

ચિત્તશુધ્ધિ માટે આટલું સંક્ષિપ્ત લખ્યું છે. ચિત્તના મલ વિક્ષેપ અને આવરણ નામના ત્રણ દોષમાં મલ અને મલશોધનનો આટલો વિસ્તારભર્યો ઉલ્લેખ કરવો પડયો છે. એમાં હેતુ છે સ્પષ્ટ સીધી સાદી સમજણ મેળવીને દેવસ્થાનસમા હૃદયમંદિરને સ્વચ્છ શુધ્ધ અને પવિત્ર બનાવવાનો.

માનવીય ચિત્ત એક અલૌકિક, અવર્ણનીય વસ્તુ છે; આશ્ચર્ય-પૂર્ણ રચના છે; એ એક એવી ઘટના છે કે એને અસંખ્ય પ્રકારે ઓળખાવી શકાય એમ છે. જયારથી માનવસૃષ્ટિનો અવિર્ભાવ થયો છે, ત્યારથી અગ્રગણ્ય વિચારકોએ, સમર્થ તત્ત્વચિંતકોએ, અપૂર્વ અન્વેક્ષણ કરનારાઓએ એનું નિરીક્ષણ,સમીક્ષણ અને પરીક્ષણ કરવાના અસંખ્ય પ્રયત્નો કર્યા છે; શારીરિક તપશ્ચર્યાથી આપણને રૂંધી, સૂકવી કે દુર્બળ કરી નાંખીને શરીરની આહુતિઓ આપી છે; સરસ્વતી પણ મૌન પકડે એવી અથાક ઋચાઓ ગાઇ ગાઈને અદૃષ્ટ તત્ત્વની એવી પ્રાર્થનાઓ કરી છે કે જેથી કંઇક સમાધાન સાંપડે; અગણ્ય દ્રવ્યસામગ્રીઓ વડે હોમહવનો કરી નાંખ્યા છે; સ્તુતિઓ ગાઇ છે; પ્રાર્થનાઓથી ગગનમંડળ ગજાવી મૂક્યું છે. મંત્રોના એકધારા રટણથી અનુષ્ઠાનો કરીને દેવ દેવ-તાઓને નોતરીને સામર્થ્ય કેળવ્યું છે અને એ દ્વારા શંકાસમા-

ધાનનાં ફાંફાં માર્યાં છે; હઠયોગ, મંત્રયોગ, લયયોગ. રાજયોગ જેવા બીજા ઘણાયે માર્ગને યોગનાં મોહક નામ આપીને ચિત્તના ચમત્કારનાં ચૂથણાં ચૂથ્યાં છે.

જન્મ અને મૃત્યુનાં રહસ્યો ઉકેલવાના પ્રયત્નોમાં પુનર્જન્મના સિધ્ધાન્તનો સ્વીકાર કરીને સૂક્ષ્મદેહના ભોગરાગની લાલસામાં સ્વર્ગનરકની બે વિરુધ્ધ લોકકલ્પનાઓ ઘડી કાઢી છે. નિત્યસુખ એટલે સ્વર્ગ, નિત્ય દુઃખ એટલે નરક એવી અને એના પેટાભાગ જેવા ચૌદ લોકની માંડણી ઊભી કરીને પુણ્યપાપનાં શાસ્ત્રો બનાવ્યાં છે, અને આવું આવું કેટકેટલું કર્યું છે એ અત્યારના સાક્ષરયુગમાં દેશવિદેશના ઐતિહાસિક દષ્ટિથી લખાયેલા ગ્રન્થસાહિત્યમાંથી જોઇ શકાય છે કે આ મનુષ્ય હજુ એ ગડમથલનો એ રીતે અંત લાવી શક્યો નથી; સંસાર અને એનું અસ્તિત્વ માનનાર મનનું તારતમ્ય તારવવાના જેટલા જેટલા વિચાર બાહ્ય દષ્ટિ વડે, દશ્યપ્રપંચને સત્ય માનીને થયા એ બધામાં માનવભેજાં વિચાર કરી કરીને ઊંધાં વળી ગયાં-નાસ્તિક બની ગયાં પણ દષ્ટા ( મન ને જેવું છે તેવું જ રાખીને દશ્યનાં રહસ્ય જાણવાના પ્રયત્નોમાં હજુ સુધી મતભેદ જ ચાલુ જ રહ્યા છે.

ધર્મ અને મોક્ષનાં સાધનોમાં વૈદિક સાહિત્યે કંઈક અપૂર્વતા સિધ્ધ કરી બતાવી છે, દશ્યનું પૃથક્કરણ, અવલોકન કે નિરીક્ષણ કરનાર દષ્ટાનું પૃથક્કરણ જયાં સુધી ન થાય ત્યાં સુધી ઢાલની એક બાજુ જોવાથી વિરુધ્ધ બાજુના ચિત્તની કલ્પના કરવાની ભૂલ કરવા જેવું બને છે.

" દગ્દશ્યવિવેક " નામના નાના એવા પ્રકરણગ્રન્થમાં એટલા જ માટે જ દગ્ ( દષ્ટાના દષ્ટિ ) અને ( દષ્ટા બનીને

જોવાતાં ) દશ્યનો જે વિવેક કરી બતાવ્યો છે, એ અલૌકિક, અને તત્ત્વતઃ સંપૂર્ણ હોઈ મનન કરવા જેવો છે.

જેવો દ્રષ્ટા તેવાં દશ્ય એ તો સામાન્ય રીતે જ સમજાય તેવી વાત છે. જેવી જેની ઇન્દ્રિયો તેવું તેને દશ્યજગત્ દેખાય, ઓળખાય કે પ્રત્યક્ષ થાય એ ન્યાયે દશ્યની પરીક્ષા કરતાં પહેલાં કરણ સમાન ઇંદ્રિયોની પૂર્ણતા–અપૂર્ણતા તથા સદોષ–નિર્દોષ સ્થિતિનો વિચાર કરવો જોઇએ; અને જેમાં સમસ્ત બ્રહ્માંડના મૂળ સ્વરૂપનો વિચાર કરવાનો હોય ત્યાં એકલા મનુષ્યની ઇન્દ્રિયોનો જ વિચાર ન કરતાં, જલચર, ખેચર, ભૂચર જેવાં સમસ્ત પ્રાણીઓની ઇન્દ્રિયોનો પણ વિચાર કરવો જોઈએ. સાર એવો નીકળે કે જેવી ઇંદ્રિયો તેવો તે વર્ગનો સંસાર. તેથી દ્રષ્ટા અને દશ્ય બન્નેના સંપૂર્ણ રહસ્યનું જ્ઞાન મેળવવું જોઈએ.

ઇન્દ્રિયો પોતે પણ પાછી સ્વતંત્ર નથી. જાગ્રત તથા સ્વપ્નમાં એ કામ કરે છે, પણ સુષુપ્તિની દશામાં એ એવી રીતે લય પામે છે કે એનું ત્યાં અસ્તિત્વ જ સિધ્ધ થઇ શકતું નથી. જાગ્રત–સ્વપ્નમાં પણ મનનો જે ઇંદ્રિયોની સાથે સંબંધ હોય તેવું જ એને જ્ઞાન થાય છે. આંખથી જોતી વખતે કાન સાથે જો મનનો સંબંધ ન હોય તો સાંભળ્યું વણસાંભળ્યું થાય છે. કાનથી સાંભળતી વખતે મન ત્યાં જ સંબધ્ધ થયેલું હોય તો આંખથી જોયું–અજોયું બને છે. એમાંથી પણ એ સાર નીકળે છે કે ઇન્દ્રિયોમાં આવતું ચૈતન્ય મનમાંથી નીકળી તથા અનુસંધાન રાખીને એને બાહ્ય સંસારનું જ્ઞાન કરાવે છે. એટલે જેવું મન તેવી ઇન્દ્રિયોની જ્ઞાનદશા દ્વારા બાહ્ય. જગત્‌ની પ્રતીતિ આંતરિક સંસારની સ્થિતિ હોય એવું ફલિત થાય છે. ઉપર મન તથા ચિત્તને એક જ અર્થમાં બહુધા વાપર્યાં છે, પણ ઉદ્દેશ તો અંદરના સાધનની એટલે અંતઃકરણની

રચના તપાસવાનો છે. મનુષ્ય એટલે જ મન અને મન એટલે જ મનુષ્ય એ વાત સ્પષ્ટ છે. અને તેની સાથે સાથે જેવું જેનું મન તેવું એને પોતાના માનેલા સંસારનું ભાનજ્ઞાન જ હોય એ વાત ચોક્કસ છે. જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં મન તથા ઇન્દ્રિયોનો જે વ્યવહાર થાય છે એમાં મન જ પોતાના પૂર્વસંસ્કારવડે પ્રવૃત્ત થઈને ઇન્દ્રિયોને દશ્યસંસારના રાગદ્વેષમાં ધકેલે છે.

આને માટે આપણે શરીરનો વિચાર કરવો પડશે. શરીર એક જ મનાતું બોલાતું હોવા છતાં એમાં એકની અંદર બીજું એમ ત્રણ શરીર છે, અને ત્રણેય શરીરમાં અવસ્થાઓ ભોગવાય છે એ પણ ત્રણ છે. જેનાથી આ સ્થૂલ દશ્ય બ્રહ્માંડનો અનુભવ થાય છે એ જાગ્રત અવસ્થા અને સ્થૂલ શરીર છે. સ્થૂલની અંદર સૂક્ષ્મ શરીર અને સ્વપ્નાવસ્થા છે, અને એ બન્નેની પીઠમાં જ્યાં સ્થૂલસૂક્ષ્મ જગત અદશ્ય થાય છે એ છે કારણશરીર અને સુષુપ્તિ અવસ્થા.

પ્રત્યક્ષ અનુભવથી સમજી શકાય એવું છે કે :

(૧) સુષુપ્તિ અવસ્થામાં મન તથા ઇન્દ્રિયો હોતાં નથી, તેથી જાગ્રત સ્વપ્નના વ્યવહાર બંધ પડે છે; એ અવસ્થા મનુષ્યને દ્વંદ્વમુકત લાગે છે; એને માટે કશુંયે ચિંતન, મનન કે કલ્પના તે સમયે કરવાં પડતાં કે થઈ શકતાં નથી. કારણ કે ત્યાં મન અને ઇન્દ્રિયો તથા તેનાથી જ થતો વ્યવહાર હોતો નથી. એમાં વ્યવહારના અભાવરૂપ ક્ષણિક શાન્તિનો અનુભવ કરે છે, આરામ પામે છે અને સૂક્ષ્મ તથા સ્થૂલશરીરનો થાક ઉતારીને તાજો બને છે.

(૨) જો મન ઇન્દ્રિયોના સાધન વડે કોઇ પ્રત્યક્ષ કે કલ્પિત વિષયમાં ચોંટી રહ્યું હોય, એની ચિંતા એને જાગ્રત અવસ્થામાં સતાવતી હોય, રાગદ્વેષમાં વિશેષ ખરડાઇ રહ્યું હોય, તો સ્વપ્નાવસ્થામાં

સૂક્ષ્મશરીર એક નવું જ વિશ્વ ખડું કરે છે; જાગ્રતના જેવા જ વ્યવહાર ઊભા થાય છે અને દ્વંદ્વની રમત ચાલુ થતાં રાગદ્વેષની આસક્તિ વધતી જાય છે. ચિત્તના ક્ષેત્ર ઉપર વિષયનાં સંસ્મરણો મૂકીને એ અવસ્થા સંસારની ઘટમાળના જન્મમરણરૂપ ઘડામાં ઉમેરો કરે છે.

(૩) જાગ્રત અવસ્થામાં સ્થૂલશરીર અને સ્થૂલ ઇંદ્રિયો કામ કરતાં જણાય છે ખરાં, પણ જો સૂક્ષ્મશરીર ક્રિયાવાન્ ન હોય તો એ અવસ્થા શૂન્યવત્ બની જાય છે. સ્થૂલશરીરનું ભાન સૂક્ષ્મ-શરીરને લીધે છે, એટલું જ નહિ પણ સ્થૂલશરીર વડે પ્રત્યક્ષ થતા અને ચાલતા સમસ્ત દૃશ્યવ્યવહારનાં દર્શન–જ્ઞાન પણ એને લીધે જ થાય છે. સ્થૂલ અને સૂક્ષ્મશરીરનો ભેદ સામાન્ય માનવી જાગ્રત અવસ્થામાં કરી શકતો નથી, તેથી સ્થૂલશરીરની સાથે એકતા અનુભવી હું જાગું છું. આ મારું શરીર, ઈન્દ્રિયો, દૃશ્યજગત્ વગેરેને પ્રત્યક્ષ કરે છે, પણ ખરી રીતે જોતાં જે બધું કર્તા–ભોક્તા-પણાનું જ્ઞાન છે તે સૂક્ષ્મશરીરને લીધે જ છે.

*　　　*　　　*　　　*

વ્યવહારમાં આવી પડતાં દ્વંદ્વો સૂક્ષ્મશરીરનાં અજ્ઞાન, વાસના અને કર્મને લીધે ચાલુ રહે છે; અહીં વાપરેલો અજ્ઞાન શબ્દ સમજવા જેવો છે. સામાન્ય વ્યવહારમાં આપણે કોઇ પણ વિષયનું જ્ઞાન ન હોય તેને તે વિષયનું અજ્ઞાન કહીએ છીએ. સંસારમાં વિષયોની સંખ્યા અગણિત છે; અસંખ્ય વિષયોનાં અસંખ્ય જ્ઞાન એવું સાધારણ રીતે આપણે માનીએ છીએ પણ એ એક મોટી ભૂલ છે. સૂક્ષ્મશરીરવાળા મનમાંથી જ્ઞાન નીકળીને ઇન્દ્રિયોને માર્ગે વિષયને ઓળખાવે છે તે વખતે તે તે વિષયનો ભેદ હોય છે; વળી ઇન્દ્રિયો જુદી જુદી છે એટલે જ્ઞાનમાં પણ ભેદ છે એવું

ભૂલભર્યું માનીએ, છતાં ઇન્દ્રિયોના તથા વિષયભેદે જ્ઞાન ભેદવાળું છે એ અજ્ઞાન છે. જ્ઞાન તો એક જ પ્રકારનું છે; દસ ઓરડામાં દસ દીવા રાખ્યા હોય તે દસેય ઓરડામાં પડેલી જુદી જુદી વસ્તુઓનું જુદું જુદું જ્ઞાન ધરાવે, પણ એ બધા દીપકમાં જેમ એક જ પ્રકાશ –જ્યોતિ છે, તેવી જ રીતે વિષયોનાં નામરૂપ જુદાં જુદાં હોવા છતાં ઇન્દ્રિયોમાં રહેલું જ્ઞાન-ચૈતન્ય જુદું જુદું નથી. તાત્પર્ય કે મન અને ઇન્દ્રિયોમાં વિષયોને ઓળખવાની જે શકિત છે, એ એક છે, અને આત્માનું એ ચમત્કારિક સ્વરૂપ છે. એ જ્ઞાનશકિતમાં ભેદ નથી; વિષયજ્ઞાનમાં જે ભેદ જણાય છે તે જ્ઞાનભેદ નથી પણ વિષયોનાં નામરૂપનો ભેદ છે.

જરા આગળ વિચાર કરીએ; મન તથા ઇંદ્રિયોની સુષુપ્તિની અવસ્થામાં અંતર્યામી આત્મજ્ઞાનતો એકધારું રહે છે; જેમ વિષયભેદને લીધે જ્ઞાનભેદ નથી તેમ મન અને ઈંદ્રિયોના લયને લીધે આત્મચૈતન્ય તો એક જ છે. સુષુપ્તિ અવસ્થામાં મન તથા ઈંદ્રિયોનો લય થાય છે ત્યારે એ જ્ઞાન તો અન્ય દશ્યોના અભાવ કાલે નિદ્રાના અંધકાર, તમસ્ કે અજ્ઞાનનું દૃષ્ટા તથા સાક્ષીરૂપે સર્વાતીત રહે છે. સુષુપ્તિ અવસ્થાને એ જોયા કરે છે, પણ ઈંદ્રિયોનો લય થયેલો હોવાથી ત્યાં ઇંદ્રિયોથી એનું પ્રમાણ આપી શકાતું નથી. જાગ્રત થતાં વેંત મન તથા ઇંદ્રિયોનો આવિર્ભાવ થાય છે ત્યારે સુષુપ્તિમાં જે શાંતિ, તથા જાગ્રત, સ્વપ્નનાં દશ્યોના અભાવનું જ્ઞાન હતું, તેની સાક્ષી તે વખતે મન તથા ઈંદ્રિયો આપે છે. આ જ્ઞાન સુષુપ્તિ, સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાં એક અને અખંડ છે, પણ સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાં મન તથા ઇંદ્રિયોમાં પ્રવેશ કરીને બાહ્ય, દશ્યવિષયોને ઓળખાવે છે, તેથી ભ્રાંતિને લીધે જ્ઞાનભેદ લાગે છે.

માનવીય મનની આ રમત આશ્ચર્ય પમાડે એવી છે. સુષુપ્તિમાં ક્યાંક, કોઇ, ન સમજાય એવી દશામાં પડે છે, અને એ ન સમજાય એવી દશા નિદ્રા છે. યોગદર્શનકાર એને ચિત્તની એ વૃત્તિ કહે છે; બીજી રીતે કહીએ તો "ન સમજાય" એવી સ્થિતિ એટલે જ "અજ્ઞાન." એ અજ્ઞાનમાં સુખ છે, શાન્તિ છે, મન તથા ઇંદ્રિયોની રમત નથી; રમત નથી તેથી રાગદ્વેષ નથી; રાગદ્વેષ નથી તેથી કર્મ નથી; કર્મ નથી તેથી સુખદુઃખાદિ ભોગ નથી; ભોગ નથી તેથી ભોગમાંથી ઊભી થતી વાસના નથી; વાસના નથી એટલે કર્મ નથી.–આવું આવું ત્યાં કશું ચક્ર–કુંડાળા જેવું નથી–દ્વંદ્વની કશી લીલા નથી. એક અખંડ જ્ઞાનભાસ્કરસ્વરૂપ આત્મા સુખસ્વરૂપ બનીને પડ્યો છે અને ત્યાં જાગ્રત-સ્વપ્નની વ્યક્ત લીલાઓ જેમાં લય પામે છે, એ અવ્યકત અજ્ઞાન–અવિદ્યા પડી હોય છે. મન અને ઇંદ્રિયો આવી રીતે સુષુપ્તિની અવ્યકત અને જાગ્રતસ્વપ્નની વ્યકત લીલા અહોનિશ કર્યા કરે છે. સ્વપ્ન–જાગ્રતનાં કર્મશ્રમ ઉતારવા સુષુપ્તિમાં વિશ્રાંતિ મેળવવા દોડી જાય છે. અને ત્યાં પરિશ્રમ ઉતરતાં મન તથા ઈંદ્રિયો તાજાં બને એટલે સ્વપ્ન જાગ્રતની ગડમથલ કરે છે.

વ્યકત ( જાગ્રત અને સ્વપ્ન ) તથા અવ્યકત ( સુષુપ્તિ )ની રમતમાં અટવાયેલું મન નિત્ય સુખની આશાતૃષ્ણામાં અનાદિ કાળથી બંધાયેલું છે. શાસ્ત્રો સ્પષ્ટ રીતે સમજાવે છે કે પ્રાણીમાત્રની પ્રવૃત્તિ–પ્રત્યેક ચેષ્ટા કે ક્રિયા સુખની પ્રાપ્તિ માટે છે; અને એ હેતુથી મન તથા ઇન્દ્રિયો દૃશ્ય એવા નામરૂપવાળા વિષયોની પ્રાપ્તિ માટેની ક્રિયા, પ્રાપ્તિ કરીને ઇન્દ્રિયો દ્વારા વિષયભોગ અને ભોગને અંતે વિષયોની ઇચ્છા–આવી રીતે કર્મ, કર્મફળભોગ અને ભોગેચ્છાની ચક્રાકાર ત્રિપુટીમાં બંધાયેલું મન ક્રિયા કરે છે સુખની

ઇચ્છા માટે, પણ એને નિર્ભેળ સુખ પ્રાપ્ત થતું નથી. સુખની સામે દુઃખ, માનની સામે અપમાન, લાભની સામે હાનિ, રાગની સામે દ્વેષ,—આવાં દ્વંદ્વો વણનોતર્યાં આવજા કરીને એને પલ્લે પડે છે.

કારણ સ્પષ્ટ છે; સુખની સાચી વ્યાખ્યા એ જાણતો નથી. સુખના કેન્દ્રસ્થાનની એને માહિતી નથી; વાસ્તવિક સુખનાં સાધનની એને ગતાગમ નથી; નિત્ય સુખ એટલે જ નિર્ભેળ સુખ એવું એ સમજતો નથી; અને તેથી જ એના પ્રયત્નો સુખને માટે હોવા છતાં એ દુઃખમાં ડૂબે છે અને એ સ્થિતિને જ, આ જગત્‌ની આશ્ચર્ય ઊપજાવે એવી માયાને, એ સમજતો–ઓળખતો નથી એમ કહેવું પડે છે.

ઉપર જે અજ્ઞાન શબ્દ વાપર્યો છે એને હવે જોઇ તપાસી જોઇએ. નામરૂપવાળા વિષયોનું એને જ્ઞાન હોય, એની પ્રાપ્તિ માટેની આવડત-શક્તિ હોય, પણ એ વિષયો નિત્ય ન હોવાથી એને નિત્ય એટલે નિર્ભેળ સુખ મળતું નથી. એથી એમ માની લઇએ કે નિત્ય સુખ જોઈતું હોય તો કોઈ નિત્ય વિષય–વસ્તુ એણે મેળવવી જોઇએ. નિત્ય વસ્તુ મેળવવા માટે એ યથાર્થ વસ્તુનું યથાર્થ જ્ઞાન હોવું જોઇએ, એનું સ્થાન સમજવું જોઇએ અને એટલું સમજ્યા પછી એની પ્રાપ્તિ માટેનાં સાધન જાણવાં જોઇએ.

શાસ્ત્રોમાં આ વિષે ઝીણવટ ભરેલી ચર્ચાનો પાર નથી, હિમાલય જેવડો ઢગલો થાય એટલાં પુસ્તકો વિદ્વાનોએ લખી રાખ્યાં છે; લખાતાં જાય છે અને લખાશે. પણ સાધારણ સાધકને, જેને મનની અશાંતિ દૂર કરવાનો જ ઉદ્દેશ છે, એને માટે તર્ક-વિતર્ક કે શંકાઆશંકા નકામાં છે; ભૂખ્યા માણસને વનસ્પતિ-શાસ્ત્ર, ખેતી, અનાજની ઉત્પત્તિ, અનાજની જાતભાત, ખર્ચ કે પડતર એવી એવી શાસ્ત્રીય સમજણની જરૂર નથી હોતી; એના

હાથમાં તો જઠરાગ્નિને શાંત કરવા ટૂકડો રોટલો કે ચાંગળું પાણી આપો એટલે જ બસ. એવી જ રીતે જેને મનની સુખશાન્તિ જોઈએ છે એને તો સાદીસીધી સમજણ, અતૂટ શ્રદ્ધા, ઈન્દ્રિયોનો સંયમ. વ્યવહારમાં પવિત્રતા, જીવનમાં સાદાઈ અને ભાવની સરળતાથી સ્વપ્ન-જાગ્રતની અશાંતિ જે જે સાધનથી દૂર થાય તે વડે સાધ્યસ્વરૂપ સુખશાન્તિ મેળવવામાં લાગી જવાનું હોય છે. અત્યાર સુધીમાં આપણે એટલું વિચારી જોયું કે :

(૧) સુષુપ્તિ, યોગીઓને ધ્યાનધારણા વડે સાધ્ય થતી સમાધિ અને વ્યાધિ કે આઘાત વડે થતી મૂર્ચ્છા—એ ત્રણ સ્થિતિમાં મન તથા ઇંદ્રિયોનો વ્યાપાર-વ્યવહાર ન હોવાથી ત્યાં દ્વંદ્વ નથી. એટલું જ નહિ પણ કેવળ સુખશાન્તિ છે, એટલે સુખનું વિરોધી પાસું ન હોવાથી એમાં સુખજ્ઞાન છે, દુઃખનો અભાવ છે.

(૨) સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાં મન તથા ઇંદ્રિયો વ્યક્ત થાય છે, દૃશ્યવિષયો પ્રતિ આકર્ષાય છે, ફળભોગની આશાના માર્યા દોડધામ કરે છે, રાગદ્વેષ વધે છે, ઇષ્ટભોગમાં હર્ષ અને અનિષ્ટમાં શોક થાય છે, બન્નેને પરિણામે વિષયોનો મોહ વધે છે.

(૩) ઇષ્ટાનિષ્ટ ભોગના પરિણામે વિષયોના રાગદ્વેષ વધે છે; તે રાગ- દ્વેષમાંથી વિષયોનો મોહ વધે છે; મોહને લીધે મન નિરન્તર વિષયસ્મરણ, વિષયપ્રાપ્તિના સાધનનું મનન, ઈન્દ્રિયો દ્વારા ગડ-મથલ અને દ્વૈત સંસારમાં મારા—તારાના સંબંધોની બાંધછોડ કરે છે.

આટલી અને આવી રમત અને જીવનવ્યવહારની ભાંગફોડ, વિષયોમાં આસક્ત માનવીના મનની હોય છે. ભ. શંકરાચાર્યના વિદ્વાન શિષ્ય શ્રી સુરેશ્વરાચાર્ય નૈષ્કર્મ્યસિદ્ધિ નામના ગ્રન્થમાં લખે છે કે : “ બ્રહ્માથી માંડીને તૃણપર્યન્ત ભયંકર દુઃખરૂપ સંસાર-

સમુદ્રમાં જેવી રીતે કૂવા ઉપરના ચાલતા રેંટના નાના નાના ઘડા ઉપરનીચે આવજા કરે છે, એવી રીતે વીજળીના ઝબકારાની જેવી ક્ષણિક સુખ, દુઃખ અને મોહ પેદા કરનારી, નાના પ્રકારની વિચિત્ર, અધમ, મધ્યમ અને ઉત્તમ યોનિયોમાં ફરતો, પ્રચંડ વાવાઝોડાના વેગથી ધકકેલાતો, સમુદ્રમાં પડેલા સૂકા તુંબડાની જેમ શુભ-અશુભ અને વિશ્વકર્મના વાયુથી પ્રેરાઇને મનુષ્ય આમતેમ ભટકતો ભટકતો અવિદ્યા, પૂર્વવાસના તથા પુણ્યપાપરૂપ કર્મથી બંધાઇને કામી ( વિષયાસક્ત ) પુરૂષ સુખદુઃખથી ઘેરાઇને જન્મ ધારણ કરે છે અને મરણ ભોગવે છે. ”

* * * *

(૧) વિષયાસક્તિમાં જ રખડતા મનથી અને સતત્ વિષય-પ્રાપ્તિનાં જ ઇન્દ્રિયો વડે કામકાજ કરવાથી સૌથી પ્રથમ હાનિ થાય છે શરીરના ક્ષયની. જીવનશકિત હણાતી જાય છે એટલું જ નહિ પણ વ્યાધિદેવ આવીને નસેનસમાં દોડવા માંડે છે. તેની સાથે જ વિષયોની આસકિત મનને ઉશ્કેરતી હોવાથી અંતરમાં વિષયો માટેનો દાવાનલદાહ વધે છે, શંકા–આશંકા માટેની સારીખોટી કલ્પનાઓ કૂદ્યા કરે છે, અને એ રીતે જે માનસિક ચિંતાકારક અશાંતિઓ ઊભી થાય એ ઉપાધિઓ કહેવાય છે.

(૨) સ્થૂલશરીરમાં અશકિત કે વાતપિત્તકફના દોષને લીધે પીડા થાય એ છે વ્યાધિ.

(૩ સ્થૂલ–જાગ્રત દશાના વ્યવહારનાં કામકાજ, ધાર્યું પરિણામ કે વિષયપ્રાપ્તિ તથા ભોગ થાય કે ન થાય, કાર્યનો ઉકેલ આવે કે ન આવે ત્યારે કર્તાભોકતાપણાનું અભિમાન થાય, રાગદ્વેષ થાય, કદાચિત્ મૂંઝવણ–મોહ થાય ત્યારે ચિત્તમાં અજ્ઞાનભર્યો કલેશ થાય એ છે સૂક્ષ્મશરીરનો ઉપાધિ.

આધિ અને ઉપાધિના સાંડસામાં સપડાયેલો માનવી આમ-તેમ ટીચાય–અથડાય છે, નિર્જીવ જેવો બનીને અશક્ત બને છે, છતાં એનું અજ્ઞાન એટલું બધું ગાઢ હોય છે કે એને સુખસ્થાન –સુખવસ્તુની સમજણ ન હોવાથી આત્માથી ભિન્ન–અનાત્મ વસ્તુનાં નામરૂપની આસક્તિ અને વાસનાઓમાં રિબાયા કરે છે; એની ઇન્દ્રિયો અશક્ત હોવા છતાં મનમાં વિષયચિંતન ચાલ્યા કરતું હોય છે. ચિત્તમાં નિરાશા અને ચંચળતા હોવા છતાં એનું મિથ્યાભિમાન ટંગડી ઊંચી રાખવાનો દેખાવ કરે છે; આ બધી ગડમથલના મૂળમાં એકમાત્ર છે મનને નાનાવિધ વસ્તુઓનો મોહ, વિષયપ્રાપ્તિની વાસના, ભોગપ્રાપ્તિની ઝંખના, અને એને લીધે જ ષડ્રિપુઓના વારંવાર હુમલા એના ઉપર થયા કરે છે તે.

સ્વપ્ન અને જાગ્રતની આ રમત વિષે ભગવાન્ શંકરાચાર્ય "શતશ્લોકી" નામના પ્રકરણ ગ્રન્થમાં અવસ્થાનું વર્ણન કરતાં લખે છે કે:

સુષુપ્તિ અવસ્થાનું સુખ:–" યથેચ્છ સમાગમસુખની ઇચ્છા રાખનારા જીવાત્મા અને અંતઃકરણની વૃત્તિના સમાગમની સમાપ્તિ તે સુષુપ્તિ છે. તેમાં અતિ ગહન ને આનંદઘન જે સ્થાન તે આનંદમય કોશ છે. તેમાં નિરતિશય સુખ વિષે લીન થયેલો પુરુષ કાંઇ પણ જાણતો નથી. તે અવસ્થામાંથી એકદમ જગાડવાથી તે દુ:ખી થાય છે, તેથી કુશળ બુદ્ધિવાળો પુરુષ સૂતેલાને સહસા ન જ જગાડે (શ્લો. ૫)

જાગ્રતમાં દુ ખ છે:–" જેમ સુષુપ્તિમાં (તેવી જ રીતે આત્માના સાક્ષાત્કારના સમયમાં પણ ) સમાન રીતે રહેલા સર્વે જીવો નેત્રાદિને અંતરમાં ગ્રહણ કરનારા અને બહાર પણ ( વિષયોના ઉપભોગ દ્વારા) સર્વેને ઉપકાર કરનારા પ્રાપ્તયશવાળા વડે (બ્રહ્મવડે)

આનંદ પામે છે. આ ( જીવો )માંથી જે ( જીવ ) પેટ ભરવા માટે બાહ્યવૃત્તિવાળો થાય છે તે દુઃખને અનુભવનારો થાય છે, અર્થાત્ ત્વચા, નેત્ર, શ્રોત્ર, નાસિકા ને રસનાને વશ બનીને ( વિષયની અપ્રાપ્તિમાં ) શોકને અને ( વિષયની પ્રાપ્તિમાં ) મોહને પામે છે. ” ( શ્લો. ૬૬ )

આ વાતને દૃષ્ટાન્ત આપીને સરળ રીતે સમજાવે છે : “જેમ પક્ષી પાંખો હલાવીને વાયુને ગતિવાળો કરે છે અને તે વડે તે ઊંચા દેશમાં જાય છે, ત્યાં તે મહાન્ વાયુને પામીને પોતાની પાંખોને ફેલાવીને શ્રમને દૂર કરે છે, તેવી જ રીતે દુષ્ટ સંકલ્પવિકલ્પો વડે વિષયની પાછળ દીન થઇ ગયેલું આ માનવીય ચિત્ત શ્રમવાળું થતાં વિશ્રાંતિ માટે ( સંકલ્પવિકલ્પરહિત ) હાથપગને મોકળા કરીને સુખપૂર્વક લાંબો સમય સૂએ છે. ” ( શ્લો. ૬૮ )

* * * *

જાગ્રત તથા સ્વપ્નમાં સ્થૂલ અને સૂક્ષ્મશરીરથી થતા વ્યવહારનાં પરિણામ વ્યાધિ અને ઉપાધિમાં આવે છે; વિષયાસક્ત મનુષ્ય એમાં જ સપડાયેલો રહેલો છે અને એમાંથી જ્યારે દીન, હીન, પામર, અશક્ત, નિરાધાર થાય છે, ત્યારે સંત અને શાસ્ત્રોની દયા તથા સત્સંગથી સત્કર્મ તરફ વળે છે. વિષયાસક્તિ જ પાપ કહેવાય ને અને પ્રત્યેક નિર્મોહી કર્મ નિષ્કામ અને સત્કર્મ કહેવાય છે, એવું કંઈક એ સમજવા માંડે છે-ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં અર્જુન એને માટે પ્રશ્ન કરે છે :

अथ केन प्रयुक्तोऽयं पापंचरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥

અર્થ :–હવે, જ્યારે બળાત્કારે પ્રેરાતો હોય તેમ આ પુરુષ ઇચ્છા ન કરતાં છતાં પણ કોનાથી પ્રેરાઇને પાપ કરે છે? (શ્લો. ૩૬) અને ભગવાન્ તરત જ ઉત્તર આપે છે:

काम एष क्रोध एष रजोगुण समुद्भवः ।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ॥

અર્થ :–એ કામ છે; એ ક્રોધ છે; તે રજોગુણમાંથી ઉત્પન્ન થયેલો, ખાઉધર અને મોટો પાપી છે. આ લોકમાં એને શત્રુ જાણ. (૩૭)

આ પાપ તે જ કામ અને ક્રોધ. અહીં જે કામ છે તે જ ક્રોધ છે એમ જણાવ્યું છે, એટલે બન્ને નામે અને સ્વરૂપે જુદા હોવા છતાં રજોગુણમાંથી પેદા થતી વિષયાસક્તિનાં જોડકાં બાળક છે એમ કહેવું ખોટું નથી. એ કામ એટલે જ વિષયાંધ બનાવીને મનને વિષયચિંતન કરવાની, વિષયપ્રાપ્તિ માટે ઇન્દ્રિયોને પ્રેરણા આપીને ગતિમાન–કર્મપરાયણ કરવાની પ્રવૃત્તિ એ જ પાપ છે; એ પાપ ખાઉધર છે; વિષયોને નહીં પણ વિષયોમાં રમનારા મનુષ્યને જ ભરખી જાય છે; મનુષ્યત્વ માર્યું જાય છે; અને તેથી જ મનુષ્યનો એ જ મહાન્‌માં મહાન્ શત્રુ છે એમ કહ્યું છે. આ છે મનની મલિનતા; મનનાં સમસ્ત દ્વંદ્વનું મૂળ; વિષયોના ઉપભોગમાં સુખ છે તે આભાસ માત્ર છે; ક્ષણિક છે; દુઃખનું મૂળ છે; દુઃખને નોતરીને પામરતા આપનારું નિમિત્ત છે. એ રમત જાગ્રત–સ્વપ્નમાં ચાલ્યા કરે છે અને સુષુપ્તિ, સમાધિ તથા મૂર્છામાં જ્યારે મન–ઇંદ્રિયો રહેતાં નથી ત્યારે સુખનો અનુભવ થાય છે. આથી ફલિત થાય છે કે મન તથા ઇંદ્રિયોની વિષયલાલસા અને ભોગમાં દુઃખ છે, અશક્તિનું એ મૂલ છે, વાસનાને વધારનારું એ કારણ છે; પણ

જયારે એ લીન થાય ત્યારે કેવલ સુખ જ રહે છે તે પરમાત્મા ( આત્મા )નું જ સ્વરૂપ છે.

જન્મોજૂની મન તથા ઇંદ્રિયોને કર્મપરાયણ રહેવાની ટેવ ( અધ્યાસ ) તરત જ જવી અઘરી છે; એ કર્મ તો કર્યા જ કરશે. એટલે પ્રથમ સાધન એ છે કે એમને સદ્વિચાર અને સત્કર્મ તરફ વાળવાં જોઇએ. પવિત્ર, પુણ્યશાળી કર્મ કરાવવાનો અભ્યાસ કરાવવો. આ હેતુને લક્ષ્યમાં રાખીને જ ચિત્તશુદ્ધિ માટે ચિત્તનાપ્રથમ દોષ મલના નિવારણ માટે નિષ્કામ કર્મની પ્રશંસા કરતાં–આજ્ઞા આપતાં શાસ્ત્રો થાકતાં નથી. પ્રત્યેક ધર્મ એને માટે એકસરખી રીતે ભાર મૂકીને સમજાવે છે કે: " હે માનવ ! સુખી થવું હોય તો સંયમી બન; સત્કર્મ કર; પાપ છોડીને પુણ્યકર્મ આચરવા માંડ; પાપનું નામ પામેલા એ કામક્રોધને ભસ્મીભૂત કરવાનાં સાધન શોધી શોધીને એ પ્રમાણે સદાચારી બની જા. પરંતુ સુખના કેન્દ્રને એણે સમજવું જોઇએ; વિષયોના ચિંતનસ્મરણમાં દુઃખ અને કલેશ છે; પ્રાપ્તિ અને ભોગમાં જીવનનો ક્ષય છે; અશક્તિ આવે છે; પ્રાપ્ત થયા પછી ભોગમાં પણ ભય છે; વિષયોના રક્ષણમાં ત્રાસ છે. એ માટેના બધા વિચારો અને કર્મોમાં નિરન્તર ઉપાધિ અને વ્યાધિ છે, જયારે એના નિવારણમાં શાંતિ અને સુખ છે. સુષુપ્તિ અને સમાધિમાં એનો અભાવ છે, પણ સુષુપ્તિમાં મન સુધરતું નથી. એના કામક્રોધ નિમૂંળ થતા નથી એટલે એ સ્થિતિને લક્ષ્ય બનાવવું અશક્ય, અયોગ્ય અને અસંભવિત છે. જયારે સમાધિમાં એ સુખ નિત્ય તથા પ્રકાશમય છે; પરન્તુ ત્યાં મલિન ચિત્તનો પ્રવેશ થઇ શકતો નથી. આત્મદેવનું મંદિર પાપ કે પાપીઓને માટે બંધ છે. એ તો ત્યારે જ ઊઘડે જયારે જીવાત્મા નિષ્પાપ થઇને એના વિનાની બીજી બધી વિષયકામનાને બાળીને ભસ્મીભૂત કરી નાંખે. એને માટે પણ ભ.ગી.ના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે :

यस्य सर्वे समारंभाः कामसंकल्प वर्जिताः ।
ज्ञानाग्नि दग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥

અર્થ :-જેની સર્વ કર્મની શરૂઆતો વિષયાનંદનાં કર્મફળની વાસનાથી રહિત છે અને જેનાં કર્મો (એમ કરવાથી) જ્ઞાનરૂપી અગ્નિથી ભસ્મ થયાં છે તેવાને જ્ઞાની પુરુષો પંડિત કહે છે. (૧૯)

જ્યાં જુઓ ત્યાં એ કામને જ સર્વ પાપ-દુઃખનું મૂળ કહ્યું છે; કામ એટલે વિષયભોગની વાસના; એ વાસના એટલે સાચી સુખવસ્તુનું અજ્ઞાન : મન અને ઇંદ્રિયોની ચંચળતા તથા એ વડે થતાં કર્મ દ્વારા મેળવેલા વિષયભોગમાં સુખ નથી, પણ એ બધાંને સુખના કેન્દ્ર સમા આત્મા (પરમાત્મા) પ્રતિ વાળવામાં છે. કારણ કે એ નિત્ય સુખ છે, પ્રકાશમય સુખ છે—એટલે કે સચ્ચિદાનંદ છે. માનવીય મન આ વાતને સમજતું નથી એ એનું અજ્ઞાન છે, અને એને જાણવું એ જ્ઞાન છે.

એ જ્ઞાન વિષે આપણે આગળ ઉપર વિચાર કરશું. અત્યારે તો એ અજ્ઞાન, અજ્ઞાનમાંથી ઊભાં થતાં કામવાસના તથા વાસનામાંથી ઊભા થતાં સ્વાર્થી, દેહદષ્ટિથી જ થતાં કર્મમાં કેવી રીતે પવિત્રતા લાવવી એટલું જ વિચારવાનું છે, કારણ કે એ જ ચિત્તનો મલ છે.

અસંખ્ય વર્ષોથી આદ્ય ઋષિમુનિઓ, અવતારો, સંતસાધુઓએ તપશ્ચર્યા, સંયમ, સદાચાર અને સ્વાધ્યાય વડે જે શોધન—સાધન કરી આપ્યું છે તેમાં સત્કર્મ, સદાચાર અને નિષ્કામ કર્મથી જ એ મલ ધોવાય છે એમ કહ્યું છે. એ મલ એટલે સુખકેન્દ્ર આત્માનું અજ્ઞાન; પરમાત્માનાં કૃપા, પ્રીતિ તથા પ્રસાદ મેળવવા માટે જીવન ન વિતાવતાં, દેહ અને દેહભોગ માટે જ

કર્મપરાયણ રહીને સ્વાર્થી કામવાસનામાં જ રચ્યપચ્યા રહેવાની અજ્ઞાનભરી મનોવૃત્તિ થાય છે, એને ધોવા માટે ( મનને શુદ્ધ કરવા માટે જ્યારથી ઇશ્વરપ્રીત્યર્થ કર્મ કરવાની શરૂઆત થાય, ત્યારથી મનુષ્ય ધર્મપરાયણ થયો કહેવાય. ધર્મપરાયણ થઈને નિષ્કામ કર્મ કરે, શાસ્ત્રોક્ત વિધિથી કર્મકાંડ કરે, લોકસંગ્રહાર્થ કર્મયોગ કરે ત્યારે એ વિશુદ્ધિના સાધનમાર્ગે લાગ્યો છે એમ કહેવાય.

ત્યાર પછી જ મોક્ષમાર્ગની દિશા ઊઘડે છે. ધર્મપાલન વિનાનો મોક્ષમાર્ગ દંભ છે. મોક્ષના લક્ષ્ય વિનાનું ધર્મપાલન મિથ્યાભિમાનને પોષનારું છે. આવી રીતે ધર્મ અને મોક્ષ માનવ-જીવનની ઉન્નતિનાં એક ઢાલનાં બે પાસાં છે. વિવેકચૂડામણિમાં ધર્મ કર્મ અને મોક્ષ માટેના આત્મજ્ઞાનની ઉપયોગિતા આવશ્યકતા વિષે ભગવાન શ્રી શંકરાચાર્ય યથાર્થ લખે છે કે :

चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धि विचारेण न किंचित्कर्मकोटिभिः ॥

અર્થ :-કર્મ ( નિષ્કામ કર્મ ) ચિત્તની શુદ્ધિ માટે છે; વસ્તુ ( પરમ તત્ત્વ-આત્મા-પરમાત્મા બ્રહ્મ )ની પ્રાપ્તિ માટે નથી. કરોડો કર્મ કરો, પણ વસ્તુ (પરમ તત્ત્વ)ની પ્રાપ્તિ એના વિચાર ( નિદિધ્યાસન ) વિના થઇ શકતી નથી.

આમાં મોક્ષસાધન માટે તત્ત્વવિચારની આવશ્યકતા બતાવી છે, પણ એની સાથે સાથે ચિત્ત શુદ્ધ ન હોય તો જ્ઞાનસાધન થઇ શકતું નથી, એમ સ્પષ્ટ કહ્યું છે. તેથી ચિત્તશુદ્ધિ માટે કર્મની આવશ્યકતા સ્વીકારી છે.

આત્મબોધ જેવા આત્મજ્ઞાનથી ભરપૂર એવા પ્રકરણગ્રન્થની શરૂઆતમાં પણ ભ. શંકરાચાર્ય સ્પષ્ટ કહે છે કે :

સા. ૯

तपोभिः क्षीणपापानां शांतानां वीतरागिणाम् ।
मुमुक्षुणामपेक्षोऽयमात्मबोधी विधीयते ॥

અર્થ :-તપશ્ચર્યા ( કર્મકાંડ )થી જેઓનાં પાપ ( ચિત્તની કામવાસનાઓ ) ક્ષીણ થઇ ગયાં છે એવા શાંત ( વાસનાથી મુક્ત બનીને શાંતિ પામી ચૂકેલા ) તથા રાગ ( વિષયોમાં મોહ ) જેને રહ્યો નથી એવા મુમુક્ષુને ઉપયોગી આ આત્મબોધ (આત્મજ્ઞાન)નો વિધિ કહેલો છે.

અહીં પણ મોક્ષમાર્ગના અધિકારીનું સ્પષ્ટ વર્ણન છે. આ ઉલ્લેખ પણ ધ્યાનમાં રાખવાનો છે. મલિન, ઝેરથી ખરડાયેલા વાસણમાં ભરેલું દૂધ જેમ વિષમય બની જાય છે, તેમ મલિન ચિત્તવાળો મનુષ્ય ચિત્તમાંથી કામવાસનારૂપી મલને ધોયા વિના વેદાન્તશાસ્ત્રોની ચર્ચા કરે, મોક્ષમાર્ગના ગ્રન્થો ભણે--સાંભળે, કુતૂહલવૃત્તિથી કે ફુરસદના વખતમાં વેદાન્તી બની બેસે અને સંયમ, સદાચાર તથા સ્વાધ્યાયથી બેદરકાર બનીને વાણીવિલાસી બને, તો એવા મોહમુગ્ધ ચિત્તમાં શાસ્ત્રના અર્થની કશી સાર્થકતા સિદ્ધ થતી નથી.

અને મનુસ્મૃતિમાં તો સ્પષ્ટ કહે છે કે :

ऋणानि त्रीण्यपाकृत्य मनोमोक्षे निवेशयत् ॥
अनपाकृत्यमोक्षं तु सेवमानः पतत्यघः ॥

અર્થ :-( દેવઋણ, પિતૃઋણ, ઋષિઋણ ) ત્રણે ઋણોને ચૂકવી દીધા પછી ( એટલે કે કર્મ દ્વારા ચિત્તમાંથી કામવાસનાને નિર્મૂળ કર્યા પછી ) મનને મોક્ષમાર્ગમાં લગાડવું જોઇએ : એમ કર્યા વિના જેઓ આત્મજ્ઞાનની વાતો કરીને મોક્ષ માટે મથે છે તે ઊલટા પાપી થાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે વિષયાસક્ત માનવીએ વિષય-ચિંતનને ભૂલવા માટે પ્રથમ ઈંદ્રિયો અને મનને ઊર્ધ્વમુખી કરવા માટે એનાં કર્મને રોકવાનાં નથી, પણ એની પાસે અશુભ કર્મ-અસત્ કર્મને બદલે શુભ–સતકર્મ કરાવવાનાં છે. કર્મનો ક્રમ જ આ પ્રમાણે છે: અશુભ કર્મ–અસત્ કર્મ; સકામ કર્મ; શુભ કર્મ, સત્કર્મ, નિષ્કામ કર્મ; ઈંદ્રિયોને જ્યારે નિષ્કામ કર્મ સ્વભાવગત બની જાય ત્યારે એ બધાં ઈશ્વરપ્રીત્યર્થ થયેલાં હોવાથી ચિત્તમાં વિષયનું નહીં પણ ઈશ્વરનું ચિંતન–સ્મરણ ચાલે છે. ઈશ્વરસ્મરણ સહજ થતાં, વિષયચિંતન આપોઆપ બંધ થાય છે અને એ જ છે ચિત્તના મલ નામના દોષનું શોધન.

વૈરાગ્યથી અને ઈશ્વરપ્રીત્યર્થે કરાતાં સમસ્ત કર્મધર્મ ભક્તિ કહેવાય છે: નિષ્કામ કર્મથી જેમ જેમ ઈશ્વરની પ્રીતિ સંપાદન થતી જાય છે તેમ તેમ ઈશ્વરસ્મરણ વધતું જાય છે એ ભક્તિ.

ભ. શંકરાચાર્યના વિદ્વાન્ શિષ્ય શ્રી સુરેશ્વરાચાર્ય નૈષ્કર્મ્ય સિદ્ધિ નામના ગ્રન્થમાં લખે છે કે:

"નિત્ય અને નૈમિત્તિક કર્મોનાં અનુષ્ઠાનથી ધર્મની ઉત્પત્તિ, ધર્મોત્પત્તિથી પાપ (કામક્રોધ)નો નાશ, પાપ(વાસના)નાશથી ચિત્તની શુદ્ધિ, ચિત્તશુદ્ધિથી સંસારના વાસ્તવિક સ્વરૂપ (મિથ્યાત્વ)નો બોધ, સંસારના યથાર્થ સ્વરૂપના જ્ઞાનથી સંસારનો વૈરાગ્ય, વૈરાગ્યથી મુક્ત પ્રાપ્ત કરવાની ઇચ્છા, મુક્તની ઈચ્છાથી એના ઉપાયનું સંશોધન, અને ત્યાર પછી સંપૂર્ણ (સકામ–નિષ્કામ કર્મોનો અને એનાં સાધનોનો પરિત્યાગ, તે પછી યોગાભ્યાસ (ધ્યાન ધારણા વ.); યોગાભ્યાસથી ચિત્તની અંતર્મુખવૃત્તિ એટલે કે ચિત્તનું આત્મા પ્રતિનું વલણ, એનાથી तत्त्वमसि (તે તું છે) જેવાં મહાવાક્યો વડે અર્થભૂત શુદ્ધ બ્રહ્મનો સાક્ષાત્કાર, સાક્ષાત્કારથી

અવિદ્યા ( અજ્ઞાન )ની નિવૃત્તિ અને અવિદ્યાની નિવૃત્તિથી કેવલ આત્મસ્વરૂપ વડે પરમાત્મામાં સ્થિતિ થાય છે. ”

આ છે પેલા સુખકેન્દ્રસ્વરૂપ આત્માનાં અજ્ઞાન એટલે કામ-વાસનાને નિર્મૂળ કરીને આત્માનો શુદ્ધ આનન્દ પામવાનો સ્વાભા-વિક ક્રમ. દર્પણમાં જ્યાં સુધી મેલ જામ્યો હોય કે બીજો કાંઇ પ્રત્યવાય હોય ત્યાં સુધી ચકચકતા હીરાનું કે મધ્યાહ્નના પ્રખર સૂર્યનાં કિરણોનું પણ યથાર્થ પ્રતિબિંબ એમાં પડતું નથી. તેવી જ રીતે જ્યાં સુધી ચિત્તમાંથી કામવાસનારૂપ મલ ધોવાય નહીં ત્યાં સુધી બ્રહ્મ સર્વવ્યાપક, સ્વયંપ્રકાશ અને સુખકન્દ હોવા છતાં એનું યથાર્થ પ્રતિબિમ્બ એમાં પડતું નથી, એટલું જ નહિ પણ એવો મનુષ્ય મિથ્યાભિમાની અને દંભી બનીને વિશેષ દુઃખી થાય છે. સંયમ અને સદાચારને અભાવે વ્યવહારમાં પણ ક્લેશ ભોગવે છે; પાપસંસ્કાર વધતા જવાથી મલના થર જામતા જાય છે, અને ધર્મકર્મ તથા જ્ઞાન–મોક્ષના બન્ને માર્ગથી ઉભયભ્રષ્ટ બનીને મનુષ્યજન્મ એળે ગુમાવે છે. આ તો છે વૈદિકધર્મની ચિત્તને શુદ્ધ કરવાની અદ્‌ભુત વિદ્યા; આ છે પાપના પાશવીય સંસ્કારમાંથી ઉન્નત બનીને મનુષ્ય બનવાના, મનુષ્યમાંથી દેવ બનવાના સર્વો-ત્તમ સાધનમાર્ગની રહસ્યવિદ્યા. આમાં કશી આંટીઘૂંટી નથી. સાંભળો; ભગવાન્ શંકરાચાર્ય સદાચાર સ્તોત્રમાં લખે છે તે :

प्रातः स्मरामि देवस्य सवितुर्भर्ग आत्मनः ।
वरेण्यं तद्धियो यो नश्चिदानन्दः प्रचोदयात् ॥

અર્થ :–પ્રાતઃકાલમાં હું સર્વની ઉત્પત્તિના કારણરૂપ અને સ્વયંપ્રકાશ આત્માના શ્રેષ્ઠ ચિદાનન્દ સ્વરૂપનું સ્મરણ કરું છું; જે ચિદાનંદ અમારી બુદ્ધિઓને પ્રેરણા આપે છે.

આ છે મુમુક્ષુની પ્રાતઃકાલમાં, બ્રાહ્મમુહૂર્તમાં કરવાની આત્મ-ભાનુના પૂજવા યોગ્ય ભર્ગની પ્રાર્થના. આવી પ્રાર્થના અંતરથી થતી જાય તેમ તેમ ચિત્તમાં ઈશ્વરસ્મરણ વધે અને એની વૃદ્ધિ થતાં વાસનાના સંકલ્પવિકલ્પો નિર્મૂળ થતા જાય.

કયા મંત્રનો જપ કરવો એ વિષે સાંભળોઃ

सर्वत्र प्राणिनां देहे जपो भवति सर्वदा ।
हंसः सोहमिति ज्ञात्वा सर्वं बन्धैः प्रमुच्यते ॥

અર્થ :–પ્રત્યેક પ્રાણધારીઓના શરીરમાં સર્વત્ર અને સર્વદા "હંસઃ" અને "સોહમ્" ("હું તે" અથવા "તે હું") એવો જપ સ્વાભાવિક રીતે જ (શ્વાસોચ્છ્વાસ દ્વારા) ચાલુ હોય છે. તેને અનુભવીને (તેનું જ સ્મરણચિંતન કરીને) મનુષ્ય બધાં બંધનથી મુકત થાય છે.

આ છે જપવિધિ; એમાં જ ધ્યાનનો સમાવેશ થઈ જાય છે. કારણ કે એ જપ ચાલુ તો છે જ; માત્ર એકાંતમાં બેસીને એ ધ્વનિમાં કર્ણવડે મનને એકાગ્ર કરીને આત્માની સાથે તાદાત્મ્ય અનુભવ કરવાનું છે; એથી વાસનાની વિસ્મૃતિ થાય છે; અંતર-માંથી આત્માનો આનન્દ સ્ફૂરે છે; ચિત્તની ચંચળતા શાંત થાય છે, અને જેમ જેમ આત્માનો વિશુદ્ધ આનંદ અનુભવમાં આવે તેમ તેમ ચિત્ત સહજ સ્વભાવે શુદ્ધ થતું જાય છે. ઉપરાંત મનની વિષયઝંખના શાંત થતાં દયા, ક્ષમા, ઉદારતા વગેરે સત્ત્વગુણનાં લક્ષણો આપોઆપ જીવનમાં ઊતરવા માંડે છે. ધર્માચરણ સ્વાભાવિક થઇ પડે છે; અને પરિણામે મોક્ષેચ્છાની તીવ્રતા વધતાં વૈરાગ્ય અને ભકિતના અંકુર ફૂટવા માંડે છે. એની વધારે સ્પષ્ટતા જુઓ :

मन्दमध्यमरूपाऽपि वैराग्येण शमादिना ।
प्रसादेन गुरोः सेयं प्रवृद्धा सूयते फलम् ॥

અર્થ :–( મોક્ષ મેળવવાની ઇચ્છા મંદ કે મધ્યમ સ્વરૂપવાળી હોય તો પણ ( કામવાસનાના ત્યાગસ્વરૂપ ) વૈરાગ્ય વડે, (ભક્તિ-સ્વરૂપ નિશ્ચલતાવાળી ) શાંતિ વગેરે સાધનોવડે અને ( બાકી રહ્યું હોય તે અથવા પ્રથમથી અંત સુધી સદ્‌ગુરુની (સેવા વડે મેળવેલી પ્રસન્નતા ) કૃપા વડે તે સારી રીતે વધીને ( મોક્ષ સ્વરૂપ ) ફળને ઉપજાવે છે ( વિવેકચૂડામણિ શ્લોક ૨૮). બુદ્ધિની આંટીઘૂંટીઓ વિવેકમાં આડી આવે એવાં તર્ક શંકા તથા કર્તવ્યમાંથી ચલાયમાન કરે એવા આળસ કે પ્રમાદમાંથી બચવા માટે તો શ્રદ્ધાની ખાસ આવશ્યકતા છે. શાસ્ત્રને કયો સ્વાર્થ છે કે તમને અવળે રસ્તે દોરે ? સંતોને કઈ મમતા લોલુપતા છે કે તમને ઊંધાં સાધન સમજાવે ? એ બન્ને નિઃસ્વાર્થ છે; અને નિઃસ્વાર્થ હોય તેવાં જ શાસ્ત્ર કે સન્તનું શરણ લેવાનું છે કારણ કે તો જ સાધકનું હિત થાય છે એ તો એક સાદી અને સીધી સમજણની વાત છે. જે સાધકને નિષ્કામ મોક્ષેચ્છા હોય, ધર્મપાલનની તીવ્ર સંવેગવાળી ઝંખના હોય, તે કયા સાંસારિક કે લોકપરલોકના વિષયોની પ્રાપ્તિ માટે શાસ્ત્ર કે સન્તનું કારણ શોધે ? એટલા જ માટે શ્રદ્ધા વિષે ભ. શંકરાચાર્ય કહે છે કે :

शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यवधारणम् ।
साश्रद्धा कथिता सद्भिर्ययावस्तूपलभ्यते ॥

અર્થ :–શાસ્ત્ર અને સદ્‌ગુરુના વાકયનો સત્યપણાની બુદ્ધિ વડે નિશ્ચય તે સત્‌પુરુષોએ કહેલી શ્રદ્ધા વડે આત્મરૂપ વસ્તુ પ્રાપ્ત થાય છે. ( વિવેકચૂડામણિ શ્લોક ૨૫ )

*        *        *        *

ધર્મકર્મ કે મોક્ષજ્ઞાન માટેનાં અસંખ્ય શાસ્ત્રો વાંચો-સાંભળો અને તમને એક જ સાચી વાત સાંભળવા મળશે કે :

(૧) ઇંદ્રિયોનો સંયમ કેળવો; આહારવિહારમાં સત્ત્વગુણ લાવો.

(૨) જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતા અનુભવમાં બધે ઇશ્વરના સત્-ચિદ્-આનંદનાં દર્શન કરો.

(૩) બધાં સત્કર્મ ઇશ્વરાર્પણ દૃષ્ટિથી કરવાનાં હોવાથી ઇશ્વરની કૃપા તથા પ્રસન્નતા મેળવવા માટે છે, એવું જ્ઞાન દૃઢ કરો.

(૪) શાસ્ત્રોકત દેવદેવતાની ઉપાસનાસ્વરૂપ કર્મકાંડ અને લોકહિતનાં કલ્યાણકારક કર્મયોગમાં પ્રવૃત્તિ રાખો.

(૫) સમયનો દુરુપયોગ ન થવા દો. રાત્રિ-દિવસના ચોવીસ કલાકમાંથી વધારેમાં વધારે સમય જપધ્યાન માટે વાપરી શકાય એની કાળજી રાખો.

(૬) સ્મરણમાં રાખો કે મહામોંઘું માનવજીવન વિષયભોગ જેવા પાશવીય આચાર માટે મળેલું કે મેળવેલું નથી. એક બાજુ પશુધર્મ બીજી બાજુ દેવધર્મ-એ બન્ને વચ્ચે મનુષ્યધર્મ ઊભો છે; આગળ વધો અને દેવ બનો; પડો એટલે પશુતામાં લપસી પડો.

(૭) પ્રારબ્ધભોગના ઓઠા નીચે આળસ કે પ્રમાદ ન વધે; કર્તવ્યની વિસ્મૃતિ ન થાય; સ્વધર્મમાં દોષ ન આવે; ઈશ્વરસ્મરણમાં સ્ખલન ન થવા પામે-સાવધાનતા રાખો.

(૮) પ્રત્યેક ક્ષણ સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટેનું, ઉન્નતિના સાધન માર્ગનું દિવ્ય પગથિયું છે-સન્માર્ગે મનોવૃત્તિ વળે તો.

(૯) પ્રત્યેક કર્મ ધર્મમાર્ગમાં દિવ્ય પ્રકાશ પાડનારું મૈત્રી વિધાન છે—જો એમાં સદાચાર હોય તો.

(૧૦) પ્રત્યેક વિચાર મોક્ષમંદિરમાં પ્રવેશ કરાવનાર માર્ગદર્શક છે —જો એમાં પવિત્રતા હોય તો.

મનુષ્ય! વૈદિકધર્મના અનુયાયી! ભ. શંકરાચાર્યના ઉપદેશેલા વેદાન્તસિદ્ધાંતના અનુગામી! પ્રત્યેક કર્મમાં વ્યવસ્થા લાવ, પ્રત્યેક વિચારમાં વિશુદ્ધિ કેળવ; પ્રત્યેક ક્ષણે, ક્ષણે ક્ષણે ઇશ્વરના સર્વવ્યાપક, સર્વજ્ઞ, સચ્ચિદાનંદસ્વરૂપનો અનુભવ કરવા કટિબદ્ધ રહે!

*   *   *   *

મલદોષ વિષે આપણે થોડી વધારે સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન કરીએ. બ્રહ્મ એક અને અદ્વિતીય છે છતાં એને આશ્રયે રહેલી કોઇ અનિર્વચનીય માયાશક્તિના પ્રભાવને લીધે દ્વૈતમય વિશ્વ ખડું થાય છે, એવો અધ્યારોપ–અપવાદવાળો વેદાંતશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. તે પ્રમાણે બ્રહ્મ અને માયાને સમજવા માટે પ્રતીત થતા સમસ્ત વિશ્વમાં (૧) अस्ति, (२) भाति, (३) प्रियता, (४) नाम અને (૫) रूपનું સર્વત્ર સતત્ ભાન થાય છે.

(૧) अस्ति શબ્દનો અર્થ "છે" એવો થાય છે. કોઈ પણ પદાર્થને જોતાં એમાં નામ અને રૂપ (આકાર) જણાશે એની સાથે જ એ પદાર્થ "છે"–હયાત છે, અસ્તિત્વ ધરાવે છે; એની સત્તા (અસ્તિત્વ)નું ભાન થાય છે એ સમજાય છે. નામરૂપ બદલાતાં બીજાં નામરૂપે પણ એ છે, છે અને છે જ એવું અસ્તિત્વ સદાસર્વથા સિદ્ધ થાય છે, એ છે "અસ્તિ" શબ્દનો અર્થ.

(૨) પંચતત્ત્વોમાં આકાશ અને વાયુ ને નિરાકાર, અમૂર્ત અથવા અમૃત તથા અગ્નિ, જળ અને પૃથ્વી નામનાં બીજાં ત્રણ

તત્ત્વો સાકાર, મૂર્ત અથવા મર્ત્યરૂપે ઓળખાય છે. એ ત્રણ સાકાર તત્ત્વોની મિશ્ર રચનાથી વિશ્વની ઉત્પત્તિ પણ ઉપનિષદ્‌માં સમજાવેલી છે. પાંચ તત્ત્વોના મિશ્રણથી બનેલી સૃષ્ટિને જેમ પંચીકરણપધ્ધતિ કહીએ છીએ એવી રીતે આ ત્રણ તત્ત્વો વડે સમજાવી શકાય તેવી સૃષ્ટિની પદ્ધતિ ત્રિવૃત્તકરણ કહેવાય છે.

(૩) જ્યાં જ્યાં નામ અને રૂપનું ભાન થાય ત્યાં આ ત્રિવૃત્તકરણ પ્રમાણે જે રૂપનું ભાન થાય છે, તે મર્ત્ય અથવા મૂર્ત છે. અને નામ એટલે શબ્દ અમૂર્ત તથા અમૃત ગણાતા આકાશતત્ત્વનો ગુણ છે. (१) अस्ति, (२) भाति, (३) प्रियता, (४) नाम तथा (५) रूप માંહેનાં નામ અને રૂપ એ બે વિષે આપણે પહેલાં વિચાર કરીએ.

(૪) નામ–શબ્દ–ધ્વનિ એ પાંચ તત્ત્વોના નિરાકાર–અમૂર્ત તત્ત્વોમાંના આકાશતત્ત્વનો ગુણધર્મ છે. જ્યાં જ્યાં ધ્વનિ ઊપજે, પડઘો પડે, નામ બોલાય કે વૈખરી ભાષાનો ઉચ્ચાર થાય એ બધું આકાશતત્ત્વને લીધે છે. વાવંટોળના સૂસવાટા, વીજળીના કડાકા, મેઘમંડળની ગર્જના, સમુદ્રનો ઘૂઘવાટ, ખેચર પક્ષીઓના કલરવ–કલ્લોલ, ભૂચર પશુપ્રાણીઓના નાદનિનાદ અને છેવટે માનવપ્રાણીની વૈખરીના શબ્દભંડોળથી થતા ધ્વનિ કે વર્ણમાળાના ઉચ્ચારોથી પદાર્થોનાં લેવાતાં–પડાતાં નામ બધાં આકાશતત્ત્વની લીલા છે, વાયુ એમાં ગતિ પૂરે છે, કર્ણેન્દ્રિયને અથડાઇને એ દ્વારા સ્પર્શ થતાં એનો અર્થ સમજાય છે, અને એ રીતે આકાશવાયુના નિરાકાર કર્મ જેવું સંભળાતું નામ એ માયાના સૃષ્ટિપ્રદેશમાં પ્રથમ અને મુખ્ય છે; ઉચ્ચાર મુખથી અને શ્રવણ કર્ણથી થતાં એ નામ તથા નાદમય સંસારનો વ્યવહાર ચાલ્યા કરે છે.

(૫) વસ્તુનો જ્યાં ત્યાં જે આકાર દૃષ્ટિએ પડે છે એ છે અગ્નિતત્ત્વનું કાર્ય: અમૂર્તતત્ત્વોનાં નામશ્રવણ તો થયાં પણ કઇ

વસ્તુના રૂપને નેત્રેન્દ્રિયે ગ્રહણ કર્યું એ પ્રશ્ન સાથે સાથે જ ઉદ્ભવે છે. ખાબોચિયામાં શાંત પડેલું, સમુદ્રમાં તોફાન મસ્તી કરતું, ચૂલા ઉપર ખળખળાટ ઊકળતું પાણી સૂર્યદેવ કે એના પ્રતીક જેવા અગ્નિના પ્રદાહથી વરાળમાં પરિવર્તન પામીને સુક્ષ્મ બનતાં બનતાં અમૂર્ત બને છે, તેવી જ રીતે જળ અને પૃથ્વીતત્ત્વનાં પોષણ પામીને જળચર, ખેચર, ભૂચર પ્રાણીઓ અને વસ્તુઓનો કાળ-ભગવાન્ વિકાર કર્યાં કરે છે ત્યારે એ પોતાના વર્તમાન રૂપનો નાશ અનુભવીને બીજું જ મૂર્તસ્વરૂપ ધારણ કરે છે. જળમાંથી બરફ બનતાં જળનું રૂપ બદલાય છે—અને બરફ નામ પડે છે; બરફ પાછું પ્રવાહી બનતાં જળ બને છે; પાણીમાં લીલ જામતાં વનસ્પતિ વર્ગનો આવિર્ભાવ થાય છે, લીલના પોપડા જામતાં એ પૃથ્વી-તત્ત્વ ધારણ કરે છે, એમાં અસંખ્ય સૂક્ષ્મ જીવો ઉદ્ભવતાં જળચર પ્રાણીઓનાં હાડમાંસનાં શરીર બંધાય છે, પૃથ્વી ઉપર વનસ્પતિ ખીલે છે, સુકાઇને લાકડાં બને છે, એ બળી જાય તો ભસ્મ—રાખ બને છે, રાખ પાછી માટી બને છે, માટી જમીનમાં ભળી જતાં એને સૂર્યનો તાપ અને જળના પ્રવાહીનું પોષણ મળતાં વનસ્પતિ ઊગી નીકળે છે. આવું રૂપનું પરિવર્તન થયા કરે છે.

(૬) આ સૃષ્ટિરચના તો સૌને પ્રત્યક્ષ છે. પ્રત્યેક વસ્તુ પોતાનો આકાર બદલ્યા કરે છે અને એ જ છે રૂપનું પરિવર્તન. રૂપના પરિવર્તનમાં અગ્નિ, જળ અને પૃથ્વી જેવાં ત્રણ મૂર્ત તત્ત્વોની જ લીલા છે. રૂપ બદલાય પણ એ ત્રણ તત્ત્વોનું મિશ્રણ તો છે, છે અને છે જ.

(૭) રૂપ બદલાય તેની સાથે નામ બદલાય. નામરૂપની મૂર્ત લીલામાં માનવપ્રાણી પોતાના અહં—મમત્વનાં બંધનો બાંધે; આસક્તિ વધારે, અને સર્જન અને સંહારની લીલામાં સરવાળે તો એ જ સાર નીકળે કે નામરૂપ બદલાય, પણ પ્રત્યેક રૂપાન્તર

પામેલા પદાર્થમાં 'છે-અસ્તિત્વ—સત્તા છે' એ જેવું ને તેવું માનવ-બુદ્ધિમાં સતત્ ભાન કરાવતું રહે છે; નામરૂપનો નાશ થાય પણ આ અસ્તિત્વનો નાશ થતો નથી, એટલા જ માટે એ છે—એવી માન્યતાવાળા અસ્તિત્વને જ શાસ્ત્રમાં સત્ કહ્યું છે અને એ સત્ એટલે જ નિત્ય. એ નિત્ય એટલે જ વધારે સ્પષ્ટ ભાષામાં સમજીએ તો સત્ય : આ છે પરમ સત્ય; પરમ નિત્ય; પરમસત્તા; પરિપૂર્ણ અસ્તિત્વ.

(૮) આ સત્ની આપણને સર્વવ્યાપકતા સિદ્ધ થાય છે : હું—આ—તે-પેલું—દષ્ટ—અદષ્ટ—ગોચર—અગોચર—કલ્પ્ય—અકલ્પ્ય—એવું જે કંઈ મનોગમ્ય કે ઇંદ્રિયગોચર થાય એ બધું "છે" એમ ન માનવાની શંકા જ ઉદ્‌ભવી શકે એમ નથી. એમાં માત્ર રૂપાન્તર થાય છે એ વાત તદ્દન નિઃશંક છે. પણ પ્રશ્ન એવો ઉદ્‌ભવી શકે કે એ સત્માં જે રૂપાન્તર થાય છે એ, રૂપાન્તર સત્ પોતે કરે છે કે બીજું કોઇ ? એ પોતે જડ છે કે ચેતન ? પોતે કર્તા છે કે એને ગતિમાં મૂકનાર કોઇ બીજું છે ?

(૯) સત્ને ગતિ આપનાર કોઇ બીજું હોય તો એ પણ 'છે' એમ કહેવા જતાં સત્ જ છે એમ કહીએ એટલે સત્ને ગતિ આપનાર સત્ છે એમ બોલવું એ અતિ પ્રશ્ન થાય છે. સત્ સર્વવ્યાપક છે. એમાં રૂપાન્તર થાય છે એ પ્રત્યક્ષ છે, તેથી એમ કહેવું પડશે કે એ સત્ જડ નથી પણ ચેતન છે; એ સત્ પોતે જ ચૈતન્ય છે : એ ચૈતન્યને શાસ્ત્રમાં ચિત્ કહે છે.

(૧૦) વિશ્વમાં હું-આ-તે તરીકે નામરૂપાન્તર કરનાર, નામરૂપનું અધિષ્ઠાન સત્ છે; એ સત્ સર્વવ્યાપક છે; રૂપાન્તર કરે છે એટલે એ ચેતન છે તેથી એ ચિત્ છે. પૃથ્વી, સૂર્ય, ચંદ્ર નક્ષત્રમંડળ, તારકગણ, વાયુદેવ કે બધાંને પોતાના ઉદરમાં સમાવનાર આકાશ

તત્ત્વ છે. એ બધામાં વિવિધ ક્રિયાઓ થાય છે; સૂર્યચંદ્ર નિયમિત ગતિથી પ્રકાશ પાથરે છે; પૃથ્વી ઉપર મરુતદેવ વિહાર કરે છે; જળતત્ત્વની વૃષ્ટિથી પ્રાણીપદાર્થ પોષણ પામે છે; ખેચર, જળચર તથા ભૂચર પ્રાણીઓની વિવિધ લીલાઓ ચાલ્યા કરે છે; એમાં વ્યવસ્થા છે; વ્યવસ્થા છે તેથી એમાં જ્ઞાન–સમજણ છે; આવી રીતે સત્ એ જ ચિત્ હોવાથી સતરૂપે જેમ એ સર્વ-વ્યાપક છે, તેમ ચિતરૂપે એ સર્વજ્ઞ અને સર્વશકિતમાન છે.

(૧૧) સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોવાની સાથે એ સ્વતંત્ર છે; સ્વેચ્છાવિહારી છે; માનવીય પ્રાણી એનાં રહસ્યો ઉકેલીને એને અધીન બનાવી એનાથી કામગીરી લેવાના પ્રયત્નો કરે છે, પણ સંપૂર્ણ સ્વતંત્રતા તો એ સત્ચિત્ની જ છે; એક દિશામાં મનુષ્ય વિજયી બને ત્યાં કોઇ અકલ્પ્ય દિશામાં એ એવો પરાજિત થાય છે કે એની મતિ એમાં કામ કરી શકતી નથી, તેથી એ સત્-ચિત્ સ્વતંત્ર અને સ્વેચ્છાવિહારી છે; માનવબુદ્ધિથી એનાં ગતિ-કૃતિ અગમ્ય રહ્યાં છે અને રહે છે; એક નામરૂપને વશવર્તી બના-વીને એનાં મોહત્રમળમાં પ્રાણી તણાય છે ત્યાં રૂપાન્તર થતાં આક્રંદ કરીને દુઃખના આઘાત અનુભવતાં પ્રાણી હારે છે, થાકે છે અને એ સત્ચિત્ને અદૃષ્ટ માનીને "હા, દૈવ! હે દેવ!" કહીને નતમસ્તક બનેલો હતાશ–નિરાશ થાય છે. તત્ત્વોની સર્વસત્તાશીલ સ્વતંત્રતા અને માનવપ્રાણીની અલ્પજ્ઞ પામરતાનાં એમાં દર્શન થાય છે.

(૧૨) આ સત્ચિત્ રૂપાન્તર કરવાની અવિરત લીલા કર્યા કરે છે, એમાં હેતુ શો ? શા માટે એ સત્ચિત્ આમ કર્યા કરે છે ? એની આવી રમતમાં જો જ્ઞાન હોય તો રૂપાન્તરની ક્રિયામાં સુખદુઃખનાં દ્વંદ્વો છે; હર્ષશોકનાં બંધનો છે, મોહ છે, આસક્તિ છે, સંયોગ-વિયોગ છે, રુદન છે, આક્રંદ છે, પરાધીનતા છે, નિરાશા છે; એવું એવું મનુષ્યને લાગ્યા કરે છે, ત્યારે એ સત્ચિત્ એવું શા માટે કરે

છે કે જેથી કોઈ સુખી તો કોઈ દુઃખી; કોઇ નીરોગી તો કોઇ રોગી, –આવું પક્ષપાતભર્યું વલણ રાખવાનું એમાં કાંઈ કારણ હશે ને !

(૧૩) જરા વિચાર કરી જુઓ; સૂક્ષ્મતાથી સમજી જુઓ; સુખદુઃખનું સંવેદન-ભાન-જ્ઞાન કોને થાય છે ? આકાશથી માંડીને પૃથ્વીપર્યન્તનાં પાંચે તત્ત્વો પોતપોતાની ક્રિયા કરીને રૂપાન્તર કરે છે એમાંથી કોઇ પણ તત્ત્વને સુખદુઃખનું સંવેદન છે ખરું ? હશે ખરું ? અગ્નિ સૂકાં, લીલાં, સુગંધી, સીધાં, વાંકાં લાકડાંને બાળી નાંખે, પાણી સૂકવી નાંખે, કે બીજા અન્ય પદાર્થોને ભસ્મીભૂત કરે, ત્યારે માત્ર તત્ત્વોના વિભાગ અને રૂપાન્તર થાય છે; એને સારા-ખોટાનો, લાભહાનિનો, સુખદુઃખનો, કશો જાણે વિચાર જ નથી હોતો. એની ક્રિયા તો ભાવાતીત હોય છે. એમાં જે ભાવનું આરોપણ કરે છે એ તો માનવપ્રાણીની પોતાની કલ્પના છે. માનવીયમનને રૂપસંકોચ અને રૂપાન્તરથી થતા પદાર્થવિયોગને લીધે એણે માની લીધેલો નાશ એવા હેતુની કલ્પના કરાવે છે. વસ્તુતઃ બ્રહ્માંડમાં કોઈ પણ વસ્તુનો, સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુનો કે બ્રહ્માંડને આવરી લે એવા તેજપુંજનો નાશ નહીં, પણ રૂપાન્તર થાય છે. અગ્નિમાં લાકડું પડતાં એમાંથી (૧) ભસ્મ, (૨) ધૂમાડો અને (૩) જ્વાળારૂપ પ્રકાશ; એવાં ત્રણ રૂપાન્તર થાય છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં અગ્નિ, જળ અને પૃથ્વી–એ ત્રણે તત્ત્વો વડે થતી સૃષ્ટિરચના સમજાવી છે ત્યાં આ વિષયનું સુન્દર પૃથક્કરણ કરેલું છે.

(૧૪) વાસ્તવિક રીતે આ ત્રણ તત્ત્વોની રૂપાન્તરક્રિયા અવિરત ચાલ્યા કરે છે. સ્થૂલતત્ત્વ પૃથ્વી, ભેજવાળું તત્ત્વ જળ અને પ્રકાશ-વાળું તત્ત્વ અગ્નિ; લાકડાને અગ્નિમાં નાખતાં એમાંનું પૃથ્વીતત્ત્વ રાખ બને છે, જળતત્ત્વનો ધૂમાડો થાય છે અને અગ્નિતત્ત્વનો પ્રકાશ બને છે. એમાં નાશ આવ્યો કયાંથી ? નાશ થયો કયા તત્ત્વનો ?

રૂપાન્તર થવું-કરવું એ નો એ બધાં તત્ત્વોનો સ્વભાવ છે. તત્ત્વ પોતેજ સ્વભાવ સ્વધર્મ છે; બન્ને અભિન્ન છે. ધર્મ અને ધર્મીનો, ગુણ અને ગુણીનો ભેદ નથી, એ અભેદ છે.

(૧૫) આ તત્ત્વોને અને એના અધિષ્ઠાન જેવા સત્ ચિત-ને સંયોગવિયોગનાં, રૂપાન્તરનાં સુખદુઃખ નથી, કારણ કે એ શુદ્ધ તત્ત્વો છે; એમાં કલ્પના નહીં પણ સ્વભાવ છે; મન નહીં, પણ સ્વધર્મ છે, રૂપાન્તર થવાની લીલા છે, સ્વાર્થી, અમુક જ રૂપને નિત્ય રાખવાની ઈચ્છા નથી. તત્ત્વો લડતાં લાગે છે છતાં એ યુદ્ધ નહીં પણ રમત છે—સ્વભાવસિદ્ધ લીલા છે. હેતુ વગરની ગતિ-કૃતિ છે. *

* * * *

તત્ત્વોની આ રમત વિષે ઉપનિષદોમાં સુંદર વર્ણનો છે; જ્યાં જ્યાં સાધક, સાધના અને સાધ્યની દૃષ્ટિએ વિચાર કરવાનો હોય છે, ત્યાં ઋષિઓ જીવ, જગત્ અને જગદીશની ત્રિપુટીનો અદ્વૈત અધિષ્ઠાન તત્ત્વમાં અધ્યારોપ કરે છે; સાધક જ્યાં સુધી સાધ્ય અને સાધનાના શોધનજ્ઞાપનના વિધિવિધાન માટે મીમાંસા ઇચ્છતો હોય, ત્યાં સુધી એના ચિત્તનું શોધન, બુદ્ધિ ( વિવેક )નું માર્જન અને વ્યષ્ટિગત જીવભાવનું પૃથક્કરણ કરવાની આવશ્યકતા રહે છે. ચિત્તના શોધનકર્મમાં અહંમમતાને વળગેલાં વાસનાભર્યાં કર્મનું ત્રિગુણાત્મક વિવેચન કરીને જે જે કર્મોથી એનો અહંકાર સાત્ત્વિક થાય, રાજસિકતામસિક ગુણોના પ્રભાવથી મુક્ત રહીને જીવનવ્યવહારમાં નિષ્કામ કર્મ કરી શકવાનાં જ્ઞાન અને સામર્થ્ય મેળવી શકે એવો વિવેકી થાય, એવાં કર્મકાંડ તથા કર્મયોગનાં એને

* ત્રણ તત્ત્વોનાં મિશ્રણથી સૃષ્ટિને સમજાવવાની પ્રક્રિયાને ત્રિવૃત્તકરણ કહે છે; છાંદોગ્ય ઉપનિષદ્‌નો આ વિભાગ સુંદર છે.

માટે આજ્ઞા-વિધિઓ હોય છે. શ્રદ્ધાથી એનાં અનુષ્ઠાન કરીને દેવ-દેવતા તથા ઇશ્વરની પ્રસન્નતા મેળવવાની હોય છે, સંયમ અને સદાચાર જ જીવનનું નિષ્કામ ધ્યેય છે, એવું એણે યથાર્થ ધર્મપાલન કરવાનું હોય છે. તત્ત્વો જો શુદ્ધ, અહૈતુકી રીતે ગતિકૃતિ કરતાં હોય તો એ તત્ત્વોના જ બનેલા દેહપિંડમાં થતી ક્રિયાઓ પણ શુદ્ધ રીતે જ પ્રવૃત્ત રહે છે એમ માનવું જોઇએ. પરંતુ માનવ-પ્રાણીના દેહ દ્વારા થતી ક્રિયાઓમાં તો એના ફળસ્વરૂપે સુખ-દુઃખાદિ દ્વંદ્વોનું ભાન થાય છે. મનુષ્યને વાસના, કર્મ અને ફળ-ભોગની પ્રેરણા થાય છે એમાં નિષ્ફળતાના પ્રસંગો આવે છે; નિરાશાનું મનોમન્થન ચાલે છે; તત્ત્વોની રમતમાં એને પોતાની અલ્પજ્ઞતા, અલ્પશકિત અને પામરતાનું ભાન થાય છે. તત્ત્વોને દ્વંદ્વભાન ભોગવ્યા વિના ક્રિયા ચલાવતાં માનીએ તો એ જ તત્ત્વોના પિંડધારી માનવીને દ્વંદ્વના આઘાત શા માટે થાય છે? આ બધું સૂક્ષ્મ વિચાર માગી લે છે.

* * * *

તત્ત્વજ્ઞાનને અને એમાંયે શાંકરવેદાન્તના અદ્વૈતવાદને સમજવો એ સૂક્ષ્મ બુધ્ધિનો વિષય છે. કેવળ તર્કની ખાતર તર્કથી એનું સ્પષ્ટીકરણ કે સમાધાન કરનારાઓએ તો અસંખ્ય અને અકાટ્ય યુકિતઓ શોધી કાઢી છે. યુકિતઓની ભાંજગડમાં પડનારા વધારે છે, પરન્તુ શાસ્ત્રપ્રમાણ અને અનુભવજ્ઞાનને આધારે જીવીને જેઓએ ઉદ્ગાર કાઢયા છે એવા સન્તોની વાણીમાં જેટલી સરસ, સરળ, સુયોગ્ય તથા સાદી અને સીધી પણ સચોટ સમજણસામગ્રી સાંપડે છે, એ અલૌકિક અને અદ્વિતીય છે કોઇ પણ વસ્તુના અનુભવ માટે પ્રથમ પરોક્ષ રીતે એના ગુણગાનનું શ્રવણ થાય, ઉપયોગિતા સમજાય, વિચારપૂર્વક એની પ્રાપ્તિ, ઉપભોગ અને અનુભવનાં

સાધન ઓળખી લેવાય, એ છે વસ્તુનું પરોક્ષ જ્ઞાન, ત્યાર પછી એને પ્રાપ્ત કરીને અનુભવ કરવાનાં સાધનમાં લાગી જવાય, અનુભવ થાય, આનન્દભોગથી તૃપ્તિ થાય એ છે અપરોક્ષ જ્ઞાન. આવું પરોક્ષ–અપરોક્ષ જ્ઞાન, એનાં સાધન, જિજ્ઞાસુની જ્ઞાનપિપાસા અને મુમુક્ષુની મોક્ષેચ્છા, એવા જ્ઞાનદાનના અલૌકિક દાતાર જેવા જીવન્મુકત આચાર્ય, ગુરુદેવ, સન્તસાધુ કે અનુભવીઓનાં લક્ષણો, વસ્તુજ્ઞાનનો મહિમા, વગેરે આલેખતાં મુખ્ય શાસ્ત્રો છે ઉપનિષદો. એમાં મુખ્યત્વે તત્ત્વજ્ઞાનનો મહિમા, એ માટેનાં સાધનો, અનુભવના પ્રાસાદિક સંકેતો, અને એ એક તથા અદ્વિતીય હોઇ જયાં દ્વૈતની ગંધ માત્ર પણ નથી, નામશેષ જેવા દ્વૈતનો આભાસ નથી, અને એવું અદ્વૈત બ્રહ્મ હોવા છતાં એમાં જીવાત્માને પ્રત્યક્ષ થતા વિશ્વનો ઉલ્લેખ કરવો પણ સંભવ નથી–એવું સિદ્ધ કરવું એ કેવલ યુકિતનો વિષય નથી; બુદ્ધિ તર્ક કરતાં કુંઠિત થઇ જાય, મન કલ્પના કરીને ઊંધું વળે, ચિત્ત ચિંતન કરતાં કરતાં લય પામી જાય અને હું-હુંનો પોકાર કરનો અહંકાર દેશકાલમાં ફરી ફરીને સુખશાન્તિની શોધમાં જ પોતાનો હોમ કરી નાખે, વ્યકિતત્વ ભૂંસાઇને જેનું નામરૂપ પણ શેષ ન રહે એવું, સાકાર-નિરાકાર, સગુણ-નિર્ગુણ, સવિકલ્પ -નિર્વિકલ્પ, મૂર્ત–અમૂર્ત, મર્ત્ય–અમૃત બધાથી પર, મનવાણીથી પર જે તત્ત્વ છે, એનાં જ્ઞાન–અનુભવ વિના દ્વંદ્વનો અંત નથી; દ્વૈતનો નિરાસ નથી; અને બ્રહ્મની લીલા કે માયાની ક્રીડા, દેવની શકિત કે તત્ત્વોની ભ્રમણા–એવા એવા કૂટ પ્રશ્નોનું સાચું નિરાકરણ કે સમાધાન નથી.

આવું ન સમજી શકવાની અશકિત કે અલ્પતા જ માનવીય જીવનની એ દેશી, વ્યકિતગત વર્તુલમાં રૂંધાઇ રહેનારી, કુંઠિત ગતનું પરિણામ છે. ન સમજવું એનું નામ અજ્ઞાન; એ જ અવિદ્યા; એ જ વિશ્વલીલા કરનારી માયા. જીવાત્માને પરમ તત્ત્વનું

રહસ્ય શોધતાં એ જ આડી આવીને ઊભી રહે છે; અંધકારનો પડદો નાંખે છે, અને જ્યાં સુધી એ અજ્ઞાનનો અંત ન આવે ત્યાં સુધી દ્વૈતની ભુલભુલામણીમાં ભટકાવ્યા કરે છે.

*　　*　　*　　*

બૃહદારણ્યક ઉપનિષદ્માં જ્યાં પંચતત્ત્વોનું રહસ્ય સમજાવાય છે એ બીજા અધ્યાયના ત્રીજા બ્રાહ્મણમાં તત્ત્વોનાં મૂર્ત-અમૂર્ત તત્ત્વોનું રહસ્ય સમજાવેલું છે:

બ્રહ્મનાં બે રૂપ:

द्वे वाव ब्रह्मणो रूपे मूर्तं चैवामूर्तं च मर्त्यं चामृतं च स्थितं च यच्च सच्च त्यच्च ॥ १ ॥

અર્થ:-બ્રહ્મનાં બે રૂપ છે: મૂર્ત અને અમૂર્ત, મર્ત્ય અને અમૃત; સ્થિત અને યત્ (ચર) તથા સત્ અને ત્યત્. (૧)

तदेतन्मूर्तं यदन्यद्वायोश्चान्तरिक्षाच्चैतन्मर्त्यमेतत्स्थित-मेतत्स त्तस्यैतस्य मूर्तस्यैतस्य मर्त्यस्यैतस्य स्थितस्यैतस्य सत एष रसो य एष तपति सतो ह्येष रसः ॥ २ ॥

અર્થ:-જે વાયુ અને અન્તરિક્ષથી ભિન્ન છે તે મૂર્ત છે, એ મર્ત્ય છે. આ સ્થિત છે અને આ સત્ છે. એ આ મૂર્તનો, આ મર્ત્યનો આ સ્થિતિનો, આ સત્નો આ રસ છે, જે એ તપે છે, તે સત્નો જ રસ છે. (૨)

આ મૂર્ત-અમૂર્ત બ્રહ્મનું સુંદર વિવેચન ભ. શંકરાચાર્યના એ ઉપરના ભાષ્યમાં છે; વિષય સૂક્ષ્મ, ગહન અને ગંભીર છે; અહીં તો કેવળ એટલું જ સમજવાનું છે કે આ મૂર્ત-અમૂર્ત

સા. ૧૦

તત્ત્વોનું મિશ્રણ સમસ્ત બ્રહ્માંડ છે, એ તત્ત્વો પોતે જડ હોવાથી એમાં સત છે, ચિત્ છે એમ કહેવાય છે ખરું, પણ એ સત્, ચિત્ તો પાંચેય તત્ત્વોનું જે અધિષ્ઠાન છે તે બ્રહ્મ છે.

સગુણ-નિર્ગુણનો ઝગડો અનાદિકાલથી ચાલ્યો આવે છે, ઉપનિષદોનાં રહસ્ય પણ ભિન્નભિન્ન આચાર્યો પોતપોતાના સગુણ કે નિર્ગુણપક્ષે ખેંચાતાણ કરીને સમજાવે છે, પણ ભ. શંકરાચાર્ય સાધન-સાધનાનો જ્યારે વિચાર કરે છે, ચિત્તની શુદ્ધિ અને નિરોધ માટે નિષ્કામ કર્મ તથા ઉપાસનાની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે ત્યારે એમનું રહસ્ય વિચારવા જેવું લાગે છે. ब्रह्म सत्यं जगन्मिथ्या जींवो ब्रह्मैव ना परः કહેનાર આચાર્ય શંકરાચાર્ય પણ વ્યવહારપક્ષે કેટલી સાવધાનતાથી કર્મ-ઉપાસનાના સાધકોને સાધનક્રમનાં પગથિયાં સમજાવે છે, એની ઉપયોગિતા સમજવા જેવી છે. કર્મ તથા ઉપાસના દ્વારા શુધ્ધ તથા નિરુધ્ધ ચિત્ત જ જિજ્ઞાસુ-મુમુક્ષુ બને ત્યારે એને (૧) વિવેક, (૨) વૈરાગ્ય, (૩) શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રધ્ધા અને સમાધાન, (૪) મુમુક્ષુતા, (૫) શ્રવણ, (૬) મનન, (૭)નિદિધ્યાસન, (૮) સમાધિ -આવી સાધનપ્રણાલિકા બાંધી આપીને પોતાના કેવલાદ્વૈતનો સિધ્ધાન્ત ભ. શંકરાચાર્ય પ્રતિપાદન કરે છે એ એમની અલૌકિક સિધ્ધિ છે. એમના પ્રકરણગ્રન્થો, વિષ્ણુસહસ્રનામ તથા ગાયત્રી-મંત્ર ઉપરનું ભાષ્ય, દેવદેવતાની ઉપાસના માટે અસંખ્ય સ્તોત્રો, સૌંદર્યલહરી જેવા મંત્રતંત્રનાં રહસ્યભર્યાં ઉપાસનાવિધાનો, એ બધાં એમની સાવધાનતા ભરેલી બુધ્ધિમત્તા સૂચવે છે.

*  *  *  *

આપણે મૂળ મુદ્દા પર આવીએ. માનવીય મનની સૂક્ષ્મતાથી વિવેચના કરવાનો ઉદ્દેશ છે એની શુધ્ધિ, શકિત અને તત્ત્વજ્ઞાન

દ્વારા જીવનના વ્યવહારમાં ડગલે ને પગલે નડતા મલ, વિક્ષેપ અને આવરણ નામના ત્રણેય દોષના નિવારણથી મેળવી શકાય એવી મુક્તિનો.

સત્–ની આપણે સર્વવ્યાપક સત્તા જોઈ; એ સત્–ચૈતન્યમય છે, શકિતમાન છે, પ્રત્યેક ક્રિયાની પાછળ ગતિ આપનાર છે એટલે એ જ ચિત્ છે એ જોયું; સત્–ચિત્–ની લીલા પ્રેરણાત્મક છે અને પ્રત્યેક નામરૂપના અધિષ્ઠાનરૂપે હોવા છતાં નામરૂપના વિકાર કે પરિવર્તન એમાં અણુમાત્ર પણ વિકાર કરી શકતાં નથી. નામ આકાશ નામના અમૂર્ત તત્ત્વનો ધર્મ છે; રૂપ અગ્નિ નામના મૂર્ત તત્ત્વનો ધર્મ છે. અમૂર્ત અને મૂર્ત એવાં પાંચે તત્ત્વોમાંના આકાશ અને અગ્નિ પોતપોતાના વર્ગમાં પ્રથમ પંક્તિએ આવે છે. અમૂર્તમાં આકાશ પ્રથમ છે; મૂર્તમાં અગ્નિ પ્રથમ છે; બાકી રહ્યાં અમૂર્તમાં વાયુ અને મૂર્તમાં જળ તથા પૃથ્વી એ ત્રણેયનો સ્પર્શ, સ્વાદ અને ગંધ ગુણધર્મ છે. પાંચેય તત્ત્વોની રમત તપાસીએ, અવિરત ગતિએ એમની લીલા જોઈએ તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ નામના પાંચ ગુણો પરસ્પર રમ્યા કરે છે, એ ગુણમયી લીલા પ્રકૃતિ કહેવાય છે. પ્રકૃતિ, ત્રણ ગુણ, એમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધની ક્રિયા, એના અધિષ્ઠાનરૂપે સત્ અને ચિત્, અને અમૂર્ત અને મૂર્ત તત્ત્વોનાં નામરૂપભર્યા વ્યવહારનો જે રહસ્યસાર શોધી કાઢે, એ તત્ત્વજ્ઞાનને જાણીને, અનુભવીને અને એ રીતે જીવીને દ્વંદ્વમુકત બને એને ભગવદ્ગીતામાં તત્ત્વવિદ્ કહ્યો છે. જુઓ અધ્યાય ત્રીજો, શ્લોક ૨૭–૨૮.

प्रकृते: क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकार विमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥
तत्त्ववित्तु महाबाहो गुणकर्म विभागयोः ।
गुणाः गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ २८ ॥

અર્થ : કર્મો તો સર્વત્ર પ્રકૃતિના ગુણો વડે જ કરાય છે છતાં અહંકારથી અતિમૂઢ બની ગયેલો જીવાત્મા "હું કર્તા છું" એમ અવળું માની લે છે. (૨૭)

હે મહાબાહો ! ગુણોના અને ગુણો વડે કરાતાં કર્મોના વિભાગને જાણનારો તત્ત્વજ્ઞાની તો ગુણો જ ગુણોમાં વર્તે છે એમ માનીને આસક્ત થતો નથી. (૨૮)

પંચતત્વો, એમાં રહેલા ત્રણ ગુણો તથા એમાં થતી ક્રિયાઓ બ્રહ્માંડભરમાં થયા જ કરે છે; ત્યારે આમાં માનવી મન શા માટે મૂંઝાય છે, શા માટે અટવાઈ પડયું છે, શા માટે એમાં દ્વંદ્વ ઊભાં કરીને ભીંસાય છે ? શા માટે પોતાની ઇચ્છાને મુખ્ય માનીને હારજીત અનુભવે છે ?–પ્રશ્ન અઘરો છે, પણ ઉત્તર સરળ છે.

જિજ્ઞાસુ ! તારી જાતને તપાસી જો, ઉપર જે અહંકારવિમૂઢની વાત આવી છે એ અહંકાર છે કયાં ? છે કોણ ? તત્વોમાં જો કોઇ અહંભાવના હશે તો એ મોહગ્રસ્ત કહેવાતાં હશે, પણ આ બધામાં તેં એક વાત જોઇ લીધી હશે કે પાંચતત્ત્વોને ઘડીભર વિસારી દઇએ તો (૧) સત્, અને (૨) ચિત્ એ અધિષ્ઠાનરૂપે છે, એ માત્ર બુદ્ધિવૃત્તિથી–જ્ઞાન–વિજ્ઞાનથી સમજાય એવાં છે. સ્થૂલ ઇંદ્રિયોના એ વિષય નથી પણ (૧) નામ, (૨) રૂપ, એ ઈંદ્રિયગોચર છે. એકનો કર્ણેન્દ્રિય સાથે સંબંધ છે, જ્યારે બીજાનો નેત્ર સાથેનો. નામરૂપમાં પરિવર્તન થાય છે, રૂપ બદલાતાં નામ બદલવું પડે છે કારણ કે કોઇ પણ પદાર્થનું નામ પાડયા વિના વ્યવહાર થવો સંભવિત નથી. પરંતુ એ નામરૂપ કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી; સ્વતંત્ર વસ્તુ તો પેલું સત્–ચિત્ છે. એ એક જ, અદ્વિતીય રીતે સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશકિતમાન તરીકે જેમનું તેમ રહે છે, જ્યારે જે માત્ર એમના વેશ–વાઘા જેવાં નામરૂપ બદલાયા કરે છે.

એક જ નટ જેમ અનેક વેશે રમત રમે, દેખાય અને વ્યવહાર કરતાં છતાં જેવો ને તેવો જ પોતે નિર્વિકાર રહે, તેમ આ સત્-ચિત્-સ્વરૂપ અધિષ્ઠાન અનેક નામરૂપે દેખાય, રમત રમે, ક્રિયાઓ કરે તથા ગુણભેદ ઉપજાવે છે.

સૃષ્ટિનાં બધાં નામરૂપવાળાં પ્રાણી પદાર્થમાં મનુષ્યનો પણ સમાવેશ થાય છે, મનુષ્યનું શરીર પણ પંચતત્ત્વનું, સત્–ચિત્ અધિષ્ઠાનવાળું, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ધર્મવાળું, ત્રણ ગુણવાળું, કર્મશીલ બનીને સતત ક્રિયાપરાયણ રહેનારું તથા નામરૂપ બદલનારું છે. નવજાત બાળક દિવસે દિવસે શરીરે વધે છે, નાનામાંથી મોટું બને છે, રૂપ બદલાય છે, બાળક, કિશોર, યુવાન, પ્રૌઢ, વૃધ્ધ, સશકત, બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી, વાનપ્રસ્થી, સંન્યાસી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, વેપારી; નોકર, શેઠ, વાણોતર, મુનીમ, શાહુકાર, ચોર વગેરે અસંખ્ય વિશેષણો રૂપ નામની માળા જાણે એના રૂપમાં પહેરાવી દીધી હોય એવું લાગે છે. રૂપ પણ બદલાય છે, અવસ્થા વય, વ્યાધિ, વગેરેના પરિણામે શરીરના રૂપરંગ પલટાય છે; તાત્પર્ય કે નામરૂપ તો હમેશાં બદલાય છે જ, કારણ કે એ તત્ત્વોનો વિકારી સ્વભાવ-ધર્મ છે.

એ બધામાં સત્–ચિત્ જ અધિષ્ઠાનરૂપે છે કારણ કે એ નિત્ય છે અને જાણે છે; એવી માનવીય મનોદશાને .આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. પણ “ હોનાર કોણ ? ” “ જાણનાર કોણ ? ” એવો પ્રશ્ન પૂછતાં પ્રત્યેક ટૂંકો જ જવાબ આપશે કે “ હું ” –સંસ્કૃત ભાષાનું अहम्; અને સ્પષ્ટ જોવા જઈએ તો પ્રાણનો જે –નાસિકા દ્વારા શ્વાસ ઉચ્છ્વાસ નીકળે છે એ अहम् છે; અંદરનો શ્વાસ સો–બહાર નીકળે તો ઉચ્છ્વાસ हम्; અને બંને સાથે લખતાં થાય છે સોઽહમ્-અને છૂટા પાડીએ એટલે सः=તે अहम्=હું–આવું

નામ જ્યાં જ્યાં પ્રાણ છે, જ્યાં જ્યાં શ્વાસોચ્છ્વાસ છે, ત્યાં સ્વાભાવિક રીતે જ બોલાયા કરે છે.

આવી રીતે सो=स : એવો વિશ્વપ્રાણ અંદર લેવાય છે, हम् એવી રીતે શરીરસ્થ પ્રાણ બહાર નીકળે છે; વિશ્વપ્રાણ સર્વવ્યાપી હોવાથી सत्-ચિત્ છે, જ્યારે પિંડપ્રાણ એક પિંડમાં ઘૂંટાઇને બહાર નીકળે એટલે એ જ પિંડને, એ એક જ નામરૂપને अहम्‌ની સાથે મમ માનીને હું–મારૂં તથા તેની સાથે "હું આ શરીર," "આ મારું શરીર" એવી મમતા બાંધે છે.

સત્–ચિત્‌ની લીલામાં પિંડમાં ગયેલો પ્રાણાત્મા–હું–મારું માનીને એની સાથે આસક્તિ બાંધે છે. ત્યાર પછી એક જ પિંડના નામરૂપને પોતાનું માનીને એમાં આસક્તિથી બંધાઇને એમાં થતી વાસનાઓ, ક્રિયાઓ, ભોગો, વગેરે કર્મશૃંખલામાં હું કરું છું, ભોગવું છું, મારે આ જોઇએ છે, આટલું નથી, આટલું મેળવવું છે, આટલું જ મારું છે, બીજું પારકું છે, પારકું મને મળે, મારું કોઇ લઇ ન જાય,–આવી આવી માન્યતા જે બાંધે છે તે છે અંદરનું હું–એ જ છે अहम् અને એ જ છે અહંકાર : આ અહંકાર વિમૂઢ "હું કરું છું" એવું અજ્ઞાન ધારણ કરે છે, સત્ ચિતને ભૂલી જાય છે, અને પછી ચાલે છે એ અજ્ઞાનમાંથી વાસના, કર્મ અને ફલભોગની પરમ્પરા તથા દૃષ્ટાદૃશ્યના મમતાભર્યા સંબંધો.

આ અહંકાર ઊભો થાય છે શરીર–પિંડમાંથી. બ્રહ્માંડમાં થતી લીલા તો સત્–ચિત્ ચલાવે છે, તત્ત્વો પણ સ્વતંત્ર નથી; કારણ કે તત્ત્વોનું અધિષ્ઠાન, નામરૂપથી મુક્ત એ સત્-ચિત્ છે; એનો પણ કોઈ अहंभाव હોય એમ માનીએ તો બ્રહ્માંડનો અહંભાવ એટલે બ્રહ્મ પોતે હું–પણાનો સ્વીકાર કરીને જે લીલા રમે તે છે ઐશ્વર્યવાન

સિત્ ચિત્; એને ઐશ્વર્યનો અધિપતિ માનીએ ત્યારે એ ઇશ્વર કહેવાય છે.

બ્રહ્માંડનો અધિપતિસ્વરૂપ અહંકાર તે ઈશ્વર; એને સુખ-દુઃખનાં દ્વંદ્વ બાંધી શકતાં નથી. પણ એ જ બ્રહ્માંડવ્યાપક સત્-ચિત્ જયારે પ્રાણરૂપે ગતિમાન રહે છે ત્યારે શાસ્ત્રની ભાષામાં બોલીએ તો હિરણ્યગર્ભ-બ્રહ્મારૂપે પિંડમાં પ્રવેશ કરે ત્યાં વ્યકિત-ગત અહંકાર બને છે.

એ પિંડમાં મૂંઝાઈ જાય છે માટે મૂઢ; એનો સ્વભાવ કંઇક એવો છે કે એ જયાં હોય ત્યાં આસકિત બાંધે છે; પોતે હું હોવાથી આસપાસ જેટલાં હું હોય, નામરૂપવાળા જડ પદાર્થો હોય, તેની સાથે આસકિતને લીધે લેવડદેવડ–આપ–લેનો વ્યવહાર કરે. કર્મ કરે, ભોગ ભોગવે, દ્વંદ્વમાં સપડાય, ત્યારે એ અહંકાર વિભકત થાય છે. એ પોતે કર્તા હોય ત્યારે " હું " એટલું જ રહે છે. આ છે એની પ્રથમા વિભકિત; એને કોઈના તરફથી કંઇક થાય ત્યારે એ " મને અમુક થયું " એવું ભાન થાય તે છે બીજી વિભકિત. એના વડે કોઇને કાંઇ થાય ત્યારે " મારાથી અમુક થયું " એ છે ત્રીજી વિભકિત; એને માટે કોઇ કાંઈ કરે ત્યારે " મારે માટે " અમુકે આમ કર્યું એમ જે મનાય તે છે ચોથી વિભકિત; એના અધિકારમાંથી કાંઇ અપાય કે થાય ત્યારે " મારામાંથી અમુક થયું " એમ કહેવાય તે છે પાંચમી વિભકિત. એના માનેલા પ્રાણી-પદાર્થને ઓળખાવવાનાં હોય ત્યારે " મારું અમુક છે " એમ બોલાય એ છે છઠ્ઠી વિભકિત; અને એના પોતાનામાં કંઇક થાય ત્યારે " મારામાં અમુક છે " એમ કહેવા જતાં સાતમી વિભકિત બને છે. આ સાતેય રીતે એ પોતાના વ્યવહારમાં જે સંબંધો બાંધે છે, એમાં પરિવર્તન થાય છે. એવા વિભાગને લીધે એને સાત

વડે બંધાયેલો અસંખ્ય
વિભક્તિ લાગે છે, અને આ સાત વિભક્તિ વડે બંધાયેલો અસંખ્ય ભોગવ્યા કરે
નામરૂપ સાથે અથડાતો ટીચાતો, રીબાતો ડુભાતો દ્વંદ્વ ભોગવ્યા કરે
છે; નિરાશ થતાં નવી આશા બાંધે છે, હાનિ ભોગવતાં લાભની
વાસના કરે છે, અપમાન થતાં માન માટે મહેનત કરે છે, હાર
ભોગવતાં જીતવાના પ્રયત્નો ચાલુ કરે છે-અને આમને આમ આ
બ્રહ્માંડમાં પ્રસરતો જાય છે, બધે ઘૂમે છે, એ છે એનો પોતાનો
મનોમય સંસાર.

આવો છે એ જીવાત્મા–અહંકારનો મનનો માનેલો સંસાર.
તત્ત્વવિદ્ તો કહે છે કે બધી લીલા છે સત્–ચિત્ સ્વરૂપ ઇશ્વરની,
બધી ક્રિયાઓ એ જ કરે છે, બધાં નામરૂપ એ ફેરવે છે, કારણ કે
બધું એનું જ છે, અને આ માનવીય અહંકાર તો મોહગ્રસ્ત હોવાથી
વ્યર્થ–મિથ્યા પોતાને કર્તા માને છે. કર્તા માને છે તેથી દ્વંદ્વનો
ભોક્તા બને છે. કર્તા પછી ભોક્તા, અને ભોક્તા પછી વળી પાછો
કર્તા થવાનો અંત જ આવતો નથી. આ છે જીવાત્માનો–પ્રત્યેક
જીવાત્માનો પોતપોતાના મનથી માનેલો દ્વંદ્વસ્વરૂપ સંસારસાગર.

* * * *

હવે જરા પાછળ વાંચી જુઓ; સમસ્ત બ્રહ્માંડમાં જે કંઇ છે
એ પાંચ સ્વરૂપે પ્રતીત થાય છે એમ લખ્યું છે. (૧) अस्ति, (२)
भाति, (३) प्रियता, (४) नाम, અને (५)रूप : આમાંથી અસ્તિ એટલે
સત્, ભાતિ એટલે ચિત્, અમૂર્ત તત્ત્વોનું નામ, મૂર્ત તત્ત્વોનું રૂપ
એટલાં ચાર માટે વિચાર કરી ગયા; રહ્યું એક માત્ર પ્રિયતા, એનો
વિચાર કરવાનો રહ્યો છે. ઇશ્વરસ્વરૂપ આખા બ્રહ્માંડના અહંકારમાં
જ્યાં જુદાં જુદાં વ્યક્તિત્વ છે, ત્યાં પ્રત્યેક પિંડમાં એ અહંકાર
ઊભા થાય છે, અને એવા અસંખ્ય અહંકારો એટલે અસંખ્ય
જીવાત્માઓ પોતાનું મનોમય મમત્વ બાંધીને પરસ્પર એકઠા થાય

છે અને વિખૂટા પડે છે; જ્યાં જ્યાં એને અનુકૂળતા સાંપડે, પોતાના સ્વભાવ સાથે બીજાના સ્વભાવમાં સરખામણું લાગે, પોતાના અંગનો, અથવા પોતાનું જે જે માન્યું હોય, એમાં ભોગસ્વાર્થનો અંશ હોય ત્યાં મમતા બંધાય અને એમાં વિઘ્ન કરનારને દૂર કરવાની વૃત્તિ ઊભી થાય, એ છે એનાં રાગ અને દ્વેષ. એનાથી એકલા રહેવાતું નથી. બ્રહ્માંડ અસંખ્ય નામરૂપથી ભરેલું છે. ત્રણ ગુણનો સ્વભાવ બધેય ભરેલો છે, નાના મોટાના ભાગલા પડે છે, એથી એને બધાંયની સાથે રહેવાની જરૂરત પડે છે, એમાં એના રાગદ્વેષ જ કારણભૂત છે.

એકલો નથી રહી શકતો એ છે એની એક જાતની ઊણપ; અપૂર્ણતા; ઇશ્વર પોતે સત્=ચિત્ રૂપે પૂર્ણ છે, જીવાત્માને એનો વિભાગ, અંશ કે અલ્પસ્વલ્પ દેહભાવ માનીએ તો એ અપૂર્ણ છે. સંપૂર્ણ ઇશ્વર સુખી છે, અપૂર્ણ જીવાત્મા દુઃખી છે; એક મુક્ત છે, બીજો દ્વંદ્વનાં બંધન ભોગવે છે, એક સર્વત્ર સમાન સરખી રીતે કર્મ કરવા છતાં આનંદ માણે છે, બીજો એકદેશી પોતાને કર્તા -ભોક્તા માની એને એના ફળરૂપે સુખની આશા બાંધે છે ખરો, પણ એકની સામે બીજો ઊભો જ છે, એવો પ્રકૃતિનો ક્રમ હોવાથી એમાં હતાશ થતાં સુખના અભાવ જેવું દુઃખ અનુભવે છે. સુખની પાછળ દુ:ખ, દુખની પાછળ સુખ–એવી ચક્રાકાર મનોદશા એની જે ચાલ્યા કરે છે એ છે જીવાત્માનું મનોમય સંસારચક્ર.

સત્-ચિત્‌ની જે લીલા–ક્રીડા-અવિરત ક્રિયાકલાપ ચાલ્યા કરે છે, એમાં કંઇ હેતુ હોવો જોઇએ, એવું જાણવા માટે માનવીય બુદ્ધિ ઉત્સુક થાય એ સ્વાભાવિક છે. કારણ કે એની અહંકાર-વાળી બુદ્ધિ પણ કોઇ પણ કર્મ કરતાં પહેલાં હેતુ સ્થાપે છે. ઉત્તર સરળ છે કે પ્રત્યેક પ્રાણીની ક્રિયા આનંદ માટે છે. એ સત્

–ચિત્ સાથે સાથે આનન્દસ્વરૂપ છે એમ ઉપનિષદ્ કહે છે; કોઈ-પણ પ્રાણીપદાર્થના રૂપાન્તરમાં, જીવાત્માઓના વ્યવહારમાં આનન્દની જિજ્ઞાસા અને વાસના જ ભરેલી, છે. આનન્દપ્રાપ્તિ જ હેતુ છે. જુઓ તૈતિરીય ઉપનિષદ્ વલ્લી ત્રીજી, અનુવાદ છઠ્ઠો.

आनन्दो ब्रह्मेति व्यजानात्। आनन्दाद्ध्येव खल्विमानी भूतानि जायन्ते। आनन्देन जातानि जीवन्ति। आनन्दं प्रयन्त्यभिसंविशन्तीति।

અથ :–આનન્દ બ્રહ્મ છે, એવું (વિરુણના પુત્ર ભૃગુએ તપ કરીને) જાણ્યું. કારણ કે આનન્દથી જ બધાં પ્રાણી-ભૂતમાત્ર ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઈને આનન્દથી જ જીવે છે અને પ્રયાણ સમયે (અંતકાલે) આનંદમાં જ સમાઈ જાય છે.

આ સત્–ચિત્ જે લીલા કરે છે, અમૂર્ત અને મૂર્ત તત્ત્વો વડે રમે છે, તત્ત્વોને રમાડે છે, એમાં અસંખ્ય ૩ેભા થતા ત્રણ ગુણના સ્વભાવ વર્તાવીને નાનામોટાના ખેલ કરે છે એ શાને માટે કરે છે, એમ એને પૂછીએ તે પહેલાં આપણે જીવાત્માના અહંકારની તપાસ કરીએ, એના સ્વભાવનું પૃથક્કરણ કરીએ તો જણાશે કે એનાં બધાં હલનચલનમાં, મતિગતિકૃતિમાં કેવલ આનન્દપ્રાપ્તિનો જ આશયછે.

ઉપનિષદ્કાલના ઋષિઓ તો આત્મમંથન અને બ્રહ્મચિંતન કરીને શોધી ગયા છે કે એ જે સત્-ચિત્ બધાં નામરૂપનું અધિષ્ઠાન છે, એ સર્વવ્યાપક મહાનથી મહાન હોવાથી બ્રહ્મ કહેવાય છે અને એ પોતે આનન્દસ્વરૂપ છે, પોતે જ આનન્દ છે. એ આનન્દ હોવા છતાં આપણને ક્રિયાત્મક લાગે છે, એ તો માનવીય અંતઃકરણની ચંચળતાનું દર્શન છે, માનવીય મન કલ્પનાશીલ છે, બુદ્ધિ તર્ક-શાળી છે, ચિત્ત ચંચલધર્મી છે અને અહંકાર પોતાનાથી ભિન્ન

એવાં પ્રાણીપદાર્થના સંયોગવિયોગથી આનન્દ મળશે એમ માને એટલે આ અન્તઃકરણચતુષ્ટય દ્રષ્ટા બનીને બ્રહ્માંડસ્વરૂપ સત્-ચિત્‌ને કલ્પોના કલ્પો વીતી જાય એવું નિત્ય, દેશકાલની મર્યાદામાં જ સમાવી શકાય તે આનંદમય હશે એવું તર્ક વડે વિચારમય, નિરંતર રૂપાતર પામીને ગતિકૃતિમય રહે એવુ એવું પરિવર્તનશીલ, અને એ ઉપરાંત કર્તાભોક્તા સ્વરૂપ અહંકારભર્યા જીવાત્માઓનું જાણે સંગ્રહસ્થાન હોય,, એનાથી લોકપરલોક વસેલા હોય, એવું માને છે; લોકપરલોકનાં સુખદુઃખભર્યાં સ્વર્ગ તથા નરકની જે કલ્પના થયેલી છે, એ છે એનું આ બ્રહ્માંડ ભૂમંડળ; લોકલોકાન્તરના ખંડવિભાગ; દેશવિદેશના વિશ્વવિકાર, એ છે માનવીય મનના જન્મમરણશીલ લોકપરલોક.

મનુષ્ય આનંદસ્વરૂપ બનીને શાન્ત, સ્થિર બેઠો હોય તો એ આનંદ માટે કશું કરતો નથી—કરવાનું એને સૂઝે પણ નહીં; જ્યારે એ આનંદ માટે કર્મ કરે, ત્યારે એમ સિદ્ધ થાય છે કે તે વખતે એ પોતાનામાં–પોતાના આનંદનો અભાવ સમજે છે. કોઇ પણ વસ્તુની પ્રાપ્તિને માટે ઇચ્છા કે પ્રયત્ન કરવાં એ તે વસ્તુનો અભાવ સૂચવે છે. માણસ ભૂખ્યો હોય તો અન્ન મેળવવા પ્રયત્ન કરે, તરસ્યો હોય તો પાણી માટે ટળવળે, અંગે ઉઘાડો હોય તો વસ્ત્ર મેળવવા મહેનત કરે, ઘરબાર વગરનો હોય તો મકાન મેળવવા કમાણી કરે. એમ જે જે વસ્તુનો એને અભાવ લાગે એને માટે એ કર્મ કરે છે; તેવી જ રીતે મનુષ્ય આનંદનો જે ક્ષણે અભાવ માને છે, આનંદથી વિરુધ્ધ દુઃખ શોખ, ખેદ, ગ્લાનિ, ક્લેશકંકાસ કે અશાંતિમાં રિબાતો હોય એમ એને લાગે છે, તે જ વખતે એ બધાંને દૂર કરવા અને આનંદ તથા શાંતિ મેળવવાના ઉધામા કરે છે.

સમસ્ત વિશ્વ સત્-ચિત્ છે, તેવી જ રીતે મનુષ્ય પણ સત્

–ચિત્ તો છે જ; કારણ કે એ પોતે પોતાને જેમ "હું છું" એમ સતત્ અનુભવે છે, તે જ ક્ષણે "હું છું" એવું જ્ઞાન પણ એને હોય છે. એટલે સત્ અને ચિત્ એ બે વિષય સમજવા માટે એને કશો પરિશ્રમ કરવો પડતો નથી; મનથી માને એટલે સંતોષ થાય છે, પણ આ ત્રીજો અંશ આનંદ, એને હમેશાં અનુભવમાં આવતો નથી, એ આનંદનો અનુભવ ન થવો એ જ આનંદનાં વિસ્મૃતિ અને અભાવ છે. કારણ કે આનંદને બદલે વિષયોના સંયોગવિયોગ-માંથી ઊભા થતા હર્ષશોકમાં એ હમેશાં રિબાયેલો–બંધાયેલો રહે છે. પ્રાણી માત્રની પ્રવૃત્તિ, એની ઇચ્છાઓ, કર્મો આનંદ માટે જ હોય છે: દૃષ્ટાન્ત તરીકે કોઇને મિઠાઇ ખાવાની ઈચ્છા થઇ; મિઠાઈ મેળવવા એ કર્મ કરે છે, તે મિઠાઇને માટે નહીં પણ મિઠાઇના મધુર સ્વાદને ખાતર કરે છે. સ્વાદની મધુરતાની ખાતર પણ મિઠાઇ માટેની ઈચ્છા તથા કર્મ કરાતાં નથી પણ એના ભોગની ખાતર થાય છે. ભોગની ખાતર પણ કર્મ નથી કરતો પણ એના સ્વાદ તથા મધુરતામાંથી એને આનંદ મળે છે એની ખાતર કરે છે, મિઠાઈની વાસના, પ્રાપ્તિ માટેનાં કર્મ તથા મિઠાઇનો ભોગ–એ બધાં આનં-દની ઇચ્છા માટે જ થાય છે એમ જણાય છે.

કોઈને નવું વસ્ત્ર મેળવવાની ઇચ્છા થઇ; એ વસ્ત્ર માટે નથી પણ વસ્ત્ર પહેરીને એનાથી પ્રફુલ્લતા તથા આનંદ મેળવવા માટે હોય છે.

પાંચ જ્ઞાનેન્દ્રિયો મારફત મેળવેલાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધનાં જ્ઞાન, તથા પાંચ કર્મેન્દ્રિયોથી થતાં કર્મો-એ બધું મનુષ્યના અંતઃકરણમાં આનંદની જે પ્રબળ વાસના ઊભી થાય છે એને માટે જ હોય છે.

આનંદ માટે જ બધી ક્રિયાઓ થાય છે, એવું નિરાકરણ કરીને જ ઉપર ઉપનિષદ્ કહે છે કે ભૂતમાત્રની પ્રવૃત્તિ આનંદ માટે

જ છે; પ્રત્યેક પ્રાણી " હું છું " એટલે સત્, " હું છું એવું મને જ્ઞાન છે " એટલે ચિત્-એટલું તો સરળતાથી સમજે છે કારણ કે પ્રત્યેક ક્ષણે એનો એ સ્વીકાર કરે છે. પણ હું સુખી છું. એવું એને નિત્યને માટે લાગતું નથી. કારણ ઈન્દ્રિયો અને મન એને જંપવા દેતાં નથી. એમનાં જ્ઞાનકર્મ આનંદની વાસનાથી ઉશ્કેરાય છે. દ્વૈતમય સંસારમાં વિષયોની પ્રાપ્તિ તથા ભોગ માટે એ સદાસર્વથા પ્રવૃત્તિપરાયણ રહે છે; પરન્તુ વિષયો રૂપાન્તર પામે છે. એક જ આકારે નિત્ય રહેતાં નથી તેથી નામરૂપને જ નિત્ય માનનારો, એમાંથી જ સુખ મળે છે એવું સમજી બેઠેલો જીવાત્મા વિષયોના સંયોગવિયોગ થતાં સુખ-આનંદનો અભાવ અનુભવે છે; વિષયપ્રાપ્તિ અને સંયોગભોગના હર્ષની સામે વિષયહાનિના વિયોગને લીધે શોક અનુભવે છે.

આનંદનો પ્રાણી માત્ર અભાવ માને છે, અને એને માટે વાસના અને કર્મ કરે છે છતાં એને આનંદ મળતો નથી. કારણ કે એને વાસના તથા કર્મથી મળતા ભોગમાં તો હર્ષ-શોક, સુખદુઃખ વગેરે મળે છે, હર્ષ મળે છે તે ક્ષણિક; સુખ મળે છે તે સંયોગ-વિયોગવાળું; ત્યારે એને આનંદ કેમ મળતો નથી એ પ્રશ્ન વિચારવાનો રહ્યો. એને આનંદ જોઇએ છે પણ એ નિત્ય સદાકાર જેવો ને તેવો ટકી રહે એવો તથા પોતે ભોક્તા પણ સદાસર્વથા નિત્ય રહે, એવું એ ઇચ્છે છે. નિત્ય ટકી રહે એનું નામ જ સત્; હમેશાં છે એમ જ રહે તે સત્; ત્યારે એમ સિદ્ધ થયું કે એને सत्+आनन्द=सदानन्द જોઇએ છે અને એ એની સ્વભાવગત આંતરપ્રેરણા છે.

વળી એ આનંદનું એને જ્ઞાન થાય એવો આનંદ જોઈએ છે; ગાઢ નિદ્રામાં કે મૂર્ચ્છા વખતે આઘાતથી બેભાન બની

જવાયું હોય તેવી અવસ્થામાં જીભ ઉપર મધુર સ્વાદનો પદાર્થ કોઈ મૂકે તો એનું જ્ઞાનભાન એને હોતું નથી, મડદાને પણ આનંદનું જ્ઞાન હોતું નથી, એટલે જે સમયે જે દેશકાળમાં એ સદાનન્દ પ્રાપ્ત થાય તે જ દેશકાળમાં એને એનુ જ્ઞાન પણ થવું જોઈએ. એ જ્ઞાન થવું એ છે चित्: એટલે એમ થયું કે જેમ એને સદાનન્દ જોઇએ છે, તેવી જ રીતે चिदानन्द પણ જોઇએ છે. सदानन्द અને चिदानन्द બન્નેમાં આનન્દ તો મુખ્ય જ છે, એટલે सत्-चित् અને आनन्द જોઈએ છે એવું સ્પષ્ટ સમજાય છે. આવા सच्चिदानंदની શોધમાં એ છે, એને માટે વાસના તથા કર્મ કરે છે, અને એમ છતાં એ એને મળતો નથી; એ જ છે આશ્ચર્ય ! એનું નામ જ માયા !

જે આનંદ છે એ જ સત્ છે; જે સત્ છે એ જ ચિત્ છે, અને જે ચિત્ છે એ જ આનંદ છે–આવું એ ત્રણ સંજ્ઞાથી ઓળખાતું અધિષ્ઠાન જેને ઉપનિષદો બ્રહ્મ, આત્મા તરીકે વર્ણવે છે, એ છે अस्ति, भाति અને प्रियता.

વ્યવહારમાં આપણે પ્રત્યેક નામરૂપનો વિચાર કરી જોઈએ; સાકર છે એવું (૧) नाम અને આકાર છે એ (૨)रुप છે એટલે (૩) सत् (એ છે) એમ સમજાય છે, એ (૪) चित्. અને એનાથી આનંદ થાય છે અથવા આનંદ માટે એનો ઉપભોગ થાય છે એ છે (૫) प्रियता; આવી રીતે પ્રત્યેક પદાર્થમાં પાંચ અંશ છે-(૧) सत्, (૨) चित्, (૩) आनन्द, (૪) नाम અને (૫) रुप : પ્રથમનાં ત્રણ બુદ્ધિથી ઓળખાય છે; બીજાં બે આકાશ અને અગ્નિ તત્ત્વથી બનેલી ઇન્દ્રિયોથી ઓળખાય છે.

બીજી વાત વિચારવાની એ છે કે નામ અને રૂપ બદલાય છે પણ સત્, ચિત્, આનન્દ બદલાતાં નથી. સાકરનું પતાસું બનાવાય

તો પતાસામાં પણ (૧) છે=सत्, (૨) ઓળખાય છે=चित्, (૩) પ્રિય છે=आनन्द અને એનાં (૪-૫) नाम અને रूप છે. શાસ્ત્રકારો એવો નિર્ણય કરી ગયા છે કે સચ્ચિદાનન્દ અધિષ્ઠાન જેમનું તેમ, નિર્વિકાર, સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન સુખકેન્દ્ર જેવું ઘન સર્વત્ર ભરેલું-રહેલું છે.

એ સચ્ચિદાનન્દ બ્રહ્મની સંજ્ઞા છે; નામરૂપ તરીકે, સમસ્ત વિશ્વરૂપ તરીકે એને માનીએ-જાણીએ એટલે એ સગુણ, સાકાર, મૂર્ત સ્વરૂપ સર્વેશ્વર ઈશ્વર છે. ઈન્દ્રિય તથા મનથી પર અનુભવીએ ત્યારે એ નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ છે.

આવો સચ્ચિદાનન્દ મેળવવા માટે જીવાત્માને તરફડાટ છે, ઝંખના છે, કડાકૂટ છે, જન્મમરણ છે; પણ એનું અજ્ઞાન તો જુઓ! એ સચ્ચિદાનન્દ સર્વવ્યાપક હોવાથી એનાથી પૃથક્ નથી, સર્વજ્ઞ હોવાથી એની બુદ્ધિથી ભિન્ન નથી, નામરૂપના અનેક કલ્પો-યુગો રચનારું હોવાથી એના મનથી જુદું નથી, ત્યારે આમાં અડચણ શાની છે? અડચણ તથા વિરોધ છે પેલા અહંકારનો, પોતાને સચ્ચિદાનન્દથી જુદો, અલ્પજ્ઞ, પરિચ્છિન્ન, અમુક દેશ-કાળની સીમામાં મર્યાદિત, દેહાધ્યાસી, પામર, વિષયલોલુપ માની લીધો છે, અને એનું વર્તન એ પ્રમાણે થાય છે, એ છે એનું પોતાનું માનેલું અજ્ઞાન.

આ અજ્ઞાનને જ વેદાન્તમાં માયા, અવિદ્યા, તમસ, મૂલપ્રકૃતિ-એવાં એક જ અર્થવાળાં જુદાં જુદાં નામ આપેલાં છે. સચ્ચિદાનંદના અજ્ઞાનને લીધે, એનો અભાવ મનાય છે, અભાવ માનવાથી એ માટેની વાસના ઊભી થાય છે, વાસના ઊભી થવાથી કર્મ કરાય છે. કર્મ કરવા માટે શરીર ધારણ કરી રાખવાનો મોહ વધે છે, મોહમાંથી ભોગબુદ્ધિ જન્મે છે, એમાંથી પછી અસંખ્ય કારણકાર્ય

જેવાં લફરાં એને વળગે છે, અને એ સચ્ચિદાનંદને બદલે પોતાને असत्=મરણધર્મી अचित्=જડ તથા અજ્ઞાની निरानन्द=દુઃખી માનીને અનિત્ય અને વિકારી એવા નામ અને રૂપ મય દેહને સચ્ચિદાનન્દ માની બેસે છે. જોઇએ છે સચ્ચિદાનન્દ પણ અજ્ઞાનને લીધે ફાંફાં મારે છે નામરૂપને માટે. પરિણામે મૃત્યુ, દુઃખ, કલેશ, પામરતા, વિષયાંધ મનોદશા, રાગદ્રેષનાં યુદ્ધ, અને એવાં બધાં વિકારી લક્ષણોવાળો પોતે પોતાની જાતે જ બની બેસે છે.

આ અવિદ્યામાંથી જ ઊભું થાય છે ભોગવાસનાનું મલિનતા-ભર્યું અજ્ઞાન, એ જ છે ચિત્તની મલિનતા. એણે જો મલિનતા કાઢવી હોય તો નામરૂપને બદલે સચ્ચિદાનન્દ પ્રાપ્તિની ઇચ્છા કરવી જોઇએ. વ્યવહારમાં જે જે કર્મ કરે છે, એ નામરૂપવાળા ભોગને માટે નહીં, પણ સચ્ચિદાનન્દને માટે કરે છે એવો ભાવ કેળવવો જોઈએ. એનો જ અર્થ ગીતામાં યજ્ઞ, બ્રહ્માર્પણ, ભગવદ્-બુદ્ધિથી નિષ્કામ કર્મ કરવાં એવો કર્યો છે. અને શાસ્ત્રો શું કહે છે ? ભગવદ્ગીતામાં ભગવાન સ્પષ્ટ કહે છે કે :–

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥

અ. ૯. શ્લોક. ૨૭

અર્થ :–તું જે કાંઇ કર્મ કરે, જે કાંઈ ( ઇંદ્રિયો વડે ) આહાર કરે, જે કાંઇ ( વસ્તુનો ) હોમ કરે, જે કાંઈ ( બીજાને ) આપે, જે કાંઇ ( એને માટે ) તપ કરે, અને બીજું પણ જે કાંઇ (કર્મ )કરે, તે મને અર્પણ કરજે. આ છે નિષ્કામ કર્મયોગ અથવા શાસ્ત્રોક્ત કર્મકાંડ; વ્યવહારમાં વિશુદ્ધિ, જીવનમાં સંયમ અને સદાચાર, યમનિયમના પાલનમાં જરૂરી એવું શરીર, મન, વાણીનું તપ કે

જેના વડે ચિત્તમાંથી વાસનાની મલિનતા નીકળી જાય, સચ્ચિદાનંદ માટેનું અજ્ઞાન નિર્મૂળ થાય, વિષયભોગ માટેનાં કર્મ છૂટી જાય અને સચ્ચિદાનન્દ સ્વરૂપ પરમાત્માની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય, એ છે મનોમાલિન્યને ધોવાનો કીમિયો.

* * * *

આ અજ્ઞાન ત્રણ ગુણવાળું હોવાથી પ્રત્યેક નામરૂપવાળા પ્રાણી પદાર્થમાં વત્તાઓછા પ્રમાણમાં સર્વવ્યાપક છે; પંચતત્ત્વો, પાંચ તન્માત્રાઓ, પાંચ પ્રાણ, પંચ કોશ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો જેવાં થોડાં પંચકો, અને ત્રણ ગુણ. ત્રણ શરીર, ત્રણ અવસ્થા, ત્રણ અભિમાની, ત્રણ દેવ, જેવી થોડી ત્રિપુટીઓના બનેલા આ સંસારમાં વિધવિધ પ્રાણીપદાર્થોનો ભંડાર ભર્યો છે; એ બધાયમાં વ્યક્તિગત અહંકારવાળો જીવાત્મા અટવાઈ પડ્યો છે; એકને પ્રેમ કરે છે, બીજાને ધિક્કારે છે, એકની સાથે સંબંધ બાંધે છે, બીજાની સાથેનો સંબંધ તોડી નાંખે છે, કોઇ એને ગમે છે, કોઈ નથી ગમતું, આવા સંબંધોની બાંધછોડમાં જ એનું જીવન ખતમ થાય છે—નામરૂપવાળું શરીર પ્રાણત્યાગને લીધે મડદું બને છે.

પણ એની અંદર મમતા બાંધી રહેલો જીવાત્મા તો જે અનંત જન્મોથી, રાગદ્વેષની પ્રેરણાથી જે કર્મજાલ બાંધી ચૂક્યો છે, એનો નાશ કે લય થતો નથી. શરીરનાં સ્થૂલ તત્ત્વો છૂટાં પડી જાય એને મરણ કહીએ છીએ, પણ એના સૂક્ષ્મ અંશોનું બનેલું અંતઃકરણવાળું મનોમય શરીર તો વાસનાઓનું પોટલું ઉપાડીને હજુ આ લોક કે પરલોકમાં કર્મભોગ ભોગવવા માટે નવું સ્થૂલ કે સૂક્ષ્મશરીર ધારણ કરે છે, અને અજ્ઞાન ( અવિદ્યા ), વાસના તથા કર્મના

ચક્રમાં ફર્યા કરે છે. આ બધાયનું કારણ છે સચ્ચિદાનન્દથી પોતાને પૃથક્ માનીને સચ્ચિદાનન્દની જ શોધમાં ભટકયા કરવાનું અજ્ઞાન: એ જ છે અવિદ્યા; એ જ છે માયા; એ જ છે દેહાધ્યાસ; એ જ છે ભવાટવી; એ જ ભવસંસારમાં નિરન્તર ભટકયા કરવાનું કાલચક્ર.

એના સૂક્ષ્મશરીરના ચિત્તમાં ત્રણ દોષ છે; ભોગની વાસના ભરેલી છે એને લીધે સ્વાર્થવૃત્તિવાળાં કર્મ કરે છે. એ છે એના ચિત્તની મલિનતા; લોકપરલોકમાં કે અસંખ્ય નામરૂપમાં સચ્ચિદાનન્દની શોધમાં રખડતા રહેવાની જે ટેવ છે એ જ છે ચિત્તની ચંચલતા; અને " હું "–સચ્ચિદાનન્દથી જુદો છું, સચ્ચિદાનન્દ દૂર અતિ દૂર, કયાંક, અદષ્ટ રીતે રહે છે એને માટે જ હું કર્મો કરું, પ્રાર્થનાઓ કરું, એ સાંભળે અને મને સ્થૂલરૂપે કે સૂક્ષ્મ મનોમય દેહે દર્શન આપે એવી ઝંખનારૂપ ભેદબુદ્ધિભરી વાસના એ છે આવરણ.

* * * *

ચિત્તની મલિનતા એટલે મલ નામનો પ્રથમ દોષ. જયાં જયાં સચ્ચિદાનન્દ છે, ત્યાં કર્મ થયા કરે છે; એ સચ્ચિદાનન્દ વ્યાપક બધાયનું અધિષ્ઠાન છે એટલે ઇશ્વર છે એમ માનવું. " હું કર્તા-ભોકતા છું " એવી વાસનાને બદલે પરમાત્મા કર્તાહર્તા છે એમ માનીને કર્મમાં પોતાને અકર્તા માનીને, સચ્ચિદાનન્દની પ્રાપ્તિ લક્ષ્યમાં રાખીને કર્મ કર્યે જવાં અને તે પણ અનુભવીઓ જે પ્રમાણે કહી ગયા છે તે રીતે, એ છે નિષ્કામ કર્મનો માર્ગ.

(૧) સચ્ચિદાનન્દ સર્વવ્યાપક છે; એ ઈશ્વર છે; નામરૂપમય બ્રહ્માંડ એનું વિશ્વરૂપ છે; જીવમાત્રની વાસના સચ્ચિદાનન્દ માટે છે, તેથી પ્રત્યેક શુધ્ધ કર્મમાં નિષ્કામતા લાવવી જોઇએ. કર્મ થાય તે સચ્ચિદાનન્દને અર્પણ થવાં જોઇએ.

ब्रह्मण्याधायकर्माणि संगंत्वक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥

ભ. ગી. અ. ૫–શ્લો. ૧૦

અર્થ : જે સાધક ફલ ( ભોગ )ની આસકિત ત્યજીને બ્રહ્મમાં અર્પણ કરીને કર્મો કરે છે તે કર્મયોગી સાધક પણ કમળપત્ર જેમ જળમાં લેપાતું નથી તેમ પાપ ( અજ્ઞાન–વાસના )થી લેપાતો નથી.

(૨) હું અમુક અને મેં આમ કર્યું; હું અને મારું અમુક કે આટલું; હું અને મારું જ્ઞાન–આવડત; હું અને મારાં ધનવૈભવ કે કીર્તિ; હું અને મારાં પુત્રકલત્ર; હું અને મારી સત્તા, હું અને મારાં બધાં શ્રેષ્ઠ અને સર્વોપરિ; હું અને મારી ભકિત, હું અને મારું જ્ઞાન –આવાં બધાંથી મુકત થયા વિના વાસનારૂપ પાપમલિનતા ધોવાતી નથી. શાંતિ જોઇતી હોય તો અહંકારથી મુકત થવું જોઈએ. પરિચ્છિન્ન " હું " કેવલ અજ્ઞાનથી ઊભી થયેલી કલ્પના છે; સર્વવ્યાપક એક અખંડ " હું–બ્રહ્મ "ની એ વિસ્મૃતિ છે; માયા–પ્રકૃતિના અધ્યાસને લીધે, મિથ્યાજ્ઞાનના પ્રભાવથી હું–તું–તે–આ એવી અહંકાર ભરેલી બુદ્ધિ જ મહાભ્રાન્તિ છે. સાચું જ્ઞાન, વાસ્તવિક વિજ્ઞાન તો હુંને સર્વવ્યાપક અધિષ્ઠાનમાં ગાળી નાંખવાનું છે. " અહંકાર " તો પ્રકૃતિનો સ્વભાવ છે. પરમાત્મા જ સર્વનું અભિન્ન આત્મસ્વરૂપ છે.

भूमिरापोऽनलोवायुः खं मनोबुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्नं प्रकृतिरष्टधा ॥

અર્થ :–પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર; એવી રીતે આઠ પ્રકારની મારી પ્રકૃતિ છે.

ભ. ગી. અ. ૭–શ્લો. ૪

अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ।

ભ. ગી. અ. ૭ શ્લો. ૬

અર્થ :–સમસ્ત જગતનો આવિર્ભાવ અને પ્રલય ( અને તેનું કારણ ) હું ( સર્વજ્ઞ ઇશ્વર ) છું.

मयि सर्वमिदं प्रोत सूत्रे मणिगणा इव ।

અર્થ :– આ બધું ( સમગ્ર જગત્ ) દોરામાંના મણિઓ ( મણકાઓ )ની પેઠે મારામાં પરોવાયેલું છે.

ભ. ગી. અ. ૭ શ્લો. ૭

(૩) કર્મ તો પ્રકૃતિ–સ્વભાવ પ્રમાણે થયા કરે છે; દેહાધ્યાસને લીધે હું કરું છું, એમ માનવું એ જ મોટી ભૂલ છે; સાચી દષ્ટિ તો પ્રકૃતિને કર્તા માનીને પોતાને અકર્તા માનવાની છે; એ વિના અહંકારથી મુક્તિ નથી.

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथाऽऽत्मानमकर्तारं स पश्यति ॥

અર્થ :–જે મનુષ્ય બધાં કર્મોને બધી રીતે પ્રકૃતિવડે જ કરાયેલાં જુએ છે ( સમજે છે ) તથા આત્માને અકર્તા જુએ છે તે જ યથાર્થ જુએ છે ( સમજે છે; એ જ તત્ત્વવિદ્ છે).

ભ. ગી. અ. ૧૩ શ્લો. ૨૯

*   *   *   *

અશાન્તિને ઊભી કરનાર અહંભાવવાળી પ્રકૃતિ છે; દુઃખને ઉપજાવનાર હું–પણાનું મિથ્યાજ્ઞાન છે; કર્મનું મૂળ ભોગવાસના છે;

ભોગવાસનાનું મૂળ આનન્દનો અભાવ છે; આનન્દ તો આત્માનું સ્વરૂપ છે; એ આત્મા સૌનું પોતાનું વાસ્તવિક સ્વરૂપ છે. એ અકર્તા છે; કર્મદૃષ્ટિ તો મલિન મનની ભોગવાસના છે; એને નિર્મૂળ કરવા માટે કર્મમાંથી અહંબુદ્ધિ કાઢીને બધું પરમાત્માને અર્પણ કરો: અર્પણ કરવું એટલે કર્મને આપીને પરમાત્માને મેળવવાના છે; કારણ કે એ વિના પરમ ઉત્કૃષ્ટ આનન્દ તથા સંપૂર્ણ શાન્તિ મળવાનાં નથી. નિષ્કામ કર્મ કરો અને શાંતિ મેળવો; અહંકાર વિસારો અને આત્મસ્મૃતિ જાગ્રત કરો; બધું બ્રહ્માર્પણ થાય એટલે અજ્ઞાન નિર્મૂળ થશે; એ છે નિષ્કામ કર્મ દ્વારા ચિત્તના મલ નામના પ્રથમ દોષને ભસ્મીભૂત કરવાનો શાસ્ત્રોક્ત રાજમાર્ગ.

ब्रह्मार्पणं ब्रह्म हर्विब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्म समाधिना ॥

અર્થ :-અર્પણ કરવાનાં બધાં સાધન બ્રહ્મરૂપ છે; હોમવાની વસ્તુઓ બ્રહ્મસ્વરૂપ છે; ( જેને અપાય છે તે આપવાનાં સ્થાનરૂપ ) અગ્નિ બ્રહ્મરૂપ છે. બ્રહ્મસ્વરૂપ કર્તાની હોમવાની ક્રિયા ( કર્મ ) પણ બ્રહ્મરૂપ જ છે અને એવી રીતે કર્મમાં બ્રહ્મસમાધિ ( ચિત્તમાં કોઇ પણ જાતની શંકા ન રહે એવી બધી રીતે સમાધાન થઇ જાય એવી દશા ) સેવનારને જઈ પહોંચવાનું ( પ્રાપ્ત કરવાનું ) ગન્તવ્ય સ્થાન પણ બ્રહ્મ જ છે.

* * * *

ભગવાન શંકરાચાર્યના દૃગ્દૃશ્યવિવેક ( બીજું નામ વાક્યસુધા ) નામના પ્રકરણગ્રન્થમાં નીચે પ્રમાણે શ્લોક છે. ( એ ગ્રન્થ સ્વા. શ્રી. ભારતી તીર્થનો લખેલો છે એ પણ માન્યતા છે ).

अस्तिभाति प्रियंरूपं नाम चेत्यंश पंचकं ।
आद्यं त्रयं ब्रह्मरूपं जगद्रूपं ततोद्वयम् ॥ २० ॥

અર્થ :-અસ્તિ ( સત્ ), ભાતિ ( ચિત્ત ) પ્રિય ( આનન્દ ), રૂપ અને નામ એવા પાંચ અંશ ( વિશ્વના વ્યવહારમાં પ્રતીત થાય ) છે. એમાં પહેલાંના ત્રણ બ્રહ્મસ્વરૂપના છે; બાકીના બીજા બે જગત્-રૂપના છે.

આ વિશે આપણે આ લેખમાં વિચાર કરી ગયા છીએ કે સચ્ચિદાનન્દની જે પ્રતીતિ થાય. જ્ઞાનવિજ્ઞાન થાય, અંતઃકરણમાં અનુભવ થાય એ બ્રહ્મસ્વરૂપની પ્રતીતિ છે. અને નામ ( શબ્દ અથવા ધ્વનિ ) આકાશતત્ત્વનો તથા રૂપ ( ઘાટ કે આકાર ) અગ્નિ તત્ત્વનો અંશ છે, પાછળના બે પંચતત્ત્વોના વિકાર છે અને કર્ણ તથા નેત્રના વિષય છે. જ્યારે સચ્ચિદાનન્દ અંશ અંતઃકરણની બુદ્ધિવૃત્તિનો-વિજ્ઞાનમયકોષનો ધર્મ છે, કારણ કે એ એના વડે ગ્રાહ્ય છે.

મનુષ્ય નામરૂપવાળા દેહની સાથે એકતા માની બેઠો છે, સચ્ચિદાનન્દ સાથે અભેદને ભૂલી ગયો છે. સચ્ચિદાનન્દ પણ નામરૂપવાળું જ હશે, એવા બુદ્ધિભ્રમને-મિથ્યાજ્ઞાનને લીધે નામ-રૂપવાળા વિષયોની પ્રાપ્તિ માટે પોતાનાં જ્ઞાન, ઈચ્છા અને ક્રિયા-શક્તિનો ઉપયોગ કર્યા કરે છે.

એમાં એ નિરાશ-હતાશ થાય છે. કોઇપણ નામરૂપ નિત્ય નથી તેથી એ સત્ નથી. દ્રષ્ટાથી ભિન્ન, દૃશ્યરૂપે હોવાથી દ્રષ્ટાની દૃષ્ટિથી પ્રકાશ્ય છે તેથી જડ હોઈ ચિત્ નથી, અને પરિણામે નાશવાન હોઇ, દુઃખમય છે તેથી આનન્દ નથી. નામરૂપ સચ્ચિદાનન્દ નથી છતાં સચ્ચિદાનન્દ જેવાં લાગે છે એ છે સચ્ચિદાનન્દનો આભાસ. એનું અજ્ઞાન એટલે જીવની અવિદ્યા; સમસ્ત બ્રહ્માંડમાં એ અવિદ્યા વ્યાપક છે તેથી એ જ છે માયા, એ નામરૂપમયી માયાની

પોતાની સ્વતંત્ર સત્તા નથી તેથી એના ઉપર એ સત્તા સચ્ચિદાનન્દ ચલાવતો હોઇ એ ઈશ્વર છે. આટલો સાર નીકળે છે.

(૧) દ્દષ્ટા દ્દશ્ય, ભોક્તા–ભોગ્ય, જ્ઞાતા–જ્ઞેય જેવું, બુદ્ધિથી સમજાય અને મન તથા ઇંદ્રિયોથી ગોચર થાય એવું જે કાંઇ છે એનું નામ વિશ્વ.

(૨) આપણે પૃથ્વીગ્રહના નિવાસીઓ છીએ; એમાંયે માનવ-દેહ ધારીઓ છીએ; જ્ઞાતા તરીકે અંતઃકરણ અને ઈંદ્રિયોનાં પ્રમાણોવડે સમજી શકીએ છીએ કે સમસ્ત વિશ્વ હમેશાં ક્રિયા-શીલ રહ્યા જ કરે છે; કર્મ જ વિશ્વનો સ્વભાવ હોઇ એનું નામ પ્રકૃતિ પડેલું છે. પ્રકૃતિ, સ્વભાવ, પ્રવૃત્તિ, કર્મ, વિકૃત્તિ, પરિણામ પરિવર્તન–એવાં એવાં નામથી આપણે વિશ્વના વ્યવહારને ઓળ-ખીએ છીએ.

(૩) આ બધા વ્યવહારનો–પ્રવૃત્તિનો-કર્મશીલ બ્રહ્માંડનો દ્દષ્ટા બનીને હું તટસ્થ થયો છું, એમ મનુષ્ય માને એની સાથે સાથે વિશ્વનો સર્જક, સંરક્ષક, સહારક કોઇ મારા કરતાં પૃથક્ હોઇ સમર્થ, સર્વજ્ઞ, સર્વવ્યાપક વિશ્વેશ્વર હોવો જોઇએ એવું અનુમાન બાંધે છે. ત્યાર પછી વિશ્વ અને વિશ્વેશ્વર એ બન્નેના વિચાર કરનાર પોતાને કાં તો વિશ્વનો અથવા વિશ્વેશ્વરનો વિભાગ, અંશ, અંગ કે કૈંક એ બેની અંતર્ગત છે, એમ એણે માનવું પડે છે.

(૪) વિશ્વમાં પાંચ તત્ત્વોનો હેરફેર ચાલ્યા કરે છે; અને એને લીધે નામ અને રૂપ જેવા બે અંશો ઇંદ્રિયગોચર થાય છે. એ પાંચ તત્ત્વો અંદર અંદર સેળભેળ થતાં વત્તાઓછા અંશવાળાં બનીને અસંખ્ય નામરૂપોવાળાં બને છે, જેને આપણે જગત કહીએ છીએ.

(૫) એ નામરૂપ વિકારી છે, અનિત્ય છે, નાશવન્ત છે, એકદેશી છે અને સૌથી વિશેષ તો એ બધાં જડ છે. નામ કેવલ વાણીનો વિકાર તથા કર્ણેન્દ્રિયનો શ્રવણધર્મ છે અને રૂપ અગ્નિ-તત્ત્વનો વિકાર તથા ચક્ષુ ઇંદ્રિયનો દર્શનધર્મ છે.

(૬) નામ અને રૂપ તત્ત્વોનો વિકારધર્મ છે, જ્યારે સત્, ચિત્ અને આનન્દ જે બ્રહ્મનાં સ્વરૂપલક્ષણ છે એ નિર્વિકારી છે, એટલું આપણે સમજી લીધું.

(૭) "મનુષ્ય" એ માનવજાતિનું નામ છે, બધાં નામરૂપને જાતિ, લિંગ અને વર્ગ-ભેદ પ્રમાણે પોતપોતાના વર્ગથી જુદા ઓળખવાના વ્યવહારને માટે અમુક નામસંજ્ઞા આપેલી હોય છે. દૃષ્ટાન્ત તરીકે-ઘનશંકર એવું કોઇનું નામ હોય તો મનુષ્યનો આકાર, વર્ણ, ઇંદ્રિયો તેમ જ બીજા અવયવો રૂપ કહેવાય છે, એની સાથે જ એ છે એટલે સત્, સમજે છે એટલે ચિત્ અને એનામાં પ્રિયતાનો સ્વભાવ છે એ આનન્દ છે, આવી રીતે એ નામ, રૂપ, સત્, ચિત્ અને આનન્દ એવા પાંચે અંશોનું આપણને જ્ઞાન થાય છે.

(૮) આ પાંચે અંશોને લીધે મનુષ્યમાં વિશ્વ અને વિશ્વેશ્વર એ બન્નેના અંશો છે, એટલે વિશ્વ અને વિશ્વેશ્વરની અંતર્ગત એને માનવામાં કશી આનાકાની થઇ શકે એમ નથી.

(૯) વિશ્વમાં સત્, ચિત્, આનંદ, નામ અને રૂપ આપણને પ્રતીત થાય છે; સમસ્ત બ્રહ્માંડ નામરૂપમય હોઇ એ સમષ્ટિ સ્વરૂપને આપણે સગુણ ઇશ્વર કહીએ એટલે એ વિશ્વેશ્વર પણ સત્, ચિત્, આનંદ, નામ અને રૂપમય છે.

(૧૦) ત્યારે મનુષ્ય પણ છે શું ? એ જ. એ પણ સત્, ચિત, આનંદ, નામ અને રૂપમય છે.

(૧૧) મનુષ્ય, વિશ્વ અને વિશ્વેશ્વર; જીવ, જગત્ અને જગદીશ; એ ત્રિપુટીમાં સત્, ચિત્ અને આનંદ છે; એ એક અને અદ્વિતીય હોઇ એનું અધિષ્ઠાન છે; જ્યારે નામ અને રૂપ ત્રણેયથી ભિન્ન, તેમ જ એના અંશ, અંગ અને અવયવોમાં પણ સંખ્યાભેદ હોઇ કોઈ પણ જાતની એકતા નથી, એટલું જ નહિ પણ એ બન્ને વિકારી છે; ક્ષણભંગુર છે; નિત્ય પરિવર્તનશીલ છે.

(૧૨) સત્, ચિત્, આનંદનો પંચતત્ત્વના નામરૂપવાળા શરીર તરીકેનો આભાસ, જેમાં જીવ, જગત અને જગદીશની ત્રિપુટીનું ભાન થાય છે, એ છે એની અનિર્વચનીય લીલા, વિશ્વ તરીકે હમેશાં એ ગતિશીલ રહે છે માટે જગત્ કહેવાય છે. ક્રિયાશીલ રહે છે એટલે પ્રકૃતિ કહેવાય છે; એના રહસ્યભેદ એક જ રીતે તેમ જ પૂર્ણ રીતે બુદ્ધિના ઉકેલમાં નથી આવી શકતા તેથી એ માયા કહેવાય છે; પાંચે અંશની મીમાંસા કરીને વિવેક નથી સૂઝતો એટલે એ અવિદ્યા કે અજ્ઞાન કહેવાય છે.

(૧૩) નામરૂપમય જે છે તે વિશ્વ, સત્, ચિત્, આનંદ છે તે વિશ્વેશ્વર, આમાં જડચેતનનો ભેદ લાગે છે, પણ ઋષિઓએ જડચેતનનો ભેદ સમજાવવા માટે ઉપનિષદમાં અનેક રીતે મીમાંસા કરી છે અને સાર એવો ફ્હાડયો છે કે આ પુરુષ એટલે જીવાત્મા સંકલ્પમય છે. ભ. ગીતાના સત્તરમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં કહ્યું છે કે :

सत्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो योयच्छ्रद्धः सएव सः ॥

અર્થ :–હે અર્જુન! બધાની શ્રદ્ધા–સંકલ્પ અને આશા મિશ્ર ભાવના–પોતાના અંતઃકરણ પ્રમાણે–પૂર્વસંસ્કાર પ્રમાણે

હોય છે. કારણ કે આ પુરુષ-જીવાત્મા શ્રદ્ધામય છે. શ્રદ્ધા સંકલ્પ-સ્વરૂપ છે. જેવી એ શ્રદ્ધા રાખે છે તેવો બને છે.

તાત્પર્ય કે પુરુષ-જીવાત્મા પ્રથમ અંતરમાં શ્રદ્ધા—ભાવના—સંકલ્પ બાંધે છે, અને વિશ્વમાં એને માટે ક્રિયાશીલ બને છે.

(૧૪) કર્મપરાયણ બનવામાં હેતુ છે કેવળ સચ્ચિદાનન્દ મેળવવાનો એ આપણે વિચારી ગયા છીએ; એ પોતે જ સચ્ચિદાનન્દસ્વરૂપ હોવા છતાં સચ્ચિદાનન્દને માટે સંકલ્પ કરીને કર્મ કરે છે, એ વિચિત્રતામાં સચ્ચિદાનન્દનું અજ્ઞાન છે એ પણ આપણે યથામતિ સમજી લીધું છે. એ અજ્ઞાન એટલે જ અવિદ્યા છે. અવિદ્યા, કામ (વાસના) અને કર્મનું ત્રિપુટીચક્ર ફર્યા કરે છે એ છે સંસારચક્ર. એ સંસારચક્રમાં જીવાત્મા જ્યાં સુધી સચ્ચિદાનન્દ ન અનુભવે ત્યાં સુધી એની શોધમાં આવાગમન કર્યા કરે એ છે એની દેહધારી બનીને જન્મમરણ ભોગવવાની અનાદિ એવી ભ્રાન્તિ !

(૧૫) સચ્ચિદાનન્દ અને નામરૂપ એ બે અંશ પ્રત્યેક જડચેતન પદાર્થના છે, એવું જ્ઞાન ન હોવાને લીધે જ નહિ, પણ એ જ્ઞાનથી વિપરીત જ્ઞાન જેવા મિથ્યા જ્ઞાનને લીધે પ્રાણીવર્ગમાં શ્રેષ્ઠ એવું માનવશરીરધારી મનુષ્ય પોતાને સચ્ચિદાનન્દ ન માનતાં નામરૂપની સામે અભેદ અનુભવીને પોતાને સત્ ( અમર, અવિનાશી, નિત્ય, જન્મમરણરહિત ) ન માનતાં અસત્ ( અનિત્ય, વિનાશી, મરણશીલ ) માને છે, ચિત્, ( જ્ઞાન, ચૈતન્ય, પ્રકાશ, શકિતશાળી ) ન માનતાં જડ ( બુદ્ધિહીન ) માને છે અને આનંદ ન માનતાં દુ:ખસ્વરૂપ માને છે. નામરૂપના ધર્મો સચ્ચિદાનન્દથી વિપરીત છે, અને એવી વિપરીત ભાવનામાં ફસાયેલો, બંધાયેલો જીવાત્મા પોતાની જ માન્યતાને લીધે સુખદુ:ખાદિ દ્વંદ્વોને અધીન

બનીને એની એ જ અજ્ઞાન દશામાં હેરાન થાય છે. આવું છે આ માયાશકિતનું સમ્રાજ્ય.

*   *   *   *

આપણે બીજી રીતે આનો વિચાર કરીએ; સમસ્ત બ્રહ્માંડમાં દ્રષ્ટા અને દશ્ય, ભોકતા અને ભોગ્ય, સાક્ષી અને સાક્ષ્ય, જ્ઞાતા અને જ્ઞેય એવા બે મુખ્ય દ્વૈત–ભેદ પડે છે. વિશ્વમાં વ્યાપી રહેલા અસંખ્ય નામરૂપમય પદાર્થોમાં જે જડચેતનના ભેદ છે એમાં પ્રાણધારીઓ ચેતન છે અને તે સિવાયના ઈતર પદાર્થો જડ છે, ચેતન પદાર્થો સમજણવાળા છે; પોતાને તથા પોતાનાથી ભિન્ન બધા પદાર્થોને એ જાણે ઓળખે છે એથી જે ચેતન હોય તે દ્રષ્ટા, ભોકતા, સાક્ષી કે જ્ઞાતા કહેવાય છે, ત્યારે પોતાનાથી ભિન્ન, જેનું એને મન અને ઇંદ્રિયોનાં કરણ વડે જ્ઞાન થાય એ બધું જડચેતન દશ્ય, ભોગ્ય, સાક્ષ્ય કે જ્ઞેય કહેવાય છે.

આવા બે વિભાગને જ વેદાન્તમાં આત્મા અને આત્માથી ભિન્ન તે બધું અનાત્મા તરીકે ઓળખાવ્યું છે. કર્મનો અને કર્મફળપ્રાપ્તિ પછીના ભોગની વાસનામાંથી ઊભા થતા મલનો જ આપણે વિચાર કરવાનો હોવાથી અત્યારે આપણે કર્તાભોકતારૂપ જીવાત્મા તથા કર્મફળભોગરૂપ અનાત્મા એવા ભોગ્ય પદાર્થોનો વિચાર કરવાનો છે.

*   *   *   *

કર્મ એટલે અંતઃકરણ અને પ્રાણની ચંચળ સ્થિતિ; પરન્તુ અંતઃકરણમાં તથા વિચાર, નિર્ણયો, કલ્પનાઓ, તરંગો અને જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતા બાહ્ય જગતના પંચવિષયનું ભાન, એને આપણા જ્ઞાનના પ્રદેશમાં મૂકીએ છીએ. ખરી રીતે જોતાં એ પણ

મન તથા બુદ્ધિની ચંચળતા જ છે; અને એ ચંચળતાને જ સ્પંદન તરીકે ઓળખીએ એને મન-બુદ્ધિનાં કર્મ પણ કહી શકાય એમ છે; ટૂંકામાં આંતરિક મનમાં ચાલતા મનોવ્યાપારને પણ કર્મ અથવા આન્તરિક કર્મ કહેવામાં ખોટું નથી.

કર્મેન્દ્રિયો વડે થતાં કર્મને જ આપણે કર્મ તરીકે ઓળખીએ છીએ, હાથની લેવડદેવડ, પગનું ચાલવું, વાણીથી બોલવું અને મળમૂત્ર વિસર્જન કરવાનાં કામને જ કર્મેન્દ્રિયોમાં કર્મ તરીકે ઓળખાવ્યાં છે, પણ પગથી ચાલવું તેની સાથે આખા શરીરથી બેસવું કે સૂઇ જવું પણ કર્મ જ છે.

ઉપરાંત શરીરની અંદર થતી સહજ (જન્મતાંની સાથે થતી) ક્રિયાઓ જેવી કે શ્વાસ અને ઉચ્છ્વાસ, લોહીનું નસનાડી-ઓમાં ફરવું, ઉદરમાં અન્નપાચન પણ સ્થૂળદેહની ક્રિયાઓ છે. આ ક્રિયાઓ આપોઆપ સ્વભાવસિદ્ધ તથા સ્થૂળ શરીરના મૃત્યુ સુધી ચાલ્યા કરે છે એટલે એને કર્મમાં ગણાતી નથી. પરન્તુ એ પણ ખરી રીતે જોતાં કર્મ જ છે.

તે ઉપરાંત જ્ઞાનેન્દ્રિયોનાં કર્મોમાં કાનથી સાંભળવું, ચામડીથી સ્પર્શ કરવો, આંખથી જોવું, જીભથી ચાખવું અને નાકથી સૂંઘવું એ પણ કર્મ છે.

આ બધી કર્મજાળમાં મુખ્ય પ્રેરક તરીકે તો જીવતા મનુષ્યનો પ્રાણ જ મુખ્ય છે. પ્રત્યેક પ્રાણધારી ઉપર પ્રમાણેનાં કર્મો કર્યાં કરે છે અને એની સભાન અવસ્થાઓને જાગ્રત તથા સ્વપ્ન કહેવામાં આવે છે.

સ્વપ્નમાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ ઈંદ્રિયો વડે કર્મ કરે છે, જાગ્ર-તમાં સ્થૂલ શરીર સ્થૂલ ઈંદ્રિયો વડે વ્યવહાર કરે છે; કર્મનો વિચાર

કરતાં બન્ને શરીરો નિરન્તર કર્મપરાયણ રહે છે અને એ બધાનો મુખ્ય આધાર પ્રાણ છે. પ્રાણ વિના સૂક્ષ્મ અને સ્થૂલનાં કર્મો તદ્દન અસંભવિત–અશક્ય છે.

આનાથી પણ આપણે આગળ વધીને સુષુપ્તિ અવસ્થાનો વિચાર કરવાનો છે, કારણ કે એ અવસ્થામાં સૂક્ષ્મ અને સ્થૂલ શરીર નિષ્ક્રિય રહે છે, પરન્તુ પ્રાણદેવતા તો સુષુપ્તિની અવસ્થામાં ફેફસાંની ધમણ ચલાવ્યા જ કરે છે. આ ઉપરથી એમ સમજાય છે કે દેહધારી માનવીનાં કર્મો કેવળ પ્રાણને આધારે, પ્રાણની ગતિથી વેગ મળે ત્યારે જ થાય છે. મનુષ્ય અન્નજલના આહારધર્મનાં કર્મ કરે, ત્યાર પછી ઉદરમાં પાચનક્રિયા થાય છે, જઠરનો અગ્નિ એને પકવીને ભિન્ન વિભાગ પાડે છે, એમાંથી અસ્થિ, માંસ, મેદ, રુધિર વગેરે બને છે અને શરીરનો પ્રાણ પણ અન્નજલની આહુતિ મેળવીને સતત્ કર્મશીલ રહે છે.

કર્મ એટલે પ્રાણની સક્રિય-ચંચળ અવસ્થા એવું આપણે સ્વીકારીએ, ત્યારે એટલું સમજાય છે કે પ્રાણ–અપાનના ઘર્ષણથી શરીરમાં જે ગતિ રહ્યા કરે છે, તે જ મુખ્ય કર્મ છે. જો પ્રાણનું અસ્તિત્વ શરીરમાં ન રહે તો એ કર્મ બંધ પડે છે; સ્થૂલ અંશવાળું પંચભૌતિક શરીર અગ્નિદાહ થતાં ભસ્મીભૂત બને છે ત્યારે એમાંનો પ્રકાશ સૂર્ય સાથે, ધૂમાડો જલસ્વરૂપ હોવાથી જલના અધિષ્ઠાતા ચંદ્રના પ્રકાશ સાથે અને ભસ્મ પૃથ્વી તત્ત્વમાં મળી જાય છે પણ પ્રાણ જે બ્રહ્માંડમાં સતત્ ગતિસ્વરૂપ છે, એની સાથે જીવાત્માનું વાસના અને કર્મફળ ભોગના ભંડાર જેવું સૂક્ષ્મ શરીર પરલોકમાં જાય, અથવા કાલે કરીને માતાપિતા દ્વારા આ પૃથ્વી ઉપર પુનઃ સ્થૂલ શરીર મેળવીને સ્થૂલ ભોગ ભોગવવા માટે અવતરે છે.

પ્રાણ ન હોય તો બુદ્ધિનું જ્ઞાન, મનની કલ્પના, ચિત્તની

સ્મરણશક્તિ કે ધારણા તથા અહંકારનાં મોહમમતાનું દર્શન થતું નથી. મનુષ્ય જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં બુદ્ધિથી સમજે છે, મનથી વિષયકલ્પના કરે છે, ચિત્તથી પૂર્વસંસ્કાર પ્રમાણે ધારણા કરે છે અને અહંકાર બધા સાથે મળીને પ્રાણની સહાયતા વડે સમસ્ત કર્મ કરે છે, અહંકાર એકલો કોઇ પણ ક્ષણે વિશુદ્ધ અને કલ્પનાતીત રહી શકતો નથી. બુદ્ધિની સાથે અભેદ કરે ત્યારે પોતાને જ્ઞાની–સમજણવાળો માને છે, મન સાથે એકતા કરે ત્યારે પોતાને વિચારવાન માને છે, ચિત્ત સાથે તાદાત્મ્ય સાધે ત્યારે અસંખ્ય વૃત્તિઓને ઊભી કરીને વિષયોમાં રમ્યા કરે છે. આવી મતિગતિને લીધે એ પોતાને જ્ઞાની, વિચારવાન, ધારણાયુક્ત તથા કર્તા–ભોક્તા વગેરે માનીને જીવનનો વ્યવહાર ચલાવ્યા કરે છે.

પૂર્વજન્મમાં મેળવેલા સંસ્કાર પ્રમાણે મનુષ્યને ભોગવાસનાની નિરન્તર પ્રેરણા મળ્યા કરે છે. ભોગ કાં તો સાંભળેલા હોય કે નજરે જોયેલા હોય; તે ઉપરાંત પ્રથમ ભોગવેલા હોય તેનાં સંસ્મરણા હોય છે; અંતરમાં એ સંસ્મરણો હોય, એની વાસના હોય, એને માટે કર્મો થાય, વિષયોની પ્રાપ્તિ થાય, ભોગનો ઈષ્ટ આનંદ લેવાય, અને એમાંથી પાછી અવનવી વાસના ખેવડાતી જાય, એવી રીતે પૂર્વ-સંસ્કારમાંથી કર્મ; કર્મમાંથી વિષયપ્રાપ્તિ, વિષયના ભોગ અને વળી પાછી એનાં સંસ્મરણોમાંથી ભોગની વાસના- આ ચક્ર ચાલ્યા કરે છે એ છે જીવાત્માનો કર્મમાર્ગ.

કર્તાભોક્તાપણાની ભાવના જ્યાં સુધી દેહભોગની વાસના હોય ત્યાં સુધી નાશ પામતી નથી. જન્મ થતાં જ દેહની મમતા ઊભી થાય છે. હું શરીર છું, મારે અન્નજળ જોઇએ, ઓઢવાપાથરવા વસ્ત્ર જોઇએ, રહેવા માટે મકાન જોઈએ, વિષયો મેળવવા માટે ધન જોઇએ, ઉપસ્થ ઇંદ્રિયના ભોગ માટે પત્ની કે પતિ જોઇએ,

પ્રજોત્પત્તિમાં મમતા બંધાય એટલે બધાં માટે ભોગસાધનો જોઇએ, આમ, "અમુક જોઇએ, મારે જોઈએ, અમુક માટે જોઇએ," એવી એવી "જોઈએ"ની સાંકળ ગળામાં વીંટાતી જાય છે.

અહંભાવ મમતા બાંધે, મોહ વધારે; તે બધાને પોતાનું માને છે, એને પોતાના અંગત સ્વાર્થ જેટલી જ મહત્તા આપે છે. એવી મહત્તાની મર્યાદાઓ પ્રત્યેક વ્યકિત બાંધે ત્યારે મર્યાદાઓની નાની મોટી સીમાઓનાં મંડળો, સમૂહો, જૂથો; સમાજો, મતો, પંથો, સંપ્રદાયો, દેશભકતો એ બધા સેવાધર્મના ઓઠા નીચે વાડાબંધી કરતા જાય છે, જેમાંથી મારાતારાના અસંખ્ય ગર્વવિગ્રહ ઊભા થાય છે. આ છે સંસારની અનાદિકાલથી ચાલી આવતી યુદ્ધના લોહીથી ખરડાયેલી કર્મભૂમિ.

બ્રહ્માંડ એટલે પંચજ્ઞાનેદ્રિયો વડે અનુભવાતાં પાંચ તત્ત્વોના સૂક્ષ્મ અને સ્થૂલ અંશોની રચના. સર્જન થયું છે એટલે એ સૃષ્ટિ કહેવાય છે; એ બધે જ છે એટલે સર્વના પર્યાયરૂપે વપરાતો શબ્દ વિશ્વ એને લાગુ પડે છે. નિત્ય સરકયા કરે છે, ખસ્યા કરે છે તેથી એ સંસાર છે; નિરન્તર ગતિશીલ રહે છે તેથી એ જ જગત્ છે.

પરમ તત્ત્વ, એમાંથી આવિર્ભાવ પામતાં પાંચ તત્ત્વો, એના જ મિશ્રણથી થતાં ભિન્નભિન્ન નામરૂપવાળાં અસંખ્ય બ્રહ્માંડો, નક્ષત્રમંડળ, સૂર્યમંડળના ગ્રહો ઉપગ્રહો, પ્રત્યેક ગ્રહ ઉપર સૂક્ષ્મ -સ્થૂલ શરીરધારી શિલાથી માંડીને મનુષ્ય સુધીનો જડચેતન વર્ગ; એ બધાં, વિશ્વની અંતર્ગત સ્વાર્થી દેહધારી, પરિચ્છિન્ન, વ્યકિતગત જીવાત્માની ઇચ્છા પ્રમાણે નથી ઉત્પન્ન થતાં, નથી નાશ પામતાં અને નથી બધાંનો વ્યવસાય કે વ્યવહાર ચાલતો કે બંધ થતો.

પંચતત્ત્વો પોતાના સ્વભાવ પ્રમાણે વ્યવહાર કર્યે જાય છે. આકાશ સમસ્ત વિશ્વને આવરીને, પોતાના ઉદરમાં સમાવીને બેઠું

છે, એમાં એને મારા પારકાનો, સારાનરસાનો, પાપપુણ્યનો, ધર્મ-અધર્મનો, કર્મઅકર્મનો ભેદભાવ નથી. કોઇનાં સુખદુઃખ, હર્ષશોક, જન્મમૃત્યુ સાથે એને જરાયે લેવાદેવા નથી, કારણ કે એ પોતે નિત્ય તથા નિર્લેપ છે.

વાયુતત્ત્વ બ્રહ્માંડમાં વીંઝાતું ફરે છે; એના સપાટાથી અસંખ્ય ઉથલપાથલ થાય છે. અને ગ્રહમંડળ સ્થાન ફેર થતાં હતાં–નહોતાં બની જાય છે; પ્રત્યક્ષ સંહારક દેખાતાં એનાં કર્મ સતત્ ચાલ્યા કરે છે, છતાં અનાદિકાલથી એકધારી રીતે પોતાના ધર્મમાં અચ્યુત રહીને નિર્વિકારપણે સ્વસત્તા સાચવી રાખે છે.

અગ્નિ, જલ અને પૃથ્વી પોતપોતાનાં દાહક, દ્રાવક અને ધારક ધર્મોથી સારાખોટા, નાનામોટા બધાને બાળે છે, પ્રલય કરે છે અને પોતાના ઉદરમાં સાચવી રાખીને બધાંયને જન્મમૃત્યુની ભ્રાન્તિમાં ફેરવે છે. પોતે તો જેમનાં તેમ, જેવાં છે તેવાં જ બની રહે છે, એ સમજવા જેવું છે.

તત્ત્વોમાં વ્યાપી રહેલું પરમ તત્ત્વ સામાન્ય ચૈતન્યરૂપે રહીને તત્ત્વોની સ્વભાવગત કર્મલીલા ચાલુ રાખે છે. એ ચૈતન્ય બધાંની સાથે તદાકાર બનીને પોતાના નિર્વિકાર, સચ્ચિદાનન્દ સ્વરૂપે વિરાજમાન છે. બધાયને સત્તા આપે છે, ચૈતન્યથી ચેતન બનાવે છે. આનન્દથી ઉલ્લાસ આપીને રમત રમાડચા કરતાં છતાં ક્યાંય પોતાની સ્વસત્તામાં નામમાત્ર પણ વિકાર ભોગવતું નથી. પ્રકટરૂપે કોઇના ઉપર ઉપકારવૃત્તિ દાખવીને અહંકાર વધારતું નથી. પાંચ તત્ત્વોની સાથે જાણે એક જેવું જ બની બેઠું છે. પચીસ તત્ત્વ, પાંચ તત્ત્વ કે એક તત્ત્વ, પોતાના નિર્ગુણ, સગુણ સ્વભાવ-ધર્મ, (સૃષ્ટિનો વિચાર કરીએ ત્યારે પણ) અવિરત ભાવે કર્મશીલ રહ્યા જ કરે છે. એ સૃષ્ટિ એટલે સમષ્ટિ–વિશ્વ–આખું બ્રહ્માંડ : એમાં

માનવીય જીવાત્મા વ્યક્તિ કે વ્યષ્ટિ એકાકીભાવે જીવન વીતાવે છે, ત્યારે બીજાં બધાંથી પોતાને પૃથક્ સમજીને કર્મ કરે છે, ભોગ ભોગવે છે, અને ભોગના આસ્વાદનમાંથી ઊભી થતી વાસનાઓમાં બંધાય-ફસાય છે.

પાંચ કોશની પ્રક્રિયા પ્રમાણે થોડો વિચાર કરીએ :

(૧) એ જ્યારે આનંદમય કોષ સાથે અભેદ અનુભવે છે ત્યારે (अ) સુષુપ્તિ અવસ્થામાં અવિદ્યાગ્રસ્ત બની કે લય પામીને આનંદનો ભોક્તા-દષ્ટા બને છે; (ब) સ્વપ્ન અને જાગ્રત દશામાં દ્વૈતવ્યવહાર કરે ત્યારે વિષયોની અનુકૂળતામાં હર્ષનો ભોક્તા બને છે. (क) હર્ષના અભાવે, પ્રતિકૂળતાના પ્રસંગોએ શોકનો ભોકતા બને છે.

(૨) વિજ્ઞાનમય કોષ સાથે અભેદ સાધે છે ત્યારે ત્રણેય અવસ્થાનો જાણકાર બનીને જ્ઞાતા તરીકેનો અહંકાર ધારણ કરે છે. વિષયોનાં જ્ઞાન-અજ્ઞાનની વિષયવિદ્યામાં રમ્યા કરે છે, વિષયજ્ઞાની બની બેસે છે, અહંકારને ફેલાવીને કર્તાભોકતા બને છે.

(૩) મનોમય કોષની સાથે જ્યારે તાદાત્મ્ય માણે છે ત્યારે કલ્પનાઓ, ઇચ્છાઓ, સંકલ્પો, વાસનાઓના પરપોટાઓ માનસ-સરોવરમાંથી ઊભા કરીને ભૂતભાવીનાં સ્વપ્નાંમાં કર્તા-ભોકતા બનવાની યોજનાઓ ઘડયા કરે છે, તેની સાથે સાથે કર્તા-ભોકતાનો હર્ષ લૂંટવા માટે પ્રાણમય કોષની સાથે સહકાર સાધે છે. એ મનોમય અને પ્રાણમય કોષને જુદા પાડવા કઠિન છે; બન્નેમાં એક સરખી ચંચળતા, ચંચળતાને લીધે તરંગીપણું, તરંગીપણાને લીધે વાસનાની પ્રેરણા, એમાંથી ઊભાં થતાં કર્મ, ફળ અને ભોગની ચક્રમાળા-એ બધાં એટલી અને એવી ત્વરિત ગતિએ થયા કરે છે કે કર્તા-ભોકતા બનવાની સાચી રમત એના વડે જ રમાય છે છતાં જીવાત્મા એ ભ્રાન્તિની ભૂલને પકડી શકતો નથી. અન્નમય કોષ તો

સા. ૧૨

તદ્દન જડ હોવાથી કેવળ પહેરેલાં કપડાં જેવો નિર્દોષ છે. અન્ન-જળના આહારમાંથી એનાં અસ્થિ, માંસ, મજ્જા, રુધિર વગેરે બને છે ખરાં, પણ એનું ભાન, અહંકાર તથા ઉપયોગ કે ઉપભોગ કરનાર તો વિજ્ઞાનમય અને મનોમય કોષ જ છે.

આવી રીતે આ જીવાત્મા (૧)દ્રષ્ટા, (૨) જ્ઞાતા, (૩) કર્તા-ભોકતા બને છે, જેવી દૃષ્ટિ તેવું જ્ઞાન અને જેવું જ્ઞાન તેવાં કર્મ એવી જીવનક્રમની ગોઠવણ છે.

દૃષ્ટાંત તરીકે મનુષ્ય કોઇ મીઠાઇ જુએ છે ત્યારે કેવળ એ દ્રષ્ટા બને છે; મીઠાઈને જાણે, ઓળખે, સારાસારનો વિચાર વિવેક કરે, જેવું જ્ઞાન હોય તેવી રીતે એની વાસના કરે, તે પ્રમાણે એને મેળવવા માટે કર્મ કરે, પછી ભોગવે, પછી હર્ષશોક અનુભવે અને વળી પાછી ભોગવાસનાની પુનરાવૃત્તિ કરે, આવી માનવીય મનની ઘટમાળ નિરન્તર ફર્યા કરે છે.

જેવી દૃષ્ટિ તેવું જ્ઞાન, જેવું જ્ઞાન તેવાં કર્મ; જેવાં કર્મ તેવા કર્મભોગ; જેવા ભોગ તેવી વાસના;—આગળ વધીને જોઈએ તો જેવી વાસના તેવી દૃષ્ટિ, જેવી દૃષ્ટિ તેવું જ્ઞાન, જેવું જ્ઞાન તેવાં કર્મ, જેવાં કર્મ તેવા ભોગ; જેવા ભોગ તેવી વાસના—જેવી વાસના તેવી દૃષ્ટિ —બસ આ ચક્રાકાર જીવનક્રમ ચાલ્યો જ જાય છે. એનો અન્ત જ નથી—અલબત્ત જ્યાં સુધી એનો વૈરાગ્ય ન આવે, એનું મિથ્યાત્વ ન સમજાય ત્યાં સુધી.

વૈરાગ્ય આવે એટલે દૃષ્ટિ બદલાય, મિથ્યાત્વ સૂઝે ત્યારે જ્ઞાનમાં વિવેક આવે, ભક્તિ આવે ત્યારે કર્મમાં નિષ્કામતા આવે. નિષ્કામતા આવે એટલે ભોગમાં વૈરાગ્ય આવે, ત્યાગ આવે, જીવન-ધર્મ સૂઝે અને એમ વૈરાગ્યની પરંપરાએ ભકિતના પોષણથી વધતી

જતી જ્ઞાનવલ્લીને આત્માનુભવ સ્વરૂપ સચ્ચિદાનન્દનો ભોક્તા બનવાની ધન્ય ક્ષણ જીવાત્માને સાંપડે.

*     *     *     *

આ બધું વિચારી જોતાં આપણને સામાન્ય રીતે જણાય છે કે:

(૧) એક બાજુ મનુષ્ય દ્રષ્ટા, જ્ઞાતા, કર્તા અને ભોક્તા તરીકે જીવન વીતાવે છે.

(૨) દ્રષ્ટા બનીને દૃશ્યમાં મમત્વ બાંધે છે એમાં ભોગ-બુદ્ધિની વાસના કારણભૂત છે.

(૩) ત્યાર પછી દૃશ્યની આસક્તિને લીધે દૃશ્યનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ધર્મ તથા ઉપયોગિતાનો વિચાર કરવાની એને આવશ્યકતા પડે છે એટલે દૃશ્યવિષયોની અપરા વિદ્યાઓનું જ્ઞાન મેળવે છે.

(૪) વિષયવિદ્યાઓ મેળવ્યા પછી એ વિષયોની પ્રાપ્તિ માટે કર્મો કરીને એ કર્તા બને છે.

(૫) કર્તા બનીને વિષયપ્રાપ્તિ કરે છે; વિષયોના ઇંદ્રિય-સંયોગથી ભોગ ભોગવીને ભોક્તા બને છે; કર્તા–ભોક્તા બનીને વિષયભોગનું અંતરમાં જે આસ્વાદન રહી જાય, ભોગનાં સંસ્મરણો સંઘરાય, એ સંસ્મરણો વારંવાર ચિત્તમાં ઊભરાય અને ઊછળે, એ છે વાસના અને એમાંથી થતી કર્મ માટેની અંતરની ઊકાસણી ને ઉત્તેજનાને લીધે અવિરત ભાવે મનુષ્ય તો શું, સમસ્ત સૃષ્ટિ ગતિશીલ રહે છે, કર્મપરાયણ રહે છે

(૬) સમસ્ત બ્રહ્માંડ ગતિશીલ રહે છે એથી એ જગત્ કહેવાય છે; એમાં રહેલું ચૈતન્ય સમષ્ટિરૂપે ઈશ્વર કહેવાય છે, બ્રહ્માંડમાં

થતી ચિત્રવિચિત્ર ગતિથી ચાલનારી ઐશ્વર્યની સમૃદ્ધિ ઉપર એની એકહથ્થુ જ સત્તા ચાલે છે, એના ચૈતન્યથી બધું ચેતન લાગે છે, એ આનંદમય છે તેથી એની સમસ્ત કર્મપ્રવૃત્તિમાં એને તો કેવલ આનંદ જ છે; તાત્પર્ય કે એ તદ્દન નિર્લેપ છે.

(૭) આ બ્રહ્માંડમાં, વિશ્વમાં, સમષ્ટિ સ્વરૂપ જગતમાં સારરૂપ જણાતા સંસારમાં અથવા ઐશ્વર્યના અધિષ્ઠાતા ઇશ્વરના સામ્રાજ્યમાં ઇશ્વર પોતે એક અને અદ્વિતીય છે, પરંતુ એમાં બીજા અસંખ્ય અહંકારધારી પ્રાણીઓ, જંતુઓ, જીવસંજ્ઞાઓ, આમ-તેમ જે ફર્યા કરે છે એ પણ ઇશ્વરની જ પ્રેરણાથી ગતિશીલ રહે છે અને પોતપોતાની રીતે સ્વભાવ પ્રમાણે કર્તા-ભોક્તા બને છે એ સમજી રાખવાનું છે.

(૮) પરમતત્ત્વ એક અને અદ્વિતીય છે; એ સચ્ચિદાનન્દ-ઘનસ્વરૂપ હોવા છતાં વિવર્ત-દૃષ્ટિએ ત્રિગુણાત્મક આવરણ પહેરીને એક બાજુ પાંચ તત્ત્વોનો આવિર્ભાવ દેખાડે છે, ત્યારે બીજી બાજુ પોતે એમનું એમ રહ્યા છતાં એ બધાંની સાથે નામરૂપમય વિષયોના જેવું જ દેખાઈને અનેક બને છે, અસંખ્ય બને છે; દૃષ્ટા, જ્ઞાતા, કર્તા, ભોક્તા જેવું દેખાય છે અને એવું હોવા છતાં અદૃષ્ટા અને અદૃશ્ય, અજ્ઞાતા અને અજ્ઞેય, અકર્તા અને અકર્મ, અભોક્તા અને અભોગ્ય બનીને આપણને વ્યામોહ ઉપજાવે એવું લાગે છે.

(૯) ઇશ્વર સચ્ચિદાનન્દ છે; મનુષ્ય તો શું પણ પ્રાણીમાત્રને સચ્ચિદાનન્દની ઇચ્છા છે. એને લીધે જ એની બધી ક્રિયાઓ થાય છે. બધાંને આનંદ જોઇએ છે, નિત્ય આનંદ જોઇએ છે એટલે સત્ આનંદ જોઇએ છે મેં આનંદ ભોગવ્યો એવી સમજણ-વાળો નિત્ય આનંદ જોઈએ છે એટલે સત્ ચિત આનંદ જોઈએ છે.

(૧૦) ઇશ્વર કર્તા છતાં અકર્તાઅને ભોક્તા છતાં અનાસક્ત અને નિર્લેપ છે; મનુષ્યને સચ્ચિદાનન્દ જોઈતો હોય તો ઇશ્વર વિના બીજા કશામાંથી મળે એમ નથી, એ સચ્ચિદાનન્દ સર્વવ્યાપક છે, એટલું જ નહિ પણ બધું જ સચ્ચિદાનંદ છે. માત્ર નામરૂપનાં જે પરિવર્તનશીલ વસ્ત્રો પહેરીને નિત્ય અવનવા વેશ ધારણ કરે છે અને કરી રાખ્યા છે, અવિદ્યામાં એનો ઉપભોગ કરવો હોય તો પોતે જે અજ્ઞાન–અહંકારને લીધે કર્તાભોક્તા બની બેઠો છે, નામ-રૂપમય જગતની અંદર દેહધારી બનીને અમુક નામરૂપવાળા વિષયોમાંથી સચ્ચિદાનન્દ મળશે અને અમુકમાંથી નહિ મળે એવો રાગદ્વેષ વહોરી બેઠો છે, એ મહાભ્રાન્તિ નિર્મૂળ કરવા માટે જ પરાવિદ્યા ( આત્મવિદ્યા )નાં નિવૃત્તિ ધર્મનાં શાસ્ત્રોની રચના છે; અનુભવીઓનાં એ અનુભવશાસ્ત્ર છે.

*   *   *   *

ઈશ્વર સર્વવ્યાપક, સર્વ સત્તાધીશ, સર્વજ્ઞ અને સર્વાનન્દ-સ્વરૂપ છે એને મેળવવા માટે જ જીવાત્મા કર્મ વિના ક્ષણભર પણ રહી શકતો નથી. એ કર્મની અવિરત ગતિએ ચાલુ રહેતી ઘટમાળ તો રોકી શકાય એમ નથી. એણે એ સચ્ચિદાનન્દને ક્યાં અને કેવાં કર્મોથી મેળવવો એ પ્રશ્ન સહજ ઊભો થાય છે.

(૧) સાધારણ અજ્ઞાની, અવિદ્યાગ્રસ્ત, મમત્વમૂઢ અને રાજસિક તામસિક અહંકારમદ તથા રાગદ્વેષથી ભરેલા માણસો મનમાન્યા નામરૂપવાળા વિષયો ( જેઓનું અધિષ્ઠાન તો સચ્ચિદા-નન્દ જ છે ) મેળવવા ભોગવવાનાં કર્મો કરે છે; મૂળ વાસના સચ્ચિદાનન્દની છે, પણ એના અજ્ઞાનને લીધે પ્રત્યેક નામરૂપવાળાં પ્રાણીપદાર્થને જુદું જુદું સચ્ચિદાનન્દ માને છે, નામરૂપ નાશવન્ત છે એમ સમજતાં કે જોતાં છતાં સચ્ચિદાનન્દનો નાશ થાય છે એમ

માને છે, પ્રત્યેક નામરૂપમાં જુદીજુદી શકિત, ગુણ, ધર્મ, કર્મ, સૌંદર્ય તથા વૃત્તિઓનાં સ્વરૂપ સમજીને કોઇનો રાગ તો કોઇનો દ્વેષ કરે છે; સ્થૂલ દષ્ટ નામરૂપવાળાં સ્વરૂપો કરતાં પણ અદષ્ટ, સૂક્ષ્મ તન્માત્રાઓનાં, બ્રહ્માંડમાં અત્રતત્ર ફરતાં અને વસી રહેલાં ત્રિગુણાત્મક દેવદેવતાનાં નામરૂપમાં અપૂર્વ શકિત માનીને ભોગને માટે એમની ભકિત, પ્રાર્થના, હોમ, હવન, બલિદાન, ધનદાન, તથા જપનાં અનુષ્ઠાનો કરીને એમની દીનભાવે, ભકત બનીને સેવા શુશ્રૂષા કરે છે; આવાં બધાં લોકપરલોકના ભોગ માટેની પ્રાપ્તિ માટેનાં થતાં કર્મો સકામ કહેવાય છે, કારણ કે એમાં દેવદેવતા કે ઇશ્વરની ભકિત ઇશ્વરપ્રાપ્તિ માટે નહીં, પણ લોકપરલોકનાં વિષય-સુખ મેળવવા માટે જ હોય છે. જિજ્ઞાસુએ કે ભકતે આ બધાં દૂરથી જ ત્યજવાનાં છે. ચમત્કારથી જ ચમકતા, સાંસારિક મંત્રોનાં અનુષ્ઠાન કરીને સિધ્ધ કહેવાતા, વેષધારી બાવાસાધુ કે જોગીતપસી વિષયીઓની છાનીછપની મુલાકાતો રાખનારા ભૂતપ્રેતીઆ ભકતોનો પાર નથી. શારીરિક કષ્ટ વેઠીને તપસ્વી કહેવડાવનારા, અનેક જાતના મંત્ર જપીને રાતાં-પીળાં ફૂલ, કે જીંગોડા જેવા જીવજંતુની માળા લઇને સ્મશાન જેવી અપવિત્ર ભૂમિમાં રખડનારાનાં ટોળાં ભમ્યા કરે છે. માંસમદિરાનાં ખાનપાન તથા અડદના બાકળાના ભોગ ધરાવીને અદશ્ય લોકના ભોગભૂખ્યા, મલિન ભૂતપ્રેતોની સાથે અનુસંધાન રાખે છે. એવા કહેવાતા મહાત્માઓની મોહ-જાળમાં ફસાયેલા-લપટાયેલા સ્વાર્થી લોકોની ભકિત સામાન્ય નીતિમાન સાંસારિક લોકો કરતાં પણ અત્યંત હલકા પ્રકારની છે. રજોગુણ અને તમોગુણનાં વાસના તથા કર્મો વડે થતી આવી ભકિત રજોગુણ તમોગુણથી ભરેલી હોઇ હલકી કોટિની અને સેવા સકામ કહેવાય છે જે સદાસર્વથા ત્યાજ્ય છે.

(૨) ઇશ્વરની ભકિત, બ્રહ્મની જિજ્ઞાસા, સંસારબંધની

મોક્ષેચ્છાવાળા તથા પાપપંથથી પાછા વળીને પુણ્ય અને ધર્મને પંથે ઉન્નતિ સાધનારા મનુષ્યોની મનોદશા કેવળ પવિત્ર હોય છે. એમનાં સાધન અને સાધ્ય શુદ્ધ અને સાધના નિષ્કામ હોય છે. આ જન્મે તો શું પણ જન્માન્તરેય દેહાભિમાન ન રહે, જન્મમરણ, ક્ષુધાતૃષા કે સુખદુઃખ જેવાં દ્વંદ્વ નિત્યને માટે નષ્ટ થાય એમ એ ઇચ્છે છે. દ્વૈતનાં ભરપૂર દુઃખ નિત્યને માટે નિવૃત્ત થાય, પરમ સ્વરૂપ સચ્ચિદાનન્દની પ્રાપ્તિ થાય, જેને માટે અનાદિ કાળની ઝંખના રહી છે એવા સુખની શોધનો નિત્યને માટે અંત આવે એવી એને ઝંખના હોય છે. શરીરનાં, મનનાં, આકાશપાતાળ વચ્ચેનાં, જડચેતનનાં સ્વાભાવિક કે અકસ્માત્ રીતે ઊભાં થતાં તાપસંતાપનાં કારણો પણ નષ્ટ થાય, એવો હેતુ જે માનવચિત્તમાં હોય, તે સંસારની ક્ષુદ્ર નામરૂપવાળા વિષયોની વાસના માટે કર્મ કરું છું એમ માનતો નથી. કર્મ તો અનિવાર્ય રૂપે થયા જ કરે છે, પ્રકૃતિ પોતાના સ્વભાવને લીધે ક્રિયાશીલ રહ્યા કરે છે, એમાં થતાં કર્મનું અભિમાન ન રાખતાં જે જે કર્મ થાય છે, એનો કર્તા ભગવાન્ છે, એમ માનીને પોતાને અકર્તા માનવાની વિદ્યા એવો કર્મયોગી પ્રાપ્ત કરે છે; જે કર્મ થાય તે પરમાત્માને અર્પણ કરીને, એના ફલના બદલામાં અત્યાર સુધી જે દ્વંદ્વનો ભોગ બનતો હતો, તેને સ્થાને હવે પરમાત્માના સ્વરૂપસુખનો ભોક્તા બને છે. આ છે ત્રિવિધ તાપની આત્યન્તિક નિવૃત્તિનો તથા પરમાનન્દની પ્રાપ્તિનો નિષ્કામ કર્મનો માર્ગ. આ જ છે મલશોધન કરવાનો શાસ્ત્રોક્ત કર્મયોગ. શુદ્ધ માર્ગથી શુદ્ધ સાધન પમાય, શુદ્ધ સાધનથી શુદ્ધ સાધના કરી શકાય, શુદ્ધ સાધનથી ચિત્ત શુદ્ધ થાય, અને કર્મક્ષેત્ર જે શુદ્ધિઅશુદ્ધિવાળું ત્રણ ગુણથી ભરેલું, દ્વંદ્વના સાંડસા જેવું, વિશાળ બ્રહ્માંડ જેવડું એની આસપાસ પડ્યું પાથર્યું દેખાય છે, તેને બદલે કર્તા છતાં અકર્તા બનીને, કર્મનો હિમાલય જેવડો ઢગલો

આપીને એના બદલામાં કર્મફળ રૂપે સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને મહાનમાં મહાન્ પરમાત્માના સ્વરૂપસુખનો એ નિત્ય ભોકતા બને છે.

*         *         *         *

શા માટે ચિત્તમાં કર્તાભાવ આવીને કર્મ કરાવી જાય છે એ મૂલ અજ્ઞાન છે, શા માટે ભોક્તા બની ભોગ ભોગવાય છે એ છે અવિદ્યાનું સ્વરૂપ; કર્મ અને કર્મફળના ભોગમાંથી વાસના ઊભી થાય એ છે સંસારનું સ્વરૂપ. અજ્ઞાન–અવિદ્યામાં અહંકાર- હુંપણું, વ્યષ્ટિ જીવભાવ તથા ઇશ્વરસ્વરૂપ બ્રહ્માંડમાંથી પૃથક્ વ્યકિતત્વભાન ઊભાં થાય, એ છે અસ્મિતાવાળું, કર્મ હું કરું છું એવું અભિમાન; એ કર્મમાંથી ઊભા થાય છે રાગદ્વેષ; રાગદ્વેષને લીધે દેહાધ્યાસ વધતો જાય, વિષયોની સાથે તદ્દાકારતા અનુભવાય, વિષયી બનીને, કર્તાભોકતા–વાસનામય બનીને દ્વંદ્વના ભોગ ભોગવાય એ છે સંસારનો અભિનિવેશ.

અજ્ઞાન, અવિદ્યા, માયા, પ્રકૃતિ, તમોગુણ, અંધકાર, જડતા વગેરે નામોથી ઓળખાતું કંઇક એવું અભાન ઊભું થાય છે કે જેમાંથી ઈશ્વરથી પૃથક્ પડીને જીવાત્મા સ્વરૂપને ભૂલી જાય છે. સ્વરૂપે એ સચ્ચિદાનન્દ છે એવું ભાન રહેતું નથી. વાસના તથા કર્મની પ્રવૃત્તિનું પૃથક્કરણ કરી જોતાં એમાં સચ્ચિદાનન્દની પ્રાપ્તિની ઇચ્છા જ કારણભૂત હોય છે, એવું અનુભવીઓ કહી ગયા છે.

જીવ, જગત્ અને જગદીશની ત્રિપુટીમાં ત્રણેયનું અધિષ્ઠાન સચ્ચિદાનન્દ છે. જગત્માં અસંખ્ય નામરૂપ છે. ઇશ્વર બ્રહ્માંડરૂપે વિલસી રહ્યો છે; સચ્ચિદાનન્દની એ વાસના ત્રણેયનાં સ્વરૂપ –અધિષ્ઠાનને સમજ્યા–ઓળખ્યા વિના નાશ પામતી નથી. એ જ્ઞાન શુદ્ધ અંતઃકરણ વિના થતું નથી. એ અજ્ઞાનને જ શાસ્ત્રમાં

ચિત્તનો મલ નામનો દોષ કહ્યો છે. એને પ્રથમ ફ્હાડવો જોઈએ. એ તમોગુણ છે, માટે એને ફ્હાડવા માટે જેમાં તમોગુણ વિશેષ છે એવો કર્મસમૂહ ઇશ્વરને અર્પણ થાય તો કર્મ ભસ્મીભૂત થાય અને ઇશ્વરની ભકિતથી ચિત્તમાં શુદ્ધિ આવે. સમસ્ત કર્મયોગ કે કર્મકાંડમાં બ્રહ્માર્પણ, ઇશ્વરાર્પણ, કૃષ્ણાર્પણ કે એવી જે અર્પણની દૃષ્ટિ રાખી છે, એમાં કર્તા–ભોકતા ભાવથી થનારાં કર્મનો મલિનભાવ ફ્હાડી નાખવાનો જ શાસ્ત્રોનો હેતુ છે.

કર્મ થાય, કરાય છતાં મનમાં ઇશ્વરનું સ્મરણ રહે એ છે ચિત્તની શુદ્ધિ એટલે મલનો નાશ. મન શુદ્ધ થાય અને ચિત્તમાં બ્રહ્માંડસ્વરૂપ ઇશ્વરને સ્થિર કરવાની સાધના થાય, એ છે કર્મયોગનું રહસ્ય ! જ્યાં જ્યાં, જ્યારે જ્યારે જે કર્મ થાય, ભોગ ભોગવાય એ બધાં સચ્ચિદાનન્દ ઇશ્વરને માટે જ છે એવી ભાવના સતત્ જાગ્રત રાખવી એ છે કર્મકાંડ તથા કર્મયોગનાં શાસ્ત્રોની આજ્ઞા ને જીવનમાં દિવ્યભાવ ઊતારવાનું અવલૌકિ રહસ્ય.

*　　　*　　　*　　　*

ચિત્તના (૧) મલ, (૨) વિક્ષેપ અને (૩) આવરણ નામના ત્રણ દોષમાંથી મલ દોષ વિષે વિચાર કરી જોયો.

ત્રણ દોષના નિવારણમાં પ્રથમ મલ, પછી વિક્ષેપ અને ત્યાર પછી આવરણનો ક્રમ રાખ્યો છે. એમાં પણ કેટલીએક વાસ્તવિકતા છે. માનવીય સ્વભાવનું પૃથક્કરણ કરી જોતાં એનું રહસ્ય સહેલાઇથી સમજાય એવું છે.

કોઇ પણ સંસારી મનુષ્યના જીવનવ્યવહારને જોશો તો જણાશે કે ઇંદ્રિયજન્ય ભોગની અંતરમાં પ્રથમ એ વાસના કરે છે, ત્યાર પછી ભોગના વિષયો મેળવવાનાં કર્મ કરે છે; પ્રથમ વાસના

અને પછી કર્મગતિની સ્વાભાવિક પ્રવૃત્તિમાં આપણને એ દશાનું ભાન થાય છે.

વાસનાનું મૂળ જોતાં એનો પ્રેરક, ઉત્તેજક, હેતુ છે સચ્ચિદાનન્દની પ્રાપ્તિ. પરન્તુ પોતાના વાસ્તવિક સ્વરૂપના અજ્ઞાનને લીધે પોતાનાથી ભિન્ન એવા અન્ય વિષયોમાંથી મળશે એવી આશાતૃષ્ણા તથા મોહને લીધે વિષયોની પ્રાપ્તિ માટે કર્મ કરે છે અને એવા અજ્ઞાનને જ શાસ્ત્રમાં મલિનતા કહી છે.

સચ્ચિદાનંદનું અજ્ઞાન એટલે જ મનુષ્યના ચિત્ત ઉપર ચડી ગયેલો ભોગપ્રાપ્તિના કારણરૂપ કર્મ કરાવે એવો વાસનાઓનો થર. એ થર એટલે જ મલ: કોઇ વસ્ત્ર ઉપર ઉપરાઉપર ચિત્રોની છાપ પાડવા માંડીએ કે જુદી જુદી જાતના રંગ ચડાવીએ તો છેવટે એમાં કોઈ ભાત સ્પષ્ટ દેખાતી નથી, એટલું જ નહિ પણ એ તદ્દન કાળા રંગનું બની જાય છે. કોરા કાગળ ઉપર ઉપરાઉપર લખ્યા કરીએ તો એકેય લખાણ ન વંચાતાં છેવટે શાહીનો એક સરખો રંગ ચડીને કાગળનો શ્વેત રંગ ઢંકાઇ જાય છે; દર્પણની ઉપર જુદી જુદી જાતના દાગ લાગવા માંડતાં એમાં બિમ્બ ઝીલવાનો પ્રભાવ રહેતો નથી. તેવી જ રીતે મૂલ ચિત્ત સત્ત્વગુણની શુદ્ધ રચના હોવા છતાં એના ઉપર જન્મજન્માન્તરની અસંખ્ય વાસનાઓના વિષયોના આકારની છાપ પડતાં પડતાં એ તદ્દન મલિન બની જાય છે. એ એવું તો કાલિમાભરેલું બને છે કે એમાં કેટલી અને કેવી વાસનાઓ છે એનું નિરીક્ષણ કે ગણતરી થઇ શકતાં નથી.

તમોગુણનો પ્રભાવ મુખ્યત્વે મોહ કહેવાય છે.

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एवच ।
तमस्येतानिजायन्ते विवृद्धे कुरुनन्दन ॥

ભ. ગી. અ. ૧૪/૧૩

અર્થ :-હે અર્જુન ! તમોગુણ જયારે વધે છે ત્યારે અપ્રકાશ ( અંધારું, અજ્ઞાન, ચિત્તમાં કેવી વાસના ભરેલી છે અને કેવાં કર્મો કરવાં જોઇએ એનું ભાન પણ ન થાય તેવી અજ્ઞાનપૂર્ણ દશા=અવિવેક ), અપ્રવૃત્તિ ( ભોગવિષયોની સ્પષ્ટ સમજણ તથા મેળવવાની આવડત ન હોવાથી એ માટેનાં કર્મ કરવાનો પ્રમાદ, આળસ, શું કરવું અને શું ન કરવું એવા અવિવેકમાંથી ઊભી થતી માનસિક ગડમથલ હોવા છતાં આળસને લીધે જે થવાનું હશે તે થશે એવી જડવત્ મનોદશા ). પ્રમાદ ( અપ્રકાશ અને અપ્રવૃત્તિમાંથી ઊભી થતી, ઉપર જણાવેલી તેવી આળસુ તથા એદીપણાની ટેવ ), મોહ ( ઉપરના ત્રણે અવગુણોમાંથી ઊભી થતી મૂંઝવણ ) મનમાં કશોયે નિર્ણય ન થતાં વિષયોનું ચિંતન વધી પડે છે, પરન્તુ કર્તવ્યનું ભાન ન હોવાથી મન વાસનાના વંટોળમાં, વિષયધૂમ્રના ગોટામાં અટવાઈ-વીંટાઈને કર્તવ્યમૂઢ બની જાય એવી સ્થિતિ ઊપજે છે.

વિષયની વાસના હોય પણ એને માટે પ્રયત્ન કે કર્મ કરવાનો પ્રમાદ હોય, એ છે મનની મલિનતા એટલું આપણે સમજયા.

વાસનાનો નાશ કર્યા વિના અજ્ઞાન ટળતું નથી; વાસનાના મુખ્ય બે પ્રકાર છે. (૧) અશુભ કે મલિન વાસના (૨) શુદ્ધ કે શુભવાસના. એવી જ રીતે કર્મ પણ શુભ અને અશુભ કહી શકાય છે. એને બીજી રીતે સ્વાર્થ અને નિઃસ્વાર્થ, સકામ અને નિષ્કામ એવાં નામ પણ આપેલાં છે.

કર્મ થવાં એ મનુષ્યનો તો શું પ્રાણીમાત્રનો સ્વભાવ છે, કર્મની પ્રેરણા મનમાં ભરાઇ રહેલી પૂર્વ કર્મની વાસનાઓ એટલે સંસ્કારો છે. સુષુપ્ત વાસનાઓ અને ફલભોગમાં ઊપજતો મતિભ્રમ એટલે મોહ એ બન્ને તમોગુણનાં કાર્ય હોવાથી એનો નાશ તો રજોગુણ સ્વરૂપ કર્મ અને તેમાંયે સ્વાર્થ કે સકામ ત્યજીને પરોપકાર

કે નિષ્કામ રીતે થયાં હોય તો જ થઇ શકે છે. ક્રિયા રજોગુણને લીધે થાય છે. મલદોષ તમોગુણ છે. આવી રીતે તમોગુણનો દોષ રજોગુણથી દૂર કરવા માટે જ ચિત્તશુદ્ધિને માટે કર્મો કરવાનું કહ્યું છે.

પરન્તુ કર્મ રજોગુણ સ્વરૂપ હોવા છતાં ચિત્તના સ્વભાવ પ્રમાણે કર્મમાં પણ ક્રમ ગોઠવાય છે. જીવાત્મા પ્રથમ સ્વદેહપોષણ માટેનાં કર્મ કરવા જ પ્રેરાય છે.

બાલપણમાં પોતાના શરીરપૂરતો જ વિચાર આવે છે, ત્યાર પછી ભાઈભાંડુ, માતાપિતા તથા સગાસંબંધીઓનો, ગૃહસ્થાશ્રમી થયા પછી પત્ની તથા સંતતિનો, આડોશીપાડોશી, શેરીનાં, મહોલ્લાનાં, ગામનાં, જિલ્લાનાં, પ્રાન્તનાં, દેશનાં એવે ક્રમે પ્રત્યેક પ્રાણીપદાર્થ સાથે પહેલાં તો સ્વાર્થ માટેનો જ સંબંધ હોય છે. એ સંબંધમાં વાસના જ પ્રેરક તત્ત્વ છે. તેથી એ સકામ કર્મ કહેવાય છે.

વાસના ત્રણ પ્રકારની છે, એટલે એનાં કર્મો પણ ત્રણ રીતે જ થતાં જોવામાં આવે છે.

વાસનાના પ્રથમ તો બે ભેદ છે. એક (૧) શુભ અને (૨) અશુભ.

शुभाशुभाभ्यां मार्गाभ्यां वहन्ती वासनासरित् ।
पौरुषेण प्रयत्नेन योजनीया शुभेपथि ॥

યોગવાસિષ્ઠ ૨–૯–૩૦

અર્થ :—શુભ અને અશુભ માર્ગોમાં વાસના નામની નદી વહ્યા કરે છે; ( બન્ને માર્ગમાં વહેનારી એ નદીને ) મહાન્ પ્રયત્નો-વડે શુભમાર્ગે વાળવી જોઇએ.

એ જ ગ્રન્થમાં અન્ય સ્થળે ઉલ્લેખ છે કે :

वासना द्विविधा प्रोक्ता शुद्धाचमलिना तथा ।
मलिना जन्महेतुः स्याच्छुद्धः जन्म विनाशिनी ॥

અર્થ :–શુદ્ધ અને મલિન એમ બે પ્રકારની વાસના કહેલી છે. મલિનવાસના જન્મજન્માન્તર ( હું શરીર છું અને જન્મમરણ-શીલ છું એવી ભાવના )નું કારણ બને છે, જ્યારે શુદ્ધ જન્મ ( મરણ )ની ભાવનાનો નાશ કરે છે.

વાસના વિષે આપણે આવરણ નામના દોષનિવારણ માટે લખીશું ત્યાં સુધી અહીં તો કેવળ મલદોષનો વિચાર જ કરવાનો છે. આ બે પ્રકારની વાસનામાં મલિન વાસનાને જ ચિત્તના મલ કહ્યા છે.

વાસનાની પ્રેરણાથી કર્મો થાય છે; અજ્ઞાની એ કર્મને હું કરું છું, એમાંથી સુખભોગ ભોગવીશ, એવી કર્તા–ભોક્તાબુદ્ધિ રાખીને દ્વંદ્વ ઊભાં કરે છે. જેમ જેમ કર્તાભોક્તાપણું વધતું જાય છે તેમ તેમ અજ્ઞાન વધતું જાય છે. સુખ–શાશ્વત સુખ-ની ભોગેચ્છા હોવા છતાં અજ્ઞાની મનુષ્ય મલિન વાસના, અશુભ કર્મ અને ઇંદ્રિયભોગમાં સપડાયેલો હોવાથી શુદ્ધ વાસના, શુભ કર્મ અને ઈંદ્રિયાતીત સુખની એને કલ્પના આવતી નથી. આવી અજ્ઞાનદશાવાળા મનુષ્યને સ્વતંત્ર રીતે વિચાર કરવાનું સામર્થ્ય કે ભાન ન હોવાથી શાસ્ત્રોએ એવા વર્ગ માટે કર્મકાંડની યોજના ઘડી રાખેલી છે.

ભ. ગી.માં કર્મકાંડને બદલે કર્મયોગ શબ્દ યોજાયેલો છે, છતાં તેમાં વિષાદયોગ નામના પ્રથમ અધ્યાયમાં અર્જુનના જે પ્રશ્નો છે એ બધા કર્મકાંડને લક્ષ્યમાં રાખીને બોલાએલા છે. વાંચી જુઓ :

શ્લોક ૨૮ થી ૩૦ : આમાં કેવલ દેહદૃષ્ટિની જ વાત છે. જન્મમરણ સત્ય છે, યુદ્ધમાં ઉભયપક્ષે ઊભાં રહેલાં સ્વજનોનું મૃત્યુ થશે એ મોહ છે, મન ભમવા માંડે છે એ અજ્ઞાનથી ભરેલી ચંચલતા છે—એ જ ચિત્તના મલવિક્ષેપ છે.

શ્લોક ૩૦ થી ૪૧ : અવિવેકી યુદ્ધ થવાથી સમાજમાં અસંખ્ય કોટિ માનવસંહાર થશે; યુધ્ધ તો કેવલ રાજ્યલોભ ( જેમાં પ્રાન્ત, દેશ, ખંડ જેવી જમીન અને એમાં વસતા જનસમૂહ ઉપર વિજય મેળવી એના ઉપર સર્વોપરિ સત્તા ભોગવવાની જ વાસના હોય છે ), ભોગલાલસા. વિષયલોભ, મિત્રદ્રોહ, કુલક્ષય, પાપકર્મ, કુલધર્મનો નાશ, અધર્મની વૃદ્ધિ, યુધ્ધક્ષેત્રમાં પુરુષવર્ગના નાશથી સ્ત્રીઓની ભ્રષ્ટચારિત્ર થવાની આશંકા, એમાંથી ઊભો થતો વ્યભિચાર અને પ્રજાની વર્ણસંકરતા જેવાં બધાં દૂષણોનો ઉલ્લેખ છે.

શ્લોક : ૪૨ થી ૪૬ સુધી તો અધર્મથી ઊભી થતી સ્વર્ગહાનિ અને નારકીય ગતિ, શ્રાધ્ધક્રિયા વડે અપાતાં પિંડદાન તથા જલ-તર્પણ વગેરે કર્મકાંડનો લોપ, જાતિધર્મનું ઉચ્છેદન, આ બધાંને પાપકર્મમાં વર્ણવીને જે જે પ્રશ્નો ઊભા થયા છે એ બધા અત્યારે વપરાતા અને પ્રચલિત માન્યતાવાળા કર્મયોગ માટેના નથી. એમાં તો ઋષિઓએ અશુભ વાસનાથી ભરેલા, પાપકર્મમાં જ પ્રવૃત્ત રહેનારા માનવસમૂહ માટે જે કર્મકાંડો ગોઠવી રાખ્યાં છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

ગીતાકાર આગળ જતાં આ બધા પ્રશ્નોના ઉત્તર આપે છે ખરા. ઉપરાંત આવી રીતે અનિવાર્ય આવી પડેલા યુધ્ધને ધર્મયુધ્ધ ગણીને પ્રતિકાર કરવો સ્વધર્મ છે એમ કહે છે. યુધ્ધ તો સૃષ્ટિનો અનિવાર્ય ક્રમ છે, એમાં હિંસાઅહિંસાનો પ્રશ્ન નથી; કારણ કે અહિંસાવ્રત તો પાતંજલ યોગનાં યમનિયમનાં દસ

અંગનો એક ભાગ છે; વેદોક્તધર્મ યમનિયમ જેવાં વ્રતોના એકાદ અંગને જ મુખ્ય મનીને એના સિદ્ધાન્ત ઉપર બંધાયો નથી. એનો પાયો કર્મના સિદ્ધાન્તનો છે. માનવવ્યવહાર માટે જે સ્મૃતિગ્રન્થો લખાયા હતા એમાં સમાજને વ્યવસ્થિત રીતે નિયમબદ્ધ રહીને પરસ્પર સામાજિક કલ્યાણ સાધવાનાં સ્પષ્ટ કર્મવિધાન છે જ.

અહીં એ કર્મકાંડનો વિસ્તાર કરવાનો ઉદ્દેશ નથી. ત્રિવર્ણ માટેનાં વેદોક્તકર્મકાંડ બધા સાત્ત્વિક બ્રાહ્મણો જાણતા હોય છે. ભૂતકાળમાં વેદોક્ત કર્મકાંડનો વિરોધ થયેલો છે એ આપણે જાણીએ છીએ. ભારતવર્ષમાં (૧) વેદધર્મ, (૨) જૈનધર્મ, (૩) બુદ્ધધર્મના ત્રણ પ્રવાહો ચાલતા થયા તેમાં વેદધર્મ અને વેદશાસ્ત્રો અત્યંત પ્રાચીન છે એ સર્વસ્વીકૃત વસ્તુ છે. એમાં સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદ્ એવા ત્રણ વિભાગ છે; સૌથી જૂનો ઋગ્વેદ છે, ગીતામાં તો ત્રણ વેદનો જ ઉલ્લેખ છે; વેદની ભાષા અત્યંત પ્રાચીન હોઇ શબ્દોના અર્થ માટે ભિન્નભિન્ન વિદ્વાનોએ ભાષ્ય લખ્યાં છે, અને અત્યારે પણ એના ઉપર અવનવીન વિવેચનો થયા કરે છે. કોઈ પણ બે પંડિતો એક જ રીતે અર્થ કરે એ સંભવે એવું નથી કારણ કે શબ્દપાંડિત્ય અને શબ્દાતીત સ્વરૂપાનુભવ એ બે પૃથક્ વસ્તુસ્થિતિ છે. એ ઉપરાંત પ્રત્યેક લખનાર વાસ્તવિક અનુભવથી લખે છે એમ કહેવામાં એને કોઇ રોકનાર પણ ભાગ્યે જ હોઇ શકે. પ્રાચીન ગ્રન્થોનાં રહસ્ય ઉકેલવાં અઘરાં છે એટલું જ નહિ પણ પ્રાય: અશક્ય છે. એમાં પણ છેવટે બહુમતિ–લઘુમતિ જેવો પ્રશ્ન ઊભો થાય, ત્યારે વિવાદગ્રસ્ત અર્થને નિષ્પક્ષ રીતે જોઇ શકે એવો ઉભયપક્ષે દૃષ્ટિ કરનારો પંડિત પણ નિષ્પક્ષ જ હોય તો એમાં સત્યદૃષ્ટિ સંભવી શકે. આવાં આવાં અસંખ્ય કારણો આ જગતમાં અનાદિકાલથી ચાલ્યા કરે છે, અને માનવસમાજ ત્રણ ગુણથી ભરેલો હોઇ એમાં પક્ષાપક્ષ રહેવાના. એમાંથી સંપ્રદાયોનાં જૂથ ઊભાં

થવાનાં; મતમતાન્તરોની વાડાબંધી વધવાની અને ધર્મશાસ્ત્ર માટે, કે દેશવિદેશનાં રાજ્યોની વ્યવસ્થા માટે, આર્થિક નાકાબંધી માટે કે એવા એવા વ્યવહારપક્ષે ઊભા થતા દેશકાલને લીધે અવનવાં સ્વરૂપ ધારણ કરતા ધર્મ-અધર્મ કે કર્મ-અકર્મના માનવસમૂહના વ્યવહારનો પ્રશ્ન એક જ રીતે ઉકેલી શકાય એમ નથી. માનવજીવનની ઉન્નતિ માટે (૧) સમૂહવ્યવહાર અને એનું સંરક્ષણ તથા (૨) સામાજિક ધર્માધર્મની વ્યવસ્થા-અવ્યવસ્થામાંથી ઊભી થતી આંતરિક અને આત્યંતિક સુખશાંતિની જાગ્રત થતી મોક્ષેચ્છા -આ બે સ્થિતિ તો જ્યાં સુધી માનવપ્રાણી છે ત્યાં સુધી આવી રીતે જ ચાલુ રહી છે-અને રહેશે. સંસારમાં જીવવું છે એવી જિજીવિષા અને સ્વતંત્ર, સંપૂર્ણ નિરતિશય સુખ ભોગવવા માટે કોઇ પણ બંધન ન જોઇએ એવી મોક્ષેચ્છા માનવજીવનનો સ્વભાવ છે. સ્વભાવ હોવાથી સ્વધર્મ છે; સ્વધર્મ હોવાથી એ પ્રમાણે કર્મ-વ્યવહાર ચાલે છે; કર્મમાં ત્રણ ગુણનો પ્રભાવ છે; ગુણોની અથડામણ, કર્મપદ્ધતિમાં વિરોધ, સુખસામગ્રી માટેની લૂંટફાટ, દેશવિદેશ માટેની ભૂગોળભક્તિ, લેવડદેવડ માટેનાં ધનવૈભવનાં સાધનો, ભોગસામગ્રીમાં વિષયસુખને મુખ્ય માનનારા વર્ગમાં સ્ત્રીશરીરની મહત્તા અને વસવાટ તથા અન્નવસ્ત્રના ઉત્પાદન માટે જમીન, એવાં એવાં ઝાંખરાં જાળાં પૃથ્વી પરનાં આ પામર માનવીસમૂહને એવાં વળગી પડેલાં છે કે માટીનો માનવી માટીમાંથી ઊભો થઇને, ખરડાયેલો, ચોંટેલો છતાં એમાંથી જ ઊપજેલાં વિષયસાધનો માટે કર્મ કર્યાં જ કરે છે; એમાં સ્વાર્થ અવશ્ય આવવાનો જ. સ્વાર્થ માટેનાં કર્મમાં યુદ્ધો થવાનાં; અને "જર, જમીન ને જોરુ, જાણે કજિયાનાં છોરું" એ પ્રાકૃત કહેવત પ્રમાણે જ પ્રત્યેક ક્ષણે માનવસમૂહ ભાગ ભજવે છે એવો અનુભવ કોને નથી થતો ?

યુદ્ધ થયા પછી એ ધર્મ માટેનું હોય કે અધર્મ માટેનું એ

પ્રશ્ન જુદો છે, ન્યાય, નીતિ, તટસ્થતા જેવાં નામના વાઘા દંભી-ઓને બહુ સારી રીતે ઓઢતાં આવડે છે. વર્તમાન સમય તો એવું પ્રખર સત્ય શીખવે છે કે પ્રાચીન સમયની ઇશ્વરભક્તિ, સમત્વભાવ અને મોક્ષેચ્છાને બદલે અત્યારે દેશભક્તિ (જમીન માટેની મમતા), સમત્વભાવ ( બધાં સમાન છે એની પરાકાષ્ટાએ પહોંચેલો સિદ્ધાન્ત પુરુષ અને સ્ત્રી પણ સમાનધર્મી છે એ દૃષ્ટિએ નારીજાતિ પ્રતિ પક્ષપાત ) અને વિષયેચ્છા ( પદાર્થવિજ્ઞાનની શોધાશોધ કરીને ભોગવિષયોને વધારવાની અને એની લેવડદેવડ કરવા માટે મૂલ્યવાન ધાતુઓને પૃથ્વીના પેટાળમાંથી ખોદી કાઢીને ધનના ઢગલા ખડક-વાની વાસના ), આવી રીતે વિચારી જોતાં માનવસમૂહ જર, જમીન અને જોરુના ઝગડામાં જ પડયો છે એમ અમને તો લાગે છે.

જે દેશમાં યુદ્ધો થતાં, પણ દુષ્કાળ કે યુદ્ધના સમયે રાજયોના કે નગરશેઠના ભરેલા કોઠાર પ્રજાને માટે ખુલ્લા મૂકી દેવાતા; સ્ત્રીનાં શિયળ માટે યુદ્ધો થતાં; પણ ક્ષત્રિયવર્ગની એમાંયે અમુક વચનટેક હતી. સ્ત્રીઓ માટે યુદ્ધ થતાં એ વાત સાચી પણ પરસ્ત્રી માબહેન સમી મનાતી એ પણ એટલું જ પ્રખર સત્યપાલન હતું અને અત્યારે ! ૐ ! મૌનમ્ !

*　　*　　*　　*

વિષયાન્તર થયું છે પણ એમાં સમજાવવાનો હેતુ છે માનવ-જીવનની બહુમૂલ્યતાનો. મહામોંઘું માનવજીવન અન્નવસ્ત્રની, વિષય-સામગ્રીની વિપુલતા વધારવાની, ભોગવિલાસના ઉકરડા ખડકવાની —એવી એવી તુચ્છ અને મલિન વાસનાઓ માટેનાં કર્મમાં વેડફી નંખાય અને એને દેશભક્તિ, સમદૃષ્ટિ કે સ્ત્રીસ્વાતંત્ર્ય જેવાં મોહક નામો અપાય, ત્યાં જન્મજન્માન્તરનાં જીવનને શુદ્ધ કરનારાં કર્મ-

સા. ૧૩

કાંડ માટેની વાત જ ક્યાં, કોને અને કેવી રીતે કહેવા જેવી છે! સાપ ગયા છે અને લીસોટા ઝાંખા પડતા જાય છે. એયે જશે અને કાલભગવાનના યુગપલટા સાથે, સત્‌યુગનાં વહાણાં જ્યારે વાશે ત્યારે તો એ પુનર્જીવન પામશે જ.

પણ એ વાત દેશકાળ પરત્વેની રહી. તત્ત્વાર્થી-જિજ્ઞાસુને એનો હર્ષશોક નથી. વ્યવહારપક્ષે આવી વિપરીત મનોભાવના જોવાય ત્યારે શ્રદ્ધાભક્તિથી ભરેલા, આર્ષ સિદ્ધાન્તને વરેલા ચિત્તમાંથી થોડા આકરા ઉદ્‌ગાર નીકળે એટલું જ; બાકી ૐ શાન્તિ!

જૈન અને બૌદ્ધમતોએ પોતાનાં કર્મકાંડ ગોઠવ્યાં જેની અસરથી વેદોક્ત કર્મકાંડનાં રહસ્યો ભૂંસાવા માંડ્યાં, ત્યાર પછી એમાં પુરાણ અને તંત્રશાસ્ત્રોનાં કર્મકાંડોની મેળવણી પુરવણી થઇ અને વિદ્વાન બ્રાહ્મણોને બદલે ગોર જજમાનના સંબંધો ઓળખાવા લાગ્યા. અત્યારે તો શુદ્ધ વેદોક્ત કર્મકાન્ડ કરનાર–કરાવનારની સંખ્યા બહુ જ અલ્પ હશે એમ માનવું એ પણ કેવલશ્રદ્ધાને લીધે જ માનવા જેવું છે. યજ્ઞો થાય છે. મંદિરોમાં પૂજા–અનુષ્ઠાનો થાય છે. તીર્થયાત્રાઓમાં દેવદર્શનના સંઘો નીકળે છે અને હવે તો વિદ્વાન સાધુસંન્યાસીઓ પણ સંઘવી બને છે એ લીસોટા –નકલ જોઇને પણ અલ્પ સંતોષ રાખ્યા વિના બીજો કયો માર્ગ રહ્યો?!

દ્વિજ માટે જે કર્મકાંડ છે તેમાં (૧) નિત્ય, (૨) નૈમિત્તિક, (૩) પ્રાયશ્ચિત્ત, કર્મોની ખાસ આજ્ઞા છે. ૪) નિષિદ્ધ ( પાપકર્મ ) અને (૫ કામ્ય ( વાસનાયુક્ત )ને એટલા માટે ગણતરીમાં લીધાં છે કે ( કર્મકાડમાં તો અશુભ માર્ગમાંથી જીવાત્માને શુભમાર્ગમાં વાળવાનો હોઈ એ બન્ને માટે પણ સાધકે સાવધાનતા રાખવી જોઇએ.

પ્રત્યેક મનુષ્ય આખો દિવસ આ કર્મકાંડ કરીને જ બેસી રહે એવો ધર્મશાસ્ત્રોનો હેતુ નથી. અર્થ અને કામ નામના બે પુરુષાર્થ માટે પણ એણે જીવનનો મોટો ભાગ વાપરવાનો હોય છે. અને બહુ સંખ્યા તો ધર્મના પાલન વિના કેવલ આ બે પુરુષાર્થ માટે જ કર્મ કર્યા કરે છે. એમને ધર્મનો અંકુશ હોવો જોઇએ એ દૃષ્ટિએ ખાસ કરીને સ્મૃતિગ્રંથો લખાયા છે. પાપકર્મ માટે દંડવિધાન છે. સખત દંડની આજ્ઞાઓ છે એમાં ન્યાયબુદ્ધિ છે. તમોગુણનો મોહ જીવાત્માને પોતાની અધર્મ તથા પાપકર્મની માન્યતામાં એવો દુરાગ્રહ રખાવે છે કે ચોરી, લૂંટફાટ કે એવાં ભયંકર હિંસક પાપ-કર્મો કરનારા જ્યાં સુધી દેહાન્ત દંડ ન પામે ત્યાં સુધી એને પાપ-કર્મના અભિમાનની ખુમારી હોય છે, પુરાણોમાં અધર્મને માર્ગે જનારા સમર્થ માનવોનાં દૃષ્ટાન્તો એટલા જ માટે આપ્યાં છે કે એમણે પાપ કરતાં પાછું વાળી જોયું નહોતું, એમને જોવાની ઇચ્છા પણ નહોતી, અન્તે જ્યારે દેહાન્ત શિક્ષા કોઇ અવતારને હાથે થઈ, ત્યારે મૃત્યુસમયે પશ્ચાત્તાપ કર્યો હોય એવો ઉલ્લેખ નજરે પડે છે.

માનવસમૂહમાં કરોડોના પાંચ ટકા સાત્ત્વિકવૃત્તિવાળા, ધર્મ-કર્મ કરીને આજીવિકા ચલાવવાનો આગ્રહ રાખનારા, તેમ જ તપ-શ્ચર્યા અને તિતિક્ષા દ્વારા એ નિમિત્તે વિશેષ ઇશ્વરસ્મરણ થશે એમ માનીને રાજસિક-તામસિક મનુષ્યની સતામણી સહન કરી લે છે.

બીજા પંદર ટકા રજોગુણના રાખીએ તો બાકીના એંસી ટકા જનસમૂહ તો કેવલ હિંસકવૃત્તિવાળો, પાપકર્મમાં જ રચ્યોપચ્યો રહેનારો, અસત્ય, દંભ, કપટ તેમ જ સ્વાર્થવૃત્તિવાળો જ હોય છે. એમના પ્રતિ દયા, ઉપદેશ, કોમલતા, કરુણતા કે ક્ષમા દાખ-વવાથી એ અશુભ પંથેથી પાછા ન ફરતાં ઊલટા એ બધાંનો અંચળો ઓઢીને ઢોંગી થઇને સત્યવાદી તરીકે ફરે છે. કોઇ બહુરૂપી

કે જાદુગર, બાહ્ય દૃષ્ટિએ સત્ય, ત્યાગ કે એવાં પરહિતનાં બણગાં ફૂંકીને બીજાને નિઃસ્વાર્થપણું બતાવવાનો ઢોંગ કરીને પોતાની પાપવૃત્તિને જ પોષણ આપે છે.

જનસમૂહનું ત્રિગુણાત્મક વર્ણન પ્રત્યેક ગીતાભ્યાસી સમજી શકે એવું છે. તાત્પર્ય એ છે કે કર્મકાંડનો વિષય શાસ્ત્રમર્યાદા અને શાસ્ત્રઆજ્ઞાનો છે, ત્યારે સમસ્ત પ્રજાના વ્યવહારમાં વ્યવસ્થા સાચવવાનો વિષય સ્મૃતિમર્યાદા અને રાજ્યઆજ્ઞાનો છે. અત્યારે જેને આપણે કાયદાકાનૂન કહીએ છીએ અને ન્યાયના યથાર્થ તોલન માટે ન્યાય મંદિરો બનાવ્યાં છે, એ બધાં જનસમૂહને અશુભ પંથેથી શુભ પંથે વાળવાનાં રાજ્યશાસનો છે. ત્યાં દયા નહિ પણ ન્યાય છે. જેવું કર્મ તેવો દંડ એ છે ન્યાય; ત્યાં ઉપદેશ નહીં પણ આજ્ઞા છે; સૂચના નહીં પણ વિધાન છે; ક્ષમા નહિ પણ કર્મ તેવા કર્મભોગ છે. એ સુત્રને આધારે ત્યાં ન્યાય થવો જોઇએ; થાય છે કે નહિ એ પ્રશ્ન ગાણ છે.

સમાજનાં બંધારણ બદલાયાં છે. કાયદાઓનું ઘડતર નવતર બન્યું છે. કાલભગવાન્ પોતાનું કામ કર્યે જાય છે, દિવસ-રાત્રિના આઠ પ્રહરનો જેમ પૃથક્ પૃથક્ પ્રભાવ છે, વર્ષની છ ઋતુઓનો પ્રભાવ ભિન્ન ભિન્ન છે, તેવી જ રીતે કાલના સમસ્ત પ્રવાહના પણ વિભાગ છે. ગ્રહગતિની દશા પ્રમાણે દરેક ગ્રહના વાતાવરણમાં પરિવર્તન થાય છે. પૃથ્વીગ્રહના માનવપ્રાણીઓ પણ એનાથી અલિપ્ત રહી શકે એમ નથી.

વર્તમાનકાલમાં અમુક આમ કેમ થાય છે, ભૂતકાલને સંભારી સંભારીને વર્તમાનમાં હેરફેર કરવાથી સુખસગવડો વધશે એવી માનવીય જીવનની આશાદોરી એવી વિચિત્ર રીતે વણાતી જાય છે કે નિત્ય અવનવું માણવામહાલવાના કોડમાં એનું મન

પ્રવૃત્ત રહ્યા કરે છે. એનું જ નામ પરિવર્તનશીલ સંસાર અને એ જ ત્રણ ગુણના પ્રભાવવાળી અનિર્વચનીય માયાશક્તિની અગમ્ય અગોચર લીલા.

સંસારનું સ્વરૂપ અને માનવનો સ્વભાવ ત્રિગુણાત્મક છે. એમાં દ્વંદ્વ, યુદ્ધ, કર્મ, રોગ, દ્વેષ, હર્ષ શોક, માન, અપમાન, જય, પરાજય, એવાં એવાં ઉથલપાથલનાં પાસાંમાં આળોટનાર જીવાત્માઓને સંયમ-નિયમ રાખીને શુભ માર્ગે વાળવાના પ્રયત્નો પ્રત્યેક યુગના આરંભમાં ઋષિઓ કરી ગયા છે. એમાં પ્રયોગો છે, અને એનાં ફળવર્ણન પણ છે, સાધન છે, સાધના છે, સાધ્યનો અભ્યાસશીલ સંશોધનયત્ન છે, દૃષ્ટાદૃશ્ય; ભોક્તાભોગ્ય; કર્તાકર્મ કે જ્ઞાતાજ્ઞેય-એવી એવી ઉપાધિભેદની સુન્દર મીમાંસા છે અને એને લક્ષ્યમાં રાખીને જ માનવસમૂહના વ્યવહારભેદે શાસ્ત્રોએ ચાર વર્ગ સામાન્યતઃ પાડેલા છે.

(૧) તમોગુણના મોહમાં અટવાઈને એદી, આળસુ પડી રહીને વાસનાના કાદવમાં ખરડાઈ-ગંધાઇ આળોટતો જીવાત્મા એટલે પામરવર્ગ.

(૨) તમોગુણમાંથી રજોગુણમાં પ્રવેશ કરનાર, પ્રમાદને ખંખેરીને વાસનાના વિષયો માટે અવિચારે ઉદ્યમશીલ થનાર, ભોગ માટે હવાતિયાં મારનાર, "મારું એ જ સારું" એવી આંધળી બુદ્ધિને વરેલો તથા ભોગઝંખનાથી ભરેલો જીવાત્મા એ વિષયીવર્ગ.

(૩) રજોગુણની આંધળી રમતમાં સુખદુઃખ વગેરે અસંખ્ય પ્રકારનાં દ્વંદ્વોની ભીંસ ભોગવીને કંટાળેલો, અશુભ માર્ગના કંટકપૂર્ણ સંસારમાં દુઃખપરમ્પરા વેઠીવેઠીને બુદ્ધિમાં કૈંક સારાસાર, શુભાશુભ, ધર્માધર્મ, કર્માકર્મ, પાપપુણ્ય, નિત્યાનિત્ય વગેરેની વિવેચના કરવાની શકિત પામીને વિવેકવન્તો થવા યત્ન કરતો-

ક્ષણિક અને આભાસસુખ જેવા સંસારથી વિરકત બનવા ઇચ્છીને નિત્ય તથા વાસ્તવિક સુખનો ભોકતા થવાની શુભેચ્છા કરતો તથા નિત્ય શાંતિ ઇચ્છતો જીવાત્મા એ જિજ્ઞાસુવર્ગ.

(૩) અનન્ત બ્રહ્માંડમાં મનોવિહાર કરી કરીને તૃપ્ત થઇ ચૂકયો હોય, સારાસારભરી વિવેકની કસોટી ઉપર જેણે અણુથી માંડીને બ્રહ્માંડભરના વિષયો ચડાવી લીધા હોય, બધા નામરૂપમય પદાર્થોમાં એક જ ચૈતન્ય અધિષ્ઠાનસ્વરૂપે સભરભર્યું પડ્યું છે એવું સાંભળી લીધું હોય, સગુણ અને સાકાર એવા પાંચ તત્ત્વોની રમતમાં જ્યાં જ્યાં નિવાસની ઇચ્છા થાય ત્યાં સદેહે સત્તા ભોગવીને સ્વપરના દેહભેદ, મારા-તારાના વિષયભેદ, જ્ઞાનઅજ્ઞાનના ચૈતન્યભેદ, નામરૂપના અધ્યાસભેદ, વસ્તુમાત્રના વિકારભેદ, દેશ-કાલના સીમાભેદ,–એવા એવા અસંખ્ય ભેદભંડાર જેવા બ્રહ્માંડમાં એક જ તત્ત્વ વિલસી રહેલું છે, બધાનું એ જ અધિષ્ઠાન છે, બધાં રૂપનું એ સ્વ-રૂપ છે, બધા નામનું એ શબ્દબ્રહ્મ છે, એવું સમજીને ભેદમાંથી ઊભા થતા દ્વંદ્વ વિલાસથી વિરકત થઈને જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ત્રિપુટીમાંથી જ્ઞેયને અનુભવવાની ઉત્કટ ભકિત ઊભી થઈ હોય, એવો જીવાત્માનો સમૂહ મુમુક્ષુવર્ગ કહેવાય છે.

(૪) જાણવાનું જાણ્યું, મેળવવાનું મેળવ્યું, કરવાનું હતું તે કરી લીધું, ઓળખવાનું ઓળખીને અનુભવી લીધું, ભેદમાં અભેદ અને દ્વૈતમાં અદ્વૈતની નિષ્ઠાવાન્ આંતરદશા પામીને આન્તરિક શાન્તિથી પરિતૃપ્ત થઇને કૃતકૃત્ય થઇ ચૂકયો હોય એવો શાન્ત, ધીરગંભીર આશયવાળો જિવાત્મા તે જ્ઞાની કે મુકતવર્ગ.

*  *  *  *

આવા જ્ઞાની મુકતો પૃથ્વી પરના પ્રત્યેક ખંડમાં થઇ ગયા છે; આર્યાવર્ત તો જાણે એની જ ખાણ છે એમ લાગે છે. આ ભૂમિ

એવા મહાપુરુષો જન્મ આપવા માટે જ પરમાત્માએ પસંદ કરી રાખી હોય એમ લાગે છે. ઘણા જૂના કાળમાં એવા જે તત્ત્વદ્રષ્ટાઓ થઇ ગયા એ બધા ઋષિઓ કહેવાયા. એમની દૃષ્ટિ નિર્મળ હોય છે. નામરૂપના વાઘા પહેરેલો એક, અદ્વિતીય, સચ્ચિદાનન્દ અધિષ્ઠાનતત્ત્વને એમની પારદર્શક દૃષ્ટિ પારખી કાઢે છે. એમની તટસ્થ, નિઃસ્વાર્થ, લોકહિતરત, જનકલ્યાણકારી દૃષ્ટિ પાવનકારી હોય છે. એ જે જુએ તે સત્યદર્શન; બોલે તે સત્યવચન; આચરે તે સદાચાર; વિચરે તે સદ્વર્તન; વિચારે તે સદ્વિચાર; પરમ, નિર્બાધિત સત્યથી સદોદિત રહેનાર એમના જીવનનો જ્ઞાનપ્રદીપ અન્યને માર્ગદીપક બને, એ જ અન્ય વર્ગ માટે આચાર્ય, સદ્ગુરુ, ઉપદેશશિરોમણિ અને આદર્શ સંત કહેવાય છે.

એમના લોકહિતમાંથી અન્યને જીવન ઘડવાનાં વિધાન સાંપડે; એ કહે એટલું કરવામાં, એ ઉપદેશે એટલું આચરવામાં, એ દેખાડે એવી તત્ત્વદૃષ્ટિ કરવામાં, એ શીખવે એવો ત્યાગ સેવવામાં, એ અનુબોધે એવું જ્ઞાનશસ્ત્ર સજીને અજ્ઞાનનો સંહાર કરવામાં જ માનવપ્રજાનું પરમ કલ્યાણ હોય છે. એમને જ ઉપનિષદોમાં नमः परम ऋषिभ्यः એમ કહીને વિનમ્રવંદના કરી છે.

એમણે જ આદિકાલમાં, સત્યુગમાં બ્રહ્મવાદિની વેદઋચાઓ આપી શ્રુતિધર એવા એ પારદર્શીઓએ હૃદયક્ષેત્રમાં બ્રહ્મ શબ્દ સાંભળ્યો અને એ શ્રુતિને આધારે આચારવિચારનાં કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડનાં વિધિવિધાન ગોઠવી આપ્યાં. એ આપણો માનવજાતનો સનાતન વારસો છે; સાધન સાધનાનો એ જ જીવન સંદેશ છે. જીવનધ્યેય માટેનો એ જ છે રાજયોગ; એ જ છે કર્મયોગની ભકિતયોગમાં અને ભકિતયોગની જ્ઞાનયોગમાં પૂર્ણાહુતિ કરાવતો અલૌકિક આત્મદર્શનયોગ ॐ पूर्णमदः पूर्णमिदं

કહીને એમણે બધાં કર્મ-કર્તવ્યની, બધી ઉપાસ્ય-ઉપાસનાની, બધાં જ્ઞેય-જ્ઞાનની સર્વોચ્ચ સિદ્ધિ સમજાવીને એની સાધના માટે સાધનનાં રહસ્યો શીખવી દીધાં હતાં, એમની સંનિધિમાં રહેલા એમના શિષ્યપુત્ર જેવા વારસોને.

પરમ્પરાગતિએ આપણી પાસે એ જ્ઞાનભંડાર ભર્યા પડચા છે પણ બ્રહ્માંડ-સંસાર વિકારધર્મી તથા પરિણામશીલ હોઈ એમાં દેશકાલના એક પછી એક પલટા થાય છે. ત્રણ ગુણની ઉથલ-પાથલમાં રજો-તમોગુણનો પ્રભાવ વિશેષ પડે છે ત્યારે વર્તમાન દશા જેવી અવદશા ઊભી થાય છે-થઇ છે. આ છે જગતની ગતિ-શીલ લીલા ! સંસારની સંસરણ કરતી, નીચે અને નીચે વહેતી અધોગતિએ પહોંચીને પાતાળનાં કાદવિયાં પાણી વલોવવાની વૃત્તિ દાખવતી અજ્ઞાનની પાશવીય પ્રકૃતિનું દર્શન કરાવતી આધુનિક સમયની વિકૃતિ !

તત્ત્વજ્ઞાનની અભેદદષ્ટિ તો બહુ ઊંચી છે; બ્રહ્મ અને જગત્ બેનું અસ્તિત્વ સ્વીકારનારા પણ પહેલાં હતા, હજુયે અવનવા વિવેચનથી રડચા ખડ્યા એનો હઠાગ્રહ રાખ્યા કરે છે; એક સાધારણ દષ્ટિથી વિચાર કરી જોઈએ તો જગતમાં બધેય આધાર આધેય ન્યાય લાગુ પડશે. દા. ત. હું એક કલમ પકડીને કાગળ ઉપર અત્યારે લખું છું. કલમ આધેય છે, ( જેને બીજાનો આધાર લેવો પડે તે આધેય ) હાથ આધાર છે; હાથ આધેય અને શરીર આધાર; શરીર આધેય તો જે ખુરશી ઉપર બેઠો છું તે આધાર; ખુરશી આધેય અને જમીન આધાર; જમીન આધેય તો સૂર્યના આકર્ષણથી એ ફર્યા કરીને એની સાથે સૂક્ષ્મ તંતુથી બંધાઇ રહી છે એ આધેય. સૂર્ય આધેય તો આકાશ આધાર; પણ આકાશ આધેય માનીએ તો એનો કોઇ આધાર ખરો કે નહિ ? કારણ કે આકાશને

અમુક સીમાઓ છે. જે સીમાવાળું હોય તો એની સાથે, સામે, પડખે, પાસે કે ખૂણામાં ક્યાંક બીજું કોઇ સીમાબદ્ધ તત્ત્વ હોવું જોઇએ. બે સીમાબદ્ધ તત્ત્વો હોય તો એને આધાર તરીકે ત્રીજું તત્ત્વ જોઇએ જે એનાથી વ્યાપક અને વિશાળ હોવું જોઇએ; આવી આધાર-આધેયની પ્રશ્નપરમ્પરાનો બાહ્યદૃષ્ટિએ વિચાર કરતાં છેવટે માનવબુદ્ધિ અન્તર્મુખ થાય ત્યારે બધા દૃશ્યબ્રહ્માંડની સત્તા સ્વીકારનાર માનવબુદ્ધિ-જ્ઞાનની સત્તાનો પ્રથમ સ્વીકાર કરવો પડે છે. એ બધાની સત્તા (અસ્તિત્વ)નો સ્વીકાર ત્યારે જ થઇ શકે જ્યારે મારા અન્તરમાં જ્ઞાતાજ્ઞાનનો દીપક પ્રકટાવીને કોઇ એવું ચૈતન્ય પડેલું છે કે એનો જ્ઞાનાધાર ન હોય તો સમસ્ત દૃશ્ય-બ્રહ્માંડનો સ્વીકાર કોણ કરે ? એ છે એમ જ કોણ કહે ?

બધાં આધેય પ્રાણીપદાર્થો તથા બ્રહ્માંડના ઉદરમાં રહેલું વ્યાપક-વિશાલ લાગતું આકાશ પણ સીમાબદ્ધ છે, પરિછિન્ન છે; એના ઉદરમાં વાયુમંડળના પ્રવાહો વહે છે; એમાં અગ્નિપુંજના નક્ષત્ર તથા ગ્રહો વિચરે છે; એમાંના એક સૂર્યમંડળની આસપાસ ફરતા ગ્રહો માંહેની એક પૃથ્વી છે; એના ઉપર સજીવન, ચૈતન્યમય, જ્ઞાનપૂર્ણ, દૃષ્ટિએ કુશળ, વિવેકશીલ "હું" કહીને ઓળખાવાતું આ લેખક માનવપ્રાણી છે; એ પોતે દ્રષ્ટા બનીને. દ્રષ્ટાના ચૈતન્યમાંથી દૃષ્ટિને પ્રકટાવી, ઊભી કરીને જુએ છે, ત્યારે ઉપર વર્ણવેલાં અસંખ્ય દૃશ્યોનો એ જ દૃષ્ટિઆધાર બને છે. બધાં દૃશ્યો આધેય અને એક ચૈતન્ય દૃષ્ટિ જ આધાર માન્યા વિના દ્વૈત-ભેદમય બ્રહ્માંડનું અસ્તિત્વ કોણ સ્વીકારે ?

બધાં અસ્તિત્વ-બધી સત્તાઓનો એક જ આધાર દ્રષ્ટાની દૃષ્ટિ. જેવી દૃષ્ટિ તેવાં એની સમજણમાં આવતાં, ત્રણ ગુણવાળાં દૃશ્યો અને એની સાથેની એની લીલા, રમત, દૃષ્ટિનું સંસરણ,

ગતિવિહાર—બધાં ચૈતન્યમય છે; ચૈતન્ય એક જ હોય તો તેમાં સંસરણ કે ગતિનો સંભવ નથી. એમાં સંસરણગતિ જણાય એટલે ચૈતન્યથી ભિન્ન અવરોધક તેમ જ આરોહણ અવરોહણ કરવાના સ્થાન તરીકે જડ તત્ત્વને માનવું પડે; અને એમાંથી જડ-ચેતનમય દૃષ્ટા દૃશ્યનો પ્રપંચ શરૂ થાય.

તત્ત્વજ્ઞાનની સર્વોત્તમ શોધનો મહિમા અગાધ છે; એનું વિવેચન અન્ય પ્રસંગે થશે; અહીં તો કહેવાનું તાત્પર્ય એક જ છે કે માનવસમૂહને વિશુદ્ધ, ચારિત્ર્યવાન અને સંયમી બનાવીને સમાજવ્યવસ્થા સચવાય તો જ જગતમાં શાંતિની આશા રાખી શકાય. પરન્તુ રજોતમોગુણના પ્રચંડ પ્રવાહ સામે સત્ત્વગુણની શાંત સમજણવાળા વિવેકનો દીપક પ્રગટાવતાં વેંત બુઝાઇ જાય એવો વંટોળ જ્યાં વીંઝાય છે, ત્યાં વેદોક્તધર્મના કર્મકાંડની ઉપયોગિતાની, એમાં કાલક્રમે વિકાર પેસી ગયો હોય તો શાસ્ત્રીય પદ્ધતિએ સંશોધન કરવાની, પ્રજાને યોગ્ય રીતે માર્ગદર્શન કરાવવાની સાચી પધ્ધતિ તો ઉપર કહ્યું તેમ ચોથા વર્ગનો તત્ત્વવિદ્ સમૂહ જ આપી શકે એની સંખ્યા થોડી હશે, પણ હશે એ પ્રોજ્જવલ અને પ્રતિભાશાળી. અસંખ્ય દીપકો કરતાં એક સૂર્યનો પ્રકાશ અસંખ્ય-ગણો પ્રોજ્જવલ હોય છે. તેવી જ રીતે સમાજસુધારણાનો પ્રશ્ન ઉપાડાય ત્યાં વિવેકશીલ તત્ત્વદર્શીગણનો પણ સમાવેશ થાય તો કંઇક સાચો માર્ગ સૂઝે.

*    *    *    *

બધાય આધેયનો આધાર માનવીય બુધ્ધિ છે; એમાં જ્યાં સુધી રજોગુણની, કામક્રોધભરી સ્વાર્થી ચંચલતા અને તમોગુણનો મદ ભરેલો હોય ત્યાં સુધી એનો વિવેકપ્રદીપ શુધ્ધ, શાસ્ત્રીય પ્રકાશ આપી શકતો નથી. માનવજીવનનો ઉત્કર્ષ એટલે જ શુધ્ધ માર્ગે

વહેતું વ્યવહારશકટ. એ ગાડું, વિધિનિષેધથી ન ચાલે તો એના ઈંદ્રિયોના બળદ આંધળા બનીને તમોગુણના અંધારા ખાડામાં માનવીને ફેંકી દે છે.

વ્યક્તિની સુધારણામાંથી જ સમાજની સુધારણા ઉદ્દભવે છે; પ્રત્યેક વ્યક્તિ પોતપોતાની ઉન્નતિને માટે પ્રયત્ન કરે તો સમાજ આપોઆપ ઉન્નત થાય. પણ જ્યાં સમાજસુધારણાના ઘોષ ગાજવા માંડે, ત્યાં સૌ સમાજને સુધારવા જ નીકળી પડે. અન્યને સુધારવા માટેના પ્રયત્નોમાં કર્મયોગનાં સુંદર મોહક નામ-માનપાન અને કીર્તિનાં પ્રલોભનો હોય છે અને જાતને સુધાર્યા વિના બીજાને સુધારવાની ધગશ તો– अन्धेन नीयमाना अन्धाः આંધળો આંધળાની પલટણને દોરે એવી બની બેસે છે.

આટલું ચિત્તમાં ચોંટાડજો.

(૧) પ્રત્યેક આત્માર્થી સાધકે નિષ્કામ કર્મકાંડ કરવું જોઇએ.

(૨) એ બધું ઇશ્વરાર્પણ થાય તેથી પોતાને ચિત્તમાંથી વિષય-વાસનાનો નાશ કરીને શુધ્ધ બનવું છે એવું લક્ષ્ય રાખે.

(૩) ચિત્ત વાસનાથી મુક્ત થઈને શુધ્ધ બનશે એટલે સર્વ-વ્યાપક અંતર્યામી પરમાત્મા પોતાનો જ્ઞાનપ્રકાશ સહજ સ્વભાવે પાડશે.

(૪) એ જ્ઞાનપ્રકાશથી બુધ્ધિ સુધરશે. વ્યવહારમાં આવી પડતાં વિઘ્નોને સહન કરવાની સાત્વિક તિતિક્ષા વધશે.

(૫) કટોકટીને સમયે પણ વિશુધ્ધ ચિત્ત અને વિવેકી બુધ્ધિ સાચો સાત્વિક માર્ગ અનાયાસે દેખાડશે.

(૬) દ્વંદ્વની સતામણી નહીં થાય.

(૭) વિઘ્નો તો કેવળ શુદ્ધ મનોબળ અપાવવા માટે જ હોય છે, એવું જ્ઞાન થતાં એનાથી ગભરાટ નહીં થાય; મૂંઝવણ નહિ થાય-મોહ નહીં ઊપજે.

* * * *

ઈશ્વર જ આપણો વાસ્તવિક આધાર છે; આધાર ઉપર આધેય તરીકે રહેલું અંતઃકરણ શુદ્ધ હશે તો ઈશ્વરના સચ્ચિદાનન્દ સ્વરૂપનું પ્રતિબિંબ આપોઆપ એમાં પડશે. આધાર અને આધેય બન્ને સાત્ત્વિક થતાં જીવનનો મોક્ષમાર્ગ સ્પષ્ટ સમજાશે. સંયમ અને સદાચાર, શીલ અને શાન્તિ, સુખ અને સંતોષ એમાંથી જ આપોઆપ પ્રકટશે. ૐ શાન્તિ !

* * * *

ચિત્તના ત્રિદોષમાં મલદોષનું વિવેચન અત્યાર સુધી લંબાણથી થયું છે; એ મલ ( મલિનતા ) એટલે તમોગુણની વિશેષતા, રજોગુણની ગૌણુતા અને અંતઃકરણ સત્ત્વગુણનું જ બનેલું છે તેથી એના મૂળભૂત સ્વરૂપની સ્થિતિ સમજાવવા પૂરતું જ કહેલું છે.

પરમાત્મા, સત્, ચિત્, અને આનન્દ સ્વરૂપે સર્વવ્યાપક છે, એ એક અને અદ્વિતીય છે, છતાં એમાં વિવર્ત-આભાસ છે, અને અમુક રીતે જ વ્યાખ્યાન થઇ શકે એવી કોઇ અનિર્વચનીય માયાશકિતને લીધે જગત્, જગતકર્તા જગદીશ અને એમાં કર્તા -ભોકતા -દ્દષ્ટા બનીને ઘૂમનારો આ જીવ,એવી ત્રિપુટીની રમત મંડાય છે.

પ્રત્યક્ષ જગત દ્વંદ્વથી ભરેલું છે, જન્મ મરણથી માંડીને સુખ-દુઃખ, રાગદ્વેષ, હર્ષશોક, લાભહાનિ, યુદ્ધસંધિ, શાંતિઅશાંતિ,

ક્ષુધાતૃષા, એવાં અસંખ્ય દ્વંદ્વો વણમાગ્યાં અને વણનોતર્યાં આવી પડે છે જેની ભીંસમાં જીવ મૂંઝાય છે.

આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી નામનાં સ્થૂલ તત્ત્વોનું ઇંદ્રિયપ્રત્યક્ષ જગત જ એને દેખાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની સૂક્ષ્મ અસરો બાહ્યજ્ઞાન મેળવવાની ઇંદ્રિયો ઉપર હમેશાં અથડાય છે. હાથ, પગ, વાણી, તથા મલમૂત્ર વિસર્જનની ઇંદ્રિયો વડે એ કર્મો કર્યાં કરે છે; અસંખ્ય માનવ શરીરો, પશુઓ, પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષસમૂહ વગેરેના સંગ્રહસ્થાન જેવા આ પૃથ્વી-ગ્રહમાં બંદી, બનીને એ જીવ પડચો છે. એ કારાગૃહમાં યે હજુ એવા જ વિચાર અને કર્મ કર્યાં કરે છે; નિત્ય સુખસ્વરૂપ મોક્ષની જ એને ઇચ્છા છે, સચ્ચિદાનન્દ માટે જ સ્વયંભૂ પ્રેરણા અન્તરથી એને કર્મમાં ધકકેલે છે; પણ ઇચ્છા કરવી એ જુદી વાત છે અને ઇચ્છા પ્રમાણે સચ્ચિદાનન્દ જ પ્રાપ્ત થાય એવાં જ કર્મો થાય એ વાત જુદી છે. વિષયસુખનાં સાધનોમાં જ જયાં ઇચ્છા બર આવતી નથી તો પછી નિર્વિષયી જેવું સચ્ચિદાનન્દ, કેવલ ઇચ્છા કરીને અજ્ઞાનનાં કર્મો કરવાથી મળે એ તદ્દન અસંભવિત અને અશકચ છે.

ઇચ્છા પ્રમાણે કર્મફલ મેળવવામાં, કર્મ કરવાનું જ્ઞાન, પોતાની શકિતનું માપ, વિરોધી સંયોગોમાં પાર ઊતરી શકવાની કુશલ બુદ્ધિ, અકસ્માત્ આવી પડતા વિરોધોનો વિચાર-આવું આવું કેટલું વિચારવું પડે છે એ કયાં કોઈ પણ જીવાત્માથી અજાણ્યું છે ? ! એના નિવારણ માટે કર્મથી, કર્મફલથી, ફલની આસકિતથી, ફલનાં સાધનોના મોહથી, ફલભોગ માટેનાં ધનદારાસુત વૈભવથી, કદી પણ શાંતિ મળતી નથી એમ પ્રત્યેક યુગના અને પ્રત્યેક ખંડના સંતો અનુભવવચન ભાખી ગયા છે. કર્મથી જ જો શાંતિ મળી

શકતી હોત-અલબત્ત ક્ષણિક શાન્તિ નહીં--તો પછી ઇશ્વરના અસ્તિત્વના સ્વીકારની, એની અનન્ય ભકિતની, કર્મના ક્ષેત્ર જેવા સંસારના વૈરાગ્યની, મોહ ત્યાગ માટેની તપશ્ચર્યાની, સંસારના સમસ્ત બંધોને છોડી નાંખવાની, એકાન્ત સુખની પ્રાપ્તિની અનિવાર્ય આવશ્યકતાની જરૂર જ શા માટે ઊભી થાત ?

કર્મ તો સ્વભાવવશ થયા કરે છે અને એનાં સુખદુઃખ વગેરે અનિત્ય ફળ મળે છે. એ ફળમાંથી હિંસક રાગદ્રેષ વધારવાની ભોગવાસના ઊભી થાય છે અને એ વાસનામાંથી વળી પાછાં કર્મ કરવાની અંતરથી અકલ્પ્ય અને અદમ્ય કોઈ પ્રેરણાનો ધક્કો લાગે છે ત્યારે જીવાત્મા અકળાઇ ઊઠે છે. આ ચક્રનો અંત નથી તેવી રીતે એમાંથી આવી પડતાં સુખદુઃખનો પણ અંત નથી. એ સુખદુઃખ, હર્ષશોક, માનઅપમાન, લાભહાનિ, જન્મમૃત્યુ વગેરેનું ઉત્પત્તિ સ્થિતિ-સંહારસ્થાન પ્રાણી માત્રનું મન છે; અંતઃકરણ છે; કારણ કે જે સંવેદન થાય છે એ તો અંતરમાં થાય છે.

મુંબઈ, દિલ્હી, કલકત્તામાં થયેલા ધનવૈભવના નાશને ગુજરાતના ગામડામાં બેઠેલો મનુષ્ય સાંભળે ત્યારે એનું મન સેંકડો ગાઉ દૂર હોવા છતાં, ( જે મકાનમાં એ વૈભવથી ઢંકાએલો પડ્યો હોય; ત્યાં એને કશી પણ ઇજા કે ઊણપ નથી લાગતી છતાં ) એના અંતરમાં, એની વેદના થાય છે. કારણ કે કર્મ, કર્મફળ. દ્વંદ્વભોગ અને કર્મની વાસનાનું મૂળ-ઉદ્‌ગમસ્થાન મન છે. મનને ત્રણ ગુણવાળું કહીને એટલા માટે વિભાગ પાડયા છે કે સત્ત્વ, રજસ્ અને તમસ્ નામના ત્રણ ગુણોમાં જે સત્ત્વગુણ છે એની જીવનમાં સંયમ, સદાચાર અને સદ્‌વિચારના વિકાસ માટે અનિવાર્ય આવશ્યકતા છે. અંતરમાં સત્ત્વગુણીબુદ્ધિ હોય તો એ મનનું યથાર્થ નિરીક્ષણ થઇ શકે છે. કોઇપણ વસ્તુના ગુણદોષ જોવા હોય તો તેનું યથાર્થ નિરીક્ષણ થવું જોઇએ. નિરીક્ષણ માટે સબલ ઈંદ્રિયો, અણિશુદ્ધ

બુધ્ધિ અને સૂક્ષ્મ વિવેકશકિતની આવશ્યકતા હોય છે. એવી જ રીતે કર્મના રહસ્યને ઓળખવું હોય તો કર્મનું મૂળ જે મનમાં રહ્યું છે, એના સ્વરૂપ–સ્વભાવને સમજવા માટે, સમજીને નિરીક્ષણ કરવા માટે અણિશુદ્ધ બુદ્ધિ અને સબળ ઈંદ્રિયોની આવશ્યકતા પડે છે, જે સંયમ, સદાચાર અને સદ્‌વિચાર વિના મેળવી શકાતી નથી.

કેવળ નાસ્તિકોની વાત જવા દઈએ, પણ જે જડવાદીઓ પોતાને જોઇતા હોય તેવા સ્થૂળ સુખભોગ બીજાને આપવા કે મેળવી આપવા જોઈએ, એવા સિદ્ધાંતને માનનારા સદાચારવાદીઓ હોય, કે કર્મને સ્વતંત્ર સત્તાવાન્ માનીને ઇશ્વરને અનાવશ્યક માનતા હોય, પ્રકૃતિને જ સ્વતંત્ર સત્તાધીશ માનીને લૌકિક સુખને જ જીવનનું ધ્યેય માનીને એ રીતે વ્યવહારકુશળ બનવાનો દાવો કરનારા હોય, એ બધા બાહ્ય સદાચાર પાળશે, નીતિને સ્વીકારશે અને લોકહિતને બહાને લોકસમૂહને પોતાનો સિધ્ધાંત માન્ય કરાવવા માટે, પોતાના તરફ વાળવા માટે બાહ્ય ત્યાગ, તપશ્ચર્યા કે એવાં બુધ્ધ કે દેહનાં કૌશલ વધારીને એને જ પરમ ધ્યેય માનતા હશે; પરંતુ એવા વર્ગમાં પાછળથી બ્રાહ્યાડંબર વધે છે એટલું જ નહિ, પણ એને જ મુખ્ય ધ્યેય માનવામાં આવે છે; નિર્ધન જીવન–વ્યવહાર રાખવા માટે ત્યાગ, કેવળ કૌપીન કે એનો પણ ત્યાગ કરીને દિગમ્બર શરીરે જીવવાની પદ્ધતિ, કંદમૂળ ખાઇને જ રહેવાની તપશ્ચર્યા, શીતઉષ્ણ સહન કરવાની તિતિક્ષા વગેરે બાહ્ય લક્ષણોને જ્યાં મહત્તા મળવા માંડી એટલે એમાં દંભનો પ્રવેશ થાય છે. અને સંયમ, સદાચાર તથા સદ્‌વિચાર કે જેનો આધાર મન ઉપર છે, એનો ધીરે ધીરે અભાવ ઊભો થાય છે.

કર્મના રહસ્યને શોધનારાઓએ એટલા જ માટે એના ઉદ્‌ગમ સ્થાનને શોધી કહાડવાનો પ્રયત્ન કર્યો. સુષુપ્તિ, મૂર્છા તથા

સમાધિમાં મન–ઇંદ્રિયોની ચંચલ ક્રિયા બંધ થાય છે, જાગ્રત તથા સ્વપ્ન અવસ્થામાં એ ક્રિયાશીલ રહે છે; એ ઉપરથી સમજાય છે કે બાહ્ય જગતમાં, સ્થૂલ વ્યવહારમાં જે કર્મ થાય છે તેને પ્રેરણા કરનાર આંતરક્રિયા છે. પહેલાં અંતરમાં વિષયેચ્છાની થતી પ્રેરણા. ત્યાર પછી ઇંદ્રિયોની ચંચલતા દ્વારા થતાં કર્મ, અને સ્થૂલ વ્યવહારમાં પ્રાપ્ત થતા ભોગવિષયોનો ઇંદ્રિયો સાથે સંયોગ થતાં હર્ષ-શોક થાય છે. એવી કર્મની ગતિની એમને અનુભવને આધારે ધીરે ધીરે થોડી સમજણ પડે છે. એમાંથી તપશ્ચર્યા અને સ્વયંભૂ આંતરિક પ્રેરણા. અનુભવની નિષ્ઠાવડે સારતત્ત્વ શોધીને જે અનુભવીઓ માનવસમૂહને શાસ્ત્રવારસો આપી ગયા તે આપણને અત્યંત આવશ્યક અને અનિવાર્ય રીતે સાધન, સાધના અને સાધ્યના ભોમિયા રૂપે માર્ગદર્શન આપે એવો છે.

કર્મ કરવામાં બે મુખ્ય સાધનો છે :

(૧) સચ્ચિદાનન્દની વાસના કર્મનો પ્રેરક હેતુ છે;

अ. વાસના સાચી હોવા છતાં સચ્ચિદાનન્દના અજ્ઞાનને લીધે એની પ્રેરણાથી નામરૂપમય વિષયોની પ્રાપ્તિ, ઇંદ્રિયો દ્વારા ભોગ, અને એમાંથી નીપજતાં દ્વંદ્વ પ્રાપ્ત થાય છે; કારણ કે એના મૂલમાં જે અજ્ઞાન છે, એ સચ્ચિદાનન્દનાં સ્વરૂપ અને કેન્દ્રસ્થાન વિષેનું છે. એ અજ્ઞાન એટલે અવિદ્યા, મૂલમાં જ રહેલી છે માટે એ મૂલાવિદ્યા.

ब એ વાસનાની ઉત્પત્તિ અવિદ્યામાંથી થઇ જેનો ક્રમ આવો છે. (૧) અવિદ્યા, (૨) એમાંથી ઉપજતું વ્યક્તિત્વવાળું હુંપણું એટલે અહંકાર અથવા અસ્મિતા; એને અમુક ગમે અને અમુક ન ગમે એવા (૩–૪) રાગ દ્વેષ, અને

રાગદ્વેષની સાથે ઓતપ્રોત થઈને અહંકાર ટકાવી રાખીને વ્યવહાર કરવાનો જે ભાવ તે (૫) અભિનિવેશ.

क અવિદ્યાથી અભિનિવેશ સુધીનો જેમ ક્રમ છે તેવી રીતે (૧) અવિદ્યા; એમાંથી ઊભી થતી વાસના એટલે (૨) કામ, અને એમાંથી કરવા પડતાં ભોગપ્રાપ્તિનાં કર્તવ્યો, ક્રિયાઓ, ધર્માધર્મ સ્વરૂપ અનેક વિધિનિષેધો તે (૩) દ્વંદ્વ કર્મ.

ड. એ (૧) કર્મમાંથી ઊભી થતી ભોગ વિષયની (૨) વાસના અને ભોગવાસનાનું ફલ (૩) દ્વંદ્વ; દ્વંદ્વના નિવારણ માટે તેમ જ કર્મની નિષ્ફળતાને લીધે વળી પાછાં કરવાં પડતાં (૪) કર્મ.

આવું કર્મચક્ર ચાલ્યા કરે એ જ છે સંસાર; કર્મનું મૂલ જે અવિદ્યા છે એ પ્રત્યેક જીવાત્માના અંતઃકરણમાં રહેલું છે. એને લીધે અહોરાત્ર જીવાત્મા કર્મપરાયણ રહે છે એમ કહેવા કરતાં અહંકારપરાયણ રહીને અજ્ઞાન વધારતો જાય છે એમ કહીએ તો વધારે યોગ્ય છે. એ અજ્ઞાનને લીધે કર્મ થાય છે, અને વિવેક-બુદ્ધિનો નાશ થતાં માનવશરીરમાં કેવલ પશુધર્મનાં જ કર્મ થાય અને પછી એમાંથી યે નીચે લપસતો ઊતરતો કીટપતંગ કે વનસ્પતિ વર્ગમાં ઊતરી પડે છે જેનાં દૃષ્ટાન્તો અને વર્ણનો પુરાણોમાં અસંખ્ય સ્થાને આપેલાં છે. ભ. શ્રીકૃષ્ણના અવતારકર્મમાં વૃક્ષો, પશુઓ, પક્ષીઓ, નાગ વ.ના સંહારની વાતો આવે છે. માનવ-વર્ગને થતા ઉપદ્રવોના નિવારણ માટે એમનો સંહાર કરવાના હેતુથી બધાને રાક્ષસો, ભૂતપ્રેતો કે એવા અવગતિયા જીવો કહ્યા છે. માનવ જન્મની મહત્તા સમજીને જો અવિદ્યા, અહંકાર અને વાસ-નાને નિર્મૂળ કરવાનો શાસ્ત્રોક્ત પુરુષાર્થ ન થાય તો અધોગતિની

સૌથી નીચે ગતિ પ્રાપ્ત થાય છે. વાસનાના મલમાં ખરડાયેલો જીવાત્મા કશું સ્વહિત નથી કરી શકતો એટલું જ નહિ પણ માનવસમાજને ય ભયંકર થઈ પડે છે.

કર્મ એટલે જ અંતઃકરણનો મલ : અંતઃકરણ પોતે સત્ત્વ-ગુણનું બનેલું હોવા છતાં પ્રકૃતિમાં રહેલા તમોગુણની એના ઉપર છાયા પડે ત્યારે એ મલિન બને છે. એ મલિનતા ધોવી એટલે જ કર્મોને બ્રહ્માર્પણ બુદ્ધિથી કર્યે જવાં. કર્મકાંડના વિષયમાં જીવાત્માને શિરે જે કેટલાંક ઋણ વર્ણવ્યાં છે એમાં ત્રણ ઋણ મુખ્ય ગણાય છે.

(૧) પિતૃઋણઃ-લોક લોકાન્તરમાં જન્મ ધારણ કરતાં મનુષ્ય-જન્મ મળે ત્યાં સુધીમાં જન્મ આપનાર અસંખ્ય માતાપિતા થયાં હોય એ સ્વાભાવિક છે. પૃથ્વી પર સર્વોત્તમ માનવ શરીર મળ્યું છે. અજ્ઞાનનો નાશ કરીને આત્માનું જ્ઞાન પામી શકાય, જીવનસાર્થક કરી શકાય, એ માતાપિતાની પરમ્પરાનું ઋણ ગણાય છે. આ તો થઇ સ્થૂળ દૃષ્ટિની સામાન્ય હકીકત. પણ સૂક્ષ્મ તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં પંચભૂતાત્મક બ્રહ્માંડમાં જીવાત્મા અસંખ્ય શરીર ધારણ કરતો આવ્યો છે; એ તત્ત્વો ન હોય તો એને શરીર ધારણ કરવાની સામગ્રી ક્યાંથી મળે ? એ બધાંનો ભોકતા ભોગ્ય તરીકે ઉપયોગ કે દુરુપયોગ કર્યો, હવે સદુપયોગ કરવા માનવશરીર મળ્યું ત્યારે એનું ઋણ ચૂકવવું જોઇએ-જો અજ્ઞાનમાંથી છૂટવું હોય તો. આ છે તત્ત્વ સમુહનું ઋણ.

(૨) દેવઋણ :-જડતત્ત્વોનું ઋણ તો સ્થૂલ શરીર સુધી જ પહોંચે છે, પણ મનમાં અસંખ્ય શુભાશુભ વૃત્તિઓ અને ભાવા-ભાવ મળ્યા; મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ( અંતઃકરણ )માં ચેતના ભરી છે; પ્રકાશમય શકિતઓ વડે માનવશરીર વ્યવહાર કરી શકે છે, જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયોમાં ચૈતન્ય છે. એ ચૈતન્ય બ્રહ્માંડમાં ભારોભાર ભરેલું છે. અને ભિન્ન ભિન્ન શકિતઓ રૂપે માનવ-

જીવાત્મા એમાંથી મેળવી મેળવીને લખલૂટ ખર્ચ કરતો આવ્યો છે. ઉદાર હાથે દેવ દેવતાઓએ એ શક્તિ આપી છે. એનો આ માનવ-શરીરમાં સદુપયોગ થવાનો પ્રસંગ પડે ત્યારે એ ઋણને પતાવવાની જવાબદારી એના ઉપર આવી પડે છે.

(૩) ઋષિઋણ :-પૃથ્વી ઉપર અસંખ્ય ઋષિમુનિઓ, અવતારો, આચાર્યો, સન્તમહન્તો જેવા દિવ્યપુરુષો થઈ ગયા. જ્ઞાન-વિજ્ઞાનની પ્રયોગશાળા જેવાં જ એમનાં શરીરો હતાં. તપ, જ્ઞાન, શ્રદ્ધા ભક્તિ, ધ્યાન, જ્ઞાન અને વિજ્ઞાન વડે એમણે અનુભવના ઉદ્ગાર કહાડ્યા. એમાંથી નિઃસ્વાર્થ ઉપદેશગ્રંથો લખાયા કે પરમ્પરાગત શ્રુતિઓ સાંપડી; એ ઉપદેશ ઝીલી ઝીલીને માનવપ્રાણી એ માર્ગે ચડે, અને આત્મજ્ઞાન પામીને સંસારચક્ર; કર્મચક્ર, અવિદ્યાપાશ, વાસનાબંધ જેવાં બંધનો અને ચક્રોમાંથી જે આત્મ-જ્ઞાનના સુદર્શનચક્ર વડે છૂટે, એ જ્ઞાનનું ઋણ તો જ્ઞાનદાતા ઋષિ-ઓનું જ થયેલું કહેવાય.

આપણે એક દૃષ્ટાન્ત લઇએ. જમતી વખતે થાળીમાં ઊની ઊની રોટલી પીરસાય એનો ઉપયોગ કરવામાં આખા બ્રહ્માંડના આપણે ઋણી થઇએ છીએ. રોટલી માટેનો લોટ બાંધનાર, વણ-નાર, શેકનાર, પીરસનાર, ઘઉંનો લોટ દળનાર, ઘઉંને વાવીને ઉગાડવામાં મહેનત કરનાર ખેડૂત અને પશુઓ, શેકવામાં વાપર-વાના અગ્નિમાં લાકડાં કે કોલસાનાં વૃક્ષો, પૃથ્વીમાતા, સૂર્ય ને અગ્નિ અને ચંદ્રની જલવર્ષા, વાયુનાં હવામાન અને એ બધાં જેમા રહે છે તે અવકાશ સ્વરૂપ આકાશ, આવાં બ્રહ્માડભરનાં અસંખ્ય સ્થૂલ તત્ત્વો એમાં રહ્યાં છે.

એ બધી વસ્તુઓમાં ફેરફાર થાય છે. ક્રિયાઓ થાય છે. એમાં પરિવર્તન તથા પ્રેરણા કરનાર ચૈતન્ય અને ચૈતન્યના અંશ

જેવાં અસંખ્ય બ્રહ્માંડનાં દેવદેવતા તથા માનવપ્રાણી, પશુ, વનસ્પતિ વર્ગ તેમ જ પ્રત્યેક નામરૂપવાળા જડચેતન પદાર્થોમાં રહેલી દિવ્ય શકિતઓ નિમિત્ત બનેલી છે.

પરસ્પરના આ આદાનપ્રદાનમાં રહેલા ભાવ, સદ્ભાવ કે અભાવ વસ્તુઓની રચનાનું વિજ્ઞાન વગેરે સૂક્ષ્મ દૈવી ભાવનાઓનું ઋણ મનુષ્યને શિરે છે.

માનવપ્રાણી આ ત્રણ ઋણથી ભાવોભવનો ઋણી છે. સંસારમાં જન્મીને સચ્ચિદાનંદની ઇચ્છા હોવા છતાં સચ્ચિદાનન્દ સ્વરૂપ આત્માના અજ્ઞાનને લીધે દેવું વધારતો જાય છે. પ્રકૃતિસ્વરૂપ માતા અને ચૈતન્યસ્વરૂપ પિતાનો એ દેવાદાર બનતો જાય છે. છૂટે હાથે એ પિતામાતા જન્મોજન્મ શરીર માટેનાં આધિભૌતિક, આધદૈવિક અને આધ્યાત્મિક તત્ત્વોનું દાન કર્યે જાય છે. જીવાત્મા ઋણમાં દબાતો જાય છે; ઋણના ભારથી કચડાઈ મરે છે, છતાં એને સાચી સમજણ આવતી નથી. મૂલ અજ્ઞાનમાં વધારો કરવા માટે ઈશ્વરથી ભેદબુદ્ધિ રાખીને હું અને મારાની જે જંજાળ એ વણે છે, એમાં વધારે બંધાતો જાય છે.

અસંખ્ય નામરૂપવાળા વિષયભોગ પદાર્થોમાં એનું મન ભટકયા કરે છે. અજ્ઞાનરૂપ કીચડમાં એ ખરડાતો જાય છે એ છે એનો મલ. એ મલ ધોવા માટે વેદોકત કર્મકાંડની યોજના છે. એમાં ત્રણેય ઋણ ચૂકવવાના વિધિઓ છે; કર્મકાંડના વિધિનિષેધનાં કેવલ યત્કિંચિત્ રહસ્ય સમજાવવા માટેનો આ ઉલ્લેખ છે; કર્મકાંડ કેવું અને કેમ કરવું એ વર્ણ ધર્મને લગતી વસ્તુ છે અને એનું રહસ્ય કોઇ વિદ્વાન્ બ્રાહ્મણ સમજાવી શકે તેમ જ વિધિ પણ એવો જ સચ્ચરિત્ર, કર્મકાંડવિરત બ્રાહ્મણ પાસેથી મેળવી શકાય છે.

## વિક્ષેપ

અત્યાર સુધી મલ ધોવા માટે કર્મના રહસ્યનું યથાશકિત મનન કર્યું; પણ એટલેથી જ માનવીય જીવાત્માના સંસારચક્રથી છૂટવાના માર્ગની ઈતિશ્રી થતી નથી. કારણ કે મન શુધ્ધ થાય, અને તામસિક, રાજસિક વૃત્તિઓનો ત્યાગ થાય છતાં એને હજુ સચ્ચિદાનન્દના વાસ્તવિક, એક માત્ર, અધિષ્ઠાન સ્વરૂપ, નિરંજન, નિરાકાર, અદ્વૈત બ્રહ્મની સમજણ હોતી નથી. કર્મકાંડથી માત્ર એટલું બની શકે કે નિષ્કામ કર્મથી સંસારચક્રનું રહસ્ય સમજાય અને આ સમસ્ત બ્રહ્માંડના સૃષ્ટિકર્તા તરીકે સગુણ બ્રહ્મ એટલે ઇશ્વર તરફ ભકિતના અંકુર ફૂટે; પરન્તુ એ ઇશ્વરનું સ્વરૂપ સમજવું, સમજીને એનાં દર્શન કરવા માટે ઉપાસના ( ભકિત ) કે ધ્યાન ધારણાની સાધના કઠિન છે.

(૧) મલ, (૨) વિક્ષેપ અને (૩) આવરણ એ ત્રણ જ દોષ શા માટે કહ્યા છે તેનો જરા વિચાર કરી જોઇએ. પરબ્રહ્મ સ્વરૂપ સચ્ચિદાનન્દ સર્વનો અંતર્યામી આત્મદેવ છે. આ દશ્ય પ્રપંચનું જગત્ અસત્ ( અનિત્ય ) અચિત્ ( જડ ) અને નિરાનન્દ ( દુઃખી ) વાચ્ય શબ્દથી વર્ણવી શકાય છે. એવા ( નામમય ) અને ચક્ષુ–ઇંદ્રિયથી પ્રત્યક્ષ થાય એવા આકારવાળા (રૂપમય) જગતમાં એ આત્મદેવ સત્ (નિત્ય ), ચિત્ અને આનન્દ સ્વરૂપે વ્યાપક હોઈ જીવાત્માના અંતઃકરણમાં પણ વિરાજમાન છે. એની સત્તાનો સ્વીકાર, એના સ્વરૂપનું જ્ઞાન તથા એમાં થતા વ્યવહારમાં ઉદ્ભવતાં દ્વંદ્વનો અનુભવ કેવળ મનુષ્યના અંતરમાં–અંતઃકરણમાં થાય છે. અને શાસ્ત્રોમાં પણ એટલા જ માટે " શુધ્ધ મન વડે એનો સાક્ષાત્કાર થાય છે " એવો ઉલ્લેખ છે.

એક દૃષ્ટાન્તથી એ વધારે સ્પષ્ટ થશે. પાછળ કલાઈના પડ-

વાળા કાચના બનાવેલા દર્પણમાં આપણે મુખદર્શન કરવું હોય તો આ પ્રમાણે વિચાર કરવો પડે છે.

(૧) એ દર્પણ મલ કે દાગ વગરનું સ્વચ્છ હોવું જોઇએ.

(૨) એ આમ તેમ ન હાલતાં સ્થિર રહેવું જોઇએ.

(૩) દર્પણમાં મુખ અવળું દેખાય છે. એ આપણું જ છે અને દર્પણમાં ડાબા-જમણા અવયવો ઊલટા દેખાય છે એ સમજવું જોઇએ.

(૧) દર્પણની ઉપર મેલ જામ્યો હોય, દાગ પડયા હોય, કે પાછળથી કલાઇ ઊતરી ગઇ હોય તો મુખદર્શન થઇ શકતું નથી. કાચ રંગીન હોય તો મુખનો રંગ પણ બદલાઇ જાય છે. એની યથાર્થ સ્વચ્છતા અને યથાયોગ્ય રચના ન હોય તો ચહેરો જેવો હોય તેવો દેખાતો નથી.

તેવી જ રીતે અંતઃકરણ પાંચ તત્ત્વોના સૂક્ષ્મ અને સત્વ-ગુણનું બનેલું હોવાથી એમાં સર્વવ્યાપક સચ્ચિદાનન્દનું પ્રતિબિંબ સ્વાભાવિક રીતે જ પડયા કરે છે; પણ મન જો મલિન હોય, એમાં તમોગુણના વિષયભોગની વાસના અને અવિદ્યાના થર જામીને ઓતપ્રોત અને સેળભેળ થઇ ગયા હોય તો વાસ્તવિક પ્રતિબિંબ પડતું નથી. “ હું કરું છું અને હું ભોગવું છું ” “ હું કરીશ ને હું ભોગવીશ ” એવી દેહબુધ્ધિના અજ્ઞાનના રંગ કે જડતાને લીધે પ્રતિબિંબ સચ્ચિદાનન્દનું જ હોવા છતાં અંતઃકરણને એનું ભાન થતું નથી. દર્પણ જેમ સ્વચ્છ જોઇએ, તેવી જ રીતે અંતઃકરણ શુધ્ધ જોઇએ એમ આનાથી સમજવાનું છે.

(૨) દર્પણ સ્વચ્છ હોય, રંગ વગરનું બનેલું હોય, પાછળ કલાઇ પણ બરાબર કરી હોય તો પણ એ હાલતું ચાલતું હોય અથવા

ચહેરાની સામે જ સીધું ન રાખ્યું હોય તો એમાં મુખદર્શન થઇ શકતું નથી. દેખાય તો પણ અસ્થિર, ચંચલ હોઇ ક્ષણિક દર્શન કદાચિત્ થાય પણ એથી પૂર્ણ સંતોષ થતો નથી. જતા આવતા મુખદર્શનથી બિંબસ્વરૂપ ચહેરો આવો જ હશે એમ નિર્ણય થઇ શકતો નથી.

(૩) દર્પણ આપણી સામે હોવાથી જોનાર તથા પ્રતિબિંબનાં અંગ-પ્રત્યંગ ડાબા જમણાં દેખાય છે. અને એથી જેને પ્રતિબિંબનું સાચું ભાન ન હોય તે બિંબસ્વરૂપ પોતાને પણ તેવો જ માની બેસવાનો સંભવ રહે છે. ઉપરાંત એમાં પીઠ પાછળનો ભાગ તો દેખાતો જ નથી. આપણું મુખ દર્પણમાં દેખાય છે તેવું જ તથા ડાબા જમણા ભેદને ઓળખાવનાર કોઇ બીજા પુરુષની જરૂર પણ પડે છે.

એ દૃષ્ટાન્ત પ્રમાણે જ અંતઃકરણમાં સચ્ચિદાનન્દ સ્વરૂપનું વિશુધ્ધ પ્રતિબિંબ પડવા છતાં ચિત્તની મલિનતા, વિક્ષેપ અને આવરણને લીધે બિંબસ્વરૂપ આત્માનો સાક્ષાત્ અનુભવ થઈ શકતો નથી. પ્રતિબિંબ તો પડે જ છે. મલિનતાને લીધે એનું વિશુધ્ધ, વિક્ષેપને લીધે એનું સ્થિર, અને આવરણને લીધે એનું યથાર્થ સ્વરૂપ અનુભવમાં આવતું નથી.

નિષ્કામ કર્મ કરીને ચિત્તમાં સ્વાર્થી વાસના ન રહી હોય, ઇશ્વરના વિરાટ સ્વરૂપની સેવા માટે જ કર્મ કરીને પ્રીતિ સંપાદન કરવાની ઇચ્છાથી ધર્મકાર્યો કર્યાં હોય, છતાં પણ અસંખ્ય જન્મોમાં પ્રાણીપદાર્થો સાથેનો સંબંધ ચાલુ રહેવાથી ચંચલતા રહે છે. સમવિષમભાવને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરવા માટે અસંખ્ય મહાપુરુષો, સન્તો, આચાર્યો, અવતારો, ત્યાગીઓ, પરોપકારીઓ,

સેવકો પ્રતિ સદ્ભાવ જાગતા છતાં અસંખ્ય વ્યક્તિઓ પ્રતિ આકર્ષાયા કરે એટલે અસ્થિરતા અને અનિશ્ચિતતા રહે છે. જગત્ દુખથી ભરેલું છે, ત્રિતાપની પરમ્પરા અનાદિકાળથી ચાલી આવેલી છે, દીનદુઃખીનાં દુઃખનિવારણની સ્વભાવગત આવડત તથા ટેવ પડી ગઇ હોવાથી, જયાં જયાં આવા નિષ્કામ-નિઃસ્વાર્થ સહાયક -સેવકની જરૂર પડે ત્યાં ત્યાં દોડી જવાની ચંચલતાને લીધે ચિત્તમાં વિશુદ્ધ નિર્ણય કરવાની વિવેકબુદ્ધિ જાગ્રત થતી નથી. કર્મ શુદ્ધ થતાં હોય છતાં આ કરવું છે ને પેલું કરવું છે, આનું હિત કરવું છે અને પેલાનું કલ્યાણ કરવું છે, મારા વિના ચાલે એમ જ નથી, નહિ કરું તો કોઇનું બગડશે અને જઇશ તો સુધરશે, એવી આમતેમ જવા દોડવા-ભટકવાની વૃત્તિઓ શાંત થતી નથી. ચિત્ત સાત્ત્વિક હોવા છતાં લોક-લોકાન્તરમાં ભટકવાની, ઈશ્વર, દેવ-દેવતાનાં દર્શન કે સ્વર્ગ, વૈકુંઠ, કૈલાસાદિક પરલોકમાં જઇને ઉત્તમ સુખભોગ ભોગવવાની તેમ જ એવી બીજી અનેક શુભેચ્છાઓ હોય છે એ પણ ચિત્તને સ્થિર થવા દેતી નથી. આ બધું વિક્ષેપ કહેવાય છે.

ચિત્ત શુદ્ધ હોય છતાં એ અસ્થિર, ચંચળ કે વિક્ષિપ્ત હોય તો એમાં આત્માનું પ્રતિબિંબ સ્થિર દેખાતું નથી, તેથી એનાં સંયોગવિયોગના હર્ષશોક રહે છે; ક્ષણે ક્ષણે વિરહવેદનાના સંતાપ થાય છે. જગતનાં દુઃખનું દર્શન થતાં એના નિવારણ માટેની અંતરમાં તીવ્ર વેદના ઉપડે છે અને એ વિક્ષેપ ચિત્તની ચંચળતાનો છે એમ ન સમજાતાં કર્મપ્રવાહમાં એવો સાધક આગળ અને આગળ, વધારે વેગની ઘસડાતો જાય છે. શુભપ્રવૃત્તિમાં જયાં સુધી પ્રવૃત્ત હોય ત્યાં સુધી કર્મના લક્ષ્યમાં ચિત્ત એકાગ્ર થયેલું હોવાથી થોડી વિશ્રાંતિ અનુભવે છે, અને એને એ કર્મમાંથી ઉદ્ભવેલી માને છે. ખરી રીતે ચિત્તમાં શાંતિ મેળવવાનું સાધન તો એને એકાગ્ર

કે નિરોધ કરવામાં છે, ચંચળ રાખવામાં નથી.

ચિત્તમાં વિક્ષેપ શી રીતે થાય છે એ પહેલાં સમજવા જેવું છે. દૃષ્ટાન્ત તરીકે બે સજ્જનો શાંત રીતે બેઠા છે; કોઇના ચિત્તમાં કોઇપણ જાતનો વિચાર નથી, શાન્ત રીતે ઇશ્વરનું નામસ્મરણ કર્યા કરે છે. તેવામાં એમાંના એકને અકસ્માત અંતરથી પૂર્વસંસ્કારના બળે ત્યાંથી બે માઇલ દૂર એક મિત્રને મળવા જવાની વૃત્તિ ઉદ્ભવી. વૃત્તિનું સ્વરૂપ તો અગાધ જલથી ભરેલા શાંત સરોવરમાં ઊઠતા તરંગ–મોજા જેવું છે. પાણીમાંથી જેમ તરંગ ઊભો થાય તેવી રીતે ચિત્તમાંથી વૃત્તિ, વિચાર, વિષયભાવના ઊભી થાય છે ત્યારે પાણી જેમ લ્હેરાય છે, હાલે છે, તેવી જ રીતે વૃત્તિનો ઉદ્ભવ થાય ત્યારે એ ચિત્ત ચંચલ કહેવાય છે. તરંગ જ્યાંસુધી પાણીમાં ભળીને એક ન થાય ત્યાં સુધી પાણીની સપાટી ઉપર હાલ્યાચાલ્યા કરે છે, તેવી જ રીતે વૃત્તિ પણ ચિત્તની સપાટી ઉપર ચંચલ બનીને ડોલ્યા કરે છે, વૃત્તિ પ્રમાણે ચિત્ત ઇંદ્રિયો દ્વારા બાહ્ય વિષયનો સંયોગ સાધે છે અને વિષયની પ્રાપ્તિ થતાં ચિત્તમાં ડોલતી વિષયવૃત્તિ ચિત્તમાં શમી જતાં પાછી ચિત્તની સ્થિરતા થાય છે. ચિત્ત સ્વરૂપે નિશ્ચલ અને શાન્ત છે; વૃત્તિનું વિષયપ્રાપ્તિ માટે ઊઠવું એ અશાન્તિ છે; વિષયપ્રાપ્તિ અને ભોગને અંતે વૃત્તિ શાન્ત થતાં ચિત્ત પુનઃ નિશ્ચલ બને છે. આ છે ચિત્તનો સ્વભાવ.

ઉપરના દૃષ્ટાંતમાં જે સજ્જન વૃત્તિના ઊઠવાથી પરગામ ગયો, મિત્રને મળ્યો એટલે એની વૃત્તિ શાંત થઇ: જે સજ્જન સ્વગૃહે બેઠો હતો એ સ્વભાવથી જ શાંત રહ્યો. એકને વૃત્તિના ઊઠવાથી ચિત્તની અશાંતિ થઇ, બે માઇલ ચાલવાના પરિશ્રમથી શરીર દુર્બળ થયું, અને ચિત્તને મિત્રદર્શનની વાસનાવૃત્તિના નવા સંસ્કાર પડ્યા. જેને વૃત્તિ નહોતી ઊઠી, એના ચિત્તની નિશ્ચલતા તથા શાંતિ

સ્થિર રહ્યાં. શારીરિક પરિશ્રમના અભાવે ઇન્દ્રિયોમાં સંયમ આવ્યો તેથી શક્તિ વધી, અને વાસનાને નિર્મૂળ કરવાનો અભ્યાસ થયો.

ચિતનાં સ્વરૂપ અને સ્વભાવ સમજી લીધા પછી હવે સ્પષ્ટ સમજાશે કે વૃત્તિનું ઊઠવું એ ચંચળતા છેઃ અને એનો નિરોધ થવો એ શાન્ત નિશ્ચલતા છે.